# ખારો-પાટ

## મીઠા'શનો મલક

॥ દસાડા ॥ (પાટડી)




શ્રી ઝવેરચંદ મેઘાણી

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-સુરેન્દ્રનગર**




















શ્રી ઝવેરચંદ મેઘાણી

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-સુરેન્દ્રનગર**

અધ્યક્ષ : ડૉ. સી.ટી. ટૂંડિયા
તંત્રી : ડૉ. કોમલબહેન આર. પંડ્યા
સહતંત્રી : ડૉ. રાજેનકુમાર પિતલિયા

**સલાહકાર સમિતિ**

શ્રી વિમલભાઈ યુ. દંગી
ડૉ. મનીષભાઈ એન. પંડ્યા
ડૉ. સુમનબહેન જી. પંડ્યા
ડૉ. ગાયત્રીબહેન જે. દવે
શ્રી બી.એમ. મેટાલિયા
ડૉ. ખ્યાતિબહેન એન. તેરૈયા
શ્રી દીપકભાઈ કે. ગોસાઈ

**સંપાદક મંડળ**

શ્રી અંબુભાઈ એમ. સોલંકી (TPEO)
શ્રી મહેશભાઈ પટેલ (BRC)
શ્રી અંબુભાઈ પટેલ (પત્રકાર-અગરિયા રણ)
શ્રી મનોજ ઈન્દ્રવદન આચાર્ય (ઈતિહાસવિદ્)
શ્રી દાદુ રબારી (સાહિત્યકાર)
શ્રી અમૃત મકવાણા (શિક્ષણવિદ્)
શ્રી જનકસિંહ સોલંકી છનિયાર (ઈતિહાસવિદ્)
શ્રી ભગવતદાન ગઢવી (લોકસાહિત્યકાર)
શ્રી વિરમભાઈ ગોયલ (CRC)
શ્રી વિજયભાઈ પરમાર (H-TAT)
શ્રી ત્રિકમભાઈ પ્રિયદર્શી (H-TAT)
શ્રી જયેશભાઇ પ્રિયદર્શી (SRG)
ડૉ. ચંદ્રકાન્ત પરમાર (ભાષાવિદ્)
શ્રી દીપકભાઈ સાધુ (ભાષાવિદ્)

**ધિંગી સપાટ ધરતી, ઈ છે મરદનું મેદાન;**
**મલકની તાણ મટાડે, ખારો રતનની ખાણ.**

'પલાશ' મુખપત્રના માધ્યમથી આપ સૌને મળતાં આનંદ અનુભવું છું. ડાયેટ-સુરેન્દ્રનગર દ્વારા 'પલાશ' મુખપત્રના માધ્યમથી NEP 2020 અંતર્ગત સાહિત્યનિર્માણ કરવાનો એક નમ્ર પ્રયાસ કરી રહ્યાં છીએ. NEP 2020માં Section-4 અભ્યાસક્રમ અને પદ્ધતિશાસ્ત્ર (Curriculum and Pedagogy) તથા Section 4.23 અને ભારતીય જ્ઞાનપ્રણાલી (Indian Knowledge Systems) જેવાં મુદ્દાઓમાં સ્થાનિક પર્યાવરણ, ઇતિહાસ, સંસ્કૃતિ, સ્થાનિક સાહિત્ય, સંસ્કૃતિ અને સમાજ સાથે જોડાયેલ બાબતોને વિદ્યાર્થીઓને શીખવવા માટે સૂચિત કરેલ છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020ની સૂચિત ભલામણોને ધ્યાને રાખી ડાયેટ-સુરેન્દ્રનગર દ્વારા આપણા જિલ્લાના પ્રદેશ પ્રમાણેના વિશેષાંક બનાવવાની શૃંખલામાં 'વઢવાણની પરકમ્મા' (વઢવાણ), 'પડ જુઓ પાંચાળ' (ભાગ-૧ ચોટીલા-થાનગઢ), 'પડ જુઓ પાંચાળ' (ભાગ-૨ મૂળી), 'પડ જુઓ પાંચાળ' (ભાગ-૩ સાયલા) તથા 'નળ, નદી ને ભાલ' (લીંબડી-ચુડા) પ્રગટ કરી ચૂક્યા છીએ. જે શૃંખલામાં 'ખારો-પાટ મીઠા'શનો મલક' ।। દસાડા ।। (પાટડી) પ્રગટ કરી રહ્યાં છીએ.

'ખારો-પાટ મીઠા'શનો મલક' ।। દસાડા ।। (પાટડી) તાલુકાના ધો. 6 થી 8ના સામાજિક વિજ્ઞાન વિષયનું અધ્યાપનકાર્ય કરાવતાં શિક્ષકોને સંદર્ભ સાહિત્ય તરીકે પૂરક બની રહેશે તેવી શ્રદ્ધા છે.

પાટડી-દસાડા એ પ્રાચીન-અર્વાચીન રીતે આગવો ઈતિહાસ, પર્યાવરણ અને ભૂગોળ ધરાવે છે. ખારો એટલે ખારાશ, પાટ એટલે કિનારો, મીઠું (વડાગરું), મીઠાશ (મીઠાપણું) અને મલક (પ્રદેશ)ની આગવી ઓળખ છે. જેની સંસ્કૃતિ, સાહિત્ય અને સંગીત અલગ છે. આપ સૌને આ વિશેષાંક અધ્યાપનકાર્યમાં ઉપયોગી બની રહે તેવાં ઉદ્દેશ્ય સાથે 'ખારો-પાટ મીઠા'શનો મલક' ।। દસાડા ।। (પાટડી) આપ સૌને અર્પણ કરૂં છું.

**ડૉ. સી.ટી. ટૂંડિયા,** પ્રાચાર્ય, ડાયેટ-સુરેન્દ્રનગર

**પત્રવ્યવહાર - સંપર્ક**

ફોન નં. : (૦૨૭૫૨) ૨૨૩૧૭૦
મોબાઈલ નં. ૭૫૬૭૮ ૬૫૪૬૭

E-mail : palash.dietsnr@gmail.com
Website : www.dietsnr.org
Youtube : diet surendranagar

**શ્રી ઝવેરચંદ મેઘાણી**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સામે, કેળવણીનો પથ, સુરેન્દ્રનગર – ૩૬૩ ૦૦૨**
E-mail : dietsurendranagar@gmail.com





# પાટડી રાજયનો ઈતિહાસ



પાટડી એ ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકામાં આવેલું એક ઐતિહાસિક નગર અને તાલુકાનું મહત્ત્વનું મથક છે. આ વિસ્તાર નાના રણની નજીક આવેલો છે અને તે તેના સાંસ્કૃતિક તેમજ ભૌગોલિક મહત્ત્વ માટે જાણીતો છે. અક્ષાંશ: 23°19'27" ઉત્તર (N) અને રેખાંશ: 71°49'49" પૂર્વ (E) છે. પાટડીના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી, ખેતમજૂરી તેમજ પશુપાલન છે. આ ગામમાં મુખ્યત્વે ઘઉં, જીરૂં, મગફળી, બાજરી, ચણા, કપાસ, દિવેલા, રજકો તેમજ અન્ય શાકભાજીના પાકની ખેતી કરવામાં આવે છે. આ ગામમાં પ્રાથમિક શાળા, પંચાયત ઘર, આંગણવાડી તેમજ દૂધની ડેરી જેવી સવલતો પ્રાપ્ય થયેલી છે. પ્રાચીન સમયમાં આજનો સુરેન્દ્રનગર જિલ્લો એક જ રાજકીય એકમ નહોતો. અહીં વઢવાણ, ધ્રાંગધ્રા, લખતર, સાયલા, ચુડા, મૂળી, બજાણા અને પાટડી જેવા દેશી રાજ્યો તથા જાગીરો હતાં. આ પ્રદેશને પાછળથી ઝાલાવાડ તરીકે ઓળખવામાં આવ્યો. પાટડીનું મહત્ત્વ માત્ર રાજકીય નહોતું; તે આસપાસના પ્રદેશના વહીવટ અને વેપાર માટે પણ મહત્ત્વનું કેન્દ્ર રહ્યું છે. ભારતની આઝાદી સાથે દેશી રાજ્યોની જૂની રાજકીય વ્યવસ્થા સમાપ્ત થઈ અને પાટડી પણ નવી ભારતીય વહીવટી વ્યવસ્થામાં જોડાયું. પાટડી આજે સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાનું મુખ્ય મથક છે.

ઇ. સ. 1090 પછી ઝાલા વંશનાં આદ્યપુરૂષ હરપાળદેવ મકવાણાએ પાટડીમાં ગાદી સ્થાપી અને પ્રથમ શાસક તરીકે રહ્યા. પાટડી ઉપર હરપાળદેવજી સહિત કુલ 18 ઝાલા શાસકોએ સીધું રાજ્ય કર્યું.

(1) હરપાળદેવજી (ઇ. સ. 1090 પછીથી 1130)
(2) સોઢાજી (1130–1160)
(3) દુર્જનશાલ્યજી (1160–1185)
(4) ઝાલકદેવજી (1185–1210)
(5) અર્જુનસિંહજી (1210–1240)
(6) દેવરાજજી (1240–1265)
(7) દુદાજી (1265–1280)
(8) સુરસિંહજી (1280–1305)
(9) શાંતલજી (1305–1325)
(10) વિજયપાલજી (1325–1326)
(11) મેઘપાલજી (1326–1361)
(12) પદ્મસિંહજી (1331–1340)
(13) ઉદયસિંહજી (1340–1352)
(14) વેગડજી (1352–1368)
(15) રામસિંહજી (1368–1325)
(16) વિરસિંહજી (1368–1385)

(17) રણમલસિંહજી (1393–1408) (18) છત્રશાલજી (1408–1420)

ગાદી પાટડી બાદ ઇ.સ. 1416માં ગાદી માંડલ કરી. અલબત્ત 450 વર્ષ સુધી ઝાલા રાજવીઓનો સૂરજ પાટડી પર તપતો રહ્યો. એ દરમિયાન રાજધાની પાટડીથી માંડલ, કૂવા (કંકાવટી) અને હળવદ સંજોગોવશાત બદલાતી રહી. પાટડી ઉપર હકૂમત ચલાવનાર છેલ્લા ઝાલા રાજવી માનસિંહજી હળવદથી શાસન ચલાવતા હતા.

- **પાટડીની પ્રાચીનતા :**

પાટડી ક્યારે વસ્યું, કોણે વસાવ્યું એ વિશે પ્રમાણભૂત માહિતી મળતી નથી. રબારીનાં ચોપડા મુજબ 'પાઠડી' – બકરીનાં નામ ઉપરથી પાઠડીનું રૂપાંતર થઈ પાટડી નામ પડ્યું હોય.. (રાસમાલા) 'પટ' શબ્દનો અર્થ લડાઈ પ્રસંગે વગાડવામાં આવતું મોટું નગારૂં. પટનું પાટ અને તેનું રૂપાંતર થઇને આ ગામનું નામ પાટડી પડ્યું હોવાનો સંભવ છે. પાટણનાં સોલંકી મહારાજા રાજા કર્ણદેવ પ્રથમે હરપાળદેવજીની સેવાથી ખુશ થઇને તેમને પાટડીનાં રાજા બનાવ્યા. હરપાળદેવજી જેવા વિચક્ષણ અને અપ્રતિમ શૌર્ય ધરાવતા પ્રતાપી રાજપુરૂષને પાટડીએ ગાદીએ બિરાજીત કર્યા એની પાછળનું કારણ ખુબ જ મહત્ત્વનું છે. ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છની સરહદોના મિલન સ્થળે આવેલું પાટડીનું વ્યૂહાત્મક દ્રષ્ટિએ અત્યંત મહત્ત્વનું હતું.

ઇ.સ. 1024માં મહમદ ગઝનવીએ સોમનાથ ઉપર ચડાઇ કરી ત્યારે તે વિરાટ સૈન્ય સાથે મુલતાન થઇ, થરનું રણ ઓળંગી, ભાવલપુર, બિકાનેર, સાંભર થઇને ગુજરાતમાં પ્રવેશ્યો હતો અને અણહિલપુર પાટણ, મોઢેરા, માંડલ થઇને કચ્છનું નાનુ રણ, પાટડી, બજાણા ઓળંગી ઝાલાવાડ, ગોહિલવાડ, દેલવાડા (ઉના) માર્ગે સોમનાથ પહોંચ્યો હતો. (બોમ્બે ગેઝેટીયર)

ઇ.સ.ના 13મા સૈકાના અંતમાં અને 14મા સૈકાના પ્રારંભમાં પણ ગુજરાતની તે સમયની રાજધાની પાટણને જોડતો રાજમાર્ગ પાટડી પાસેથી પસાર થતો હતો, તેથી એ જમાનામાં લશ્કરી દ્રષ્ટિએ એક વ્યૂહાત્મક કેન્દ્ર હતું અને ભયંકર વિનાશ વેરતા લશ્કરોની અવરજવર થતી હશે એટલે જ પાટડીના રક્ષણ માટે મહાપરાક્રમી હરપાળદેવજીને રાજવી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. એ પછી તેમનાં વંશજોમાં ઝાલા રાજવી રામસિંહજીનાં સમયમાં પાટડીનો કિલ્લો બંધાયાનો ઇ.સ. 1400નો શિલાલેખ પાટડી દરબારગઢમાં પ્રવેશતા જમણી બાજુ આવેલો છે, જે કોઈ કારણોસર ભીંતમાં ચણાવી દેવામાં આવેલો હતો જે ઝાલાવાડનાં ઈતિહાસવિદ્ ડો. ઇન્દ્રવદન આચાર્યે સને 1972માં દરબારગઢમાં ગહન સંશોધન કરીને શોધી કાઢ્યો હતો. ઝાલા રાજવંશના શાસનનો આ મહત્ત્વનો અને સૌ પ્રથમ શિલાલેખ છે. કાળા પથ્થરમાં કોતરાયેલા આ શિલાલેખમાં 14 પંક્તિઓ છે, જેમાં સંવત 1456ના માઘ વદી 8ના





દિવસે 'મહીપતિ' જયત્કર્ણે વાવ બંધાવ્યાનો ઉલ્લેખ છે અને 3 રાજવીઓનાં નામોનો સ્પષ્ટ ઉલ્લેખ છે અને 2 રાજવીઓનાં નામ ઘસાઈ ગયેલા છે, પરંતુ વંશાવળીના હિસાબે અનુમાન થઇ શકે છે. અનુક્રમે રામસિંહજી, વરસિંહ (વિરસિંહજી), રણમલસિંહજી, શત્રુશલ્યજી અને જયત્કર્ણ (જેતસિંહજી). આ શિલાલેખ શોધવા માટે ડો. ઇન્દ્રવદન આચાર્યે રૂબરૂ રજૂઆત કરતાં ધ્રાંગધ્રાનાં મહારાજા શ્રીરાજ મેઘરાજજી ઝાલા સાહેબ, પાટડીનાં રાજવી પ્રતાપસિંહજી દેસાઈ સાહેબ તથા ભોજવા (વિરમગામ)નાં વકીલ શ્રી વિરેન્દ્રસિંહ ઝાલાનો અમૂલ્ય સહકાર પ્રાપ્ત થયો હતો.

પાટડીનો એક જમાનાનો રક્ષણહાર એવો અજય કિલ્લો, રાજમહેલ, વિશાળ સરોવર, ઊંચી હવેલીઓ, દેવમંદિરોનાં શિખરો અને તેની ઉપર ફરકતી ધજાઓ દૂરથી જોનારને પાટડી એક ઐતિહાસિક અને ભવ્ય પ્રાચીન નગર લાગે છે. આખા ય ગામ ફરતો કિલ્લો છે. પૂર્વ દિશામાં વિરમગામનો દરવાજો, પશ્ચિમે ગાડીનો દરવાજો, ઉત્તરે કલાડાનો દરવાજો તથા દક્ષિણે નવો દરવાજો છે. બે લાંબા રાજમાર્ગો છે. નવા દરવાજા બહાર પાટડીના પ્રથમ રાજવી હરપાળદેવજી અને શક્તિદેવીએ પાટડીને રાજધાની બનાવતા બાંધેલા તોરણનાં સ્તંભ છે અને બન્ને ઉપર ઝાલા શાસનનો ઇતિહાસ દર્શાવતા રાતા ગ્રેનાઇટમાં કંડારેલ આધુનિક શિલાલેખો છે. પાટડી ગામની ઉત્તરે ઊંચાણવાળી ભૂમિ ઉપર પાટડીની ઇતિહાસ પ્રસિદ્ધ અજેય રાજગઢી આવેલી છે. રાજગઢીનાં એક બુરજ ઉપર ઝાલા રાજપૂતોનાં જન્મદાત્રી અને રાજમાતા શક્તિમાતાનું ધાર્મિક અને ઐતિહાસિક સ્થાન આવેલું છે.

- **પાટડી : ઝાલાઓ પછી અને દેસાઇઓ પહેલાં (ઇ. સ. ૧૫૩૭–૧૭૪૧)**

કુતુબુદ્દીન બહાદુર શાહ ગુજરાતની સ્વતંત્ર સલ્તનતનો મુઝફ્ફરીદ વંશનો છેલ્લો અને સૌથી શક્તિશાળી સુલતાન હતો, જેણે ઈ.સ. 1526 થી 1537 સુધી ગુજરાત પર શાસન કર્યું હતું. ઇ.સ. 1537માં તેમણે પાટડી, માંડલ અને વિરમગામનાં પરગણાં દંડ તરીકે ખાલસા કર્યા અને ઝાલા રાજવી માનસિંહજીને ફક્ત હળવદની જાગીર પાછી સોંપી. આમ, પાટડી ઉપરથી ઇ.સ. 1537માં ઝાલાવંશની રાજસત્તા અસ્ત પામી અને ઇ.સ. 1741માં દેસાઇ વંશની રાજસત્તાનો ઉદય થયો. આ બન્ને વચ્ચે લગભગ 200 વર્ષના સમયગાળાના ઈતિહાસની કોઈ ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી. પરંતુ કોઈ મુસ્લિમ થાણેદારની હોય કે વહીવટ હોય. સાર્વભૌમ સત્તા જે તે વખતના અમદાવાદનાં સુલતાનની, મોગલ બાદશાહનાં સૂબાની કે મરાઠા સરદારની હોય એ સંભવિત છે.

ઇ.સ. 1741માં દામાજીરાવ ગાયકવાડનાં સરદાર રંગોજીએ દેસાઇ ભાવસિંહજી પાસેથી વિરમગામ લઇ લીધું અને બદલામાં પાટડીનું પરગણું આપ્યું. ઇ.સ. 1707માં મોગલ બાદશાહ

ઔરંગઝેબનાં મરણ પછી ગુજરાતમાં મોગલ સત્તા નબળી પડી હતી એટલે મોગલ સૂબા અને મરાઠાઓ વચ્ચે સત્તાની ભારે સાઠમારી ચાલતી હતી. પાટડીનાં દરબારગઢની દિવાલ ઉપર ઇ.સ. 1475નાં શિલાલેખમાં પાટડીનાં તે વખતનાં રાજવી ભાવસિંહજી તથા દિલ્હીનાં 13મા મોગલ બાદશાહ મુહમ્મદશાહ (ઇ. સ. 1719-1748)નો ઉલ્લેખ છે.

પાટડીનાં દેસાઇઓનો પૌરાણિક ઇતિહાસ તપાસીએ તો મહર્ષિ કશ્યપનાં વંશમાં થયેલા કૂર્મ ઋષિને દેસાઇ પાટીદારો પોતાના આદિપુરૂષ માને છે. કૂર્મ શબ્દનું અપભ્રંશ કણબી છે. સદીઓથી વીર યોદ્ધા તરીકે પ્રસિદ્ધ રાજકુળોનાં સેનાપતિ તરીકે અને અર્ધ સ્વતંત્ર કે સ્વતંત્ર રાજવી તરીકે ઉજ્જવળ કિર્તી પ્રાપ્ત કરેલી છે. દેસાઇઓએ એક લાંબી અને વિકટ યાત્રા પંજાબથી શરૂ કરી પ્રથમ પડાવ મગધ પ્રાંતના કુશાવતી (પટણા)માં, ત્યાંથી માળવાના માધાવતીમાં, એ પછી ગુજરાતનાં ઉમાપુર (ઉંઝા)માં, એ પછી ઇડરના કાવરમાં, એ પછી ચાંપાનેર, એ પછી વિરમગામમાં અને અંતે યાત્રાનો અંતિમ પડાવ પાટડીમાં કર્યો. એમની આ લાંબી અને વિકટ યાત્રા સદીઓનાં ભયંકર સંઘર્ષની યાદ આપે છે. દેસાઇઓમાં સાહસ, શૌર્ય, ધૈર્ય, મુત્સદ્દીગીરી, ભક્તિ અને દાનવીરતાનો સુભગ સમન્વય જોવા મળે છે. પાટડીની ગાદીએ પ્રથમ શાસક ભાવસિંહજી રહ્યા.

### (૧) ભાવસિંહજી (ઇ. સ. ૧૭૪૧–૧૭૫૩)

ભાવસિંહજીએ વિરમગામ ઉપર પોતાની સત્તા ટકાવી રાખવા માટે અનેક સંગ્રામ ખેલ્યા હતા. અલી ટાંક, શેરબુલંદખાન, રત્નસિંહ ભંડારી, રંગોજી વગેરે સામે સતત જંગ ખેલવા છતાંય સંજોગોને આધિન થઇને વિરમગામ મજબૂરીથી છોડવું પડ્યું હતું.

ઈ.સ. 1741-સંવત 1797ના ચૈત્ર સુદ 2 શનિવારે વિરમગામના માનસરોવરનાં સિદ્ધપુરૂષ વિષ્ણુદત્તનાં આશીર્વાદ લઇને દેસાઇ ભાવસિંહજીએ પાટડીમાં ગાદી સ્થાપી હતી. તેમણે પાટડીને સુરક્ષિત રાજધાની બનાવવા સને 1745માં ધ્રાંગધ્રાનાં પાકા પથ્થરોથી રાજગઢીનો કિલ્લો બંધાવ્યો. સને 1750માં પોતાના ભાઈ વેણીદાસને 6 હજારની ફોજ આપી કાઠિયાવાડની મુલ્કગીરી ઉઘરાવવા મોકલ્યા.

પિતા ઉદયકર્ણનું ખૂન કરનાર અલી ટાંકે લૂંટારાઓની ટોળી જમાવી વિસાવડી ગામ લૂંટ્યું અને ત્યાંથી તેઓએ દસાડા મુકામ કર્યાની બાતમી મળતાં જ રાજવી ભાવસિંહજી અને તેમનાં ભાઈ વેણીદાસે હુમલો કરીને અલી ટાંકને ઝડપી લીધો અને આ ખૂનખાર લડાઈમાં તે મરાયો. આ સમાચાર મળતાં તેનું વેર લેવા બાબી કમાલુદ્દીને દેસાઇ વેણીદાસનાં માંડલ ઉપર સાત હજારની ફોજ સાથે ચડાઇ કરી, જેમાં ભાવસિંહજી ઇ.સ. 1753માં વિરગતિને પ્રાપ્ત





થયા.

### (૨) નથુસિંહજી (ઇ. સ. ૧૭૫૩–૧૭૯૬)

ભાવસિંહજીનાં દેહાંત સમયે એમના કુંવર નથુભાઈની ઉંમર નાની હતી એટલે તેમનાં કાકા ભૂખણદાસ તથા ભાણજીભાઇનાં પૌત્ર જેઠાભાઈ પાટડી રાજ્યનો કારભાર સંભાળતા હતા. એ સમયે ગુજરાત ઉપર મરાઠા અને મુસ્લિમ એમ બેવડી સત્તાનો અમલ હતો એટલે સતત લડાઈ માટે હંમેશા તૈયાર રહેવું પડતું. સને 1757માં પાટડી ફરતે ચુનાનો કિલ્લો 1,35,000 રૂપિયાના ખર્ચે બંધાવવાની શરૂઆત કરી, જે 1761માં પૂર્ણ થયો.

દેસાઇઓ પેશ્વા વતી મુલ્કગીરી ઉઘરાવવાનું કામ કરતા હતા તેથી ગાયકવાડને ઘણી ઈર્ષા થતી હતી. આ કારણે દામાજીરાવ ગાયકવાડનાં પુત્ર ફત્તેહસિંહરાવને સને 1778માં મોટી ફોજ સાથે પાટડી ઉપર હુમલો કરી પાંચ દિવસ સુધી ઘેરો ઘાલ્યો, પણ રાજવી નથુભાઇએ સખત સામનો કરતાં પાછું જવું પડ્યું. આ રાજવીનો સને 1796માં દેહાંત થયો.

### (૩) વખતસિંહજી (ઇ. સ. ૧૭૯૬–૧૮૨૮)

દેસાઇ નાથુભાઇ પછી તેમનાં વીર પુત્ર વખતસિંહજી પાટડીની ગાદીએ આવ્યા અને સને 1802માં દસાડા જીતી લીધું. સને 1803માં ગાયકવાડનાં સેનાપતિ બાબાજીરાવે પાટડી ઉપર મોટી ફોજ સાથે હુમલો કર્યો પરંતુ 6 માસનાં યુદ્ધ બાદ બન્ને પક્ષોએ સંધિ થઇ.

ઇ.સ. 1807માં અંગ્રેજ સરકારે જમાબંધીનું ધોરણ નક્કી કરવા 'વોકર સેટલમેન્ટ' નીમ્યું અને કર્નલ વોકરને કાઠિયાવાડમાં મોકલ્યા. સને 1817માં પેશ્વા તથા ગાયકવાડ સાથે અંગ્રેજ સરકારને કોલ કરાર થયા મુજબ પાટડી આસપાસનો મુલક અંગ્રેજ સરકારને મળ્યો અને તેથી અમદાવાદ જિલ્લો બાંધ્યો ત્યારે તેમાં પાટડી પરગણાનાં કેટલાક ગામો મુકાયા હતા. તેમ છતાં પાટડી રાજ્યની સ્વતંત્ર સત્તાની શાન જાળવી રાખવા તે ગામોમાં પોલીસ અને મેજિસ્ટ્રેટની સત્તાઓ પાટડી દરબારશ્રીની રાખેલી. યુદ્ધ અને તે પછીની આર્થિક કટોકટી સામે ઝઝૂમનાર વીર વખતસિંહજી જીવનના અંતકાળે કાશીપુરીની યાત્રાએ ગયા અને આ પ્રભુના જ ધામમાં ઇ.સ. 1828માં ચિરશાંતિમાં પોઢી ગયા.

### (૪) હરિસિંહજી (ઇ. સ. ૧૮૧૩ – ૧૮૩૭)

વખતસિંહજીનાં અવસાન પછી તેમનાં પુત્ર હરિસિંહજી પાટડીની ગાદીએ આવ્યા. એ સમયે ભારતમાં અંગ્રેજ સત્તા સ્થિર થઈ ચૂકી હતી. હવે રાજ્યોની આપસમાં થતી લડાઈઓ બંધ પડી હતી અને સર્વત્ર શાંતિ પ્રસરી હતી. સને 1803માં પિતાજીનાં સમયમાં બાબાજીરાવ

ગાયકવાડ સામેનાં યુદ્ધમાં કિલ્લાને સારૂં એવું નુકસાન થયેલું, જે હરિસિંહજીએ સમરાવીને ફરીથી મજબૂત કરી દીધો હતો અને હવે તો પાટડીની આબાદી પણ વધવા માંડી હતી. એ ઉપરાંત પોતાના નામ ઉપરથી હરિપુર ગામ વસાવી રાજ્યનાં ગામોમાં એકનો વધારો કર્યો. પ્રજાપ્રિય શાસન કરીને ઇ. સ. 1837માં દેશાઇ હરિસિંહજી દેવલોક પામ્યા.

### (૫) કુબેરસિંહજી (ઇ. સ. ૧૮૩૭–૧૮૪૫)

રાજવી હરિસિંહજીને સંતાન ન હોઇ તેમનાં નાના ભાઈ કુબેરસિંહજી ગાદીએ આવ્યા અને રાજ્યના અઢાર ગામોની જાગીરમાં કુબેરપુર વસાવી એક ગામનો વધારો કર્યો. તેમનાં સમયમાં પાટડીની આર્થિક સ્થિતિ સુધારવાની સાથે પાટડી આબાદ થતું જતું હતું. ઇ.સ. 1845માં કુબેરસિંહજી દેવલોક પામ્યા.

### (૬) જોરાવરસિંહજી (ઇ.સ.૧૮૪૫–૧૮૭૫)

કુબેરસિંહજીના અવસાન પછી તેમનાં પાટવી કુંવર જોરાવરસિંહજી ગાદીએ આવ્યા. તેઓ ધર્મપ્રિય, કેળવણીપ્રિય અને સમાજસેવાને વરેલા રાજવી હતા. ગુજરાતમાં સોલંકીકાળ પછી પાટડી માટે આ બીજો સુવર્ણકાળ હતો. એ સમયે 'પાટડી સોનાની હાટડી' તરીકે ખૂબ પંકાતું હતું. રાજ્યને આર્થિક રીતે સમૃદ્ધ બનાવવા નવા ત્રણ ગામો જોરાવરપુરા, દેસાઇપુરા અને હિંમતપુરા વસાવીને કુલ 22 ગામો કર્યા.

અમદાવાદ શહેરમાં નવી સ્થપાયેલી ગુજરાત કોલેજમાં દસ હજારનું માતબર દાન આપીને કેળવણીને ઉત્તેજન આપ્યું હતું. આ રાજવી કવિ વીર નર્મદનાં સમકાલીન હોઇ તેમનાં સમાજ સુધારા આંદોલનની અસરો સ્પષ્ટપણે હતી એમ કહી શકાય. એ સમયે તેમની કડવા પાટીદાર સમાજમાં વરવિક્રય, કન્યા વિક્રય, દીકરીનાં મા-બાપને લગ્નપ્રસંગે ગજા બહારનાં ખર્ચને હિસાબે દીકરીનો જન્મ થતાં 'દૂધપીતી' કરવી અને દીકરા-દીકરી વચ્ચે ભેદભાવનું વલણ જેવા કુરિવાજોને હિસાબે આ રાજવીનું મન કોચવાતું હતું. પોતાના સમાજને આવી ખરાબ પરિસ્થિતિમાંથી ઊગારી લેવા, પોતાનો ધર્મ સમજી ઇ.સ. 1869ના ફેબ્રુઆરી મહિનામાં પાટડીમાં સમાજસુધારા પરિષદનું મહાસંમેલન કર્યું હતું, જેમાં દેશભરમાંથી ચાલીસ હજાર જેટલા પ્રતિનિધિઓએ ઉમળકાભેર ભાગ લીધો હતો. આ પરિષદમાં વરપક્ષ તરફથી લેવાતા ચાંલ્લા (પરઠણ) પર મર્યાદા, દીકરીના કરિયાવરમાં મર્યાદા, કન્યા તથા વરવિક્રય, ગોળપ્રથા બંધ, ઊંચ-નીચના ભેદભાવ દૂર કરવા, લગ્નના ખર્ચાળ રીતરિવાજો બંધ કરવા વગેરેના ઠરાવો થયા હતા. આ આયોજન માટે ખુબ જ મોટો કહી શકાય એવો 50,000 નો ખર્ચ થયેલો.





આ રાજવીનાં શાસનકાળ દરમિયાન ઇ. સ. 1872માં ખારાઘોડા-પાટડીથી મુંબઈ સુધીની સળંગ બ્રોડગેજ રેલવે શરૂ થવાથી પાટડીનો વિકાસ અને સમૃદ્ધિ ઝડપથી થવા લાગ્યા. બહુચરાજી, ચાણસ્મા, હારીજ, સમી, રાધનપુર, સમગ્ર વઢિયારનો પ્રદેશ તેમજ પાટડીની આસપાસના ઝાલાવાડ તથા ચૂંવાળના પ્રદેશ માટે પાટડી એક ગંજાવર વેપારી મથક બની ગયું હતું એટલે જ 'પાટડી સોનાની હાટડી' એવી લોકોક્તિ શરૂ થયેલી. ઇ.સ. 1875માં આ પ્રજાપ્રિય રાજવી દેવલોક પામ્યા.

### (૭) હિંમતસિંહજી (ઇ. સ. ૧૮૭૫–૧૮૮૪)

જોરાવરસિંહજી પછી તેમનાં પાટવી કુંવર હિંમતસિંહજી ગાદીએ આવ્યા, જેઓમાં દયા, ધર્મ અને શૌર્યનો સંગમ હતો. તેમનાં સમયમાં બહારવટિયા અને લૂંટારૂઓનો ઘણો ત્રાસ હતો, જે હિંમતસિંહજીએ લડીને તાબે કર્યા હતા. પાટડીમાં તેમણે 'જોરાવરસિંહજી લાયબ્રેરી'ની સ્થાપના કરી હતી. એ ઉપરાંત વાવ, કૂવા, તળાવ બંધાવવાની સાથે 'શ્રી હિંમતસિંહજી જોરાવરસિંહજી ડાકોર પુરી અન્નક્ષેત્ર ધર્માદા ટ્રસ્ટ'ની રચના કરી 1 લાખનું માતબર દાન આપ્યું હતું. ઇ.સ. 1894માં તેઓ દેવલોક પામ્યા.

### (૮) સૂર્યમલસિંહજી (સૂરજમલજી : ૧૮૮૪–૧૯૧૩)

હિંમતસિંહજીને સંતાન ન હોવાથી તેમનાં ભાઈ સૂર્યમલસિંહજી ગાદીએ આવ્યા, જેઓ ઊંચા અને મજબૂત બાંધાના તેજસ્વી રાજવી હતા. રાજ્યની વહીવટી બાબતો પર એમનું અંગત રીતે ધ્યાન રહેતું. એમની ગૌશાળા સમૃદ્ધ હતી. પોતે અશ્વવિદ્યામાં પારંગત હોઇ જાતવાન ઘોડાઓથી તબેલો હણહણતો હતો અને તેમની 'લાખી' ઘોડી સૌથી અનોખી હતી. તેમને વાંચન અને સંગીતનો પણ શોખ હતો. સને 1906માં અંગ્રેજી સ્કૂલ શરૂ કરાવેલી. જ્ઞાતિમાં વ્યાપેલા કુરિવાજોને દૂર કરવા 1910 અને 1912માં એમ બે સંમેલનો યોજેલા. તેમનાં સમયમાં 22 ગામોનું એકંદરે ક્ષેત્રફળ 165 ચો.માઇલ અને 15196 માણસોની વસ્તી હતી. આ સમયમાં પાટડી રાજ્યનો દરજ્જો પાંચમા વર્ગમાંથી વધીને ચોથા વર્ગનો થયો હતો. બ્રિટિશ અધિકારીઓ તરફથી તેમને વિશેષ સંબોધન 'મહેરબાન મુપલૌશાન સદાક્ત વ એખલાશ નિશાન દરબારશ્રી સૂર્યમલસિંહજી સાહેબ' કરવામાં આવતું હતું. ઇ. સ. 1913માં સૂર્યમલસિંહજી દેવલોક પામ્યા.

### (૯) દોલતસિંહજી (ઇ. સ. ૧૯૧૩–૧૯૨૮)

સૂર્યમલસિંહજીનાં દેહાંત પછી તેમનાં પુત્ર દોલતસિંહજી ગાદીએ આવ્યા. પિતાની યાદમાં નવું ગામ સૂરજપુર વસાવવામાં આવ્યું તથા તેમણે પોતાના નામ પરથી દોલતપુર ગામ

વસાવ્યું. તેમણે રાજકુમાર કોલેજમાં મેટ્રિક સુધી અભ્યાસ કર્યો. મુંબઈ સરકારે તેમને ફર્સ્ટક્લાસ મેજિસ્ટ્રેટની સત્તા એનાયત કરી હતી. તેઓ જિલ્લા લોકલ બોર્ડનાં સરકાર નિયુક્ત સભ્ય હતા. પિતાજીનાં સ્મરણાર્થે 'શ્રી કડવા પાટીદાર હિતવર્ધક મંડળ' ને 1,10,000/-નું માતબર દાન આપેલ તથા રહેવા-જમવાની વ્યવસ્થા સાથે સ્કોલરશિપની વ્યવસ્થા કરી હતી. સને 1918માં મહારૂદ્ર યજ્ઞનું આયોજન 1 લાખ રૂપિયામાં થયું હતું. પોતાના માતુશ્રી ઈચ્છાબાનાં સ્મરણાર્થે બારીના તળાવ કાંઠે સ્ત્રીઓ અને પુરૂષો માટે અલગ અલગ ન્હાવાના ઘાટ બનાવ્યા હતા. સને 1920માં માતુશ્રી મોતીબાના સ્મરણાર્થે પાટડીમાં 'મોતીબાઇ કન્યાશાળા' બંધાવી હતી. સને 1928માં તેઓ દેવલોક પામ્યા.

તેમનાં સ્વર્ગવાસ પછી એમનાં કુંવર રઘુવીરસિંહ સગીર હોવાથી સરકારશ્રી તરફથી મેનેજમેન્ટ મુકાયું પરંતુ તેઓ ગાદીએ આવતા પહેલાં જ અવસાન પામેલ એટલે સ્વ. દરબારશ્રી સૂર્યમલસિંહજીનાં નાના ભાઈ ચંદ્રસિંહજીનાં પુત્ર નારાયણસિંહજીને ગાદી મળી હતી. કુમારશ્રી રઘુવીરસિંહની યાદમાં 'શ્રી રઘુવીરસિંહ પ્રાથમિક શાળા' બંધાવવામાં આવેલી છે.

## (૧૦) નારાયણસિંહજી (૧૯૪૦-૧૯૪૧)

તેમણે મુંબઈમાં રહીને ધોરણ 7 સુધીનો અંગ્રેજી અભ્યાસ કર્યો હતો. તે સમયે પાટડીની 'શ્રી કૃષ્ણકોટન પ્રેસ'ના નિર્માણમાં તેમનો મુખ્ય ફાળો હતો. સને 1911માં વડોદરા ખાતે ભરાયેલ પાટીદાર સમાજની બેઠકમાં તેમનાં વરદ્હસ્તે વડોદરાનાં મહારાજા સયાજીરાવને માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. ગાદીએ આવ્યા પછી ટૂંકા ગાળામાં જ સને 1941માં તેઓ દેવલોક પામ્યા. તેમણે પોતાના નામ ઉપરથી નારણપુરા (જુના પાદર) ગામ વસાવતાં રાજ્યનાં કુલ 25 ગામો થયા હતા. અગાઉનાં 22 ગામોનાં નામ નીચે મુજબ છે.

(1) પાટડી (2) ગોરૈયા (3) વડગાસ (4) ભોજવા (5) ઉખલોડ (6) ખેરવા (7) સવલાણા (8) કમીજલા (9) લીંબડ (10) વેકરિયા (11) જેતાપુર (12) ગોરીયાવડ (13) બ્રાહ્મણવા (14) જરવલા (15) નવરંગપુરા (16) સાવડા (17) હરિપુરા (18) કુબેરપુરા (ઝુંડ) (19) જોરાવરપુરા (ખાખરલા) (20) દેશાઇપુરા (21) હિંમતપુરા (22) કડવાસણ

## (૧૧) પ્રતાપસિંહજી (૧૯૪૧-૧૯૪૭ – દેહાંત તા. ૨૪/૧૧/૧૯૭૮)

ભારતની આઝાદી પહેલાના છેલ્લા રાજવી તરીકે દેસાઇ ભાવસિંહજીનું રાજતિલક તા. 17/12/1941નાં રોજ થયું હતું. ખેતીવાડી અને પશુઉછેર પ્રવૃત્તિઓમાં તેમને ખૂબ જ રસ હતો. ભાવનગરમાં યોજાયેલ પશુપ્રદર્શનમાં 14માંથી 13 ઈનામો - પ્રમાણપત્રો મળ્યા હતા. તેમણે ઉછરેલ કાંકરેજી ગાયો અને સાંઢની બ્રાઝિલમાં ભારે માંગ રહેતી. તેઓશ્રી ઘોડેસવારી





સાથે બિલીયર્ડ, શૂટિંગ, પોલો, ગોલ્ફ તથા ટેનિસ રમવાના પણ ચેમ્પિયન હતા. તેઓ સાહિત્યપ્રેમી હોવાની સાથે સંસ્કૃતનાં અભ્યાસી હતા. શાસ્ત્રીય સંગીત પ્રત્યે અભિરૂચિ હતી અને ખૂબ સારા વક્તા હતા. એ ઉપરાંત ખૂબ જ ધાર્મિક હતા. તેમણે સહસ્ત્રચંડી, શતચંડી, નવચંડી, વિષ્ણુયાગ તથા અતિરૂદ્ર જેવા મહાયજ્ઞો કરાવેલા. તબીબી સારવાર માટે 'પાટડી સ્ટેટ હોસ્પિટલ' શરૂ કરાવી. લગ્નપ્રસંગો માટે વાડી બંધાવી તથા પોતાનાં ધર્મપત્નીનાં સ્મરણાર્થે 'શ્રી ઈચ્છાલક્ષ્મીબા સાર્વજનિક છાત્રાલય'ના નિર્માણમાં સહયોગ આપ્યો. સને 1948માં દેશી રાજ્યોનું એકીકરણ થયું ત્યારે પાટડીનું રાજ્ય ભળી ગયું હતું. સને 1948નાં માર્ચ મહિનામાં સૌરાષ્ટ્ર રાજ્યની સ્થાપના થતાં પાટડી દરબારગઢમાં જ્યાં પાટડી સ્ટેટની કચેરી હતી ત્યાં જ સુરેન્દ્રનગર જિલ્લાનાં પાટડી તાલુકાનું મથક રાખી મામલતદાર કચેરી કામ કરવા લાગી હતી. તે વખતનાં પાટડી, બજાણા, જૈનાબાદ અને વણોદ એ ચાર રાજ્યો તેમજ ઝીંઝુવાડા અને દસાડા એ બે થાણાંઓ મળી 92 ગામોનાં 'પાટડી તાલુકા'ની રચના કરવામાં આવેલી.

રાજ્યોની પુનઃરચના થતાં સૌરાષ્ટ્રનું રાજ્ય સને 1956માં મુંબઈ રાજ્યમાં ભળી ગયું. ત્યારથી સુરેન્દ્રનગર જિલ્લો મુંબઈ રાજ્યનો એક ભાગ બન્યો. મુંબઈ સરકારનાં તા. 19/6/1959 ના ઠરાવથી 14.5 ચો. માઇલ ધરાવતું પાટડી નગર તથા 4. 5 ચો. માઇલ વિસ્તાર ધરાવતું ખારાઘોડા ગામ અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકામાંથી સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકામાં ફેરવવામાં આવ્યું હતું અને ત્યારપછી તાલુકા મથક દસાડાથી ફેરવીને પાટડી લાવવામાં આવ્યું છે.

તા. 1/5/1960થી દ્વિભાષી મુંબઈ રાજ્યનું વિભાજન થયું અને ગુજરાત અલગ રાજ્ય બન્યું. આજે સુરેન્દ્રનગર જિલ્લો ગુજરાત રાજ્યનો એક મહત્ત્વનો ભાગ બની ગયો છે અને પાટડી વહીવટી દ્રષ્ટિએ તાલુકા મથક છે. મામલતદારની કચેરી, તાલુકા પંચાયત કચેરી, તિજોરી કચેરી, ડેપ્યુટી ઇજનેરોની કચેરીઓ વગેરે પાટડીમાં છે.

આઝાદી સમયે પાટડીનાં છેલ્લા રાજવી તરીકે રહેલા પ્રતાપસિંહજી સાહેબને વાર્ષિક સાલિયાણું વીસ હજાર રૂપિયા મળતું હતું પરંતુ પાછળથી તા. 28/12/1971થી ભારતનાં તમામ રજવાડાઓને અપાતા સાલિયાણાંની પ્રથા બંધ કરવામાં આવી હતી. આ રાજવીનો દેહાંત તા. 21/11/1978નાં દિવસે થયો હતો.

પાટડી દરબારની ગાદીવારસ પ્રથામાં કડવાસણની ગુરૂગાદીનું વિશેષ સ્થાન છે. ગુરૂગાદીના ગુરૂ આવીને પાટડીના રાજવીને રાજતિલક કરતા તથા ગુરૂના અવસાન સમયે સૌપ્રથમ કાંધ પાટડીના રાજાને આપવાની પરંપરા રહી છે, જે આજે પણ જળવાઈ રહી છે.

લગભગ 1 વર્ષ પહેલાં પાટડી રાજવી પરિવાર અને દેસાઈ ભાયાતોની વંશાવલી ગ્રંથનું

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વરદ્‌હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિશ્વ ઉમિયાધામ ટ્રસ્ટ દ્વારા પાટડી સ્ટેટ કરણીસિંહજી દેસાઈની માનદ્ ટ્રસ્ટી તરીકે નિમણૂક કરવામાં આવી હતી. પાટડી સ્ટેટ કરણીસિંહજી દેસાઈએ જણાવ્યું કે, 'અમારા જે વડવાઓ છે, એમણે જે આ સેવાઓ કરી છે, એનું ફળ અમે ભોગવીએ છીએ. એમણે સમાજ માટે જે સારા કાર્યો કર્યા છે એનું સુખદ ફળ અમને આજે મળી રહ્યું છે. પાટડી રાજવી પરિવારના વ્રજપાલજીએ ઊંઝા ઉમિયા માતાજીના ગામની સ્થાપના કરી હતી ત્યારથી આજે હું 100મો રાજવી છું અને ભાવસિંહજીએ 1741માં પાટડીની સ્થાપના કરી એનો હું આ 14મો રાજવી છું.' આ કાર્યક્રમમાં પાટીદાર સમાજનાં અગ્રણીઓ, રાજવી પરિવારના તમામ સભ્યો અને પાટડી દેસાઈ અને પાટીદાર સમાજના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

**લેખક : મનોજ ઇન્દ્રવદન આચાર્ય** (સ્વામી સદાનંદ : ગાદીપતિ : શ્રી સિદ્ધ ગાયત્રી શક્તિપીઠ, રાજકોટ)

**મીઠું પકવે માનવી, આર્થિક ઘણો અભાવ**
**આવેલને આદર કરે, દિલ જેના દરિયાવ**

**મોટા મનના માનવી, સરળ જેનો સ્વભાવ**
**આવેલને આદર કરે, દિલ જૂઓ દરિયાવ**

**પીરાણું પાટડી તણું, પીપળી છે પ્રખ્યાત**
**રણમાં બેઠો રાજવી, વચ્છરાજ વિખ્યાત**

**શક્તિ માત સાક્ષાત છે, કરતી સઘળાં કામ**
**ધન્ય ધરા ઝાલાવાડ, ધામા રૂડું ધામ**

**ઠાંગો માંડવ ઠીક છે, ધન ધન ઝાલાવાડ**
**પાંચાળ તો પ્રખ્યાત છે, જાજરમાન જતવાડ**

**છે રૂપેણ જ્યાં સરિતા, ઘણા જ સરવર ઘાટ**
**મીઠાશ તણો મલક છે, ખંતિલો ખારોપાટ**

**મીઠું વડાગરું મલકમાં, પાટડીનું પ્રખ્યાત**
**ઘુડખર રણમાં ઘૂમતા, વિશ્વમાં વિખ્યાત**

**ચણા થાય છે ચાસવા, અન્ન ઊગે અપાર**
**કપાસ તો કલ્યાણને, ઝાઝી પાકે જાર**

**–ભગવતદાન ગઢવી**





# જૈનાબાદનો ઈતિહાસ

હાલમાં જૈનાબાદ એ સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકા મથકથી 10 કિમી ઉત્તર દિશામાં અને 2011ની વસ્તીગણતરી મુજબ 5,114 ની વસ્તી ધરાવતું ગામ છે. ઈ.સ. 1947 પહેલા જૈનાબાદ એક તાલુકો હતો. જૈનાબાદમાં દરબારગઢ પણ છે, જેમાં હાલમાં દસાડાથી આવેલા મલીક તાલુકાદારો (જાગીરદારો) નિવાસ કરે છે. જૈનાબાદના મલીક રાજવી પરિવાર પણ દસાડાની શાખામાંથી જ છૂટા પડેલા છે.

જૈનાબાદનો ઈતિહાસ પણ દસાડા તાલુકા સાથે જોડાયેલ હોય દસાડાનો પૂર્વ ઈતિહાસ જાણવો જરૂરી બને છે. હઝરત બહાઉદ્દીન ઝકરિયા મુલતાની સુહરવર્દી ર.હ. અને તેમના વંશજો હાલમાં જ્યાં દસાડા ગામ છે તેના તળાવની ઉપર પડાવ નાખીને રહ્યા હતા. ત્યારે માહે રજબની 26 તારીખે હિજરી સંવત 813 ઈ.સ. 1410ના રોજ તેમના કાફલાને ત્યાંના ઝાલા રાણાના માણસોએ ખોટા ગૌ હત્યાના આરોપમાં મૃત્યુદંડ આપ્યો હતો.

હઝરત નસિરૂદ્દીન મુલતાની ર.હ.નો કાફલો હજ માટે ખંભાતથી મુલતાન તરફ જવા નીકળ્યો. તે કાફલામાંથી ફક્ત તેમના સગીર વયના પૌત્ર બખ્તયારૂદ્દીન જેમનું હુલામણું નામ અલ્લાહદાદ હતું તે બચી ગયા. પછીથી તેઓ 'મલેક બખન' તરીકે પ્રસિદ્ધ થયા અને તેમને દસાડાની જાગીર મળી હતી. બચી ગયેલ બખ્તયારૂદ્દીનને લઈને તેમના દાદી પાટણના સુલતાનના શરણે જવા દસાડાથી ચાલ્યા ગયા. વચ્ચે પંચાસરમાં એક રબારી પરિવારે તેમને આશરો પણ આપ્યો હતો. આજે રબારી પરિવાર પણ દાદા પીરની જગ્યામાં પ્રથમ ધજા ચડાવે છે.

દસાડા તેની આસપાસના 24 ગામો સહિત 35 ચોરસ માઈલનું ક્ષેત્રફળ ધરાવતી મુસલમાન જાગીર હતી. જૈનાબાદ અને દસાડાના રાજવીઓ અને ભાયાતો હઝરત બહાઉદ્દીન ઝકરિયા મુલતાની સુહરવર્દી ર.હ. ના વંશજ હોવાથી 'મુલતાની મલીક' કહેવાય છે.

સુલતાન અહેમદશાહના અવસાન પછી તેમના પુત્ર મહંમદશાહે ઈ.સ.1442 માં ગુજરાતના સુલતાન બન્યા. મહંમદશાહના પુત્ર ફતેહખાન થયા. આ ફતેહખાન જે ઈતિહાસમાં 'મહંમદ બેગડા' તરીકે જાણીતા થયા. ફતેહખાને ઇડર પર ચડાઈ કરીને રાવ હરરાયજી રાઠોડને હરાવ્યા. તે પછીના સમયમાં ઈ.સ. 1450 હિજરી 856ના શાબાન મહિનાની 5 તારીખે સુલતાને મલેક બખનને દસાડા પ્રદેશની જાગીર સોંપીને સનદ આપી ઉપરાંત 'મલીક-ઉલ-મુલ્ક'નો ખિતાબ આપ્યો.

## દસાડા-જૈનાબાદના કૌટુંબિક-સામાજિક સબંધો :

દસાડા અને જૈનાબાદના તાલુકદારો વણોદ, રણોદ, મેરા, જાલીસણા, ઉભડા, દાલોદ, કાંકરેજના જાડેજા અને ચાવડા તેમજ ચુંવાળપ્રદેશના સોલંકી ગિરાસદારો જેવા પાડોશી ગામો તેમજ સ્ટેટ સાથે સારા રાજનીતિક સંબંધો ધરાવતા હતા. ઉપરાંત પાલનપુર, રાધનપુર, માંગરોળ, માણાવદર અને જૂનાગઢ જેવા રાજપરિવાર સાથે પણ જોડાયેલા હતા. વિરમગામના ટાંક, કુરેશી, સેતાઓ, ધોળકાના પઠાણો, આમોદ અને નાપાના મોલેસલામ રાણા દરબારો, કચ્છ અને પાટણના ખોખર તેમજ દાસજ, સરદારપુર અને મંડાલીના પઠાણ સરદારો સાથે કૌટુંબિક જોડાણો મજબૂત રહ્યા હતા.

દસાડામાંથી જાગીરનું અને કઠાડાનું વિભાજન અને નવી વસાહતો : કઠાડા ગામને વિભાજિત કરાયું.

1. રસુલખાન જાફરખાનજીના ભાગે આવેલા જમીનમાં રસુલાબાદ વસાવ્યું.
2. રૂસ્તમખાન જાફરખાનજી : પોતાના હિસ્સે આવેલા જમીનમાં રૂસ્તમગઢ વસાવ્યું.
3. દાદાસાહેબ ઉમરખાનજી (ઉમરખાન હાથીમિયા) : પોતાના ભાગે આવેલા જમીનમાં અહેમદગઢ વસાવ્યું.
4. મુજાતખાન ઉમરખાનજીના હિસ્સે આવેલ જમીન કઠાડા સીમાડામાં ભેળવી દીધી.
5. અમનખાન ગ્રુપના જૈનખાનજી જોરાવરખાનજીને જે જમીન મળી, તેને જૈનાબાદ
   નામ આપીને તેમના મુખ્ય તાલુકાકેન્દ્ર તરીકે સ્થાપિત કર્યું.

જૈનાબાદ સ્ટેટના નીચે મુજબના ગામો જાગીરમાં કે ભાગીદારમાં હતા.

1. જૈનાબાદ, 2. વિસાવડી, 3. બુબવાણા 4. દસાડા, 5. માલણપુર, 6. મોટા ઉભડા 7. અમનગર તથા 8. મીઠાપુર વગેરે ગામોમાં જૈનાબાદ રાજવી શ્રી જોરાવરખાન બાવાસાહેબનો ભાગ હતો.

## જૈનખાનજી જોરાવરખાનજી અને જૈનાબાદ પર રાજકીય અધિકાર :

ઈ.સ. 1864માં જૈનખાનજી જોરાવરખાનજી બાવાસાહેબને, તેમના તાલુકામાં અન્ય કોઈ ભાગીદાર ન હોવાને લીધે, છઠ્ઠા ક્લાસના તાલુકદાર તરીકે દીવાની અને ફોજદારી





જ્યુરિડિક્શન આપવામાં આવ્યો. જોરાવરખાનજીના અવસાન પછી ઈ.સ. 1891 માં જ્યારે જૈનખાનજી સગીર હતા, ત્યારે રાજ્યએ તાલુકાનો વહીવટ મેનેજમેન્ટ હેઠળ લઈ લીધો.

કાઠિયાવાડ લોકલ ડિરેક્ટરી ભાગ-1 અનુસાર, આ વહીવટ અંતર્ગત જોરાવરખાનજીનો પૂરતો અધિકાર સસ્પેન્ડ રાખવામાં આવ્યો હતો. ઈ.સ. 1906માં, જ્યારે જૈનખાનજી પુખ્ત થયા, ત્યારે આખું તંત્ર તેમને સોંપવામાં આવ્યું અને જૈનાબાદનો સ્વતંત્ર વહીવટ ફરીથી શરૂ થયો. દસાડા તાલુકામાંથી સૌ પ્રથમ રાજકુમાર કોલેજમાં જૈનખાનજી દાખલ થયા હતા.

ઈ.સ. 1906માં, જ્યારે જૈનખાનજી પુખ્ત થયા, ત્યારે આખુ તંત્ર તેમને સોંપવામાં આવ્યું અને જૈનાબાદનો સ્વતંત્ર વહીવટ ફરીથી શરૂ થયો. આ ગામનું જૂનું નામ કલાડા હતું. શ્રી જૈનખાનજીના નામ પરથી આ ગામનું નામ જૈનાબાદ રાખવામાં આવ્યું હતું. આમ, ઈ.સ. 1906માં જૈનાબાદ અસ્તિત્વમાં આવ્યું.

જૈનાબાદ સ્ટેટ દ્વારા ઈ.સ. 1935 માં શાળાનું કામકાજ શરૂ કરીને ઈ.સ.1936 માં પૂર્ણ થયું હતું. આ કામ બ્રિટિશ સરકારમાં થયેલું. આ કામના મેનેજર તરીકે સાયલાના વજુભા ઝાલા હતા. ત્યારે જૈનાબાદના રાજવી શ્રી અઝીઝખાનજી જૈનખાનજી મલીક હતા. જૈનાબાદના રાજવી શ્રી અઝીઝખાનજી જૈનખાનજી મલીકના સમયમાં ઈ.સ.1935 માં હોસ્પિટલ, શાળા, જેલ અને રાજમહેલ વગેરે બંધાવવામાં આવેલ.

જૈનાબાદમાં આવેલ બોળીયું તળાવ જૈનાબાદ દરબાર શ્રી જૈનખાનજી મલીકના સમયમાં બંધાવવામાં આવેલ. જેમાં ઊછળતું પાણી આવતું હતું. ઈ.સ. 1974માં અઝીઝખાનના રાણી ઝુબેદા સિદ્દીકા બેગમના નામ પરથી જૈનાબાદમાં 'શ્રીમતી ઝુબેદા બેગમ હાઈસ્કૂલ' બંધાવી હતી. આઝાદી બાદ ઠાકોર શ્રી શબ્બીરખાનજી બાપુ સગીરવયના હોવાથી પોતાનું જૈનાબાદ રજવાડાને ભારત દેશના ચરણોમાં અર્પણ કરવા તેમના માતુશ્રી ઝુબેદા સીદ્દીકા બેગમે સહી કરેલી.

આમ, જૈનાબાદ પર ઈ.સ. 1947 સુધી મલીક રાજવીનું શાસન રહ્યું હતું. જૈનાબાદના દરબાર મલીક રાજવીઓએ શિક્ષણ અને આરોગ્ય તેમજ પ્રજાલક્ષી ખૂબ જ મહત્ત્વના કાર્યો કરેલા છે, જે ભાવિ પેઢીએ યાદ રાખવા જેવા છે. ખુબ જ ટૂંકા ગાળામાં શાસનકાળમાં મલીક રાજવીઓએ પ્રજાના હૃદયમાં ઊંચું સ્થાન મેળવી લીધું હતું.

*જતિ સતી ને સંત શુરા, ખુમારી વાળો ખારોપાટ,*
*શૌર્ય સમર્પણ ને દાતારી, વીર વચ્છરાજ દાદા વટ.*

# દસાડાનો ઈતિહાસ

પાટડી તાલુકો બન્યો એ પહેલા દસાડા તાલુકો હતો. અત્યારે '60-દસાડા વિધાનસભા' નામ પણ દસાડા પરથી જ પડેલ છે. ત્યાં રણ રાઈડર્સ પણ છે. વિદેશીઓ દસાડા, જૈનાબાદ, બજાણા અને ઝીંઝુવાડાથી પણ રણમાં પ્રવાસ કરવા આવે છે. દસાડામાં દરબારગઢ પણ છે, જેમાં હાલમાં દસાડા સ્ટેટના મલીક તાલુકાદારો (જાગીરદારો) નિવાસ કરે છે. દસાડામાં મલીક રાજવીઓની છતરડીઓ પણ હયાત છે. દસાડામાં એક જૈન દેરાસર અને તળાવ પણ છે.

ઈ.સ. 1891 આસપાસ વિરમગામ પરગણા નીચે આટલા પરગણા સમાવિષ્ટ હતા. જેમાં 1-હવેલી વિરમગામ 2-લીંબડી 3-વાંકાનેર 4-ચુડા 5-વઢવાણ 6-ઝીંઝુવાડા 7-હળવદ 8-રાણપુર 9-ચુંવાળ (44 ગામો) 10-દસાડા 11- બજાણા 12- સીથા લખતર 13-પાટડી.

દસાડાની મૂળ જાગીર તો માંડલના મહારાજા રાજ છત્રસાલજી ઝાલાએ પોતાના ભાઈ સોડસાલજી ઝાલાને આપેલી હતી. પરંતુ સુલતાન મહંમદ બેગડાએ દસાડા પર આક્રમણ કરીને ઈ.સ. 1486 માં દસાડા જીતીને પોતાના એક સરદાર દસાડાના મલીક બખતખાનને આપી હતી. એ જાગીર દસાડા મલીક રાજવી પાસેથી ફરી મેળવવા માટે ઝાલા રાજ રાણોજી ઝાલાએ દસાડા પર આક્રમણ કરેલું. જેમાં રાજ રાણોજી ઝાલા ઈ.સ. 1523 માં વીરગતિ પામ્યા. થોડા સમય બાદ રાજ રાણોજી ઝાલાના કુંવર રાજ માનસિંહ ઝાલાએ દસાડા પર આક્રમણ કરીને ત્યાંના મલીક બખતખાનના પુત્ર શાહજીવને મારીને દસાડા ફરીથી જીતી લીધું હતું અને રાજ માનસિંહ ઝાલાએ પોતાના પિતાજીના મોતનો બદલો લીધો.

વિજયપાલજી ઝાલા પછી અનુક્રમે મેઘપાલજી, પદમસિંહજી, ઉદયસિંહજી, વેગડજી, રામસિંહજી, વિરસિંહજી, રણમલસિંહજી ઝાલા થયા. તેમના પુત્ર રાજ સોડસાલજી ઝાલાને દસાડાની જાગીરી મળી અને બીજા પુત્ર રાજ વનવીરજી ઝાલા (ઈ.સ. 1441-1460) એ ઝીંઝુવાડાની જાગીરી પોતાના બાહુબળથી મેળવી. ત્યારબાદ પાટડી પર રાજ રણમલજી બાદ છત્રસાલજી, જેતસિંહજી ,ભીમસિંહજી અને રાજ વાઘોજી (ઈ.સ.1469-1486) થયા.

હઝરત બહાઉદ્દીન ઝકરિયા મુલતાની સુહરવર્દી ર.હ. અને તેમના વંશજો હાલમાં જયાં દસાડા ગામ છે તેના તળાવની ઉપર પડાવ નાખીને રહ્યાં હતાં. ત્યારે માહે રજબની 26 તારીખે હિજરી સંવત 813 ઈ.સ. 1410 ના રોજ તેમના કાફલાને ત્યાનાં ઝાલા રાણાના માણસોએ ખોટા ગૌ હત્યાના આરોપમાં મૃત્યુદંડ આપ્યો હતો.

હઝરત નસિરૂદ્દીન મુલતાની ર.હ.ના કાફલામાંથી ફક્ત તેમના સગીર વયના પૌત્ર બખ્તયારૂદ્દીન જેમનું હુલામણું નામ અલ્લાહદાદ હતું તે બચી ગયા. પછીથી તેઓ 'મલેક બખન' તરીકે પ્રસિદ્ધ થયા અને તેમને દસાડાની જાગીર મળી હતી. બચી ગયેલ





બખ્તયારૂદ્દીનને લઈને તેમના દાદી પાટણના સુલતાનના શરણે જવા દસાડાથી ચાલ્યા ગયા. વચ્ચે પંચાસરમાં એક રબારી પરિવારે તેમને આશરો પણ આપ્યો હતો.

દસાડા તેની આસપાસના 24 ગામો સહિત 35 ચોરસ માઈલનું ક્ષેત્રફળ ધરાવતી મુસલમાન જાગીર હતી. જૈનાબાદ અને દસાડાના રાજવીઓ અને ભાયાતો હઝરત બહાઉદ્દીન ઝકરિયા મુલતાની સુહરવર્દી ર.હ. ના વંશજ હોવાથી 'મુલતાની મલીક' કહેવાય છે.

સુલતાન અહેમદશાહના અવસાન પછી તેમના પુત્ર મહંમદશાહે ઈ.સ. 1442 માં ગુજરાતના સુલતાન બન્યા. મહંમદશાહના પુત્ર ફતેહખાન થયા. આ ફતેહખાન જે ઈતિહાસમાં 'મહંમદ બેગડા' તરીકે જાણીતા થયા. ફતેહખાને ઇડર પર ચડાઈ કરીને રાવ હરરાયજી રાઠોડને હરાવ્યા. તે પછીના સમયમાં ઈ.સ. 1450 હિજરી 856 ના શાબાન મહિનાની 5 તારીખે સુલતાને મલેક બખનને દસાડા પ્રદેશની જાગીર સોંપીને સનદ આપી ઉપરાંત 'મલીક'નો ખિતાબ આપ્યો.

એક સમયે ઝાલા રાજવીની રાજધાની પાટડી હતી. અહેમદશાહ પ્રથમની કાઠિયાવાડ પરની ચડાઈ પછી ઝાલા રાજવીઓએ તેમની રાજધાની કુવા (કંકાવટી) બાદમાં હળવદ અને છેલ્લે ઈ.સ. 1730 માં રાજધાની ધ્રાંગધ્રામાં સ્થાપી.

ઇતિહાસમાં ત્રણ મહંમદ બેગડા, ત્રણ અહેમદશાહ અને ત્રણ મુઝફ્ફર શાહના ઈલ્કાબ ધરાવતા શાસકો થયા હતા. જેથી ઈતિહાસ સમજવામાં તકલીફ ઊભી થાય છે. ઈ.સ. 1458 થી 1511 સુધીમાં ગુજરાતના સુલતાન તરીકે જાણીતા ફતેહખાન આવ્યા. જેમને 'સુલતાન મહેમુદશાહ બેગડા'નો ઈલ્કાબ ધારણ કર્યો.

આ સમયમાં જ ઈ.સ. 1460 માં દસાડાના ઠાકોર શ્રી મલેક બખનનું અવસાન થયું. તેમના ત્રણ પુત્રો પૈકી મલેક રિયાઝુદ્દીન જે મલીક રાજે તરીકે ઓળખાતા હતા તેઓ ફારસી સાહિત્યવિદ હતા અને સુલતાન મહેમુદશાહ બેગડાના રાજ દરબારમાં ઊંચું સ્થાન ધરાવતા હતા. બીજા પુત્ર મલીક સાજે અને ત્રીજા પુત્ર મલીક અહેમદજી હતા.

ઈ.સ. 1469 માં મુજફ્ફરશાહ-2 થયા, જેઓ સોરઠના સુબેદાર હતા. ત્યારે કંકાવટી પર ઝલ્લેશ્વર રાજ વાઘોજી ઝાલાનું શાસન હતું. ઝલ્લેશ્વર રાજ વાઘોજી ઝાલાએ બળવો કર્યો ત્યારે બળવાનું સમાધાન કરવા શાહજાદા લશ્કર સાથે જૂનાગઢની ફોજ કંકાવટી પર ચડી આવી. ઝાલા અને શાહજાદા ખલીલખાન વચ્ચે યુદ્ધ થયું જેમાં શાહજાદા ખલીલખાનની હાર થઇ. આ વાતની જાણ મહેમુદશાહ બેગડાને થતાં અમદાવાદથી લશ્કર લઈને આવ્યા. દસાડાથી મલીક અહેમદજી પણ પોતાના લશ્કર સાથે મહેમુદશાહ સાથે જોડાયા. ઈતિહાસમાં આ ધમાસાણ યુદ્ધ 'કૂવાનો કેર' તરીકે પ્રસિદ્ધ છે. આ યુધ્ધમાં બેગડા મહેમુદશાહ બાદશાહ તથા દસાડાના મલીક

અહેમદજીની હાર થઇ. આ યુધ્ધમાં દસાડાના મલીક અહેમદજી વીરગતિ પામ્યા.

બીજી તરફ કંકાવટીના ઝલ્લેશ્વર વાઘોજી ઝાલાએ યુદ્ધમાં જીત મેળવી પણ તેમના છ કુંવરો વીરગતિ પામ્યા હતા. પરત ફરતા એક સૈનિક દ્વારા ભૂલથી કંકાવટીના રાજ્યધ્વજને નીચે મૂકી દેતા રાજ્યમાં એવા સમાચાર પહોંચ્યા કે ઝલ્લેશ્વર વાઘોજી ઝાલા યુધ્ધમાં વીરગતિ પામ્યા છે. જેના લીધે ઝલ્લેશ્વર રાજ વાઘોજી ઝાલાની તમામ છ રાણીઓએ કુવામાં જલ્લઝૌહર કરીને આત્મસમર્પણ કરી દીધું. કાલરીના એક કુંવરી રાજકુંવરબા સાથે ઝલ્લેશ્વર શ્રી વાઘોજી ઝાલાનો સંબંધ થયો હતો. તેઓ કંકાવટીથી પાઘડી મંગાવીને કાલરીમાં 'કુંવારા સતી' થયા હતા. 'કૂવાનો કહેર' એ માત્ર યુદ્ધ નહોતું પણ એક બળવો, વીરગતિ, એક સામ્રાજ્યનું વિસ્તરણ હતું. જેના કેન્દ્રબિંદુમાં દસાડા, કંકાવટી અને જૂનાગઢ જેવા રાજ્યો હતા.

ત્યારબાદ દસાડા પર મલીક રાજેના કુંવર હાકીમ બખ્તયારૂદ્દીન દ્વિતીય આવે છે. ચાંપાનેરના રાવળ જયસિંહ અને મહેમુદશાહ બેગડા વચ્ચે ચાલતા યુદ્ધમાં દસાડાના બખ્તયારૂદ્દીન દ્વિતીય પણ જોડાય છે. આ યુધ્ધમાં મહેમુદશાહ બેગડાનો વિજય થાય છે. બાદમાં મહેમુદશાહ દ્વારા મલીક બખ્તયારૂદ્દીનને 'ઝહિર-ઉલ-મુલ્ક, મિયા એલમખાન બહાદુર'નો ઈલ્કાબ આપવામાં આવ્યો.

ત્યાર પછીના સમયમાં દસાડામાં મલીક બખન દ્વિતીય થયા, જેમની પાસે 12,000 ઘોડેસવાર, 6 યુદ્ધ હાથીઓ અને 800 પાયદળ સિપાઈઓનું લશ્કર હતું. તઘલક વંશના શાસનકાળમાં ખિતાબોને ખાન, મલીક, અમીર અને સિપાહસાલાર એમ ચાર વિભાગમાં વિભાજીત કરવામાં આવેલા. જેમાં દસાડાના મલીક ખિતાબધારક રાજવીને 2,000 સિપાઈઓની મનસબદારી અને આશરે 50,000 થી 60,000 ટંકાની વાર્ષિક આવક હતી.

મીરાંતે સિકંદરી અનુસાર દસાડાના મલીક બખન દ્વિતીયએ ઈ.સ. 1517 માં ઇડર સાથેના યુદ્ધમાં પરાક્રમ દાખવ્યું હતું. આ યુદ્ધ ઇડરના રાવ રાયમલજી અને ગુજરાતના સુલતાન વચ્ચે હતું. જેમાં ઇડરના રાજવીનો પરાજય થયો હતો. બાદમાં દસાડાના મલીક બખન દ્વિતીયને ઇડરમાં નિમણુંક કરવામાં આવી. પરાજય બાદ ઈડરના રાવ રાયમલજીએ મેવાડના શૂરવીર યોદ્ધા રાણા સાંગાની વિશાળ ફોજની મદદ લઈને ફરીથી ઇડર પ્રાપ્ત કરવા ઇડર પર ચડાઈ કરીને ઇડર પર વિજય મેળવે છે. આ યુદ્ધમાં દસાડાના મલિક બખન દ્વિતીય ઈ.સ. 1517 માં વીરગતિ પામ્યા હતા.

મલીક બખન સાની અલ મુખાતીબ આલમખાનના ભાઈ મલીક મઝનજી મહેદવી સાહિત્યકાર હતા. મલીક બખન-2 ના અલાદાદખાન અને લાડમિયા નામે બે કુંવરો હતા. મલીક બખન-2 બાદ તેમના ભાઈ મલીક મઝનજી દસાડાનો વહીવટ કરતા હતા. જેનાથી પરિવારમાં સંઘર્ષો ચાલુ થયા. ત્યારે સુલતાન મુજફ્ફરશાહે લશ્કર મોકલી મઝનજી પાસેથી





દસાડાનો કબજો લઈને જાગીરને વિભાજીત કરી આપ્યા બાદ દસાડાની સત્તાને પુનઃસ્થાપિત કરી આપી.

ઈ.સ.1534 માં ગુજરાતના સુલતાન બહાદુરશાહ જયારે માળવામાં ચોમાસું પસાર કરી રહ્યા હતા તે સમયગાળા દરમ્યાન હળવદના રાજ માનસિંહ ઝાલા દ્વારા દસાડાના અમીર (લાડુજી) 'શાહજીવ'ના પ્રદેશ પર આક્રમણ થયું હતું. રાજા માનસિંહજી ઝાલાએ દસાડા જીતી લીધું. જેમાં દસાડાના અમીર શાહજીવ વીરગતિ પામ્યા હતા. આ સમાચાર મળતા જ ગુજરાતના સુલતાન બહાદુરશાહે તાત્કાલિક માળવાથી અમદાવાદ તરફ ફરમાન મોકલ્યું હતું. બાદશાહનું લશ્કર દસાડા આવી ગયું અને દસાડાને મદદમાં ઊભું રહ્યું હતું ને રાજા માનસિંહ ઝાલાની હાર થઇ. બાદમાં રાજ માનસિંહજી ઝાલા બહારવટે ચડ્યા ને કચ્છમાં રહ્યા પછી દિવના કિલ્લામાં સંધિ થઈ. બહાદુરસાહ સાથે થયેલ સંધિ મુજબ માંડલ-વિરમગામના પરગણા ખાલસા થયા.

સુલતાન મહમુદશાહ તૃતીય (ઈ.સ.1538-1572) ના સમયમાં દસાડા નજીકના ગઢો અને ગામોમાં અન્ય તાલુકદારો જેમ કે ગઢ સાથમાં આલમખાન અને બારસાથમાં રૂસ્તમખાન તાલુકદારોના આગેવાન હતા.

## દસાડાના કૌટુંબિક-સામાજિક સબંધો :

દસાડાના તાલુકદારો વણોદ, રણોદ, મેરા, જાલીસણા, ઉભડા, દાલોદ, કાંકરેજના જાડેજા અને ચાવડા તેમજ ચુંવાળ પ્રદેશના સોલંકી ગિરાસદારો જેવા પાડોશી ગામો તેમજ સ્ટેટ સાથે સારા રાજનીતિક સંબંધો ધરાવતા હતા. ઉપરાંત પાલનપુર, રાધનપુર, માંગરોળ, માણાવદર અને જૂનાગઢ જેવા રાજપરિવાર સાથે પણ જોડાયેલા હતા. વિરમગામના ટાંક, કુરેશી, સેતાઓ, ધોળકાના પઠાણો, આમોદ અને નાપાના મોલેસલામ રાણા દરબારો, કચ્છ અને, પાટણના ખોખર તેમજ દાસજ, સરદારપુર અને મંડાલીના પઠાણ સરદારો સાથે કૌટુંબિક જોડાણો મજબૂત રહ્યા હતા.

સંવત 1757 (ઈ.સ.1701) માં પેશ્વા કંથાજી અને પીલુજીનું લશ્કર આવ્યું. ત્યારે પેશ્વાઓને દસાડા સાથે યુદ્ધ થયું. પાડોશીને મદદમાં ઊભા રહેવું એ રાજપૂતો પોતાનો ધર્મ માનતા હતા. એ સમયે ભંકોડાના ઠાકોર નારણજી સોલંકીએ તેમનો સામનો કરીને દસાડા ગામનું રક્ષણ કર્યુ. ત્યારે દસાડા દરબાર રૂસ્તમખાનજીએ ચડીયાળાની રકમ (યુદ્ધમાં થયેલ ખર્ચની રકમ) આપી હતી. આમ, ચુંવાળ પ્રદેશના રાજવીઓ દસાડા સ્ટેટને મદદગાર બનેલા. એક રિપોર્ટ મુજબ એક સમયે દસાડા એ કાઠિયાવાડ-ઝાલાવાડનો ભાગ હતો.

17 મી સદીના અંતમાં ગુજરાતના સુલતાન મહેમુદશાહ તૃતીયના સમયકાળમાં

ગુજરાતમાં રાજકીય તનાવ વધી રહ્યો હતો. ત્યારે એ સમયમાં મોરબીમાં ઈમાદ-ઉલ-મુલ્ક મલીકજી હતા. તેમની અને દરિયાખાન વચ્ચે આંતરિક મતભેદો હતા. આથી દરિયાખાને મોરબી પર હુમલો કરવા ગુજરાતના સુલતાનને પ્રેરિત કર્યા. રસ્તામાં પાટડી નજીક બંને પક્ષો વચ્ચે યુદ્ધ થયું. આ યુદ્ધમાં મોરબીના ઈમાદ-ઉલ-મુલ્ક મલિકજીનો પરાજય થયો. આ યુદ્ધમાં બજાણાના જતોએ સુલતાનને મદદ કરેલી. જેના બદલામાં જત હાદોજીને બજાણાની જાગીર અને 'મલેક'નો ખિતાબ ગુજરાતના સુલતાન મહેમુદશાહ તૃતીય તરફથી આપવામાં આવ્યો.

પાટડીના ત્રીજા રાજા વખતસિંહ દેસાઈ હતા. જેઓ ઈ.સ.1796 થી 1828 સુધી પાટડીની ગાદી પર રહ્યા હતા. તેમણે દસાડા જીતી લીધું હતું. તેમના સમયમાં કડીના મલ્હારરાવ ગાયકવાડ અને ભંકોડામાં ભુપતસિંહ સોલંકી હયાત હતા. દેસાઈ વખતસિંહે ઈ.સ. 1802 માં દસાડા જીતી લીધું. ગાયકવાડની કાઠિયાવાડની ખંડણી વ્યવસ્થા કરવા માટે મેજર વોકર ઈ.સ. 1807 માં દસાડા સાથે સેટલમેન્ટ કર્યા. જેમાં ગઢસાથમાં લાલમિયા અને જાંબાજખાન અને બારસાથમાં મલૂકમિયા મુખ્ય તાલુકદારો હતા. ઈ.સ. 1807-1809 ના સમયમાં મિસ્ટર મેકમર્ડોએ પોતાની ડાયરીમાં નોંધ્યું છે કે ઈ.સ. 1809 માં દસાડાનો વહીવટ ત્યાંના તાલુકદારો દ્વારા થતો હતો.

મેજર વોકરે ઈ.સ. 1807 માં દસાડા સાથે સેટલમેન્ટ કર્યું. ત્યારબાદ 17 ફેબ્રુઆરી 1821 ના રોજ બ્રિટિશ સરકાર સાથે અફીણ બાબતે કરાર કરવામાં આવ્યો હતો. ઈ.સ. 1892 માં એચીસનસ સંધિ કરવામાં આવી હતી. બ્રિટિશ શાસન હેઠળ તાલુકેદાર પદ્ધતિ અને દસાડામાં થાણાની સ્થાપના ઈ.સ. 1858-1865 વચ્ચે થઇ હતી. મુસ્લિમ શાસન દરમિયાન ઘણા રાજપૂતો, ઠાકોરની જમીન જપ્ત કરવામાં આવતા તેઓએ બંડ પોકારવું પડ્યું હતું. વરમોર દસાડાની સીમા પર આવેલું ગામ છે. ઈ.સ. 1822 માં વરમોરમાં લડાઈ થઇ હતી. ઈ.સ. 1822 માં વરમોર પર ચુંવાળના સોલંકી રાજપૂતોએ હુમલો કરતા ધીંગાણું થયું હતું. આ યુદ્ધ વરમોરના પાદરમાં થયું હતું. આ લડાઈમાં જૈનખાન લાલમીયા, બાપુમિયા લાલમીયા, કમુમિયા દલાભાઈ, ફતુમિયા દલાભાઈ શહીદ થયા હતા. કુંવર બાજીતખાન જૈનખાન ઘાયલ થયા હતા.

પોલિટિકલ એજન્ટ તરફથી તારીખ 07-02-1865ના શેરા (આદેશ) હેઠળ આ છ તાલુકદારોનાં નામો લખવા બાબતે સ્પષ્ટ નિર્દેશ આપવામાં આવ્યા હતા. આ ઐતિહાસિક દસ્તાવેજ મુજબ ગઢસાથના ત્રણ તાલુકદારોને અગ્રિમતા (priority) આપવામાં આવી હતી. આ છ તાલુકદારોના નામ કર્નલ કિટીંગ દ્વારા લખેલા છે જે નીચે મુજબ છે :

ગઢસાથના ત્રણ તાલુકદાર: 1. શ્રી એલમખાન અદાભાઈ 2. શ્રી બાજીતખાન જૈનખાન





3. શ્રી બાવાજી પરબતખાન

બારસાથના ત્રણ તાલુકદાર : 4. શ્રી જોરાવરખાન બાવાસાહેબ 5. શ્રી ઉમરખાન હાથીમિયા 6. શ્રી જાફરખાન દલાભાઈ

ઝાલાવાડ એજન્સી ગેઝેટ ઈ.સ. 1863 મુજબ માત્ર બે તાલુકદારોના નામ સરકારી મહેસૂલની બાબતોમાં નોંધાયેલ છે. 1. શ્રી એલમખાન અદાભાઈ 2. શ્રી જોરાવરખાન બાવાસાહેબ. તાલુકદારોની જાગીરોની વહેંચણી :

| ક્રમ | તાલુકદારનું નામ | જાગીરનો ભાગ | વિસ્તાર |
|---|---|---|---|
| 1 | શ્રી એલમખાન અદાભાઈ | ભાગ 3 આના | ગઢસાથ |
| 2 | શ્રી બાજીતખાન જૈનખાન | ભાગ 3 આના | ગઢસાથ |
| 3 | શ્રી બાવાજી પરબતખાન | ભાગ 2 આના | ગઢસાથ |
| 4 | શ્રી જોરાવરખાન બાવાસાહેબ | ભાગ 4 આના | બારસાથ |
| 5 | શ્રી ઉમરખાન હાથીમિયા | ભાગ 2 આના | બારસાથ |
| 6 | શ્રી જાફરખાન દલાભાઈ | ભાગ 2 આના | બારસાથ |

દસાડા જાગીરના સુવાંગ (સહિયારા) ગામો છે.

1. પાનવા : (બાવાજી પરબતખાન શાખાનું સુવાંગ ગામ છે.)
2. જગદીશણ : આ શાખાનું પણ બીજું મહત્ત્વનું ગામ છે.
3. કોચાડા : જેમાં એલમખાન અને બાજીતખાન શાખાનું ગામ છે.

4, 5, 6 વડગામ, ગવાણા, ઝેઝરા : બાવાજી અને અદાભાઈ શાખાના મજમુ ગામો છે.

આ વિભાજન બાદ પણ વારસદારોમાં વિવાદો વધતા તેનું પણ વિભાજન અનિવાર્ય બન્યું. જેથી આ વહેંચણી સવિસ્તારપૂર્વક કરવામાં આવી હતી. જેની માહિતી નીચે મુજબ છે.

સાહેબખાનના છ પુત્રો હતા. 1. અમનખાન 2. જહાંગીરખાન 3. રૂસ્તમખાન 4. જાફરખાન 5. હમીદખાન 6. નસીબખાન

આ છ ભાઈઓમાંથી પ્રથમ ત્રણે (અમનખાન ગ્રુપ) અને પાછલા ત્રણે (નસીબખાન ગ્રુપ) અલગ અલગ શાખાઓ તરીકે જાગીરના વહેંચણીપાત્ર હકદાર બની રહ્યા. સમયની સાથે આ બે જૂથોમાં પણ વિવાદો સર્જાયા, ખાસ કરીને હમીદખાનના પુત્ર મુજાતખાન ઉમરખાન (જેઓ પાલનપુર બેગમ અમાબાઈ સાહેબના પિતા હતા) લાવારિસ જ મૃત્યુ પામ્યા બાદ તે સમયે, નસીબખાન જૂથના ઉપતિનાયક ઉમરખાન હાથીમિયા અને જાફરખાન દલાભાઈ દ્વારા મુજાતખાનની જાગીર આપમેળે વિતરણ કરી લેવામાં આવી. જેના વિરોધમાં અમનખાન

જૂથના બાવાસાહેબે અવાજ ઉઠાવ્યો, પણ તેમની હાજરી છતાં તેમને તેમાંથી કોઈ હિસ્સો મળ્યો ન હતો.

સુવાંગ ગામોનો વિસ્તરણ અને વસાહતોની સ્થાપના અમનખાન જૂથના મુખ્ય સુવાંગ ગામો નીચે મુજબ હતા :

ઉભડા, માલણપુર, બુબવાણા – મુખ્યત્વે બાવાસાહેબના કબજામાં રહ્યા હતા.

અમનનગર – ઉભડા ગામના સીમાડામાં વસાવવામાં આવ્યું.

મીઠાપુર, ઓડકી, અંબાળા, કલાડા, ચિકાસર, વિસાવડી – અમનખાન અને નસીબખાન બંને ગ્રુપના મજમુ ગામો રહ્યા હતા.

નસીબખાન ગ્રુપના સુવાંગ ગામો : કઠાડા – મુખ્યગામ. ઘાસપુર અને હાથીપુરા – વઘાડાના સીમાડામાં વસાવવામાં આવ્યા હતા. મેતાસર – અંબાળાના સીમાડામાં વસાવ્યું હતું.

ગામોનું પુનઃવિભાજન અનુક્રમે અને સ્થાયી વસાહતો : આ ગામોની દસકાઓ સુધી ચાલેલી ઝંઝટ પછી, પુનઃગોઠવણી માટે નીચે મુજબના પરિણામે પહોંચ્યું :

અમનખાન ગ્રુપના (જોરાવરખાન બાવાસાહેબના) સુવાંગ ગામો : 1. બુબવાણા 2. માલણપુર 3. અમનગર 4. ઉભડા 5. મીઠાપુર 6. વિસાવડી

નસીબખાન ગ્રુપના (ઉમરખાન હાથીમિયા શાખાના) સુવાંગ ગામો : 1. વઘાડા 2. ઘાસપુર 3. હાથીપુરા 4. કઠાડા

કલાડાનું વિભાજન અને નવી વસાહતો : કલાડા ગામને વિભાજિત કરાયું.

1. રસુલખાન જાફરખાનજીના ભાગે આવેલી જમીનમાં રસુલાબાદ વસાવ્યું.
2. રૂસ્તમખાન જાફરખાનજી : પોતાના હિસ્સે આવેલી જમીનમાં રૂસ્તમગઢ વસાવ્યું.
3. દાદાસાહેબ ઉમરખાનજી (ઉમરખાન હાથીમિયા) : પોતાના ભાગે આવેલી જમીનમાં અહેમદગઢ વસાવ્યું.
4. મુજાતખાન ઉમરખાનજીના હિસ્સે આવેલી જમીન કઠાડાના સીમાડામાં ભેળવી દીધી.
5. અમનખાન ગ્રુપના જૈનખાનજી જોરાવરખાનજીને જે જમીન મળી, તેને જૈનાબાદ નામ આપીને તેમના મુખ્ય તાલુકા કેન્દ્ર તરીકે સ્થાપિત કર્યું.





ઈ.સ. 1864 માં જૈનખાનજીના પિતા જોરાવરખાનજી બાવાસાહેબને, તેમના તાલુકામાં અન્ય કોઈ ભાગીદાર ન હોવાને લીધે, છઠ્ઠા ક્લાસના તાલુકદાર તરીકે દીવાની અને ફોજદારી જ્યુરિડિક્શન આપવામાં આવ્યો. જોરાવરખાનજીના અવસાન પછી, ઈ.સ. 1891 માં જ્યારે જૈનખાનજી સગીર હતા, ત્યારે રાજ્યએ તાલુકાનો વહીવટ મેનેજમેન્ટ હેઠળ લઈ લીધો.

કાઠિયાવાડ લોકલ ડિરેક્ટરી ભાગ-1 અનુસાર, આ વહીવટ અંતર્ગત જોરાવરખાનજીનો પૂરતો અધિકાર સસ્પેન્ડ રાખવામાં આવ્યો હતો. ઈ.સ. 1906માં, જ્યારે તેમના પુત્ર જૈનખાનજી પુખ્ત થયા, ત્યારે આખું તંત્ર તેમને સોંપવામાં આવ્યું અને જૈનાબાદનો સ્વતંત્ર વહીવટ ફરીથી શરૂ થયો. દસાડા તાલુકામાંથી સૌ પ્રથમ રાજકુમાર કોલેજમાં જૈનખાનજી દાખલ થયા હતા.

## દસાડા તાલુકાની જાગીરો, વારસા વિવાદ અને શાસકીય વ્યવસ્થાઓ :

દસાડા તાલુકાના ઈતિહાસમાં જાગીરની માલિકીની બાબતમાં ઘણા વિવાદો અને દાવાઓ નોંધાયેલા છે. ખાસ કરીને સાદુલ્લાખાનજી બાવાજીરાજ, સંદાતખાનજી બાવાજી (ગઢસાથ) અને રસુલખાન જાફરખાનજી (બારસાથ) તરફથી એવા દાવાઓ કરવામાં આવ્યા હતા કે તેઓ દસાડાના સ્વતંત્ર તાલુકદારો છે અને તેમના ભાઈઓ માત્ર જીવાઈદાર છે, ભાગીદાર નહિ. વિશેષરૂપે રસુલખાનજી જાફરખાનજી વિરૂદ્ધ તેમના નાના ભાઈ રૂસ્તમખાનજી જાફરખાનજીએ જાગીરમાં હક માટે કોર્ટમાં કેસ પણ દાખલ કર્યો હતો.

દસાડાના તાલુકદારો રાજકુમાર કોલેજ અને વઢવાણ કેમ્પ તથા ટી.જી. કોલેજમાં પણ અભ્યાસ કર્યો હતો. ઈ.સ.1940-42 વચ્ચે નજીકના રાજ્યોમાં ભળી જવાનો "Attached Area Scheme" અમલમાં આવ્યો. જેથી દસાડાએ વડોદરામાં જોડાવાનું નક્કી કર્યું. ત્યાંથી દસાડા રાજ્ય વેસ્ટર્ન ઇન્ડિયા એજન્સીના સ્થાનિક પ્રશાસનમાંથી બહાર આવીને ગાયકવાડના મહેસાણા સૂબાની નિગરાની હેઠળ આવી ગયું.

દસાડાના બહુમતી તાલુકદારો દ્વારા તાઃ 08/02/1948 ના રોજ વડોદરા રાજ્યમાં વિલીનીકરણ માટે કરાર કરવામાં આવ્યા. આ કરારના સાત દિવસ પછી 15 ફેબ્રુઆરી 1948 ના રોજ 'સૌરાષ્ટ્રનું સંયુક્ત રાજ્ય' રચાયું. આ સંયુક્ત રાજ્યમાં દેશી રજવાડાઓ, નાની જાગીરો અને તાલુકાઓનો સમાવેશ થયો હતો. દસાડા પણ એમાં સમાવિષ્ટ પામ્યું હતું.

આમ, દસાડા પર છેલ્લે મલીકોનું શાસન રહ્યું હતું. વચ્ચે થોડા ઉતાર-ચડાવ આવતા રહ્યા. હાલમાં દસાડામાં શાહનવાઝખાન મલીક છે, જે ખુબ સારા ઈતિહાસ સંશોધક ઉપરાંત લેખક છે. દસાડા પર સંશોધન કરનાર ખાલીદ મલીક પણ એક સારા લેખક છે. બંને હંમેશા ઈતિહાસને માટે પ્રયત્નશીલ અને ઈતિહાસને જ સમર્પિત રહ્યા છે.

# બજાણાનો ઈતિહાસ...




હાલમાં બજાણા સુરેન્દ્રનગર જિલ્લાના પાટડીથી દક્ષિણ દિશાએ 10 કિ.મી. દૂર આવેલું ગામ છે, આ બજાણા ઈ.સ.1947 પહેલા 24 ગામની જાગીરી ધરાવતું રજવાડું હતું. બજાણામાં રજવાડાના સમયમાં જેલ અને રાજવીઓને રહેવા માટેની હવેલીઓ પણ હતી અને છતરડીઓ પણ હાલમાં હયાત છે. હાલમાં બજાણામાં ઘુડખર અભ્યારણની ઓફિસ પણ છે.

બજાણામાં ઉચ્ચકોટીના સંગીતજ્ઞ બચુભાઈ સાહેબખાન અને ભજનિક દાદુભાઈ કાજી પણ થઇ ગયા. સંગીતમાં 'પદ્મવિભૂષણ' મેળવનાર બેગમ અખ્તર પણ બજાણામાં રહ્યાં હતાં. ઈ.સ. 1960 માં બજાણા વણાટકલાનું કેન્દ્ર ગણાતું. અહીંયા 1500 થી વધારે કારીગરો પ્રખ્યાત 'તંગાલિયા' વણાટકલા સાથે જોડાયેલા હતા. 700 વર્ષ જૂની બજાણાની પ્રખ્યાત 'તંગાલિયા' વણાટકલા હવે લુપ્તતાના આરે છે.

બજાણા એ 'જત' જ્ઞાતિનું તથા એક રજવાડું હતું. 'મલેક' શબ્દ મૂળ ફારસી ભાષાનો છે. જેનો અર્થ 'સરદાર' કે 'આગેવાન' થાય છે. કાઠીયાવાડમાં નવાનગર (જામનગર) સ્ટેટના રાજવી જામસાહેબ તરફથી આ જત જ્ઞાતિને 'મલેક'નો ખિતાબ મળેલો. બજાણા-વારાહીની જત જ્ઞાતિને અમદાવાદના બાદશાહ મહંમદ બેગડા તરફથી મદદના બદલામાં 'મલેક'નો ખિતાબ મળેલો. હાલમાં 'મલેક' પદવીને જ અટક તરીકે આ જ્ઞાતિએ ધારણ કરેલ છે. 'જત-મલેક' શબ્દનો અર્થ સુબેદાર હાકેમ વગેરે થાય છે. 'મલેક' શબ્દ રાજકીય સન્માન આપતો ખુબ જ ઊંચો હોદ્દો, ઈલ્કાબ કે દરજ્જો છે. 'કચ્છ તારી અસ્મિતા-96' અનુસાર આ માલધારી જાતિ ઈ.સ. 752 માં ઈરાન અને ઈરાક વચ્ચેના 'હલફ'થી સિંધ અને સિંધમાંથી કચ્છ અને ગુજરાતમાં આવી હતી.

કચ્છમાં છેક બારમી સદીમાં અને તે પહેલાં પણ વસવાટ હતો, તેવા પ્રમાણ મળે છે. બારમી સદીમાં લખાયેલ ફારસી પુસ્તક 'મજમાલ ઉત તવારીખ'માં લખ્યું છે કે તે સમયે જતો સિંધમાં વસતા હતા. ઘણાં જૂનાં સમયમાં કચ્છનાં અમુક વિસ્તારોમાં તેમનું વર્ચસ્વ હતું. પરંતુ સમાવંશી રાજપૂતોએ કચ્છ આવીને તેમની સાથે લડાઈઓ કરી, તેમને ઉત્તર કચ્છમાં ચાલ્યા જવાની ફરજ પાડેલી. નૃવંશશાસ્ત્રની દ્રષ્ટિએ જત શુદ્ધ કોકેશાઈ પ્રજા છે. કચ્છમાં આવ્યા બાદ જે જત માલધારી, માલધારી જ રહ્યાં તે 'ધાણેટા' જત તરીકે ઓળખાયા. જે જત સ્થિર વસવાટ કરી ખેતી કરવા લાગ્યા તે 'ગરાસીયા જત' તરીકે જાણીતા થયા. અને જે ખુદાની





ખીદમત કરી ફકીરી જીવન ગાળવા લાગ્યા તે 'ફકીરાણી-જત' તરીકે ઓળખાવા લાગ્યા. 'ધાણેટા' જત કચ્છમાં બન્ની, અબડાસા અને લખપત તાલુકાઓમાં છે. પશુપાલન તેમનો મુખ્ય વ્યવસાય છે. 'ગરાશીયા-જત' અબડાસા-લખપત, નખત્રાણા ભુજ, મુન્દ્રા, તાલુકાઓમાં જોવા મળે છે. 'ફકીરાણી-જત' સંખ્યામાં સૌથી ઓછા છે. તેઓ અબડાસા અને લખપત તાલુકાઓનાં કાંઠા વિસ્તારમાં જોવા મળે છે. તેઓ સિંધમાંથી કચ્છમાં 250 વર્ષ પૂર્વે આવ્યા હોવાનું અનુમાન છે. અસલમાં ફકીરી જીવન ગાળતા 'જત' હવે વણઝારા જેવું જીવન ગાળે છે. તેમનો મુખ્ય વ્યવસાય ઊંટ ઉછેર અને વેચાણ કરવાનો છે. કચ્છનાં જતોની સૌથી ધ્યાન ખેંચનારી બાબત તેમની શારીરીક વિશિષ્ટતા છે. તેમના સ્ત્રી-પુરૂષો સૌંદર્યવાન છે. પુરૂષો ઊંચા, કદાવર અને મજબૂત બાંધાનાં જોવા મળે છે. જત સ્ત્રીઓનું ભરતકામ મશહુર છે. કચ્છનાં જતો સિંધ મિશ્રિત કચ્છી ભાષા બોલે છે. અને સુન્ની મુસ્લિમ ધર્મ પાળે છે. ઉપરાંત તેઓ પૈકી કેટલાક શક્તિમાતાનાં સ્વરૂપમાં હીંગળાજ માતાજીને માને છે.

જત જ્ઞાતિ મૂળ તો સૈનિક, પશુપાલક અને ખુમારીવાળી કોમ છે. સૌરાષ્ટ્રમાં આ જાતિનું મુખ્યકેન્દ્ર બજાણા અને તેની આજુબાજુનો વિસ્તાર છે જેને 'નાની જતવાડ' કહેવામાં આવે છે. કચ્છ,વારાહી આસપાસના વિસ્તારને 'મોટી જતવાડ' કહેવામાં આવે છે.

ઈ.સ. 1891 આસપાસ વિરમગામ પરગણા નીચે આટલા પરગણા સમાવિષ્ટ હતા. જેમાં 1-હવેલી વિરમગામ 2-લીંબડી 3-વાંકાનેર 4-ચુડા 5-વઢવાણ 6-ઝીંઝુવાડા 7-હળવદ 8-રાણપુર 9-ચુંવાળ (44 ગામો) 10-દસાડા 11- બજાણા 12- સીથા લખતર 13-પાટડી.

ગુજરાતના સુલતાન મહંમદ બેગડાએ જતોની મદદ લીધી હતી. 17 મી સદીના અંતમાં ગુજરાતના સુલતાન મહંમદ બેગડાના સમયકાળમાં ગુજરાતમાં રાજકીય તનાવ વધી રહ્યો હતો. ત્યારે એ સમયમાં મોરબીમાં ઈમાદ-ઉલ-મુલ્ક મલીકજી હતા. તેમની અને દરિયાખાન વચ્ચે આંતરિક મતભેદો હતા. આથી દરીયાખાને મોરબી પર હુમલો કરવા ગુજરાતના સુલતાનને પ્રેરિત કર્યા. રસ્તામાં પાટડી નજીક બંને પક્ષો વચ્ચે યુદ્ધ થયું. આ યુધ્ધમાં મોરબીના ઈમાદ-ઉલ-મુલ્ક મલીકજીનો પરાજય થયો. આ યુધ્ધમાં બજાણાના જતોએ સુલતાનને મદદ કરેલી. જેના બદલામાં જત હેદોજીને બજાણાની 24 ગામની જાગીર અને 'મલીક'નો ખિતાબ ગુજરાતના સુલતાન મહંમદ બેગડા તરફથી આપવામાં આવ્યો. સમય જતા બજાણામાં બે પેટાજ્ઞાતિ બની. જેઓ શાસક હતા તે 'જત ઠાકોર મલેક' કહેવાયા અને જેઓ શાસક ન હતા તેઓ 'જત મલેક' કહેવાયા.

આ જત જ્ઞાતિ બળવાન, શૌર્યવાન, વચનપાલક, બહેન-દીકરીઓની આબરૂ બચાવનાર, સત્ય માટે બહારવટે ચડનાર, આશરાધર્મને પાળનાર, બ્રાહ્મણોને દાન

આપનારી, ગાય માટે શહીદી વહોરનારી અને પોતાના હિન્દુ રાજા માટે પણ પ્રાણ અર્પણ કરનારી કોમ છે, જે એમના ઈતિહાસ પરથી જણાય છે. ઘણા હિન્દુ રજવાડા જેવા કે કચ્છ, ધ્રુમલી, મોરબી, હાલાર, નવાનગરમાં આ જત કોમને સૈન્યમાં ઉચ્ચ દરજ્જો મળ્યો હતો. બજાણા ચોવીસી મળ્યા બાદ આ શૌર્યવાન જતોએ આજુબાજુનો પ્રદેશ પણ જીતી લીધો. ત્યારબાદ મલેક ઇસાજી વાલેવડામાં, મલેક લાખાજી સીતાપુર અને વણોદમાં વસ્યા અને મલેક હૈદરખાન બજાણા રહ્યા. પછી મલેક ઈશાજીએ રાવમાઓ પાસેથી વારાહી જીતી લીધું. આમ, જતો ગુજરાતના ચાર પ્રદેશો પર સત્તામાં આવતા એક રાજવંશ તરીકે ઉભરી આવ્યો.

'જત-મલેક' શબ્દનો અર્થ સુબેદાર હાકેમ વગેરે થાય છે. ઘણા લોકો જ્ઞાતિ સાથે વાપરે છે, પરંતુ આગળ જોઈ ગયા એ રીતે 'મલેક' શબ્દ રાજકીય સન્માન આપતો ખૂબજ ઊંચો ઈલકાબ, હોદ્દો છે. આપણને હિંદનાં ઈતિહાસમાંથી જોવા મળે છે કે, ઈ.સ. 775-85 માં આરબોએ ગુજરાતનાં કિનારા ઉપર ચડાઈ કરી. તેમનો સરદાર અબ્દુલ મલેક હતો. ત્યાર પછી ભારતનાં મધ્યયુગીન ઈતિહાસ દરમ્યાન અલાઉદ્દીન ખીલજીએ સ્થાપેલ ખીલજીવંશ અને ત્યાર બાદ તઘલકવંશની રાજસત્તા દરમિયાન સુલતાનોએ ગુજરાતનાં વહીવટ સામે જે સુબાઓ (ગવર્નરો) ની નિમણૂંક કરી તેમાં ગુજરાતમાં જે 'મલેક' ઈલકાબવાળા સુબાઓ આવ્યા, તેમાં (1) મલેક મહમદ શરફુલમુલ્ક અલપખાન (ઈ.સ. 1324-37) (2) મલેક નજબા (ઈ.સ. 1339-44) (3) મલેક મુફરેહ સુલતાની ઉર્ફે રાસ્તીખાન (ઈ.સ. 1380-87) (4) મલેક યાકુબ સિકંદરખાન (ઈ.સ. 1387-88) મુખ્યત્વે હતા. આમ, મલેક એ સમયે જ્ઞાતિવાચક શબ્દ ન હતો પરંતુ જત જ્ઞાતિ સાથે આ માનવાચક શબ્દ વપરાયો છે.

ઈ.સ.712 માં જત જ્ઞાતિનો એક ભાગ સીરિયાના હલબમાં રહ્યો અને એક ભાગ યુરોપ આવીને વસ્યો. સિંધમાં આ જતો સ્થાયી થયા બાદ ઈ.સ. 1200 થી 1300 ના સમયમાં કચ્છમાં આવ્યા. જતોની એક ટુકડી ઈ.સ. 1535 માં જામ રાવલના લશ્કરમાં વવાણીયા બંદરે ગઈ. સિંધમાંથી અમુક જતો ઈ.સ.1472 માં હિજરત કરીને મૂળી થઇ બજાણા અને વારાહીમાં સ્થાયી થયા.

ઈ.સ. 1472 માં સિંધમાં સુમરાનું રાજ હતું. દીકરીના અણબનાવને કારણે ત્યાંથી નીકળી કચ્છ આવ્યા, ત્યાં આશરો ન મળતા હાલાર આવ્યા. ત્યાં પણ આશરો ન મળતા આખરે સિંધના સુમરાના આક્રમણનો સહેજે ડર રાખ્યા વગર મૂળીના ઠાકોર શ્રી લખધીરજી પરમારે તે જતોને આશરો આપ્યો. સિંધમાંથી સુમરાનું લશ્કર આવ્યું જેની સામે આ જતો અને મૂળીના પરમારો શૂરવીરતાથી લડ્યા. જે દીકરી સુમરીબાઈના રક્ષણ માટે મૂળીના પરમારો અને જતોએ યુદ્ધ વહોરી લીધું હતું. તે સુમરીબાઈને વણોદ મોકલી દેવામાં આવી. યુદ્ધમાં બંને





પક્ષની સેનામાં હજારો માણસો મરાયા. આ યુદ્ધ પછી મૂળી માટે હાલાજી પરમારને અમદાવાદનો બાદશાહ પોતાને ત્યાં રાખે છે, જેનાથી હાલાજીના ભાભીએ હાલાજીને મેણું માર્યું કે તમે મુસલમાન સાથે રહ્યા છો, એટલે વટલાઈ ગયા. ત્યારબાદ હાલાજી પરમારે મુસ્લિમ ધર્મ અંગીકાર કરીને રાણપુર ચોવીસીની સ્થાપના કરી.

ભૂચર મોરીના પ્રખ્યાત યુધ્ધમાં ઈ.સ. 1592 માં પણ ડોસા મલેક જેવા જત મલેકોએ જામ કુંવર અજાજીની પડખે રહીને બહાદુરી બતાવીને પોતાની માતૃભૂમિનું રક્ષણ કર્યું હતું. કુંવર અજાજીની સાથે જ રહીને તેઓ લડ્યા હતા. અંતે તેઓ શહીદ થાય છે. ત્યારે અજાજી બોલે છે, 'રંગ તુને ડોસાજી'. તેની નોંધ ઈતિહાસકારોએ સહેજે લીધી નથી.

ઈ.સ. 1622 ની આ ઘટના છે. કાલાવડ તાલુકામાં દુધાળા ડેમ પાસે મલેક સુમાર લાખા રહેતા હતા. ગામલોકોએ આવીને કહ્યું કે આપણા ગામની ગાયો કોઈ હરસુર વાળી જાય છે. ગાયોના રક્ષણ માટે ગયેલા મલેક સુમાર લાખાએ હરસુરને તલવાર સોંસરી પરોવી દીધી. તેમની સાથેના યુદ્ધમાં મલેક સુમાર લાખાને ચૌદ લૂંટારાઓ ઘેરી લે છે. બધાયને ઘાયલ કરીને લૂંટારાઓના સરદાર હરસુરને મારીને આ એકલા શૂરવીર યોદ્ધા મલેક સુમાર લાખાએ શહીદી વહોરી લીધી. સંવત 1899 આસો વદ 3 ની કાલાવડ તાલુકાના રીનાળી ગામમાં મલેક ડાડા હમીરની પણ આવી જ ગાયો માટેના બલિદાનની ગાથા છે. એક મુસ્લિમ પણ ગાયોની વારે ચડીને હિન્દુ ધર્મનું અને પોતાના પ્રદેશનું રક્ષણ કરે અને પોતાની જ્ઞાતિનું ગૌરવ વધારે તેનું આ ઉત્તમ ઉદાહરણ છે.

આવો જ એક પ્રસંગ ખેરવા (જતના) ગામનો ઈ.સ. 1750 ના સમયનો છે. ખેરવાના પાદરમાંથી કંકાવટીના રામશીના 40 માણસો ગાયો લઇ ગયા અને ખૂબ લાકડીઓ મારતા મારતા લઇ જતા હતા. ત્યારે મલેક સાબરખાન અને તેમની સાથે સાત જત યુવાનો ગાયોની વારે ચડ્યા. ખરેખરો જંગ ખેલાયો. રામશીના 11 માણસો મરાયા. રામશી ગાયની ઓથ લઈને દૂર ભાગીને જામગરી બંદૂકથી જત યુવાનો પર ફાયરીંગ કર્યું. જેમાં સુમાલખાન હારણજી અને સાબરખાન હારણજી બંને ભાઈઓને બંદૂકની ગોળી વાગી અને તેઓ ગૌધન માટે શહીદ થયા. જેમની મજારો ખેરવાની ઇશાન બાજુએ સેડલા ગામને માર્ગે આજે પણ મોજૂદ છે.

પાટડી તાલુકાના ગેડિયા ગામમાં 1300 ની વસ્તીમાં 1100 મલેક જતો નિવાસ કરે છે. અહીંયા ઈ.સ.1963 થી રજીસ્ટર્ડ પાંજરાપોળ ચાલે છે અને સદાવ્રત ચાલે છે. ગેડિયાના આ પાંજરાપોળનો વહીવટ મલેક કરે છે. ઈ.સ. 2000 માં મલેક હુસેનખાન અનવરખાન કરતા હતા. જે સંસ્થા ક્યારેક દેવામાં હતી, આજે એ સંસ્થામાં લાખોનું બેલેન્સ છે. ગેડિયા ગામના મલેક લાખાજી નાથાજી કબૂતરોને ચણ નાખવાનું ભગીરથ કાર્ય પણ કરતા હતા.

ઈ.સ. 1832 માં વઢવાણ સાસુ-વહુના ઝગડામાં વધુ તકરાર થતાં બજાણા ગામના જીભના માનેલ ભાઈ પાસે રાજમાતા આવતા તેમની મદદે વઢવાણ પર ચડાઈ કરીને રાજમાતાના હાથમાં વહીવટ સોંપ્યો. જેમાં જત મલીકો કામ આવ્યા હતા. જીભની માનેલ બહેન માટે પણ પોતાની જાતને ખપાવી દેનાર આ કોમ ખૂબ શુરવીર છે.

બહેન-દીકરીના રક્ષણ માટે પણ જત કોમે બલિદાન આપ્યા છે. ઈ.સ. 1880 માં જામનગરમાં જામ વિભાજી જાડેજા-2 રાજ કરતા હતા. વગડિયા ગામે મામદ મલેક કરીને જુવાન હતો. તે વખતે જાન જતી હોય ત્યારે લુંટારાઓની બીક હતી. મામદ મલેક પોતાની લાકડી વળાવ્યા તરીકે મોકલતા. એમનું નામ પડતા જ લુંટારાઓ ભાગી જતા. એક દિવસ સંધીઓએ એક જાનને રોકી. તે ત્રણ લુંટારાઓને એકલા હાથે મામદ મલેકે માર્યા અને બીજા ભાગી ગયા. એમના વારસદારો આજેય વગડીયામાં રહે છે.

### ગેડિયાના સ્વાતંત્ર્ય સેનાની મલેક કરીમખાન મેઘજીખાન :

ગેડિયા ગામમાં મલેક કરીમખાન મેઘજીખાન પોતાનું જીવન વ્યતીત કરતા હતા. ઈ.સ. 1938 નો સમય હતો. મલેક કરીમખાનજી લીંબડી તાબેના રોજાસર ગામના ગિરાસદાર જશુભા જીવુભા ઝાલા સાથે મિત્રતા હતી. જશુભાના કાકા કાળુભા પી.એસ.આઈ. હતા. આ અરસામાં હિન્દ છોડો ચળવળ ચાલતી હતી. દેશી રજવાડાઓ પર રસિકભાઈ પરીખ અને ઢેબરભાઈને પકડવા તલ પાપડ બન્યા હતા. આવી વિકટ પરિસ્થિતિમાં ગેડિયાના મલેક કરીમખાને તે બંનેને છુપાવેલા હતા. મલેક કરીમખાનને જાગીરીની તથા અન્ય ઘણી લાલચો આપવામાં આવી. કરીમખાનને નમાવવા સામ-દામ-દંડની નીતિ પણ અપનાવવામાં આવી. કરીમખાન પર ટ્રેન લુંટ્યાનો ખોટો આરોપ નાખીને પકડી લેવામાં આવ્યા. કેસમાં તેઓ નિર્દોષ છૂટ્યા.

પરંતુ તેમનામાં હવે દેશદાઝ વધુ પ્રજ્વલિત બની હતી. ચળવળમાં તેમણે નેતૃત્વ સ્વીકારીને સ્ટેટના દમન સામે છ ગામોની હિજરત કરાવી. અંગ્રેજોને લાગ્યું કે ચળવળ મજબૂત બનશે એટલે તેમણે રાજવી વિજયસિંહને તાકીદ કરી કે આ છ ગામના માણસોને ગામમાં પરત લાવો. કરીમખાનજી પોતાના ગામ ન ગયા. તેમણે ચળવળને વધારે મજબૂત બનાવી. આમ, આઝાદીની લડતમાં તેમનો ફાળો મહત્ત્વનો ગણી શકાય.

### આઝાદી પહેલાનું બજાણા સ્ટેટ :

રાજાશાહી વખતે બજાણા ચોવીસી તરીકેનું અલગ રજવાડું હતું. બજાણા ચોથા વર્ગનું જત મલેકનું રાજ્ય હતું. તે વખતે બજાણા સ્ટેટના તાબે નીચે મુજબના 23 ગામો





હતા. બાદમાં 29 ગામની જાગીર હતી.

1-બજાણા, 2-માલવણ, 3-સેડલા, 4-ખેરવા (જતના), 5-ઝેઝરી, 6-નાગડકા, 7-ઉપરીયાળા, 8-સિધ્ધસર, 9-કામલપુર, 10-રામગ્રી, 11-ભડેણા, 12-છાબલી, 13-મોટી મજેઠી, 14-અખીયાણા, 15-પીપળી, 16-દેગામ, 17-લીંબડ, 18-સવલાસ, 19-રાજપર, 20-સોખડા, 21-કાંકરાવાડી, 22-હેબતપુર, 23-કચોલીયા, 24-સડલા, 25-નાના ગોરૈયા, 26-કમાલપુર, 27-પોરડા, 28-જીવણગઢ, 29- નાની મજેઠી.

દરબાર સાહેબ મલેક શ્રી કમાલખાનજી 11મી જૂન 1926 ના રોજ બાપુ બજાણા સ્ટેટના રાજવી તરીકે સત્તારૂઢ થયા હતા. બજાણા ખાતે પરિવર્તનનો પવન ફૂંકાયો. પાટડીને જોડતી પાંચ માઈલની સડક બનાવવા માટે વિરમગામ બાજુથી રણમાં ઠલવાતા પાણીના મારગ (જેને લોકો અને માછીમારો 'રણ' કહે છે) પર કોઝવે બનાવવો પડે ત્યારે કમાલખાનબાપુ એ ફક્ત કોઝવેના નિર્માણ પર એ સમયના એક લાખ રૂપિયા (18 રૂપિયે તોલા સોનુ હતું) ખર્ચેલા એટલે કે રાજ્યની કુલ વાર્ષિક આવકના ચાલીસ ટકા અને પછી આજુબાજુ સડક બનાવવાનું કામ પૂરૂં થતા એ બજાણા સ્ટેટની એક આખા વર્ષની મહેસૂલી આવક વપરાઈ ગઈ.

આ પાટડી-બજાણાને જોડતો કોઝવે તૈયાર થઈ જતાં લોકો રેલવેનો ઉપયોગ કરી શક્યા અને રૂ-કપાસના સારા ભાવ મળવા લાગ્યાં. કાઠિયાવાડ સૌરાષ્ટ્રને ઉત્તર ગુજરાત સાથે જોડાણ મળ્યું. આ ઉપરાંત મિડલ સ્કૂલ, કન્યાશાળા, દવાખાનું, બજાણા સ્ટેટ ગેસ્ટ હાઉસ, પોસ્ટ ઑફિસ અને સરકારી મકાનો વગેરેથી બજાણા સુશોભિત થઈ ઉઠ્યું. પછી આખી વહીવટી પ્રક્રિયા આસાન થઈ જતા મહેસૂલી આવકમાં પણ વધારો થયો. કમાલખાનજી બાપુના ગાદી પર બેસતા રાજ્યની તિજોરી છલોછલ ભરેલી રહેતી હતી અને વહીવટીતંત્ર સુદઢ બની ગયું.

બજાણાનો રાજ વહીવટ સંભાળતા જ કમાલખાનજી બાપુમાં રહેલો ઉમદા રાજવી દેખાયા. સાતી વેરો અડધો કરી નાખ્યો કેદીઓ છોડી મુક્યા. 200 રૂપિયા દરેક મંદિરોમાં, 200 મસ્જિદોમાં અને 200 પાંજરાપોળમાં આપવામાં આવ્યાં. બજાણા સ્ટેટના તમામ ગામોના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ અર્થે દર મહિને 15 રૂપિયા સ્કોલરશીપની જાહેરાત કરનાર પ્રથમ રાજવી બન્યાં. એના પરથી ખ્યાલ આવે છે કે આ રાજવી ભણતર અને શિક્ષા પ્રત્યે અંગત દિલચસ્પી ધરાવતા અને તમામ રૈયત ભણીગણીને ખૂબ નામ કમાય એવું દિલથી ઇચ્છતા હતા. જતવાડની પવિત્રભૂમિ પર ગેડિયામાં કાળિયા ઠાકરધામને સો વિઘાની જમીનનું દાન ગેડિયાના જત મલેક ડુડાણી પરિવારે આપ્યું હતું.

# વણોદનો ઈતિહાસ...




હાલમાં ગુજરાત રાજ્યના સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી-દસાડા તાલુકામાં 23°19'27'N 71°49'E વચ્ચે આવેલા ગામ વણોદની ઈ.સ. 1872 ની વસ્તી 2459 અને ઈ.સ.1881 માં 2691 હતી. વણોદની વહી જેમની પાસે છે એવા સિદ્ધપુરના બારોટ રાજુભાઈ ડાયાભાઇ કાળુભાઈના ચોપડા મુજબ વણોદમાં પીરભલ આદરનું સ્થાનક રસ્તાની જમણી બાજુ છે. બારોટની વહી મુજબ ઊગમણી દિશાએ પેપળીયુ તળાવ આવેલું છે, પરંતુ હાલમાં લાકાસર તળાવ ઉગમણી દિશાએ આવેલું છે. જેમાં એક કૂવો છે. વણોદના રાણીજીએ બંધાવેલ એક વાવ પણ છે. જમણી બાજુ એક ખારો કૂવો છે. વણોદમાં હાલમાં 'ગુરૂગ્રંથ સાહેબ' પણ છે, જેના દર્શન માટે શીખ ધર્મ સહિત તમામ ધર્મના લોકો આવે છે. જમણી બાજુએ એક વેણકૂવો છે. વેણકૂવાની બાજુમાં જ અણહિલવાડ પાટણના સ્થાપક વનરાજદેવજી ચાવડાનો જન્મ થયો હતો. આંબણ કૂવો મલેક અભરામજીએ કરાવેલો છે.

બારોટની વહી અને લેખક થેકર્સ મુજબ વણોદ સ્ટેટના જાગીરીના 24 ગામો જે અહમદશાહ બાદશાહે આપેલા હતા. : (1) વણોદ (2) એછવાડા (3) એરવાડા (4) સુંશિયા (5) ગોસાણા (6) રણોદ (7) રૂની (8) છત્રોટ (9) માનાવાડા (10) મેરા (11) વાલેવડા (12) નાવીયાણી (13) નાયકપુર (14) જાલીસણા (15) વીંછણ (16) સોલગામ (17) કુણપુર (18) નાના ઉભડા (19) વાસણા (કુણપુર) (20) ઢેઢાસણા (21) વનપરડી (22) વિંઝુવાડા (23) રાણજા (આ ગામ ક્યાં છે તેની વિગત મળતી નથી) (24) દાલોદ

જયશિખરીજી પંચાસરના ચાવડા વંશના રાજવી હતા. ચાલુક્ય વંશના ભુવડજીએ પંચાસર પર આક્રમણ કર્યું ત્યારે જયશિખરીજીએ યુદ્ધમાં જતા પહેલા પોતાની સગર્ભા રાણીબા રૂપસુંદરીને પોતાના સાળા સુરપાળજી મકવાણા સાથે જંગલમાં મોકલે છે. પંચાસરથી વણોદથી માત્ર 16 કિમી જ દૂર છે, એક વૃક્ષની નીચે ડાળીઓ નમતી જતી હતી તે જગ્યા પર જંગલમાં એ વીર પુત્રનો જન્મ થયો. વનમાં જન્મ થયો હોવાથી એમનું નામ 'વનરાજ' રાખવામાં આવ્યું. વણોદ ઉપાશ્રયના શ્રી શીલગુણસૂરિ મહારાજ વિહાર કરતા કરતા ત્યાંથી નીકળ્યા. વનરાજ ચાવડા અને રાણી રૂપસુંદરી બંનેને વણોદ ઉપાશ્રયમાં તેઓ લાવે છે.

કાલરીગઢના નારણજીના બલવંતજી સોલંકી અને વણોદના મલેક અભરામજી સાથે યુદ્ધ





થયેલું. છનિયારના રાજવી ઠાકોર શ્રી વિરમજી સોલંકીએ પણ વણોદ પર આક્રમણ કરેલું. જેના સમાધાનમાં નાયકપુરનો વાંટો છનિયારના વિરમજી સોલંકીએ લીધેલો. સંવત-1671 ફાગણ વદી-9 ના દિવસે ઠાકોર શ્રી વિરમજીની વારમાં વણોદે 275 વીઘાનો વાંટો છનિયારને આપ્યો. ઘણાં ઉતાર-ચડાવ આવવા છતાં વણોદના રાજવીઓએ પોતાનું આધિપત્ય સાચવી રાખ્યું હતું.

વણોદની સ્થાપના ચાવડા રાજવંશના આદ્યસ્થાપક શ્રી વનરાજદેવજી ચાવડાએ કરી હતી.

વણોદ એ 11 ગામોનો અધિકારક્ષેત્ર સમાવેશ કરતો તાલુકો છે. તે દસાડા થાણા, ચુંવાળ પરગણું (વિરમગામ તાલુકો) અને બરોડા રાજ્ય તેમજ રાધનપુર રાજ્યની સરહદથી ઘેરાયેલો તાલુકો છે. વણોદ તાલુકાની ઉત્તરે રાધનપુર રાજ્યની સીમાઓ છે, દક્ષિણે માંડલ અને વિરમગામ પ્રાંત છે, પૂર્વમાં ચુંવાળ પરગણું અને કડી પ્રાંત છે, પશ્ચિમે પંચાસર અને ઝીંઝુવાડા તાલુકો છે. વાયવ્ય બાજુએ રાધનપુર રાજ્યની સીમા, ઇશાન તરફ બેચરાજી, અગ્નિ દિશા તરફ ભંકોડા તાલુકો ને વિરમગામ પ્રાંત અને નૈઋત્ય દિશા તરફ પાટડી-દસાડાના સીમાડાઓ છે.

વણોદ તાલુકા લોકશાહીમાં આવ્યો તે સમયે આ તાલુકાનો વિસ્તાર 57.37 ચોરસ માઇલ એટલે કે 148.59 ચોરસ કિ.મી. અને વસ્તી ઈ.સ. 1941 ની 6061 હતી. સામાન્ય વર્ષમાં તાલુકાની આવક રૂ. 1,00,000 હતી અને રાજ્યખર્ચ તેની વાર્ષિક આવક કરતાં અડધો હતો. તાલુકો નીચે મુજબ અધિકારક્ષેત્રનો ઉપયોગ કરતો હતો. રૂ. 2,000 સુધીનો દંડની જોગવાઈ અને ફોજદારી ગુનામાં 2 વર્ષની સખત કેદ કરવાની સત્તા અને રૂ. 2000 સુધીનો નાગરિક દંડ કરવાની સત્તા હતી.

વણોદ રાજ્યના વિંઝુવાડા ગામમાં એક સંતશ્રી દામાનાથ બાપુ રહેતા હતા. જેમણે 350 વર્ષ પહેલા જીવંત સમાધિ લીધી હતી. તેઓ વણોદ સ્ટેટના સુચારૂ વહીવટથી ખૂબ ખુશ અને પ્રભાવિત થયેલા. એકવાર વણોદ સ્ટેટની ગાયે 4-5 દિવસ સુધી દોહવા નહોતું દીધું. એ ગાય ફરતી ફરતી દામાનાથજી સંતના આશ્રમમાં આવી ગઈ. સંતનું જે બેસવાનું આસન હતું, તેના પર દૂધનો સ્ત્રાવ કરીને આસનને ધોયું. આ ચમત્કાર વણોદ સ્ટેટના રાજવીએ સાંભળ્યો. જેથી વણોદ સ્ટેટે દામાનાથ સંતના આશ્રમના નિભાવ માટે જમીન પણ આપી.

દામાનાથ સંતના આદેશથી વણોદ સ્ટેટે પોતાના રાજ્યમાં માંસ-મટનની દુકાનો બંધ કરાવીને વધુમાં તેવા ધંધેદારોને ખેતીની જમીનો આપીને રાજી કર્યા. ઈ.સ. 1947 સુધી

વણોદમાં માંસની દુકાનો ન હતી. વણોદ સ્ટેટના રાજવીની આવી પરોપકારની ભાવના જોઇને એ સમયે એ દામાનાથ નામના મહાન સંતે વણોદના રાજવીને 3 આશીર્વાદ આપેલા, જે વણોદની આગળની પેઢીથી માંડીને હાલના વારસદાર સુધી જળવાઈ રહેલ છે. આ ત્રણ આશીર્વાદ હતા જેમાં,

**પ્રથમ આશીર્વાદ :** વણોદ સ્ટેટના નામદાર ઠાકોરશ્રી પોતાના કરકમળ દ્વારા ઊનના કાળા દોરામાં ત્રણ ગાંઠો બાંધીને કોઈ રાંઝણ (Sietica)ના (સાથળ કે કમરના વાનું દર્દ થયેલ) દર્દીને આપશે, તો તે તરત જ સાજો થઈ જશે. આ આશીર્વાદનો ચમત્કાર આજે પણ છે, આજે પણ આ ચમત્કારિક દોરા માટે ચારેબાજુથી લોકો આવે છે અને હસતાં હસતાં પાછા જાય છે.

**બીજો આશીર્વાદ :** બીજું વરદાન (આશીર્વાદ) એક દિવ્ય ચમત્કારિક પથ્થરના રૂપમાં છે. ગાય અથવા ભેંસ જેવા કોઈ પણ પ્રાણી જો લોખંડ ગળી જાય તો તેમનું મૃત્યુ થઇ શકે છે. આ આશીર્વાદિત (ચમત્કારિક) પથ્થર દ્વારા પ્રાણીને સાજા કરી શકાય છે. આ આશીર્વાદિત પથ્થર પ્રાણીના માથાથી પૂંછડી સુધી શરીર પર ફેરવવામાં આવે છે અને આ રીતે તે પ્રાણી પર 7 વાર ફેરવતા તે પ્રાણીના શરીરમાંથી લોખંડ દૂર થઈ જાય છે અને તે પ્રાણીને સાજુ કરી દે છે.

**ત્રીજો આશીર્વાદ :** ત્રીજો વિશેષ આશીર્વાદ તાવીજના રૂપમાં છે. આ ચમત્કારી તાવીજ રાજાને આગથી બચાવશે અને તે તાવીજ પહેરવાથી શાસક રાજા આગમાં પણ ભયમુક્ત રહેશે, અને બળ્યા વિના સલામત રીતે બહાર આવી શકશે. ઉપરાંત એ તાવીજ પહેરનારને બંદૂકની ગોળીની પણ અસર નહોતી થતી, કમનસીબે આ તાવીજ આજે હયાત નથી.

આ ત્રણેય આશીર્વાદ શાસક માટે જ છે, પરંતુ હાલમાં આ આશીર્વાદનો દુરૂપયોગ થઇ રહ્યો છે. વણોદ સ્ટેટના હાલના નામદાર ઠાકોરશ્રી ઈનાયતખાનજી મલિક સાહેબની તેમને વિનંતી છે કે કૃપા કરીને બંધ થવું જોઈએ નહિતર એક દિવસ સંત પાસેથી મળેલી આ ભેટ છીનવાઈ જશે.

વણોદનો રાજવંશ મૂળ મંડોવરગઢમાં રાઠોડ રાજપૂત અને જોધપુરના ભાયાત હતા. તેઓ મંડોવરગઢના રાવ ચંદાજી રાઠોડના વંશજ હતા. વણોદના પૂર્વજો અહમદશાહના શાસનકાળની શરૂઆતમાં અમદાવાદ આવ્યા હતા. તેમણે અહમદશાહની સાથે અરસ-પરસ પોતપોતાની પુત્રીઓ પરણાવી હતી. ત્યારથી તેમણે ઇસ્લામ ધર્મ અપનાવ્યો. બાદશાહ અહમદશાહે બદલામાં તેમને ઈ.સ. 1435 માં વણોદની 24 ગામની જાગીર આપી અને 'મલિક'નું બિરૂદ આપ્યું હતું.





ચાવડા અને તેમના કુળદેવી 'વણાયમાતા' કે 'વણોદમાતા' અથવા 'વેરિયામાતા'ના નામથી પણ પ્રચલિત છે, તેમનું નિજ મંદિર વણોદ ગામની નજીક આવેલું છે. જ્યાં દસથી વધારે પાળિયાઓ છે.

લેખક થેકર્સ અનુસાર વણોદ એ કાઠિયાવાડ એજન્સીમાં આવતું પાંચમાં વર્ગનું રાજ્ય હતું. જેનો વિસ્તાર 57.37 ચોરસ માઈલ હતો. અહમદશાહ બાદશાહના સમયમાં વણોદ પાસે 25 ગામો હતા, પણ અંગ્રેજોએ ખાલસા કરતા ઈ.સ. 1947 સુધી વણોદના તાબે 11 ગામની જાગીર રહી હતી. તેમના પૂર્વજો મારવાડ અને જોધપુરના રાઠોડ રાજપૂતો હતા. મંડોવરગઢના ચંદાજી રાઠોડના કુમાર ભીમજી રાઠોડના તેઓ વંશજો છે. તેઓએ ઈ.સ.1445 માં મંડોવરગઢ છોડ્યો અને એ જ વર્ષમાં અમદાવાદ આવ્યા. અહમદશાહ સાથે તેમના લગ્નસંબંધો જોડાવાથી ધર્મ અંગીકાર કરીને તેઓ હિંદુ રાઠોડ રાજપૂતમાંથી મુસ્લિમ બન્યા હતા. ત્યારબાદ તેમને વણોદની 25 ગામની જાગીરી અને 'વણોદ રજવાડાના શ્રી દિવાન મહા મલિક'ની ઉપાધિ મળી. દરબાર શ્રી હુસૈન મહંમદખાનજી જેમનો જન્મ 7 ડિસેમ્બર 1885 માં થયો હતો અને તેઓશ્રીનો રાજ્યાભિષેક 23 માર્ચ 1909 માં થયેલ. તેમની વિશેષ સેવાઓને કારણે તેમને 'ખાનસાહેબ'ની ઉપાધિથી નવાજવામાં આવ્યા.

તે સમયની રાજ્યની વસ્તી 4,094 અને રાજ્યની વાર્ષિક આવક રૂ. 75,000 હતી. વણોદ રાજ્યના રાજા 'દરબાર મહામલિકશ્રી ખાનસાહેબ હુસૈનમહંમદખાનજી' હતા. તેમના દિવાન મલિક શ્રી અમીરૂદ્દીન ખાનજી, આસિસ્ટન્ટ મણીલાલ હરીલાલ, મેડિકલ ઓફિસર માધવલાલ મોતીરામ હતા.

| | |
|---|---|
| વિસ્તારઃ 148 કિલોમીટર | સાલિયાણુંઃ 38,430 રૂપિયા. |
| રાજ્યારોહણ : 15 મી ફેબ્રુઆરી | રાજ્યનું નામ : વણોદ (સૌરાષ્ટ્ર) |
| રાજવંશ : રાઠોડ (જોધપુર ભાયાત) | ધર્મ : પહેલા હિંદુ હતા, હાલમાં મુસ્લિમ |
| ગામો : 11 (ઈ.સ.-1947) | વસ્તી : 6,061 (ઈ.સ.-1921) |
| આવક : 1,00,000 (એક લાખ રૂપિયા) | |

વણોદ એ 11 ગામોના અધિકારક્ષેત્ર ધરાવતો તાલુકો હતો. જે હાલમાં દસાડા-પાટડી તાલુકામાં આવેલ છે.

સીમાઓ - ઉત્તરે નવાબનું રાધનપુર રાજ્ય, દક્ષિણે અંગ્રેજોને આધિન વિરમગામ પ્રાંત. દક્ષિણ-પૂર્વમાં ભંકોડા તાલુકો અને પૂર્વમાં સોલંકી ગિરાસદારોનું ચુંવાળ પરગણું અને

ઝાલા રાજવંશનું કટોસણ સ્ટેટ, પશ્ચિમે ઝાલા તાલુકદારોનો ઝીંઝુવાડા તાલુકો હતો.

વિસ્તાર : વણોદ તાલુકાનો વિસ્તાર 57.37 ચોરસ માઈલ છે.

વસ્તી : તાલુકાની વસ્તી 1921 મુજબ 6,061 ની હતી.

તાલુકાની આવક : સામાન્ય વર્ષમાં નાણાકીય આવક રૂ. 1,00,000 હતી, અને વાર્ષિક ખર્ચ વાર્ષિક આવકનો લગભગ અડધો ભાગ વાપરવામાં આવતો હતો.

રેલવે અને રસ્તાઓ : તાલુકાની હદમાંથી કોઈ રેલવે પસાર થતી નથી. વણોદ તાલુકામાં એ સમયે પાકા રોડ પણ ન હતા. આજે રોડની સારી સવલત ઊભી થયેલ છે.

ઉદ્યોગ : અહિયાં ખેતી અને પશુપાલન મુખ્ય હતા. વિશેષ કોઈ ઉદ્યોગની નોંધ નથી. પરંતુ ઈ.સ. 2016 પછી અહીં સારા એવા ઉદ્યોગોનો વિકાસ થયો છે. આજુબાજુ હોન્ડા જેવી કંપનીઓ આવતા હવે આ વિસ્તાર ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યો છે.

તાલુકાની ચૂકવણી : બ્રિટિશ સરકારને રૂપિયા 1,953 અને પેશકશીના 1399-9-9 (તેર સો નવાણુ રૂપિયા, નવ આના, નવ પૈસા) ચૂકવે છે.

મેરા, માનાવાડા, નાવિયાણી અને વાલેવડા ગામની જમાબંધીના અને રાધનપુર રાજ્યને એરવાડા, છત્રોટ, સુશિયા અને ગોસાણા ગામ માટે ઉધડના કારણે રૂા. 455 રૂપિયા મળતા. સૈન્યબળ પ્રમાણસરનું હતું. વણોદ તાલુકાએ સામાન્ય જોડાણો કર્યા છે. વિશેષ કોઈ ખાસ જોડાણો કે સંધિઓ થયેલ નથી.

બ્રિટિશ શાસનમાં વણોદને કાઠિયાવાડ એજન્સી નીચે 1820-1924 માં, વેસ્ટર્ન ઈન્ડિયન સ્ટેટ્સ એજન્સી હેઠળ 1924-1944 અને બરોડા વેસ્ટર્ન ઈન્ડિયા અને ગુજરાત સ્ટેટ્સ એજન્સી હેઠળ 1944-1974 માં સામેલ કરવામાં આવેલ. 1924 સુધી તે બોમ્બે સરકાર સાથેના રાજકીય સંબંધોમાં હતું. 1924 થી 1937 સુધી વણોદ ભારત સરકાર સાથે અને 1937 થી 1947 સુધી (CROWN REPRESENTATIVE) રાજપ્રતિનિધિ સાથે હતું. ઈ.સ. 1863માં તેને નાયબ પોલિટિકલ એજન્ટ સાથે સીધો સંબંધ હતો. ઈ.સ. 1873થી ઉત્તર પ્રાંતના મદદનીશ પોલિટિકલ એજન્ટ, ઝાલાવાડ પ્રાંત અને ઈ.સ. 1902થી ઝાલાવાડ પ્રાંતના પોલિટિકલ એજન્ટ સાથે, ઈ.સ. 1923માં પોલિટિકલ એજન્ટ (ઝાલાવાડ પ્રાંત), પૂર્વ કાઠિયાવાડ સ્ટેટ્સ સાથે સીધો સંબંધ હતો. (1927 ઈસ્ટર્ન કાઠિયાવાડ એજન્સીમાં) અને 10 જુલાઈ 1943ના રોજ બરોડા સ્ટેટ સાથે સીધા સંબંધોમાં વણોદ રાજ્ય હતું.





# એક વિરાસત... ઝીંઝુવાડા



ઝીંઝુવાડા (હાલ તા. દસાડા) ભારત દેશના પશ્ચિમભાગમાં આવેલા ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારના સુરેન્દ્રનગર જિલ્લાના કુલ-10 તાલુકાઓ પૈકી દસાડા તાલુકાનું એક મોટું ગામ છે. સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકામાં 23°-21' ઉ.અ. અને 70°-39' પૂ.રે. ઉપર આવેલું છે. ખારાઘોડાથી ઉત્તરે 24 કિમી. દૂર આવેલું વિરમગામ-ખારાઘોડા બ્રોડગેજ રેલવેનું તે મથક છે. ઝીંઝુવાડા ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી, ખેતમજૂરી તેમજ પશુપાલન છે. મીઠું પકવવાનો મોટો ઉદ્યોગ પણ અહીં વિકસ્યો છે. આ ગામમાં મુખ્યત્વે ઘઉં, જીરૂ, મગફળી, બાજરી, ચણા, કપાસ, દિવેલા, રજકો તેમજ અન્ય શાકભાજીના પાકની ખેતી કરવામાં આવે છે. આ ગામમાં પ્રાથમિક શાળા, પંચાયત ઘર, આંગણવાડી તેમજ દૂધની ડેરી જેવી સવલતો પ્રાપ્ય થયેલી છે. આઝાદી પહેલાં ઝીંઝુવાડા દેશી રજવાડું અને એજન્સીનું થાણું હતું. ઝીંઝુવાડા 4થા વર્ગનો તાલુકો હતો. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના ત્રિભેટે તેનું સ્થાન હોવાથી પ્રાચીનકાળથી તેનું ભૌગોલિક અને વ્યૂહાત્મક મહત્વ રહ્યું છે.

સ્કંદપુરાણ અને સરસ્વતી પુરાણમાં મળી આવતી વૈદિકકાળની સરસ્વતી નદીની વિગત પ્રમાણે કુરૂક્ષેત્ર પછી મત્સ્યદેશ (જેપુર રાજ્ય)ની પાટનગરી વિરાટ (હાલનું બેરાટ) પાસેથી પસાર થતી પુષ્કર આવતી હતી અને ત્યાંથી ખજૂર વનમાં નંદા (આધુનિક લુણી)નું નામ ધારણ કરતી, અર્બુદગિરિ (આબુ) નજીક પ્રાચી સરસ્વતી (ઉત્તર ગુજરાતની સરસ્વતી-કુંવારકા) કહેવાતી હતી, જે કચ્છનાં નાના રણમાંથી ઝીંઝુવાડાના ઝિલ્લાણ તીર્થ પાસે આવે છે. અહીંથી સૌરાષ્ટ્રમાં પ્રવેશીને શત્રુમર્દન પર્વતોમાં પ્રગટ થઇ, પ્રભાસપાટણને આંગણે પશ્ચિમ સમુદ્રમાં સમાઈ જતી હતી. પુરાતન કાળમાં ઝીંઝુવાડા એક મહત્ત્વનું બંદર હતું અને સાગરનાં મોજાઓ ઉછળતા હતા. એ સમયે દેશ-દેશાંતરનાં વહાણો ઝીંઝુવાડાનાં બંદરે આવી નાંગરતાં અને વેદકાલીન મહાનદી સરસ્વતી ઝીંઝુવાડાનાં આંગણે સાગરસંગમ સાધતી હતી, જેની અનેક પુરાણોએ નોંધ લીધી છે.

ઝીંઝુવાડાના નામની ઉત્પત્તિ અંગે પ્રચલિત લોકપરંપરા ઝુંઝો ભરવાડ સાથે જોડાયેલી

છે. જો કે આ વાતનો છેદ એટલા માટે ઊડી જાય છે કે સોલંકી વંશના સ્થાપક મૂળરાજ સોલંકી (ઇ.સ. 941-996)એ રૂદ્રમાળનાં ખાતમુહૂર્ત સમયે સંવત 1051નાં કારતક સુદ પૂનમના રોજ 11 દિવસનાં મહાયજ્ઞ બાદ ઔદિચ્ય પ્રદેશમાંથી નિમંત્રિત કરેલા 1037 બ્રહ્માણોને અલગ અલગ ગામો દાનમાં આપેલા, જેમાંથી ત્રણ વ્યાસને ઝીંઝુવાડા ગામ દાનમાં આપેલું. આ અંગેનો ઉલ્લેખ ઝાલાવાડનાં ઈતિહાસવિદ્ ડો. ઇન્દ્રવદન આચાર્યે તેમનાં લિખિત અને સંપાદિત પુસ્તક 'શ્રી ઝાલાવાડ સત્તર તાલુકા ઔદિચ્ય બ્રહ્મસમાજ, રાજકોટ - સ્મરણિકા' (1980)માં કરેલો છે. 1037 બ્રાહ્મણોને દાન આપવાની વિગતો શ્રી સ્થળ પ્રકાશમાં દર્શાવેલ છે. એ પૈકીનાં એક શ્લોક પ્રમાણે

वेदनेत्र नव समति वर्षैं कार्तिंके शशितिषौ गुरुवारे ।
भकतदेव नृपतिः समदाद सद्ग्राम दानानि पंडितेभ्यः ।।

અર્થાત શાકે 924 ના કાર્તિક માસની પૂર્ણિમા અને ગુરૂવારના દિવસે મહારાજા મૂળરાજે પંડિતોને સુંદર ગામોનાં દાન આપ્યાં.

ઝુંઝા ભરવાડની વાતનો સમય સિદ્ધરાજ સોલંકીના જન્મ સમયનો છે પરંતુ એ પહેલાં તો ચામુંડરાજ, દુર્લભરાજ, ભીમદેવ પ્રથમ અને કર્ણદેવ પ્રથમ (ઈ.સ. 1064-1094) નામના રાજાઓ થઈ ગયા. ઝીંઝુવાડાના ઇતિહાસમાં સૌથી મહત્ત્વનો સમય ચૌલુક્ય અથવા સોલંકી યુગ, ખાસ કરીને 11મી-12મી સદી છે.

તે સમયે ઝીંઝુવાડા ગુજરાતની પશ્ચિમ-ઉત્તર સરહદે આવેલો મહત્ત્વનો સીમાકિલ્લો અને વ્યૂહાત્મક મથક બન્યું. કચ્છના રણ તરફથી સૌરાષ્ટ્રમાં આવતા માર્ગ પર તેનું સ્થાન હોવાથી સૈન્ય અને વેપાર બંને દષ્ટિએ તેનું મહત્વ હતું. ઐતિહાસિક રીતે જોઇએ તો ઝીંઝુવાડાનો ઈતિહાસ પાટડી સાથે જોડાયેલો છે. ઝાલા રાજવંશના સ્થાપક હરપાળદેવ મકવાણાએ ઇ.સ. 1090ની આસપાસ પાટડીએ ગાદી સ્થાપી ત્યારે ઝીંઝુવાડા તેમનાં શાસનકાળ દરમિયાન હતું અને ત્યારથી ઝીંઝુવાડા અમુક સમય બાદ કરતાં ઝાલા રાજપૂતોનાં તાબા હેઠળ જ રહ્યું છે. પાટડી હરપાળદેવજીથી જોઈએ તો તેમનાં મોટા રાજકુમાર સોઢાજીનાં વંશજોમાં ઝીંઝુવાડા આવે છે. ક્રમાનુસાર જોઈએ તો...

| | | |
|---|---|---|
| (1) રાજ હરપાળદેવ મકવાણા | (2) સોઢાજી | (3) દુર્જનસાલજી |
| (4) ઝાલકદેવજી | (5) અર્જૂનસિંહજી | (6) દેવરાજજી |
| (7) દુદાજી | (8) સુરસિંહજી | (9) શાંતલજી |
| (10) વિજયપાલજી | | |





વિજયપાલજી અને તેમનાં રાણી નીતિલ્લાદેવીએ જૈન ધર્મ સ્વીકાર્યો હતો અને પાટડીમાં ભગવાન પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું હતું તેમજ પોષધશાળા ઉપરાંત શાસ્ત્રોની પ્રતિલિપીઓ કરાવી હતી. તેમનાં જમાઇ ઝીંઝુવાડાના રાજા દુર્જનશાલ્યે શંખેશ્વર તીર્થનો જીર્ણોદ્ધાર કરાવીને મોટો ઉત્સવ કર્યો હતો.

| | | |
|---|---|---|
| (11) મેઘપાલજી | (12) પદ્મસિંહજી | (13) ઉદયસિંહજી |
| (14) વેગડજી | (15) રામસિંહજી | (16) વિરસિંહજી |
| (17) રણમલસિંહજી | | |

ખાસ નોંધવાની વાત એ છે કે રણમલસિંહજીનાં ત્રણ રાજકુમારોને સત્તરસાલજી, સોડસાલજી અને વનવીરજીએ એમ ત્રણેયને ગામ ગરાસ મળતાં પોતાની અલગ રાજગાદીની સ્થાપના કરી. સત્તરસાલજી (શત્રુશાલ્યજી) એ પાટડી બાદ માંડલ (1408-1420)માં ગાદી કરી. સોડસાલજીએ દસાડા, પાદલા, પંચાસર, કલાડા (જૈનાબાદ) વગેરે 12 ગામોમાં શાસન કર્યું અને તેમનાં વંશજો હાલ મોરબી તાલુકામાં છે, જ્યારે વનવીરજીએ ઇ.સ. 1408માં ઝીંઝુવાડામાં પોતાની ગાદી સ્થાપી અને ઝીંઝુવાડાનાં આદ્યપુરૂષ થયા. ઝીંઝુવાડા, તરમણિયા અને 24 ગામોમાં તેમનું શાસન સ્થપાયું અને તેમનાં વંશજો હાલ પણ રહે છે.

ઝીંઝુવાડામાં ગાદી સ્થપાઇ એ પહેલાંનો ઇતિહાસ જોઇએ તો એ સમયે મુસલમાનોનું ખુબ જોર હતું અને રાજપૂતો વેરવિખેર હતા. પાટણ ઉપર સોલંકી સત્તા નબળી પડતા દિલ્હીના સુલતાન અલાઉદ્દીન ખિલજીએ તા. 25 ફેબ્રુઆરી 1299ના રોજ તેના સેનાપતિઓ નુસરતખાન અને ઉલુગખાનના નેતૃત્વ હેઠળ ગુજરાત પર આક્રમણ કર્યું. આ આક્રમણમાં ગુજરાતના વાઘેલા વંશના રાજા કરણદેવ વાઘેલા હાર્યા અને ગુજરાત દિલ્હી સલ્તનતમાં જોડાયું. પરિણામે ઝીંઝુવાડા પાટણનાં સુબેદારનાં કબજામાં લગભગ 80 વર્ષ સુધી રહ્યું હતું. તેમણે ગૌ-હત્યા કરીને રાજરાજેશ્વરી રાજબાઈ માતાજીનાં મંદિરને અપવિત્ર કર્યું એથી એક રાત્રે વનવીરજીને માતાજીએ સ્વપ્નમાં આવી ઝીંઝુવાડા ઉપર આક્રમણ કરવા આદેશ કર્યો અને સંવત 1464 (ઇ.સ.1408) વૈશાખ વદી આઠમના બુધવારે ઝીંઝુવાડા ઉપર પાંચસો ચુનંદા સાથીદારો સાથે આક્રમણ કરીને મુસલમાનો ઉપર જીત મેળવી અને ફરીથી હિંદુ રાજ્ય બનાવ્યું. ધાર્મિક વિધિ અનુસાર વનવીરજીનો મહારાજા તરીકે રાજ્યાભિષેક થયો. માતાજીનાં આશીર્વાદથી ઝીંઝુવાડા જીતેલું ત્યારથી બાવન ગજનો વાવટો આઇશ્રી રાજેશ્વરી માતાજીનાં મંદિરે શ્રી વનવીરજી ઝાલાનાં વંશજો ચડાવે છે અને એ પરંપરા આજદીન સુધી ચાલુ રહી છે. રાજરાજેશ્વરી માતાજી ગામ ચરાડવા તા. ધ્રાંગધ્રાના ઓડકવાયા ઉદા ચારણનાં દીકરી

રાજબાઇ આદ્યશક્તિનો અંશાવતાર હતા. અહીં સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતમાંથી મોટી સંખ્યામાં લોકો દર્શનાર્થે આવે છે.

આઝાદી મળી ત્યાં સુધી વનવીરજીનાં વંશજોના તાબામાં 17 ગામ હતા. વનવીરજીને કુંભાજી નામના યુવરાજ હતા. તેમનાં બાલ-મોવાળા ઉતારવા શક્તિમાતાનું મંદિર બંધાવ્યું. કુંભાજીનાં વંશજોમાં અનુક્રમે અજાજી, કરણજી, લાખોજી, હમીરજી અને એ પછી મહારાજા યોગરાજસિંહજી થયા. તેમનાં મહારાણીનું નામ ગંગાદેવી હતું. તેમનાં પાંચ રાજકુમારો થયા. મોટા સામંતસિંહજી, એ પછી અમરસિંહ, અજયસિંહ, મેળાજી અને મેળગજી થયા તેમજ રાજકુમારી ચાંપબાઇ થયા. સામંતસિંહજીનો જન્મ સંવત 1668ના અષાઢ માસની પૂર્ણિમાની ગુરૂવારે થયો હતો તથા બીજા કુમાર અમરસિંહજી ઉર્ફે અંબાજીકુમારનો જન્મ સંવત 1671નાં દિવસે થયો હતો. એક સમયે મૃગયા ખેલતા હરણનો શિકાર કરીને એક કુંડ પાસે પાણી પીવા ગયા, જ્યાં નીલકંઠ સ્વામીનાં શિષ્ય યાદવ સ્વામી પૂજા કરતા હતા. આ પવિત્ર સ્થળે નિર્દોષ પશુઓનાં શિકાર કરવા બદલ બન્ને ભાઇઓને ઠપકો આપી મૃત હરણને સજીવન કરીને જંગલમાં જવા દીધું. આ ચમત્કાર જોઈને રાજપાટ છોડી બન્ને ભાઈઓએ તેમની પાસે સંન્યસ્ત દીક્ષા સંવત 1686ના ભાદરવા સુદનાં દિવસે લીધી. ગુરૂ દિક્ષા પછી આધ્યાત્મિક નામ આપે એ ન્યાયે સામંતસિંહજીનું દિક્ષિત નામ ષટ્પ્રજ્ઞદાસ સ્વામી અને અમરસિંહજીનું દિક્ષિત નામ અમરચૈતન્ય સ્વામી રાખ્યું. આગળ જતાં સંવત 1690માં ઝાલાવાડનાં દૂધરેજ ગામમાં આશ્રમ સ્થાપ્યો, જે હાલ 'વડવાળા દેવ' તરીકે પ્રખ્યાત છે. અમરપ્રસાદજીએ કંકાવટીમાં આશ્રમ સ્થાપ્યો અને છેલ્લે જૂનાગઢ પાસે આવેલ ભેસાણ ગામે આશ્રમ સ્થાપી સ્થિર થયા. અહીં તેઓ 'ભજનાનંદ બાપુ' તરીકે વિખ્યાત થયા અને સમાધિસ્થ થયા. અહીં તેમનાં ચરણપગલા અને સમાધિ છે. બહેન ચાંપબાઇએ ધ્રાંગધ્રા પાસે આવેલ ચુલી ગામે આશ્રમ સ્થાપ્યો, સ્થિર થયા અને સમાધિસ્થ થયા. આજે પણ આ જગ્યાએ અનેક લોકો દર્શનાર્થે આવે છે. મેળાજી અને ભાઈ મેળગજીને તરમણિયા સહિત 6 ગામ ગરાસમાં મળેલા અને તેમનાં વંશજો હાલ તરમણિયામાં રહે છે. જ્યારે અજાજીને ઝીંઝુવાડા સહિત 18 ગામ ગરાસમાં મળ્યા, જેમનાં વંશજો હાલ ઝીંઝુવાડામાં રહે છે. અજાજી પછી ઝીંઝુવાડાની ગાદીએ અનુક્રમે વાઘાજી, કુંભાજી, વાસણસિંહજી, હમીરજી અને જેહાજી આવ્યા, જેમણે જેરાસર તળાવનું નિર્માણ કર્યું અને લાખ પસાવ કર્યો. જેહાજીનાં કુંવરો મેળાજી તથા હઠીસિંહના વંશજો ઝીંઝુવાડામાં રહે છે. મેળાજીએ મેળાસર તળાવનું નિર્માણ કર્યું અને ગઢ સમરાવ્યો. મેળાજીનાં વંશજો હાલ મેલાણી પાટી તરીકે અને હઠીસિંહજીના વંશજો હાલ રાસાણી પાટી તરીકે ઓળખાય છે.

પાટણનાં મહારાજા સિદ્ધરાજ જયસિંહે બંધાવેલ ભવ્ય કિલ્લાનો ભાગ અકબંધ છે અને





તેનાં ઉપર દીવાદાંડી આવેલી છે. દીવાદાંડી વિશે વડાપ્રધાન મોદીજીએ 'મન કી બાત' રેડિયો કાર્યક્રમમાં બે વખત ઉલ્લેખ કર્યો છે. આજની ઝીંઝુવાડાની સૌથી મોટી ઐતિહાસિક ઓળખ તેનો ભવ્ય સોલંકીકાલીન કિલ્લો છે, જેનું મુહૂર્ત સંવત 1165 (સને 1109)ના મહા વદ ચોથને રવિવારે કરેલું. કિલ્લો લગભગ ચોરસ આયોજન ધરાવે છે, તેથી ઝીંઝુવાડા વૈશ્વિક નગરમાં આવે છે એવું ઈસરોના નિવૃત અધિકારીશ્રી પી. એસ. ઠક્કર સાહેબ નોંધે છે. તેની દરેક બાજુ આશરે ત્રણ-ચતુર્થાંશ કિલોમીટર જેટલી છે.

ચારેય દિશામાં મુખ્ય પ્રવેશદ્વાર છે અને કિલ્લાની દીવાલો પર આશરે 20 બુરજો હોવાનું ગુજરાતી વિશ્વકોશ નોંધે છે. કિલ્લાની રચના અને શિલ્પકામની સરખામણી ઘણી વાર ડભોઈના કિલ્લા સાથે કરવામાં આવે છે. બન્ને કિલ્લાઓમાં ચૌલુક્યકાળની હિન્દુ શૈલી સ્થાપત્ય પરંપરાની ઝલક જોવા મળે છે. ઝીંઝુવાડાના કિલ્લાની વિશેષતા તેના ચાર ભવ્ય પ્રવેશદ્વારો છે, જેમાંના (1) મડાપોળ દરવાજો (પશ્ચિમ દરવાજો) (2) જીન દરવાજો (પૂર્વ દરવાજો) (3) રાક્ષસપોળ દરવાજો (દક્ષિણ દરવાજો) (4) ધામા દરવાજો (ઉત્તર દરવાજો) (5) સિંહસર તળાવ (6) રાજેશ્વરી દરવાજો (7) દોઢી દરવાજો (8) ઝીલકેશ્વર કુંડ.

ઝીંઝુવાડા સદીઓ પહેલાં એક બંદર હતું. 'ભલે ઊગ્યા ભાણ' નામના પુસ્તકમાં ઉલ્લેખ છે કે ઈ.સ. 1213માં અણહિલવાડ પાટણના સામંત રાજ વીરધવળજીના ઘોડા અરબસ્તાનથી વિશાળ હોડકામાં આવતા હતા. જે ઝીંઝુવાડા બંદરે ઉતારવામાં આવતા હતા. રાજેશ્વરી માતાજીના મંદિરના કોઠા પર આજેય તેની સાબિતીરૂપ દીવાદાંડી હયાત છે.

ઝીંઝુવાડાનો કિલ્લો ગુજરાતના મધ્યકાલીન હિંદુ સ્થાપત્યમાં વિશેષ સ્થાન ધરાવે છે. કિલ્લાની દીવાલો પરનાં ઘણાં પથ્થરો ઉપર મહંતશ્રી ઉદ્દલ કોતરેલું છે, જે ઉદયન/ઉદા મંત્રી, એટલે કે સિદ્ધરાજ જયસિંહના મંત્રી સાથે જોડે છે. ભારતમાં કિલ્લાની અંદર 100 વીઘામાં તળાવ છે. ઝીંઝુવાડાના પ્રવેશદ્વારની ડાબી બાજુએ સમરવાવ આવેલી છે, જેનો ઉલ્લેખ ઝીંઝુવાડાની પ્રાચીન જળવ્યવસ્થા સાથે થાય છે. સમરવાવ અને સિંહસર તળાવને સરસ્વતીના પ્રાચીન પ્રવાહ સાથે જોડવામાં આવ્યા છે. આ બધાને સાથે જોઈશું તો ઝીંઝુવાડા માત્ર કિલ્લો ધરાવતું સ્થળ નહીં, પરંતુ કિલ્લો, નગર, તળાવો, કુંડ અને વાવોની સુવ્યવસ્થિત જળસંસ્કૃતિ ધરાવતું પ્રાચીન કેન્દ્ર હતું એવું ચિત્ર ઊભું થાય છે. ઝીંઝુવાડા ગામથી દક્ષિણ તરફ ઝીંઝુવાડાના પ્રતાપી રાજવી રાજ જેહાજી ઝાલાના નામ પરથી તેમને બંધાવેલ 'જેરાસર તળાવ' છે. બાજુમાં રાજ મેળાજી ઝાલાના નામ પરથી બંધાવેલ 'મેળાસર તળાવ' પણ છે અને રણમલજી ઝાલા દ્વારા બંધાવેલ 'રણમલચી તળાવ' પણ છે. ગામની પશ્ચિમ દિશામાં

1888 માં જિર્ણોધ્ધાર કરેલ 'માત્રીવાવ' પણ આવેલી છે. માત્રીવાવ જેવી જ બીજી એક વાવ ઝીંઝુવાડાથી દક્ષિણ દિશામાં 'ખારાકૂવાની વાવ' આવેલી છે.

ઝીંઝુવાડાથી બે માઇલ દૂર દક્ષિણમાં કચ્છના નાના રણની અંદરના ભાગે ઝીલ્કેશ્વર નામનો કુંડ આવેલો છે, જ્યાં ઝીલ્કેશ્વર મહાદેવનું મંદિર પણ છે. ભાદરવી અમાસને દિવસે મેળો ભરાય છે. અહીં સરસ્વતીનો ગુપ્ત પ્રવાહ આવે છે, જે પ્રભાસક્ષેત્રમાં ગુપ્ત રીતે પ્રાચી પીપળે થઇ દરિયાને મળી જાય છે. આ સ્થળેથી દોઢ-બે કિલોમીટર દૂર ભોટવાનો કુંડ, નળેશ્વર કુંડ, ગાયની ખરી, બાણગંગા વગેરેમાં રાત-દિવસ પાણી આવતું હતું, જે હવે સૂકાઇ ગયું છે. આ જગ્યાઓ 'પંચતીર્થ' તરીકે ઓળખાય છે. નજીકમાં રામગર બાપુનો ધૂણો આવેલો છે તથા જંગલમાં વેરાઈ માતાજીનું સ્થાનક પણ છે. અહીં પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળા, જૈન મંદિરો, રામજી મંદિર અને કિલ્લાની અંદર 19 શિવમંદિર છે. વાછડા સોલંકીનો કુંડ ઝીંઝુવાડાથી પશ્ચિમમાં કચ્છના નાના રણમાં સાત ગાઉ (આશરે 25 કિલોમીટર) પર બેટની ઉપર આવેલો છે. ઝીંઝુવાડાના ગિરાસદારોની સરહદ અહીં સુધી હતી. તળાવના કાંઠે પાટણપતિ સમ્રાટ મહારાજાધિરાજ સિદ્ધરાજ જયસિંહદેવજી સોલંકી દ્વારા બનાવેલ 'સિધ્ધેશ્વર મહાદેવ'નું પ્રાચીન શિવાલય છે. અંદરનું શિવલિંગ ચાલુક્યકાળનું છે.

ઝીંઝુવાડામાં સંવત 1905 મહા સુદ-5 ના રોજ નૂતન જૈન દેરાસરમાં ભગવાન શાંતિનાથની પ્રતિષ્ઠા કરવામાં આવેલ છે. પરંતુ આ દેરાસર સદીઓ જૂનું છે. ઝીંઝુવાડાના જૈન સમાજમાં અત્યાર સુધી 100 જેટલી દીક્ષાઓ થવા આવી છે. સૌથી વધારે આચાર્ય આપનાર કોઈ ગામ હોય તો તે ઝીંઝુવાડા છે. આચાર્ય ભગવંત શ્રી યશોવિજયસૂરિશ્વરજી મહારાજ તથા આચાર્ય ભગવંત શ્રી મુનિચંદ્રસૂરિશ્વરજી મહારાજ સાહેબ જૈન ધર્મના ધર્માચાર્ય છે.

ઝીંઝુવાડામાં બાલાપીર, અભરમપીર, ઓલિયાપીર, ગેબનશા પીર, મીરાદાતાર જેવી દરગાહો આવેલી છે. ઝીંઝુવાડાથી ફક્ત પાંચ કિલોમીટરનાં અંતરે શક્તિમાનું પ્રખ્યાત સ્થળ ધામા આવેલું છે. ઝાલા રાજવંશના આદ્યપુરૂષ હરપાળદેવજી તથા માં શક્તિ પાટણથી પાટડીએ આવ્યા અને 40 વર્ષ સુધી શાસન કરી કુંવરી ઉમાદેવી સાથે માં શક્તિ ધામામાં સંવત 1186ના ચૈત્ર વદ 13ના દિવસે અંતર્ધાન થયા. એ પહેલાં ઝીંઝુવાડાના સિંહસર સરોવરમાં અંતિમ સ્નાન કરીને ઝીંઝુવાડામાં વિસામો કરેલો એ સ્થાન આજે પણ એ સમયની યાદ આપે છે.

સને 1882ની સાલ પહેલાં ઝીંઝુવાડા, ઓડું અને ફતેપુરના રણમાં ગિરાસદારો તરફથી મીઠું પકવવામાં આવતું અને એ સમયે ઝીંઝુવાડામાં મીઠાનો મોટો ઉદ્યોગ ચાલતો હતો.





વણઝારાની હજારો પોઠો ઝીંઝુવાડામાં આવતી જતી હતી, જેને લીધે સમૃદ્ધિ હતી, પરંતુ ઇસ્ટ ઇન્ડિયા કંપની આવતા સને 1818માં ભારતમાં સત્તા સ્થપાતા ઝાલાવાડનાં મીઠાના અગરો કંપનીએ તા. 17/6/1822ના રોજ દર વરસે ઝીંઝુવાડાના ગિરાસદારોને નવ્વાણુ વર્ષના ભાડા પટ્ટે રૂ. 9000/- રોકડા અને બંગાલી મણ મીઠું 340 મણ આપવું એ પ્રમાણે ભાડેથી આપેલું અને તેના બદલામાં ગિરાસદારોએ તેમની હદમાં મીઠું પકવવું નહીં એવા કોલકરાર થયા. આના કારણે વહીવટ ઇસ્ટ ઇન્ડિયા કંપની પાસે ગયો અને સને 1872 સુધી કંપની સરકારે અગરિયા મારફતે મીઠું પકવવાનું શરૂ કરેલું. એ પછી ફક્ત ખારાગોઢા વિસ્તારમાં મીઠું પકવવાનું શરૂ થતાં ઝીંઝુવાડામાં ગિરાસદારોએ મીઠું પકવવાની શરૂઆત કરી હતી. ગુજરાત સર્વસંગ્રહ તથા આઈને અકબરીમાં જણાવ્યા મુજબ ઝીંઝુવાડામાં ઇ.સ.ના દસમા સૈકાથી એટલે કે છેલ્લા 1 હજાર વર્ષથી મીઠું પકવવાનો ઉદ્યોગ ચાલે છે.

મુસ્લિમ સત્તાઓએ મીઠું વેચવાનો હક પોતે જ રાખ્યો હતો. મરાઠાઓ પણ એમ જ કરતા. કોઈ નવા અગરો ઉઘાડે નહીં તેની દેખરેખ રાખવા મરાઠાઓએ ઝીંઝુવાડાના તાલુકદારોને અગરોની ઉપજનો ત્રીજો હિસ્સો બક્ષિસ આપતા હતા. બ્રિટિશ સરકારે મીઠાના વેચાણ માટે અમદાવાદ, ભરૂચ અને સુરત એમ ત્રણ જગ્યાએ મીઠાની વખારો રાખેલી અને આ હેરફેરને ધ્યાનમાં રાખીને ઇ.સ. 1872માં બી.બી. એન્ડ સી.આઇ. રેલવે કંપનીએ ખારાગોઢા, પાટડી અને વિરમગામ રેલવે શરૂ કરી, જેથી મુંબઈ સાથે રેલવેનો સળંગ વહેવાર શરૂ થતાં પાટડી આબાદ થઇ ગયું. એ સમયે બ્રિટિશરોએ દસ પાઇના મીઠા ઉપર બસો પાઇની જકાત નાંખી હતી, તેથી આ કાયદાનો ભંગ કરવા મહાત્મા ગાંધીજીએ ઐતિહાસિક 'દાંડીકૂચ' કરીને તા. 12/3/1930નાં દિવસે મીઠાના કાયદાનો ભંગ કર્યો. ભારતભરમાં અને વિદેશોમાં પણ આ કાયદાનો ભંગ 'મીઠાના સત્યાગ્રહ' તરીકે પ્રખ્યાત થયો.

- **બ્રિટિશ હકૂમત નીચેનું ઝીંઝુવાડા**

ગુજરાત ઉપર મોગલકાળનો સમય પૂરો થયો હતો. લગભગ 250 વર્ષ પહેલાં મરાઠાઓનું લશ્કર દર વર્ષે નાના-મોટા રજવાડાઓ પાસે ખંડણી બળજબરીથી ઉઘરાવી જતું અને એમાં ભારે વિનાશ અને નુકસાન સૌને થતું હતું. આ સમયગાળા દરમિયાન ઇસ્ટ ઇન્ડિયા કંપનીનો પણ ગુજરાતમાં પગપેસારો થઇ ગયો હતો, જેમણે ઉપરોક્ત પરિસ્થિતિનો લાભ લઈ સને 1806-07માં કર્નલ વોકરે એક યોજના કરી, જે મુજબ ગાયકવાડ સરકારે ઠેરવેલી ખંડણીની રકમ વસૂલ કરવા મરાઠા લશ્કરે જવું નહીં પરંતુ કંપની સરકાર આ ખંડણીની રકમ જે તે રજવાડાઓ પાસેથી મેળવીને ગાયકવાડ સરકારને નિયમિત ભરી દે એટલે ગાયકવાડ સરકારને લશ્કરનું ખર્ચ બચી જાય અને રજવાડાઓને થતી હેરાનગતિ પણ બંધ થાય. આ યોજના સૌને

ગમી એટલે કોલ કરાર કરવામાં આવ્યા, જે 'વોકર સેટલમેન્ટ' તરીકે ઓળખાયું. રજવાડાઓની હાજરીમાં આ કરાર મોરબીનાં ઘુંટું ગામે થયા. એ સમયે રજવાડાઓ અંદરોઅંદર ઝઘડતા હતા એ બંધ થયા. કારણ કે બ્રિટિશ સરકારનો નિર્ણય આખરી ગણાતો. આ સમયે ઝીંઝુવાડાની આવક પ્રમાણે રૂ. 11073-08 એટલે કે અગિયાર હજાર, તોંતેર રૂપિયા અને આઠ આના ગાયકવાડ સરકારને પેશકશ ભરવાનું નક્કી થયું અને એ મુજબ દર વર્ષે નિયમિત રીતે બ્રિટિશરોને આ રકમ ભરી દેવામાં આવતી હતી. સને 1839ની સાલમાં ઝીંઝુવાડાને કાઠિયાવાડ પોલિટિકલ એજન્ટની હકૂમત નીચે મૂકવામાં આવ્યું. ગાયકવાડની ખંડણી વસુલ કરવામાં સુગમતા રહે એ હેતુથી બ્રિટિશ સરકારે ઝીંઝુવાડા, વણોદ, દસાડા, પાટડી અને બજાણા એ પાંચ તાલુકાનો એક વિભાગ કરી, એમાં દસાડા વચમાં હોવાથી તેને એજન્સીનું થાણું બનાવી તેની હકૂમતમાં આ વિભાગ મૂકવામાં આવ્યો.

ઝીંઝુવાડામાં કુમારો માટેની શાળા તા. 18/7/1867માં તાલુકદારોના ખર્ચે થઇ અને રાજકોટમાં તા. 16/12/1870માં રાજકુમાર કોલેજ શરૂ થઇ. સને 1881માં વઢવાણમાં તાલુકદારી ગરાસિયા સ્કૂલની સ્થાપના થઇ તેમજ સાદરામાં પણ સ્કૉટ કોલેજ તાલુકદારોનાં કુંવરો માટે સ્થપાઇ હતી. ઝીંઝુવાડાના 12 ગિરાસદારોએ વઢવાણ તાલુકદારી સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો અને વઢવાણ દાજીરાજ હાઇસ્કૂલમાં 5 ગિરાસદારોએ અભ્યાસ કર્યો હતો.

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પિતાશ્રી કાળીદાસ મેઘાણી ઝીંઝુવાડામાં પોલીસની નોકરી કરતા હતા. એ સમયકાળ દરમિયાન રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીએ પ્રાથમિક શાળા-ઝીંઝુવાડામાં ચોથા ધોરણમાં ભણતા હતા. જેના પરિણામે આ શાળાને 'શ્રી મેઘાણી સ્મૃતિ ભવન' બનાવવાનું આયોજન છે.

કાઠિયાવાડમાં અનેક નાના અને છૂટાછવાયા રાજ્ય હોવાથી વહીવટમાં ઘણી મુશ્કેલી પડતી હતી, તેથી સને 1943માં એટેચમેન્ટ સ્કીમ દ્વારા હિંદ સરકારે નાના રાજ્યોને નજીકના મોટા રાજ્યો સાથે જોડી દીધાં અને સને 1944માં આ અંગે બ્રિટિશ પાર્લામેન્ટે કાયદો પસાર કરી આ યોજનાને કાયમી મંજૂરી આપી દીધી. ઝીંઝુવાડા નાનું સ્ટેટ હોવાથી નજીકના મોટા રાજ્યમાં જોઈન્ટ થવાનું હતું એટલે ઝીંઝુવાડાના તાલુકદાર અને ગિરાસદાર ભાઈઓ રાધનપુર અને ધ્રાંગધ્રા પણ ગયેલા અને ત્યાં રાધનપુરના નવાબ મુર્તુઝાખાન તથા ધ્રાંગધ્રાના મહારાજ મેઘરાજજી બાપુ સાથે વાટાઘાટો કરેલી પરંતુ તે અનુકૂળ ન આવતા છેવટે વડોદરા રાજ્ય સાથે જોડાણ કરેલું. બાદમાં ફરી પાછું ઝીંઝુવાડા ઝાલાવાડમાં આવી ગયું, જે આઝાદી પછી ઝાલાવાડ તા. 19/6/1959થી સુરેન્દ્રનગર જિલ્લો બન્યું. એ પછી મુંબઈથી ગુજરાત રાજ્ય અલગથી તા. 1/5/1960થી અસ્તિત્વમાં આવ્યું.

**-મનોજ ઈન્દ્રવદન આચાર્ય**





## • સ્વામી તેજાનંદ :

જતી, સતી, સંત, શૂરા અને સાહિત્યકારોની જન્મદાત્રી એટલે અમારી ખારૂડી ધરતી.

આ ધરા અને સંતો-મહંતોના પાવન પગલે પવિત્ર પુણ્યભૂમિ સ્વર્ગ સમાન છે. આ તાલુકાનો બેટ ઝીલાદણ. જ્યાં અનેક સંતો, મહંતો, સાધકની સિધ્ધિની અમરગાથાઓ તેના ખોળે ધરબાયેલી છે.

તેવા એક પરમ સિદ્ધિ, આત્મજ્ઞાની, સાધક, સિદ્ધિ પ્રાપ્ત કરનાર સંત-મહંત એટલે સ્વામી તેજાનંદ મહારાજ !

સ્વામી તેજાનંદનો જન્મ ઝીંઝુવાડા ગામમાં સંવત 1407 કારતક સુદ બીજને રવિવારે થયો હતો. માતા લક્ષ્મીદેવી, પિતા રામદાસ સ્વામીએ આ તેજસ્વી, ધાર્મિક બાળકને સંવત 1428 માં જનોઈ ગ્રહણ કરાવી ગુરૂ ઉપદેશ આપ્યો. સંસારમાં મન ચોંટતું નહીં. છતાં સામાજિક બંધનના લીધે 21 વર્ષે બાઇ રૂડીબેન સાથે વિવાહ થયાં. એક પુત્ર થયો તેમનું નામ ચરણદાસ. તેજાનંદ સ્વામી જાણે પૂર્વ સંન્યાસી હોય તેમ સંસારના બંધનો તેમને બાંધી શક્યા નહીં. ઝીંઝુવાડાથી થોડેક દૂર આવેલ ઝીલાદણ બેટ. ઝીલકા તીર્થે કાયમી સંન્યાસી સાધક તરીકે રહેવા લાગ્યા.

સ્વામી તેજાનંદ મહારાજ એક વખત સરસ્વતી નદીમાં સ્નાન કરવા સિધ્ધપુર ગયા. આ પવિત્ર નદીમાં તમારા જેવા અછૂત સાધુને સ્નાન કરવાનો અધિકાર નથી, તમારા જેવા અછૂતોને જનોઈ ગ્રહણ કરવાનો પણ અધિકાર નથી તેવું કહી ત્યાંના સૂબાએ રોક્યા.

આ સાધક સિદ્ધ સાધુએ સૂતરના તાંતણાની જનોઈનો આકાશમાં ઘા કર્યો, શરીરમાંથી આંતરડાં કાઢી જનોઈ બનાવી. મા સરસ્વતીના ખળખળ નીર તેમના ચરણો પખાળવા લાગ્યાં, આકાશમાંથી ભયંકર ગેબી અવાજ સંભળાયો. સૌ અવાચક થઈ ગયા. સૂબો, આ સાધુના ચરણોમાં પડી ક્ષમા માગવા લાગ્યો. આ છે તાકાત સૌરાષ્ટ્રના સંતોની!

ત્યાંથી ફરતા ફરતા સ્વામી તેજાનંદ મહારાજ રાજસ્થાનના જયપુર નગરમાં ગયા. ત્યાંના રાજાએ ગુજરાતના સંતોનાં પારખાં લેવા બળદ વગરનું ગાડું ચલાવવા કહ્યું. સ્વામીએ ગંગાજળ હાથમાં લઇ મંત્ર દ્વારા 'બેલ વગરની વેલ ચલી' જોધપુર નરેશ બાપુના ચરણોમાં નમી પડયા : પોતાની ભૂલ ક્ષમ્ય ગણી, ક્ષમા આપો મહારાજ !

જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ મહાન છે. તેવું માનનાર આ સંતશ્રીએ સંવત

1517માં ભાદરવા વદી-14 ને ગુરૂવારના રોજ તમામ સેવકોને બોલાવી જીવંત સમાધિ ઝીલાદણ બેટમાં લીધી.

હાલ આ સમાધિ સ્થળે એક ભવ્ય મંદિરનું નિર્માણ થઇ રહેલ છે. સમગ્ર ગુજરાતના ગરો બ્રાહ્મણના આ ગુરૂ-સંતનાં દર્શન કરવા એ પણ એક જીવતરનો લહાવો છે.

## • ષટ્પ્રજ્ઞ સ્વામી - સ્થાપક વડવાળા મંદિર દૂધરેજ :

ઝીંઝુવાડા નગર એટલે સંતો-મહંતો, જૈનાચાર્યની જન્મભૂમિ, કર્મભૂમિ, તપોભૂમિના અનેક સંતોની અમરગાથા તેના ખોળે ધરબાયેલી છે. આવા એક મહાન તપસ્વી સિદ્ધ સંત એટલે સ્વામી ષટ્પ્રજ્ઞ મહારાજ !

પિતા યોગરાજ ને માતા ગંગાદેવીના સંતપુત્ર સામંતસિંહનો જન્મ ઝીંઝુવાડા નગરમાં રાજવી પરિવારમાં વિક્રમ સંવત 1668 ના રોજ થયો હતો. યોગરાજસિંહ ઝાલા-મકવાણા અટકના છે. તેમના બે પુત્રો સામંતસિંહ અને અમરસિંહ શિકાર કરવા ઝીલાદણ બેટમાં જાય છે. હરણનો શિકાર કરે છે અને યાદવ સ્વામી તે હરણને જીવિત કરે છે. ત્યારથી બંને ભાઈનું હૃદય પરિવર્તન થાય છે. યાદવ સ્વામી પાસે દીક્ષા લે છે. સામંતસિંહનું નામ ષટ્પ્રજ્ઞ સ્વામી અને અમરસિંહનું નામ અમરપ્રસાદ ગુરૂ આપે છે. બંને સ્વામીઓ યાત્રાએ નીકળે છે.

ષટ્પ્રજ્ઞ મહારાજ પરમ રામભક્ત હતા. રામનવમીના દિવસે ભગવાન શ્રીરામ સ્વપ્નમાં સ્વરૂપનું દર્શન કરાવે છે. તેમના ભાલમાં ઊર્ધ્વપુંડ્ તિલક ને કંઠમાં તુલસીની માળા પહેરાવી કપાળમાં જાનકીની બિંદી કરી અંતર્ધ્યાન થયા. ભગવાન શ્રીરામનો સાક્ષાત્કાર થયો. તેમના સદ્ગુરૂ યાદવ સ્વામી (જેમની સમાધિ હાલ ઝીંઝુવાડા ગામે આવેલ છે) ના આદેશ પ્રમાણે દૂધરેજ ગયા. ત્યાં સુંદર આશ્રમની સ્થાપના કરી. ગોવાળિયા (રબારી) સેવક-ભક્ત બન્યા. ષટ્પ્રજ્ઞ મહારાજ 118 વર્ષની ઉંમરે સં. 1786 માં નિર્વાણ પામ્યા.

## • આઈશ્રી રાજરાજેશ્વરી માતાનું મંદિર-ઝીંઝુવાડા :

રાજ કે ને રિહવી, ઉદાની અસુરે;
સૂમરા કાઢ્યા સુમળા, મુળા ખેત મલેચ્છ.

સમગ્ર ભારતમાં એકમાત્ર એવું મંદિર છે કે મુસ્લિમના મકરબામાં માતાનું સ્થાપન થયેલ છે. જેનું મુખ પશ્ચિમ દિશામાં છે. ઝાલાવાડ પ્રદેશના હાલના હળવદ તાલુકાના ચરાડવા ગામના ઉદાચારણની દીકરી રાજલ એટલે સાક્ષાત મા જગદંબાનો અવતાર. જેનું મૂળ સ્થાન આજે





પણ ચરાડવા ગામે આવેલ છે.

ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ હિન્દુ દેવ-દેવીઓના મુખ પૂર્વ દિશાએ આવેલા હોય છે. મા રાજલનું મુખ પશ્ચિમ દિશામાં છે. તેનો ઇતિહાસ એક હજાર પાનાનો છે.

ટૂંકમાં પાટડી ઝાલાવંશના રાજવી વનવીરસિંહને માતાએ સપનામાં ઝીંઝુવાડા નગરની રાજગાદી કબજે કરવાનું કહ્યું. સાથે માતા રહ્યાં. મુસ્લિમ રાજનો અંત અને ઝાલા વનવીરસિંહનો વિજય થયો.

ઈ.સ. 1408 સં. 1464ના વૈશાખ વદ આઠમ ને બુધવાર તેમનો રાજ્યાભિષેક થયો. આઇ રાજલની કૃપાથી આજ દિન સુધી આ નગરમાં ઝાલા પરિવાર-વંશ વૃદ્ધિ પામતો રહ્યો. આજે તો અમેરિકા સુધી ઝાલા રાજવી પરિવાર પ્રસ્થાપિત થયેલ છે.

માતાના સેવક-ભક્તો એટલે કલકત્તા, મુંબઈ, વડોદરા, અમદાવાદના અનેક શ્રદ્ધાળુઓ પોતાની કુળદેવીના પાળે બાધા-મુવાળા માટે આવે છે.

વિશાળ ભવ્ય મંદિર, મોટો ચોક, સુંદર ધર્મશાળા અને ભોજનાલયની અતિ સુંદર વ્યવસ્થાને કારણે આ મંદિર સમગ્ર ગુજરાતમાં એક જાણીતા યાત્રાધામ તરીકે વિકસિત થયું છે.

## • લોક-દેવ વીર વાછરાદાદાનું સ્થાનક (વચ્છરાજ બેટ) :

કચ્છના નાના રણમાં, એક નાનકડા બેટ કે જે વચ્છરાજ બેટ તરીકે ઓળખાય છે. તેની ઉપર આ સ્થાનક આવેલ છે. આ જગ્યા દસાડા તાલુકાનાં ઝીંઝુવાડા ગામથી લગભગ 24 કિ.મી. અને ધ્રાંગધ્રા તાલુકાનાં નિમકનગર ગામથી લગભગ 42 કિ.મી. દૂર છે. આ બંને સ્થળેથી આ સ્થાનકે આવી શકાય છે.

બહુચરાજીની પાસે આવેલા કાલરી ગિરાસદાર હાથીજી સોલંકીને ત્યાં પ્રથમ પુત્ર બલરાજ થયા અને બીજા પુત્રરત્ન તરીકે ઈ.સ. 1061 માં માતા કેસરબાની કૂખે વચ્છરાજનો જન્મ થયો. વચ્છરાજનું મોસાળ લોલાડા ગામ હતું. તેમના મામાને કોઈ સંતાન ન હોવાથી મામા સામંતસિંહે લોલાડાની જાગીર વચ્છરાજને આપી . વચ્છરાજને બાળપણથી જ ગૌ-સેવામાં ઘણી રૂચિ હતી. તેથી પોતાનો મોટા ભાગનો સમય ગૌ-સેવામાં વિતાવતા હતા.

વચ્છરાજ મોટા થયા એટલે મામાએ પોતાના નજીકના સંબંધી અને કુંવર ગામના જાગીરદાર વજેસિંહ રાઠોડની પુત્રી પુનાબા સાથે વેવિશાળ નક્કી કર્યું. અને વચ્છરાજના લગ્ન લેવાયા અને જાન કુંવર ગામે પહોંચી. લગ્નની ચોરીમાં વચ્છરાજ અને પુનાબા લગ્નફેરા ચાલુ

હતા. ત્રીજા ફેરે સમાચાર મળ્યા કે કુંવર ગામની ગાયોનું ધણ લૂંટારૂઓ વાળી ગયા છે. આ શબ્દો વચ્છરાજના કાને પડે છે. લગ્નના ફેરા અધૂરા મૂકીને ગૌ-રક્ષા કાજે લૂંટારૂઓનો પીછો કરે છે. ગાયના ધણને પાછું વાળીને લાવે છે. પરંતુ તેમાં વિધવા બાઈ દેવલબાઈની વેગડ ગાય તેમાં ન હતી. વિધવા બાઈની ગાયને બચાવવા માટે ફરી લૂંટારૂઓનો પીછો કરે છે. લૂંટારૂઓ અને વચ્છરાજવચ્ચે લડાઈ થાય છે. આ લડાઈમાં લડતા હાલ જ્યાં વાછરાદાદાની જગ્યા છે. ત્યાં તેમનું ધડ પડ્યું અને વીરગતિ પામ્યા. વિધવાબાઈની ગાય તો મળી પણ કાલરીના કુંવર વચ્છરાજે ગાયો પાછળ પોતાનું બલિદાન આપ્યું. સતી પુનાબા અને વિધવા દેવલબાઈએ પણ પોતાના પ્રાણ આપ્યા. વચ્છરાજનો માનીતો કૂતરો 'મોતિયો' કે જેણે લૂંટારૂઓના રણમાં સગડ દીધા હતા અને તેમની માનીતી ઘોડીએ પણ માલિક પાછળ પ્રાણ છોડ્યા. વાછરાદાદાની ખાંભીની નજીકમાં એક તરફ સતી પુનાબા અને બીજી તરફ સતી દેવલબાઈની ખાંભી આવેલી છે. અહીં રહેતા બધી જાતિના લોકોનું શ્રદ્ધા કેન્દ્ર છે. અને ખાસ કરીને અગરિયા લોકો વીર વચ્છરાજ સોલંકી (વાછરાદાદા)ને દેવતુલ્ય માની લોકદેવ તરીકે પૂજે છે.

## • ઝીલકેશ્વર મહાદેવ

ઝીંઝુવાડા નજીક આવેલા કચ્છના નાના રણમાં એક માત્ર બેટ એટલે ઝિલાદણ બેટ છે. જ્યાં અનેક સંતો-મહંતોની સાધનાભક્તિથી આ કુંડમાં સ્વયં માં સરસ્વતી પ્રાગટ્યથી ગંગાજળિયો પ્રવાહ અવિરત ચાલુ છે.

આપણાં પંથકનું બિંદુ સરોવર છે જ્યાં આ પંથકના લોકોમાં શ્રાદ્ધ અર્પણ-તર્પણ કરીને પિતૃઓને મોક્ષ મળે છે. આ ઐતિહાસિક ધરોહર સમા પૌરાણિક શ્રી ઝીલકેશ્વર મહાદેવ શ્રાદ્ધતર્પણ પાંડવ કાળ દરમિયાન ધર્મરાજાએ સ્થાપના કરેલ છે એવી લોકવાયકા છે. ઝીલકેશ્વર મહાદેવ સામે કુંડ આવેલો છે. આ કુંડનો ઉલ્લેખ સરસ્વતી પુરાણમાં ઝીલકાતીર્થ તરીકે આલેખાયેલ છે.

બીજી એક વાત છે કે પાટણનાં મહારાજ સિધ્ધરાજ જયસિંહનાં સુવર્ણકાળમાં શિલ્પ સ્થાપત્યનાં સ્થાપનામાં સહસ્ત્રલિંગ તળાવ અંગેનાં લેખમાં ઇતિહાસકારોએ ઝીલકેશ્વર કુંડનો ઉલ્લેખ કરેલો છે. ઝીલકેશ્વર કુંડનો વિસ્તારમાં પૂર્વ પશ્ચિમ લંબાઈ 400 ફૂટ અને ઉત્તર દક્ષિણમાં પહોળાઈ 250 ફૂટ છે, આમ લંબચોરસ છે. આ કુંડની એક વિશેષતા હતી કે ચોમાસામાં પાણી બે ફૂટ ઊંડું ઉતરી જતું હતું અને શિયાળા-ઉનાળામાં કાયમ છલકાઈ જતું.

વર્ષ 1986-87 નાં ભયંકર દુષ્કાળમાં પણ આ કુંડમાં પાણી છલોછલ હતું. વીડ





ઝિલાદણ બેટમાં વિહરતા પશુ-પંખી અને શ્રધ્ધાળુઓ બે ડૂબકીઓ મારીને પ્રયાગરાજની અનુભૂતિ કરતા હતા. આ વિસ્તારના લોકો માટે આ સ્થળે પિતૃઓની ટાઢી રખ્યા ઠાલવવામાં આવે જેથી પિતૃઓને મોક્ષ મળે.

વર્ષ 1990ની આસપાસ આ કુંડની સ્વચ્છતા માટે પાણીનાં નિકાલ માટે ઘણા મશીનો મૂક્યા હતા. પાણીની સાથે હજારો વર્ષથી રહેતા કાચબાઓ જેને અમો કાશીરામ અને મોતીરામ કહેતા તેઓ મમરા ખાવાં આવી જતા હતા. સાથે હજારો વર્ષોથી વિહરતી માછલીઓ જેની લંબાઈ ચારથી પાંચ ફૂટની હતી. આવાં અસંખ્ય જીવોનો નાશ થયો. પાણી પણ ગયું અને જીવો પણ ગયાં. આજે સૂકા સરોવર તરીકે કુંડ માઇનોર રિપેરિંગ જિર્ણોદ્ધારની રાહ જોઈને ઊભા છે.

આપણા તાલુકાના એક માત્ર ઝિલાદણ બેટ ટાપુ જ્યાં મહાન સંતશિરોમણિ પૂજ્ય શ્રી તેજાનંદ સ્વામીએ આ કુંડમાં ગંગાજી, સરસ્વતીને પ્રાગટ્ય કરેલ છે. આજે પણ ગુજરાત સરકાર દ્વારા એમનાં સમાધિસ્મારક તથા આશ્રમનો જિર્ણોદ્ધાર કર્યો છે ભવ્ય દિવ્ય મંદિરનું નિર્માણ થયું છે. ભગવાન શ્રી વડવાળા દેવ મંદિર-દૂધરેજ ધામનાં આદ્યસ્થાપક શ્રી ષટ્પ્રજ્ઞસ્વામીનાં સદ્ગુરૂ શ્રી યાદવ સ્વામીનો ધૂણો છે. આ જગ્યાએ પાંડવો અજ્ઞાતવાસમાં રહેતા હતા એવી એક લોકવાયકા છે.

ઝિલાદણ બેટમાં આજે પણ ભીમનો ભોટવો ભીમેશ્વર મહાદેવ, અર્જુનનાં તીરે બાણ ગંગા જે 'ગાયની ખરી' તરીકે ઓળખાય છે, નળેશ્વર મહાદેવ મંદિરની સ્થાપના રાજાધિરાજ નળ-દમયંતીએ કરેલ છે, જ્યાં આજે હજારો વર્ષથી અખંડિત ઐતિહાસિક જ્યોતિર્લિંગ છે જ્યાં નવ ગ્રહો-ચાર વેદોનું સ્થાપન નળરાજાએ કરેલ છે. હાલ આ જગ્યાએ એક સિદ્ધિ યોગી ધૂણી ધખાવીને બેઠાં છે એમનાં દર્શન કરીને લોકો ધન્યતા અનુભવે છે.

એક એવી ઘટના છે કે નળરાજાએ જ્યારે વનવાસ દરમિયાન આ બેટમાં વનવાસ ભોગવ્યો હતો. એક વખત એમના રાણી દમયંતીનાં હાથમાં બાજુના તળાવમાંથી માછલીઓ પકડીને આપેલી. પણ મહારાણી દમયંતીનાં હાથમાં પદ્મ હતું, એટલે મરેલી માછલીઓ સજીવન થઈ હતી. આજે પણ એમની સ્મૃતિમાં નળેશ્વર મહાદેવનું મંદિર છે.

*આભ ઓઢણું, ધરા પાથરણું, ખોરડે નહીં ખારાશ;*
*સબરસ ખેતી ધુડખર મોતી, કરમે કાવો મીઠાશ.*

**-દાદુ રબારી**

# વેપાર, ઉદ્યોગ અને ખેતીવાડી

(1) મીઠા ઉદ્યોગ :

પાટડીથી પશ્ચિમે 8 કિ. મી ના અંતરે 1600 ચો. માઈલ વિસ્તારમાં પથરાયેલું કચ્છનું નાનું રણ આવેલું છે. કોઈ કાળે કચ્છનું રણ અને ખંભાતનો અખાત એ બે પાણીની નાની ખાડીથી જોડાયેલાં હતાં ને કચ્છના અખાતથી તે ખંભાતના અખાત સુધીના કાઠિયાવાડના ઉત્તર બાજુના આખા કિનારા ઉપર સમુદ્ર હતો. સિંધુ નદીનો જૂનો પૂર્વનો ફાંટો લૂણી, બનાસ, રૂપેણ, સરસ્વતી એ નદીઓનો કચરો આ છાલકા સમુદ્રમાં ઠલવાતો ને તેથી એ દરિયો ધીમે ધીમે પુરાઈ જઈ કાઠિયાવાડનો ટાપુ ગુજરાતની ભૂમિભાગ સાથે સંધાઈ ગયો. ('કાઠિયાવાડ સર્વ સંગ્રહ')

આ કચ્છનું રણ કોઈ કાળે દરિયાનો ફાંટો હતો કે જેનું તળિયું એકાએક ઊંચું થઈ જવાથી ઉપરનું પાણી ખસી ગયું અને ખાર વાળી ઉજ્જડ જમીન જ રહી. રણ દરિયાનું તળિયું છે. (પાટડી પાસેના) ઝીંઝુવાડા આગળ જુના વખતમાં બારે માસ દરિયાનું પાણી રહેતુ અને ત્યાં હોડીઓ ફરતી. ટ્રિગોનોમેટ્રિકલ સરવે ખાતાના મિ. પેનટનનું કહેવું એવું છે કે, અસલના વારામાં દરિયો અહીં ઢાળ પડતા કિનારા સાથે અથડાતો ને તેનું પાણી કાંઠાથી દૂરના પૂર્વ તરફના જે ભાગમાં હમણાં કપાસનાં ખેતરો છે, ત્યાં સુધી ફરી વળતું હતું. ('કાઠિયાવાડ સર્વ સંગ્રહ')

એક કાળે ઝીંઝુવાડા મુખ્ય બંદર પૈકીનું એક બંદર હતું. દરિયો ખસી ગયો પણ આ દરિયાલાલે ખારવાળી જમીન મૂકી જવાનો જે ઉપકાર કર્યો તેના કારણે આ ખારી જમીન મીઠા ઉદ્યોગ માટેની કિંમતી ભૂમિ બની ગઈ.

'ગુજરાત સર્વસંગ્રહ'ના જણાવ્યા મુજબ ઈ.સ.ના દસમા સૈકાથી એટલે કે લગભગ એક હજાર વર્ષથી પાટડી તથા ઝીંઝુવાડા વિસ્તારમાં મીઠું ઉત્પન કરવાનો ઉદ્યોગ ચાલે છે. આ મીઠું દરિયાના પાણીનું બનાવવામાં નથી આવતું પણ 18 થી 30 ફૂટની ઊંડાઈએ જે ખારા પાણીના ઝરા નીકળે છે તેમાંથી બનાવવામાં આવે છે.

પહેલાં મીઠું ફક્ત અગર ઉપર જ વેચાતું હતું. વણઝારાઓ અગર ઉપર જ મીઠાની કિંમત અને જકાત આપી મીઠું લઈ જતા. ગુજરાતમાં ગાડાં દ્વારા અને માળવામાં વણઝારાની પોઠો દ્વારા મીઠું લઈ જવામાં આવતું હતું.

મુસ્લિમ સત્તાઓએ મીઠું વેચવાનો હક્ક પોતે જ રાખ્યો હતો. મરાઠાઓ પણ તેમ જ કરતા. તેઓ નવા અગરો ઉઘાડવાની મના કરતા. નવા અગરો કોઈ ઉઘાડે નહિ તેની ચોકી





રાખવા મરાઠાઓએ ઝીંઝુવાડાના રાજાને અગરોની ઉપજનો ત્રીજો હિસ્સો બક્ષિશ આપ્યો હતો.

દામાજીરાવ ગાયકવાડે પાટડીના દેશાઈ ભાવસિંહજીને મીઠાના અગરની સઘળી ઉપજ લેવાનો અધિકાર આપ્યો હતો. ત્યાર પછી, પેથા રાઘોબાએ અગરની ઉપજને 3/4 ભાગ દેશાઈને મળે અને 1/4 ભાગ પેશ્વાને મળે એવું ઠરાવેલું.

બ્રિટિશ સરકારે અગરનો સઘળો વહીવટ અને ફાયદો પોતે જ રાખ્યો અને પાટડીના દેશાઈને રૂપિયા બાર હજાર તથા ઝીંઝુવાડાના ઝાલા તાલુકદારોને રૂપિયા નવ હજારનું સાલિયાણું બાંધી આપ્યું. બ્રિટિશ સરકારે ઈ. સ. 1872ના નવેમ્બરથી ખારાઘોડામાં મીઠાના ઉત્પાદનનું કામ શરૂ કર્યું. તેણે માલના વેચાણ માટે શરૂમાં અમદાવાદ, ભરૂચ અને સુરત એમ ત્રણ ઠેકાણે મીઠાની વખારો રાખેલી. મુખ્યત્વે મીઠાની હેરફેરને ધ્યાનમાં રાખીને, ઈ. સ. 1872માં બી.બી. એન્ડ સી. આઈ. રેલવે કંપનીએ ખારાઘોડા-પાટડી-વિરમગામ રેલવે શરૂ કરી, જેથી વિરમગામ-મુંબઈ રેલવે સાથે તેનું સંધાન થઈ જતાં, ખારાઘોડાથી મુંબઈ સુધીનો સળંગ રેલવે વ્યવહાર થઈ ગયો. આ રેલવેની સુવિધા પાટડી માટે સુવર્ણયુગ લઈને આવી હતી.

ઇ. સ. 1872 થી 1877ના પાંચ વર્ષનું ખારાઘોડાના સરકારી અગરોનું સરેરાશ વાર્ષિક ઉત્પાદન 30761 ટનનું હતું. ('ગુજરાત સર્વસંગ્રહ') મીઠાનું ઉત્પાદન, વેચાણ, હેરફેર પર બ્રિટિશ સરકારની એકહથ્થુ સત્તા હતી.

પૂ. મહાત્મા ગાંધીજીની આગેવાની નીચે ઈ. સ. 1930- 1931માં 'મીઠા સત્યાગ્રહ'ની લડત કરી, સરકારની આવી એકહથ્થુ સત્તાને પડકારવામાં આવી. આ લડતના ફલસ્વરૂપે ઈ. સ. 1947માં જ્યારે ભારત આઝાદ થયું ત્યારે મીઠાનું ઉત્પાદન, વેચાણ અને હેરફેર ખાનગી અને સહકારીક્ષેત્ર માટે મુક્ત બન્યાં.

હાલમાં સારા વર્ષે દસાડા (પાટડી) તાલુકાના સમગ્ર વિસ્તારનું મીઠાનું ઉત્પાદન લગભગ બાર લાખ ટન જેટલું થાય છે, જે ભારતના મીઠાના કુલ ઉત્પાદનના લગભગ 18 ટકા થાય છે. આ બાર લાખ ટનના ઉત્પાદનમાં સહકારી મંડળીઓ, પાટડીના વેપારીઓ અને સરકારી અગરોના ઉત્પાદનનો સમાવેશ થાય છે.

સને 1981માં 'મીઠા સત્યાગ્રહ'ને પચાસ વર્ષ થયાં તેની યાદમાં પાટડીમાં સુવર્ણ જયંતી ઉજવવામાં આવી. આ પ્રસંગે, પાટડીના સ્ટેશન રોડને વિરમગામ-ખારાઘોડા રેડક્રોસ કરે છે તે જંકશન પર નમક સત્યાગ્રહના સુકાની પૂ. મહાત્મા ગાંધીજીની પ્રતિમા ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈના વરદ્હસ્તે ખુલ્લી મૂકવામાં આવી હતી.

### (૨) ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ :

મીઠાની હેરફેર રેલવે તેમજ ટ્રકો દ્વારા થાય છે. મીઠાના વિપુલ જથ્થાની હેરફેર ટ્રકો દ્વારા થવાથી ટ્રાન્સપોર્ટનો ઉદ્યોગ પાટડીમાં સારી રીતે વિકસ્યો છે. મીઠું, ઉપરાંત કાલા, રૂની ગાંસડીઓ, મકાન બાંધકામ અંગેનો માલસામાન, જીવન-જરૂરિયાતની વસ્તુઓ વગેરેની મોટા પાયા પરની હેરફેર માટે આવન-જાવન કરતી ટ્રકોની દોડધામથી પાટડી ધમધમી રહ્યું છે.

### (૩) ધી પાટડી વેપારોત્તેજક કંપની :

આજથી એક સદી પહેલાં 'ધી પાટડી વેપારોત્તેજક કંપની' શરૂ થયેલી. જેના અધ્યક્ષ તરીકે ઈ. સ. 1884 થી 1891 સુધી દેસાઈ ચંદ્રસિહજી (દરબારથી સૂર્યમલસિંહજીના લઘુ ભ્રાતા) હતા. તેઓશ્રી પાટડીના વેપારીઓનો વેપાર-ધંધા અંગેની આંટીઘૂંટીઓનો નિવેડો લાવવા માટે સેવાઓ આપતા અને ધંધા-રોજગારમાં પાટડીની ઉન્નતિ થાય તે માટે વેપારીઓને ઘણા સહાયરૂપ થતા.

### (૪) જીન-પ્રેસ :

આ વિસ્તારની જમીન કપાસના ઉત્પાદન માટે અનુકૂળ હોઈ, આજથી લગભગ 80 વર્ષ પહેલા, પાટડીમાં 'શ્રી કૃષ્ણ કોટન પ્રેસ' નામની જિનિંગ-પ્રેસિંગ ફેકટરી શરૂ થયેલી. સ્વ. દરબારશ્રી નારાયણસિંહજીએ પોતાની યુવાવસ્થામાં આ ફેકટરી શરૂ કરવામાં તનતોડ મહેનત કરી હતી. હાલમાં આ ફેકટરીનું અસ્તિત્વ નથી.

સને 1948માં 'ધી પાટડી ગ્રુપ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિ.'ની સ્થાપના થઈ. જેના દ્વારા પાટડીમાં એક જીનીંગ-પ્રેસીંગ શરૂ થયું.

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાનું મથક રાખી મામલતદાર કચેરી કામ કરવા લાગી હતી. પરંતુ મેજિસ્ટ્રેટની કચેરી, ફોજદારની કચેરી અને પોલીસ મથક પાટડી પાસેના બજાણા ગામે રાખેલાં. તે વખતનાં પાટડી, બજાણા, જૈનાબાદ અને વણોદ એ ચાર રાજ્યો તેમજ ઝીંઝુવાડા અને દસાડા એ બે થાણાઓ મળી કુલ 92 ગામોના 'પાટડી તાલુકા'ની રચના કરવામાં આવેલી. પાટડી ઈનામી ગામ હોઈ અને તે વખતના મુંબઈ રાજ્યના અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકામાં આવેલું હોઈ, મુંબઈ રાજ્યે સૌરાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી ઢેબરભાઈને પાટડીમાં તાલુકામથક ન રાખી શકાય એવું જણાવેલું. તેથી તાલુકામથક પાટડીથી દસાડા ફેરવવામાં આવેલું.

રાજ્યોની પુનઃરચના થતા સૌરાષ્ટ્રનું રાજ્ય સને 1956 માં મુંબઈ રાજ્યમાં ભળી ગયું ત્યારથી સુરેન્દ્રનગર જિલ્લો મુંબઈ રાજ્યનો એક ભાગ બન્યો. મુંબઈ સરકારના તા. 19-6-





59ના ઠરાવથી 14.5 ચો. માઈલ વિસ્તાર ધરાવતું પાટડીનગર તથા 4.5 ચો. માઈલ વિસ્તાર ધરાવતું ખારાઘોડા ગામ અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકામાંથી સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકામાં ફેરવવામાં આવ્યાં હતાં. ત્યાર પછી તાલુકામથકે ફેરવીને પાટડી લાવવામાં આવ્યું છે.

તા. 1-5-1960 થી દ્વિભાષી મુંબઈ રાજ્યનું વિભાજન થયું અને ગુજરાતનું અલગ રચાયું. સુરેન્દ્રનગર જિલ્લો ગુજરાત રાજ્યનો એક ભાગ બન્યો. મામલતદારની કચેરી, તાલુકા પંચાયત કચેરી, તાલુકા તિજોરી કચેરી, ડેપ્યુટી ઈજનેરોની કચેરી વગેરે આજે પાટડીમાં છે.

દેશી રાજ્યોનું ભારતસંઘમાં વિલીનીકરણ થયું ત્યારે દરબારશ્રીને રૂપિયા 20,000નું વાર્ષિક સાલિયાણું મળતું, પરંતુ પાછળથી તા. 28-12-1971 થી ભારતનાં તમામ રાજ્યોને અપાતા સાલિયાણાની પ્રથા બંધ કરવામાં આવી.

## હરદ્વારી મઠ : આદરિયાણા

આદરિયાણા ગામ પહેલા વનકુટી જંગલ હતું. ત્યારબાદ આહીરોનો વસવાટ થયેલો. આહીરોનો ગોઢ પણ હતો. ત્યાં દસનામી ગૌસ્વામી મઠ પણ છે. મહંત શ્રી અજબપૂરી બાપુએ મઠની ચોકી માટે ગામના ઝાંપે તળાવની પાળે ભીડભંજન હનુમાનજીની સ્થાપના સંવત 1374 ને ચૈત્ર સુદી 11, મંગળવારે કરેલી. મહંત શ્રી 1008 સરદારપુરી મહારાજ માતાજી બહુચરાજીને અહિયાં લાવેલા. રાણા હમીરજીની હયાતીમાં દરબાર સોઢા ઝાલા વિરમસિંહ અને જુહાજી કલ્યાણજી નામના આહીર પણ હતા, રથવી દામોદરે સંવત 1673 માં ભંડારો પણ કરેલો એવો ઉલ્લેખ મળે છે. આદરિયાણા ગામમાં એ સમયના મહંત શ્રી ભીમપુરીના નામ પરથી ભીમનાથ મહાદેવમાં લિંગ પણ અહીંયા પધરાવેલ. હાલ ત્યાં 19 સમાધિ પણ છે. પ્રથમ નીતાનંદ બાપુ કાશીથી આવેલા.

મહંતશ્રી અજબપુરી મહારાજે સંવત-1561,શ્રાવણ સુદી 11 ને શુક્રવારના રોજ આ આ મઠની સ્થાપના કરેલી. મહંતશ્રી જ્ઞાનપુરી મહારાજે અજબપુરી મહારાજનો ભંડારો હરિદ્વારમાં કરેલો. તે પછી શ્રી મહંત 1008 ની પદવી મળેલી. ત્યારે જ્ઞાનપુરી મહારાજે નિશાન, ડંકા અને છડી વગેરે બક્ષિસ કરેલા. શ્રી મહંત 1008 મંછાપુરી બાપુએ જીવંત સમાધિ લીધેલી. આદરિયાણા મઠને પણ મઠાધીશમાં ગણવામાં આવે છે. આ મઠને હરદ્વારી મઠ પણ કહેવાય છે.

# ભારતીય સ્વાતંત્ર્યસંગ્રામમાં પાટડીનું યોગદાન

ગુજરાતના અન્ય શહેરોની જેમ સુરેન્દ્રનગર જિલ્લાના ઝાલાવાડ વિસ્તારમાં પાટડી અને તેની આસપાસના વિસ્તારનો ફાળો ભારતીય સ્વાતંત્ર્યસંગ્રામમાં અત્યંત મહત્ત્વપૂર્ણ અને પ્રેરણાદાયી રહ્યો છે.

- **વિશેષતાઓ :**

પાટડી એટલે કચ્છના નાના રણનું પ્રવેશદ્વાર, જે સામાજિક અને રાજકીય જાગૃતિનું મુખ્ય કેન્દ્ર હતું. ખાસ કરીને 1930નો મીઠાનો સત્યાગ્રહ (12 માર્ચ 1930) અહીંનો સુવર્ણ અધ્યાય છે. પાટડી રણ વિસ્તારમાં આવેલું ખારાઘોડા મીઠા ઉત્પાદનનું ખૂબ મોટું સરકારી કેન્દ્ર હતું.

- **મીઠાનો સત્યાગ્રહ (૧૯૩૦) અને પાટડીની ભૂમિકા :**

માર્ચ 1930ના દિવસે પૂજ્ય ગાંધીજીએ ઐતિહાસિક દાંડીકૂચ કરી અંગ્રેજોના અન્યાયી મીઠાના કાયદાનો ભંગ કર્યો. ગાંધીજીના આ સત્યાગ્રહની હાકલને અનુસરીને પાટડી તેમજ વિરમગામ તાલુકાની જનતા જાગૃત થઈ. લોકોએ ખારાઘોડાના મીઠાના સરકારી અગર પર કૂચ કરી જઈને સરકારી પ્રતિબંધોનો ભંગ કર્યો અને મીઠું ઉઠાવવા માટે સત્યાગ્રહીઓની વિશેષ ટુકડીઓ તૈયાર કરવામાં આવી. આ સત્યાગ્રહની પ્રવૃત્તિઓને વ્યવસ્થિત ચલાવવા માટે પાટડી અને વિરમગામ ખાતે સત્યાગ્રહ છાવણીઓ સ્થાપવામાં આવી હતી. આ છાવણીઓના સફળ સંચાલન માટે મુખ્યત્વે પ્રાણજીવનદાસ ઠક્કર, ભૂપતભાઈ વ્રજલાલ દેસાઈ, રાયચંદભાઈ પરીખ, અને માણેકલાલ ઠક્કર જેવા ગાંધીપ્રેમી સમાજસેવકોએ સંકલન અને સક્રિયતાથી જવાબદારી ઉપાડી હતી. પાટડીમાં બિનજકાતી મીઠું વેચવાની શરૂઆત થતાં જ ખારાઘોડાના સોલ્ટ ખાતાની બ્રિટિશ પોલીસ પાટડી ખાતે આવેલ મામલતદાર કચેરીએ પહોંચી હતી. પરંતુ સત્યાગ્રહનો વ્યાપ એટલો મોટો હતો કે માત્ર પાટડી જ નહિ, પણ તેની આજુબાજુના ગામો જેવા કે મીઠાપુર, બજાણા, જૈનાબાદ, નગવાડા વગેરે સીમાડા સુધી પોલીસ કાફલો ગોઠવવામાં આવ્યો હતો.

- **ઝારેશ્વર મહાદેવ છાવણી અને અંગ્રેજ પોલીસનો અત્યાચાર :**

પાટડીમાં આવેલા ઝારેશ્વર મહાદેવ સત્યાગ્રહ છાવણીના મંત્રીશ્રી ભૂપતભાઈ વ્રજલાલ દેસાઈની આગેવાની હેઠળ 10 યુવાનોનો સંઘ બિનજકાતિ મીઠું લઈને પાટડી રેલવે સ્ટેશને નીકળ્યો. તે સમયે પાટડીના ભૂપતભાઈ વ્રજલાલ દેસાઈ જેવા અગ્રણીઓ અને 2000થી વધુ લોકોની જનમેદનીએ સત્યાગ્રહીઓ પાસેથી મીઠું ખરીદીને અંગ્રેજોના અન્યાયી કાયદાનો જાહેર ભંગ કર્યો. આ ઘટનાથી અંગ્રેજ પોલીસના પેટમાં તેલ રેડાયું. તેમણે અરેરાટીભર્યો લાઠીચાર્જ





કરી સત્યાગ્રહીઓ પર ભારે જુલમ ગુજાર્યો. આ લાઠીચાર્જમાં ઘવાયેલા સત્યાગ્રહીઓની સારવાર માટે ઝારેશ્વર મહાદેવ છાવણી ખાતે ડૉ. ચૌહાણ અને શાંતિલાલ મહેતા જેવા નિષ્ઠાવાન તબીબો અને વૈદ્યોએ પોતાની તબીબી સેવાઓ આપી હતી.

- **સ્વદેશી આંદોલન અને વિદેશી કાપડનો બહિષ્કાર :**

મીઠાના સત્યાગ્રહની સાથોસાથ પાટડીમાં 'સ્વદેશી આંદોલન' પણ પૂરજોશમાં ચાલી નીકળ્યું. આ પ્રવૃત્તિ માટે પાટડી એક મુખ્ય કન્વર્જિંગ સ્થળ (કેન્દ્ર) બની ગયું. અહીં દેશભક્તિના ભાષણો સાથે ઘર-ઘર અને છાવણીઓમાં ચરખા પૂરજોશથી ચાલવા લાગ્યા. આઝાદીના આ મહાયજ્ઞમાં યુવાનોની સાથે સમગ્ર ગ્રામજનો જોડાઈ ગયા. સામાજિક બહિષ્કાર અને સ્વદેશી અપનાવવું : પાટડી અને આજુબાજુના ગામો જેવા કે બજાણા, સાવડા, દસાડા, નગવાડા, માલવણ, અખિયાણા તેમજ વિરમગામ તાલુકાના ગામોમાં વણકર સમાજ દ્વારા સેવાઓ આપવાનો અને વણકર ભાઈઓ દ્વારા જાડી ખાદી વણવાનો ઉત્સાહપૂર્વક નિર્ણય લેવાયો.

વિદેશી કાપડની હોળી : વિદેશી કાપડનું વેચાણ સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યું અને ગામોગામ વિદેશી કાપડની હોળી પ્રગટાવવામાં આવી. આ લડતમાં શારદાબેન અમૃતલાલ પરીખે મુખ્ય આગેવાની લીધી હતી. પ્રાણજીવન ઠક્કર જેવા અગ્રણીઓ જેલ ગયા ત્યારે 15 વર્ષની નાની વયના કિશોરોએ શારદાબેન સાથે મળીને ભારે હિંમત અને કૌશલ્ય દાખવ્યું હતું.

ત્યાગ અને નિશ્ચય : પાટડી અને આસપાસના તમામ જ્ઞાતિના લોકોએ એક થઈને પરદેશી કાપડ ન ખરીદવાનો, પ્રસંગોમાં ખાંડ કે પતાસા ન વાપરવાનો તેમજ ઉત્સવોમાં રંગીન કપડાં કે હોળી ન રમવાનો પણ દ્રઢ સંકલ્પ કર્યો હતો.

- **ગાંધીજીની જેલમુક્તિ પ્રસંગે વિરાટ સરઘસ (૨૬ જાન્યુઆરી ૧૯૩૧)**

તા. 26/01/1931ના રોજ જ્યારે પૂજ્ય ગાંધીજીને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા, ત્યારે પાટડી ખાતે ગાંધીજીની જેલમુક્તિ દિવસને અત્યંત વિશિષ્ટ રીતે ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે એક અદ્‌ભુત અને વિરાટ સરઘસ નીકળ્યું હતું. રાષ્ટ્રધ્વજ ફરકાવતી ટુકડીઓ સાથે સાયકલ પર સવાર ખાદીધારી સ્વાતંત્ર્ય સૈનિકો કૂચ કરતા આગળ ચાલતા હતા. અસંખ્ય બળદગાડામાં ચરખા-રેંટિયા સાથે દેશભક્તિના ગીતો ગાતા ગ્રામજનો જોડાયા હતા.

પુરૂષો, સ્ત્રીઓ અને બાળકો પરંપરાગત ખાદી વસ્ત્રો પહેરી ઉત્સાહભેર સરઘસમાં જોડાયા હતા. પાટડીના ઇતિહાસમાં આવું વિરાટ સરઘસ પહેલા ક્યારેય જોવા મળ્યું ન હતું. આમ, 1930-31ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પાટડી અને આસપાસના સમગ્ર ઝાલાવાડ પંથકે અદ્‌ભુત એકતા, ત્યાગ અને સમર્પણ દર્શાવીને ભારતીય આઝાદીની લડતમાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

**–ત્રિકમ પ્રિયદર્શી**

# દસાડા – પાટડીના દર્શનીય સ્થાનો...

## દસાડા તાલુકાનો પરિચય :

ભારત ઉપખંડની પશ્ચિમદિશાએ આવેલ ગુજરાત રાજ્યનો મહત્ત્વનો ભૂમિ-ભાગ એટલે સૌરાષ્ટ્ર. ભારતના પ્રાચીન પ્રદેશોમાં સૌરાષ્ટ્રનો સમાવેશ થાય છે. સૌરાષ્ટ્ર તેની પ્રાચીનતા, સાંસ્કૃતિક વારસો, સંતો-દાતાર અને ધાર્મિક સ્થળોથી પ્રસિદ્ધ છે. સૌરાષ્ટ્રનું પ્રવેશદ્વાર એટલે સુરેન્દ્રનગર જિલ્લો. સૌરાષ્ટ્રની સીમાની શરૂઆત આ જિલ્લાથી થાય છે.

સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રા નજીક પ્રાગૈતિહાસિક પાષાણયુગના અવશેષ મળ્યા છે. લીંબડી તાલુકાના રંગપુરમાં થયેલા ઉત્ખનનથી તેનો સંબંધ પ્રાગૈતિહાસિક કાળ સાથે જોડાયો છે. આ ધરતી પર સિંધુ ખીણની સંસ્કૃતિ અને ઉત્તર-સિંધુ ખીણની સંસ્કૃતિના અવશેષો પ્રાપ્ત થયા છે. ગુજરાતનાં રાજપૂતવંશોમાંથી મહત્ત્વપૂર્ણ રાજવંશ ઝાલાવંશના રાજપૂતોનો નિવાસ અને શાસન હોવાથી આ જિલ્લાને 'ઝાલાવાડ' તરીકે પણ ઓળખવામાં આવે છે. બ્રિટિશયુગમાં પોલિટિકલ એજન્ટનું થાણું પણ અહીં હતું. જે 'વઢવાણ કેમ્પ' તરીકે જાણીતું હતું. સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ 10 તાલુકાઓ આવેલા છે. જેમાં દસાડા, ધ્રાંગધ્રા, લખતર, વઢવાણ, મૂળી, લીંબડી, સાયલા, ચુડા, ચોટીલા અને થાનગઢ તાલુકો છે.

દસાડા, ગુજરાત રાજ્યના સુરેન્દ્રનગર જિલ્લાનો તાલુકો છે. તેનું મુખ્યમથક પાટડી છે. આથી તે 'દસાડા-પાટડી' તાલુકા તરીકે પણ ઓળખાય છે. આ તાલુકો કચ્છ, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રને જોડતો તાલુકો છે. આ તાલુકામાં નાના-મોટા કુલ 90 ગામો આવેલા છે. દસાડા તાલુકો $23^{0}$19'' ઉ. અક્ષાંશ થી $26^{0}$ 69'' ઉ. અક્ષાંશ અને $71^{0}$ 49'' પૂ. રેખાંશથી $49^{0}$ 36'' પૂ. રેખાંશ વચ્ચે આવેલ છે. દસાડા તાલુકામાં આવેલ ઘૂડખર અભિયારણ અને મીઠા ઉદ્યોગ વિખ્યાત છે. કરોડવાળા ઉપસમુદાયના સસ્તન વર્ગના શફગણનું 'ઘૂડખર' પ્રાણી ભારતમાં માત્રને માત્ર આ વિસ્તારમાં જોવા મળે છે. તો સમગ્ર ભારતમાં કુલ મીઠાના ઉત્પાદનના લગભગ 18% જેટલું મીઠું આ તાલુકામાં પાકે છે.

## દસાડા(પાટડી) તાલુકાનાં ધાર્મિક સ્થળો :

દસાડા (પાટડી) તાલુકામાં આવેલા 90 ગામોમાં વિવિધ ધર્મના લોકો વસે છે. જેમાં સૌથી વધુ હિન્દુ, મુસ્લિમ અને જૈન ધર્મના લોકોની વસ્તી છે. તેથી આ તાલુકાના ધાર્મિક સ્થળોમાં હિન્દુ, મુસ્લિમ અને જૈન ધર્મના ધર્મસ્થળો વિશેષ છે. આ ધાર્મિક સ્થળો તેની





પ્રાચીનતા, ધર્મ- સહિષ્ણુતા અને સાંસ્કૃતિક વારસાની દ્રષ્ટિએ વિશેષ મહત્ત્વના છે. જેના વિશેની માહિતી નીચે મુજબ છે.

## શક્તિમાતા મંદિર (ધામા)

દસાડા તાલુકાનાં ઝીંઝુવાડાથી થોડે દૂર ધામા ગામમાં શક્તિમાતાનું મંદિર આવેલું છે. જે જિલ્લા મથકેથી લગભગ 107 કિ.મી. અને તાલુકામથક (પાટડી)થી લગભગ 30 કિ.મી.ના અંતરે આવેલ છે. વર્તમાન સુરેન્દ્રનગર જિલ્લાનું મૂળ નામ 'ઝાલાવાડ' છે. કેમ કે હરપાલદેવજી મકવાણા અને આદ્યશક્તિ સ્વરૂપ તેમના ધર્મપત્ની શ્રી શક્તિદેવીના વંશજોનું વારસામાં મળેલ રાજ્ય એટલે ઝાલાવાડ. મધ્યયુગની બારમી સદીમાં દાદા હરપાલદેવજી અને માતા શક્તિએ બાબરા ભૂતની સહાયથી 2300 ગામે તોરણ બાંધ્યા હતા. તેમાં પ્રથમ તોરણ પાટડીના ટોડલે અને છેલ્લું તોરણ દીઘડિયા ગામે બાંધ્યું હતું. પાટણના રાજા કરણદેવ સોલંકીની રાણીએ હરપાલદેવજીને પોતાના ભાઈ માન્યા હોવાથી તેમણે ભાલકાંઠાના 500 ગામ કાપડામાં આપેલા. બાકીના 1800 ગામ પોતાની પાસે રાખેલા. જે પ્રદેશ પાછળથી ઝાલાવાડ પંથક તરીકે ઓળખાયો. એક લોકવાયકા મુજબ શક્તિદેવીએ પાટડીના દરબારગઢના ઝરૂખામાંથી તેમના કુંવરોને ઝાલ્યા હતા. આથી હરપાલદેવના વંશજો 'ઝાલા' કહેવાયા. આ ઘટના પછી શક્તિદેવીએ વી.સ. 1171 ચૈત્ર વદ-13ના દિવસે ધામા ગામે ધરતીમાં સમાયાં હતા. આ સમાધિ સ્થળ ધામ બનતા ગામનું નામ ધામા બન્યું. હાલ મંદિરમાં હાથનો પંજો કંડારેલ મૂર્તિની પૂજા થાય છે. શક્તિદેવીને ઝાલા વંશજો તેમની કુળદેવી તરીકે પૂજા કરે છે.

આ મંદિરના ગર્ભગૃહમાં શક્તિમાતાના હાથના પંજાવાળું શિલ્પ છે. પહેલા અહીં નાની દેરી હતી. તેની જગ્યાએ 16 જાન્યુઆરી 2003 માં ભવ્ય મંદિર બનાવવામાં આવ્યું છે. નવનિર્મિત મંદિરના મંડપના ગુંબજને રંગબેરંગી કાચથી સુશોભિત કરવામાં આવેલ છે.

## કાળિયા ઠાકરનું મંદિર (ગેડિયા) :

ધાર્મિક-સહિષ્ણુતા અને કોમી એકતાનું પ્રતીક એટલે ગેડિયા ધામ. સૌરાષ્ટ્રની ભૂમિ એટલે સાધુ-સંતોની ભૂમિ ગણાય છે. સુરેન્દ્રનગરના દસાડા (પાટડી) તાલુકાનું ગામ ગેડિયા, કાળિયા ઠાકર (દ્વારકાધીશ ઠાકર)ના મંદિરના કારણે પ્રસિધ્ધ છે.

અનુશ્રુતિ પ્રમાણે રૂગનાથપુરી અને પોપટપુરી નામના બે સિદ્ધ સંતો દ્વારિકાની યાત્રાએ જતાં ઝીંઝુવાડા નજીક રોકાણ કર્યું. ત્યારે ઝાલારાજ દરબાર યોગરાજજીના બે પુત્રો સામંતસિંહ અને અંબેકુમારનો ભેટો આ સંતો સાથે થયો. તેમની સાથે સત્સંગ કરતાં બંને

કુમારોએ દીક્ષા લીધી. તેથી સંતોએ તેમણે પાટ-પૂજા અર્પણ કરી. પછી તેઓ ત્યાંથી ચાલતા-ચાલતા કામલપુર ગામે પધાર્યા, ત્યાં તેમને મેરા ભગત મળતા પાટ-પૂજા મેરા ભગતને અર્પણ કરી. ત્યારબાદ મેરા ભગતને મળતા તેઓ ખેરવા ગામ જતા હતા. વચ્ચે ગેડીયા ગામે બળદગાડાનું પૈડું જમીનમાં ફસાયું. ઘણી મહેનત કરતા પૈડું નીકળ્યું નહીં. પરંતુ પરચો મળતા કાળિયા ઠાકરને અહીં રહેવાની ઇચ્છા જાણી. તેથી મલેક દરબારોએ પોતાની જમીન દાનમાં આપી અને ત્યાં મંદિર બનાવી રહેવા લાગ્યા.

આ જગ્યાના ગાદીપતિ માધાભગતે સમાધિ લેવાનું વિચારતા કામલપુર ગામે આવ્યા જ્યાં મહંતોની સમાધિ થતી. અંગ્રેજ સરકારને જાણ થતા તપાસ માટે આવ્યા. આ જગ્યાનું સત્ જાણતા માફી માંગી. સમય જતા ભગવાનદાસ બાપા ગેડિયાની ગાદીએ આવ્યા. જેમણે ઘણા પુરાવા બતાવી 'ગેડિયા એ એક દ્વારિકા' છે એવું પ્રમાણ આપ્યું. આ મંદિરની સ્થાપનાને આશરે 450 વર્ષ થઈ ગયેલ છે. ખાસ કરીને માલધારી સમાજના લોકો આ જગ્યાના સેવક છે. ગામમાં મલેક દરબારની વસ્તી છે. જે મંદિરના પ્રસંગે પૂરતો સહકાર આપી ધાર્મિક-સહિષ્ણુતાનું ઉદાહરણ પૂરૂં પાડે છે. અહીં દર વર્ષે જન્માષ્ટમીના દિવસે મેળાનું આયોજન થાય છે.

## રામદેવપીરનું મંદિર (પીપળી) :

દસાડા (પાટડી) તાલુકાનાં પીપળી ગામમાં રામદેવપીરનું મંદિર આવેલું છે. જ્યાં રામદેવપીરે સવારામ ભગતને દર્શન આપ્યાની માન્યતા છે. પીપળીધામ એટલે સવારામ ભગતની કર્મભૂમિ અને ધર્મભૂમિ છે. પ્રજાપતિ કુળમાં જન્મેલ સવારામ ભગત માટીકામના વ્યવસાય સાથે-સાથે રામદેવપીરનું ભજન-કીર્તન-જીવન નિર્વાહ ચલાવતા. સોખડા ગામના સાધુ સ્વામી ફૂલગર મહારાજે તેમને ભજનનો મહિમા સમજાવી. આ મહિમાના પ્રતાપે સવારામ ભગતને રામદેવપીરના દર્શન થયા અને દર્શન સમયે સવારામ ભગતે આપેલ વચન પ્રમાણે અન્નક્ષેત્રની શરૂઆત કરી, જે આજ સુધી અવિરત ચાલુ છે. બજાણાના વતની ઝબૂબાઈ સવારામ ભગતની સાથે સત્સંગમાં જોડાતા. તેમની સમાધિ પણ પીપળીધામમાં આવેલ છે. શ્રી સવારામ ભગતના પરલોક સિધાવ્યા પછી શ્રી બળદેવદાસ મહારાજે પીપળીની ગાદી સંભાળી. ત્યારે ફરી વખત રામદેવપીરનું બાવનગજનો નેજો ધરાવતું મંદિર બનાવી 17 એપ્રિલ 1995માં ચૈત્ર પૂનમે મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા ધામધૂમથી કરવામાં આવી. અત્યારે આ જગ્યામાં સંત શ્રી વાસુદેવ મહારાજ ગાદીપતિ છે.





## વર્ણીન્દ્રધામ (પાટડી) :

પાટડી નજીક નવનિર્મિત સ્વામિનારાયણ સંપ્રદાયનું મંદિર એટલે વર્ણીન્દ્રધામ. આ ભવ્ય મંદિર પાટડીથી પાટડી-વિરમગામ હાઇવે પર બામણવા ચોકડી પર 2 કિ.મી. ના અંતરે આવેલ છે. આ મંદિરની ભવ્યતાને કારણે 'મિની પોઈચા' તરીકે ઓળખાય છે. મંદિરને 17 ઓક્ટોબર 2017માં ધનતેરસના દિવસે લોકો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું.

મંદિરમાં મધ્યભાગમાં શ્રી નીલકંઠ વર્ણીન્દ્ર ભગવાનનું મંદિર આવેલ છે. એક બાજુ હનુમાનજીનું મંદિર છે. મંદિરના શિખર પર 108 મોટા સુવર્ણકળશો બનાવેલા છે. જે દૂરથી જોતાં ખૂબ નયનરમ્ય લાગે છે. મંદિરનુ અન્ય આકર્ષણ મંદિરની નીચે આવેલા ભોંયરામાં માછલીઘર, રામ, શ્યામ, ઘનશ્યામ ચરિત્ર, કાચ હાઉસ, ધૂમ્ર અને લેઝર શો, સાયન્સ સિટી, ટ્રેનની હોરર ટનલ અને વન ચરિત્ર વગેરે મંદિરના આકર્ષણ કેન્દ્રો છે.

## વણોદ જૈન તીર્થ (વણોદ) :

દસાડા (પાટડી) તાલુકાનું વણોદ ગામ જૈન ધર્મના તીર્થ તરીકે પ્રખ્યાત છે. વણોદ એક પ્રાચીન અને ઐતિહાસિક ગામ છે. દસાડાથી લગભગ 10 કિ.મી. અને શંખેશ્વર થી 15 કિ.મી.ના અંતરે આવેલ છે.

પંચાસરના ચાવડા વંશના રાજા જયશિખરી અને ચાલુક્યરાજ ભુવડ વચ્ચેના યુદ્ધમાં જયશિખરી વીરગતિ પામે છે. ત્યારે તેમના સેનાપતિ અને સાળા શૂરપાળે સમય પારખીને પોતાની બહેન અને રાણી રૂપસુંદરી સગર્ભા હોવાથી ચાવડાવંશના કુળદીપકને બચાવવા માટે ગુપ્ત રસ્તેથી જંગલમાં લઈ જતાં રૂપસુંદરી પુત્રરત્નને જન્મ આપે છે. આ બાળકનો જન્મ વનમાં થયો હોવાથી આ બાળકનું નામ 'વનરાજ' રાખવામાં આવ્યું. આ જંગલમાંથી એકવાર જૈન મુનિ શીલગુણસૂરિ મહારાજ વિહાર કરવા નીકળ્યા. તે સમયે વનરાજના રડવાનો અવાજ સાંભળીને નજીક આવે છે. બધી હકીકત જાણીને વનરાજ અને તેની માતા રૂપસુંદરીને જૈન ઉપાશ્રયમાં આશ્રય આપે છે. વનરાજ ચાવડા જ્યારે અણહીલવાડ પાટણના અધિપતિ બને છે, ત્યારે જ્યાં પોતાનો જન્મ થયો અને બાળપણ વીત્યું ત્યાં ગામ વસાવી તેનું નામ પોતાના નામના પ્રથમ અક્ષર 'વ' ઉપરથી વણોદ રાખ્યું. અહીં તળાવ બંધાવીને પોતાની કુળદેવીનું મંદિર બંધાવ્યું.

આ ગામ લગભગ 1200 વર્ષ જૂનું છે. અહીં પ્રાચીન સમયમાં જૈન ઉપાશ્રય હોવાથી સાહજિક રીતે તે સમયે ત્યાં જૈન દેરાસર બંધાવ્યું હશે. પરંતુ કાળક્રમે નાશ પામ્યું હશે. વર્તમાન

સમયનું જૈન દેરાસર કોણે અને ક્યારે બંધાવ્યું તેના કોઈ ઐતિહાસિક પુરાવા ઉપલબ્ધ નથી. પરંતુ શિલ્પીઓના અંદાજ મુજબ દેરાસર 500 વર્ષ જૂનું હશે. અત્યારના મૂળ સ્થાનકમાં શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા હોવાનો લેખ સંવત 1661 વૈશાખ વદ 11 ને સોમવારે અને તેની પ્રતિષ્ઠા શહેનશાહ અકબરના નિમંત્રણને માન આપી મુઘલ દરબારમાં પોતાના ગુરૂ શ્રી હરિવિજયસૂરિજી સાથે જઈ અકબરને પ્રભાવિત કરનાર શ્રી વિજયસેનસૂરિના વરદ્ હસ્તે સંવત 1662ના વૈશાખ સુદ-6 ને બુધવારે થયાનો લેખમાં ઉલ્લેખ મળે છે.

### ઉપરિયાળા જૈન તીર્થ (ઉપરિયાળા) :

ઉપરિયાળા તીર્થ દસાડા તાલુકાના ઉપરિયાળા ગામની મધ્યમાં આવેલું છે. વિરમગામથી લગભગ 15 કિ.મી., પાટડીથી 18 કિ.મી. અને વિરમગામ-ધ્રાંગધ્રા હાઇવે પર આવેલ મોટી મજેઠી ગામથી માત્ર 8 કિ.મી.ના અંતરે આવેલ છે.

આ તીર્થધામની સ્થાપના અંગે એક અનુશ્રુતિ છે જે પ્રમાણે ગામમાં એક કુંભાર માટીકામથી પોતાનું ગુજરાન ચલાવતો હતો. એક રાતે તેને સ્વપ્ન આવ્યું કે તે જે ચાકડામાં માટી કામ કરે છે. તે ચાકડાની નીચે ચાર દેવની પ્રતિમા સમાયેલી છે તેણે આ સ્વપ્નની વાત ગામ લોકોને કરી. તેથી આજુબાજુના ગામ લોકોને ભેગા કરી જૈનમુનિની હાજરીમાં ખોદકામ કરતા ચાર પ્રતિમાઓ મળી આવી. જેની સ્થાપના આ દેરાસરમાં કરેલ છે. ઉપરિયાળા તીર્થનો ઉલ્લેખ છસો વર્ષ પહેલા પણ મળી આવે છે. 15મી સદીના અંતે થઈ ગયેલ 'શ્રી જયસાગરે' રચેલા 'ચૈત્યપરિપાટી'માં આ ઉપરિયાળામાં શ્રી આદિનાથનું મંદિર હતું એવો ઉલ્લેખ જોવા મળે છે.

વર્તમાન ઉપરિયાળા દેરાસરમાં શ્રી આદિનાથ ભગવાનનું મંદિર બેઠા ઘાટનું અને સાદું છતાં દર્શનીય છે. મૂળ ગભારો, સભામંડપ અને ત્રણ બાજુએ શૃંગાલ ચોકીઓ, શિખર, ચાર ઘુમ્મટ તથા વચલી ચોકી ઉપર સામરણયુક્ત બાંધણીવાળો ઘુમ્મટ છે. મંદિરની જમણી બાજુ શ્રી શાંતિનાથ ભગવાન અને ડાબી બાજુ શ્રી પાર્શ્વનાથની મૂર્તિઓ છે. તો નીચે શ્યામ આરસની શ્રી નેમિનાથની મૂર્તિ બિરાજમાન છે. અહીં દર વર્ષે મહા સુદ-13 ને તથા ફાગણ સુદ-8ના રોજ યાત્રાઓનો મેળો ભરાય છે. આ જગ્યાનું સંચાલન આનંદજી કલ્યાણજીની પેઢી દ્વારા કરવામાં આવે છે. અત્યારે આ મંદિરનું જીર્ણોદ્ધાર કાર્ય ચાલુ છે.





### હજરત નવ સૈયદ પીરની દરગાહ (જૈનાબાદ) :

દસાડા તાલુકાના જૈનાબાદ ગામમાં આ દરગાહ આવેલી છે. જે તાલુકાનાં મુખ્ય મથક પાટડીથી લગભગ 12 કિ.મી.ના અંતરે આવેલ છે.

આ હજરત નવ પીરનું મૂળ સ્થાન સિંધ પ્રાંતમાં હતું. લોકવાયકા અનુસાર સિંધના રાજા સુમરો એકવાર પોતાના લશ્કર સાથે નગર ભ્રમણ કરવા નીકળે છે. ત્યારે તેની નજર નવ પીરની બહેન બીબી અજમા પર પડે છે. બીબી અજમા ગમી જતા રાજા પોતાના સૈનિકો સાથે શાદી માટેનું કહેણ મોકલે છે. પરંતુ નવ પીરના સૈયદ પરિવારને આ કહેણ નામંજૂર હોવાથી આખો પરિવાર સિંધમાંથી હિજરત કરે છે. આ વાતની જાણ થતાં સુમરો પોતાનું સૈન્ય આ પરિવાર પાછળ મોકલે છે.

સૈયદ પરિવાર વર્તમાન જૈનાબાદ આવે છે. તત્કાલીન ગામના રાજા સૈયદ પરિવારના સંકટ જાણી તેમને સહાય કરવા પ્રયાણ કરે છે, પરંતુ રાજાનું લશ્કર પહોંચે તે પહેલા સુમરાનું સૈન્ય આવી જાય છે. સૈન્ય અને સૈયદ પરિવાર વચ્ચે લડાઈ થાય છે અને બીબી અજમાના નવે-નવ ભાઈ અને પરિવારના સભ્યો શહીદી વહોરે છે. અંતે બીબી અજમા પણ કોઈ સહારો ન હોવાથી નેક દિલથી ખુદાને યાદ કરે છે. જમીનમાં સમાઈ જવાની દુઆ કરે છે કે તુરંત જમીન ફાટે છે અને બીબી અજમા તેમાં સમાઈ જાય છે.

જ્યાં બીબી અજમા સમાયા ત્યાં તેમની અને તેમના નવ ભાઇઓની કબરો આવેલી છે. આ જગ્યા ઝાલાવાડ પરગાણામાં 'હઝરત નવ સૈયદ પીરની દરગાહ' તરીકે જાણીતી છે. અહીં દર વર્ષે ભાદરવા સુદ-13 નો મેળો અને મુસ્લિમ ચાંદ-11 ના રોજ ઉર્સ ભરાય છે. આ વિસ્તારના લોકો બાધા કરવા શ્રધ્ધા સાથે આવે છે.

### સવલાસિયા પીરની દરગાહ (સવલાસ) :

સવલાસિયા પીરની દરગાહ દસાડા તાલુકામથક પાટડીથી માલવણ જતાં માત્ર 3 કિ.મી.ના અંતરે સવલાસ ગામમાં આવેલ છે.

સવલાસમાં રૂક્નુદ્દિન અને નુરૂદીનની દરગાહ આવેલ છે. 'સવલાસિયા પીર' તરીકે ઓળખાય છે. ખારો-પાટમાં મેળો ભરાય છે. તેવી લોકોક્તિ છે કે 'પહેલો તો મેળો સવલાસિયા પીરનો.' સવલાસિયા પીરનો મેળો દર વર્ષે ભાદરવા સુદ બીજના દિવસે ભરાય છે. મેળાના આગળના દિવસે સાંજે 'સંદલ શરીફ' રસમ બાદ કબર પર ચાદર ચડાવવામાં આવે છે. સંદલ શરીફની રસમ અને મેળામાં બધી જ કોમ અને જાતિના લોકો ભાઇચારાથી ભાગ લે

છે. જે ધાર્મિક-સહિષ્ણુતાનું ઉદાહરણ પૂરું પાડે છે.

લોકવાયકા અનુસાર જ્યારે પાટડીમાં ઝાલાવંશનું શાસન હતું ત્યારે ઘણીવાર રાત્રિ રોકાણ સવલાસમાં કરતાં રૂકઝુદિન અને નુરૂદીન તેમના રક્ષણની જવાબદારી લેતા. એક વખત 200 જેટલા પ્રવાસીઓએ અહીં રોકાણ કર્યું. રાત્રે બજાણાની આસપાસ રહેતા જતોએ આ પ્રવાસીઓને લૂંટ્યા અને તેમની હત્યા કરી. રૂકઝુદિન અને નુરૂદીન આ આઘાત સહન ન કરી શકયા અને શહીદ થયા. તેમની કબર પર દરગાહ બનાવવામાં આવી છે.

**હજરત સોહર વર્દિયા બહાઉદ્દીન બાવા પીરની દરગાહ (બજાણા) :**

પાટડીથી માલવણ જતાં 8 કિ.મી.ના અંતરે બજાણા ગામ આવેલ છે. અહીં હજરત સોહર વર્દિયા બહાઉદ્દીન બાવા પીરની દરગાહ શરીફ આવેલ છે. બહાઉદ્દીન બાવા પીરે પોતાનું પ્રાથમિક શિક્ષણ વિરમગામના અલીગઢ ખાતે લીધેલું. 14 વર્ષની ઉંમરે તેમણે આઝાદીની લડતની રેલીઓની આગેવાની લીધી હતી. માલવણમાં શિક્ષક તરીકે ફરજ બજાવેલી. દર વર્ષે મુસ્લિમ ચાંદ-15 અને 16 રજબ મહિનાના દિવસે તેમનું ઉર્સ (મેળો) બજાણામાં ભરાય છે. અહીં આસપાસના દરેક ધર્મના લોકો આ મેળામાં ભાગ લે છે. લોકો પોતાની બીમારી અને તકલીફોમાંથી રાહત મેળવવા દરગાહ પર આવે છે. બહાઉદ્દીન બાવા પીરની ખ્યાતિ દૂર સુધી ફેલાયેલી છે.

આમ, ઉપરોક્ત સિવાયના આ તાલુકામાં બીજા ઘણા બધા નાના-મોટા ધાર્મિકસ્થાનો આવેલા છે. જેમ કે, લાખા-ગોરલની જગ્યા (દેહગામ), નાગદેવતાનું સ્થાનક (બજાણા), શ્રી આબુરાજ અન્નક્ષેત્ર અને અન્નપૂર્ણા માતાનું મંદિર (પાટડી), વડગામ જૈન તીર્થ(વડગામ) અને મુસ્લિમ ભાઇઓના પાળિયા (ખેરવા) છે. દસાડા તાલુકાના બધા દેવી-દેવતા, લોકદેવ-દાદા, સંતો, પીરો અને જૈન-મુનિઓને સાચા હૃદયથી શત-શત નમન...

*પાટડી સોનાની હાટડી, દસાડા દફતર બારૂ,*
*ઝાંઝવાં જળ, રણ રખેવાળ, ખારાગોઢા ખારૂં.*

*ભવની ભાંગતી ભુખ, સુખી ક્ષણ સેવી,*
*છોરૂ ને સુખ છાંયડો, દાતા રણ દેવી.*





# શીખોનો પવિત્ર ગ્રંથનો ઈતિહાસ



ગુજરાતનું એક એવું ગામ, જે સદીઓ જૂના ધાર્મિક ઇતિહાસનો સાક્ષી છે. જ્યાં શીખ ધર્મ પાળતા હોય એવો એકપણ પરિવાર રહેતો નથી, પરંતુ આ ગામમાં સદીઓથી શીખ ધર્મના પવિત્ર ગ્રંથ સાચવી રાખવામાં આવ્યો છે. દરરોજ શીખ ધર્મના આચરણ મુજબ જ એક હિન્દુ પરિવાર વિધિ કરે છે અને આ ધાર્મિક કામ માટે નિમિત્ત બન્યો હતો... 'એક મુસ્લિમ પરિવાર.'

સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકામાં આવેલું વણોદ ગામ ધાર્મિક સૌહાર્દનું ઉત્તમ ઉદાહરણ છે. આ સ્થળ આખા ગુજરાત માટે ગૌરવ સમાન છે. વણોદ ગામની મુખ્ય બજારથી આગળ વધીએ એટલે જમણી તરફ આવેલી દુકાનોની વચ્ચે શ્રી હનુમાનજી તરીકે ઓળખાતું મંદિર આવે છે. આ મંદિરનો પ્રથમ દરવાજો ખોલતાં જ જમણી બાજુ ગુરૂદ્વારા બનાવવામાં આવ્યું છે, જ્યાં ઉદાસી સ્વામી બ્રહ્માનંદ મહારાજ દ્વારા હસ્તલિખિત 'ગુરૂ ગ્રંથ સાહેબ' છે.

આ પ્રાંગણમાં પ્રવેશદ્વારની જમણી બાજુમાં એ જગ્યા આવેલી છે, જ્યાં ઉદાસી સ્વામી બ્રહ્માનંદ મહારાજ તથા તેમના શિષ્યએ જીવંત સમાધિ લીધી હતી. પ્રાંગણમાં ઘણા બધા હિન્દુ મંદિર પણ આવેલાં છે. આ દરેક મંદિરનો આગવો ઇતિહાસ છે. હનુમાન દાદાની મૂર્તિ વર્ષો પહેલાં ઝાડના ટેકે ઊભી રાખવામાં આવી હતી. ત્યારબાદ મંદિર બનાવવામાં આવ્યું હતું. આ મંદિરની બાજુમાં શંકર ભગવાનનું મંદિર છે. એની બાજુમાં અંબાજી માતાનું મંદિર આવેલું છે. અંબે માતાનું મંદિર, જે વણોદ ગામના ગોસ્વામી પરિવારનાં કુળદેવી છે.

આ મંદિર પહેલાં ગામની અંદર હતું. પછી આ પ્રાંગણમાં મંદિર બનાવીને માતાજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી. આ મંદિર માત્ર એક જ મહિનામાં તૈયાર કરવામાં આવ્યું હોવાનો ઇતિહાસ છે. એક તરફ હિન્દુ ધર્મનાં દેવી-દેવતાઓનાં મંદિર છે. એની સામેની બાજુએ પહેલા ગુરૂદ્વારા હતું, પરંતુ ખુલ્લી જગ્યામાં હોવાથી વરસાદના કારણે ગુરૂ ગ્રંથ સાહેબને નુકસાન થવાની શક્યતા હતી, એટલે પછી અલાયદી જગ્યામાં ગુરૂદ્વારા બનાવવામાં આવ્યું હતું. એ સ્થળ પર હાલ તો રામજી મંદિર બનાવવામાં આવ્યું છે અને ડાબી બાજુ નવા ગુરૂદ્વારા માટે કામકાજ હાલ ચાલી રહ્યું છે.

# ભક્તકવિ અખૈય, આદરિયાણા

જેમની વાણીમાં ગુરૂમહિમા, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનો ત્રિવેણી સંગમ જોવા મળે છે એવા સંત અખૈયનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાના આદરિયાણા ગામે આશરે છસો વરસ પહેલાં નાડોદા રાજપૂત જ્ઞાતિની ભાલૈયા શાખમાં થયો હતો. પોતાના જીવનનિર્વાહ માટે ખેતી કરતા આ ખેડૂત પરિવારમાં અખૈય જેવા ગુરૂના કૃપાપાત્ર સંત થયા. મૂળ તો આ આહીરોનું ગામ આયરિયાણા. ગામનો ચોરો ધમળા આહીરના નામે ઓળખાતો. અખૈય ભગતના ગુરૂ મહાન સંત ભૂતનાથજીની પધરામણી આ ચોરે થઈ ત્યારથી આ ચોરો ભૂતનાથના ચોરા તરીકે ઓળખાય છે. અખૈયની આરાધના આજે પણ ભૂતનાથનો ચોરો સાક્ષી પૂરી રહ્યો છે. અખૈય ભગતનું નાનપણથી જ મન સંસારમાં લાગેલું નહિ, ભાઈની સાથે ખેતી કામ કરતા પરંતુ, ભજનને પ્રારબ્ધમાં લઈને જન્મનાર અખૈયનું મન તો ઈશ્વરમાં એકાકાર થઈ રહેલું.

વઢિયારની ધીંગી ધરતીમાં આવેલ મુજપુર ગામના અખાડાના મહાન સંત ભૂતનાથજીને મનોમન ગુરૂ ધારણ કરેલા. અખૈય રોજ રાત્રે આદરિયાણાથી પચીસ જેટલા કિલોમીટરના અંતરે આવેલા મુજપુર ગામે પોતાના ગુરૂની વાણી સાંભળવા માટે ચાલતા જતા. આખી રાત ભજનો સાંભળે ને વહેલી સવારે ગામમાં આવી ખેતીકામ કરવા લાગી જતા, જેથી એમના આવવા-જવા વિશે કોઈને શંકા ન જતી. યુવાન વયે રોજ રાત્રે ઘર બહાર રહેતા અખૈયને મોટાભાઈએ લગ્ન કરવા માટે અનેક વાર સમજાવ્યા પણ, આ સંસારમાં મારૂં મન નથી લાગતું, આ માયાજાળમાં નથી પડવું એવું કહી વાત ટાળી દેતા.

એકવાર વરસતા વરસાદે અખૈય રાત્રે ઘરનું બારણું ખોલી બહાર રોજના ક્રમ મુજબ નીકળે છે. ભાઈ જાગી જતા અખૈય ક્યાં જાય છે એ જોવા માટે છુપી રીતે પાછળ પાછળ ચાલ્યા. અષાઢની હેલી મંડાણી છે, રૂપેણ નદી બે કાંઠે વહી રહી છે, અખૈય નદીના પાણીના પ્રવાહ ઉપર જાણે કેડી હોય તેમ સડસડાટ ચાલતા ચાલતા આગળ વધી ગયા. ભાઈ આ દ્રશ્ય અવાચક બની જોઈ રહ્યા. તેમને એ સમયે આ આત્માને ઓળખી લીધો. અખૈય, તું ભૂતળ પર ભૂલો પડેલો દેવાત્મા છે. ભાઈ અખૈયને મનોમન વંદી રહ્યા. પછી ક્યારેય લગ્ન કરવાનું દબાણ ન કર્યું.

અખૈય તો કંઈ જ બન્યું નથી એમ રોજના નિયમ મુજબ મુજપુર પહોંચ્યા. અખાડામાં રોજ ગુરૂ ભૂતનાથને દૂધ આપવા એક રબારી આવતો. તે દિવસે એણે આપેલ દૂધ ગુરૂએ પોતે ન પીધું ને અખૈયને પાયું. કોણ જાણે કેમ પણ દૂધના ઓડકાર સાથે જ અખૈયમાં દિવ્યચેતના





જાગૃત થઈ. ગુરૂજ્ઞાન થતાં હૈયે ભજનની હેલી મંડાણી. સવારો સવાર સુધી અસ્ખલિત ભજન બોલાતા ગયા. કહેવાય છે કે, ગુરૂના આશીર્વાદથી એક જ બેઠકે 360 ભજનો ગંગાના પ્રવાહની જેમ વહેતા રહ્યા. અલૌકિક, જીવ, માયા અને પરમતત્ત્વ વિશેની ગહનવાણીમાં સૌ તરબોળ બની ગયા. ગુરૂ ભૂતનાથજી ખૂબ ખુશ થયા. એમના આશીર્વાદ મળ્યા. સામાન્ય રીતે મૃત્યુ અને જિંદગી એ બે વિરોધી તત્ત્વ છે. પણ અખૈયએ તેમની વાણીમાં આ બન્ને તત્ત્વોનો સમન્વય કર્યો છે. તે પછી આદરિયાણા ગામે ધમળા આયરના ચોરે સંત ભૂતનાથજીની પધરામણી થઈ. અને લોકો અખૈયની ભક્તિને નમી રહ્યા. સંત અખૈયએ અખંડ બ્રહ્મચર્ય પાળીને આખી જિંદગી અલખને આરાધ્યા. ભૂતનાથ ચરણે ભણે અખૈયો એ નામા ચરણથી તેમના ભજનો આજે પણ ગવાય છે...

*આરતી કરૂં મારા હરિગુરૂ સંત છોડાવ્યા સર્વ ફંદ;*
*ચોર્યાસીના બંધ હરિગુરૂદેવની આરતી...*

----------

*હરિ મંદિરમાં હોય થાળી, મારા પ્રભુના મંદિરમાં હોય થાળી;*
*જમવા આવોને મારા વનમાળી...*

## વટેમાર્ગુનો વિહામો... આબુરાજ અન્નક્ષેત્ર

પાટડીના પાદરમાં આવેલ આબુરાજ અન્નક્ષેત્ર સંતો-મહંતો અને વટેમાર્ગુનો વિહામો છે, જ્યાં રહેવા-જમવાની ઉત્તમ નિ:શુલ્ક સેવાઓ, ભજન કીર્તન માટે ઉત્તમ સ્થાન છે. સંત શિરોમણિ દાસાનુદાસજી દયાનંદ તીર્થજી મહારાજના સમાધિસ્થાને ધૂણો આવેલ છે. સિદ્ધયોગી દયાનંદ તીર્થજીની મીણની મનોહર મૂર્તિ કદાચ સમગ્ર ઝાલાવાડમાં એક હશે.

**આબુરાજ અન્નક્ષેત્રની સેવાઓ :** 1. ટુકડો ત્યાં હરિ ઢુકડો, ભોજન પ્રસાદ છેલ્લા 27 વર્ષથી અવિરતપણે ચાલુ છે. 2. કુદરતી આફત ટાણે આશ્રયસ્થાન, 3. અતિથિ માટે એ.સી.વાળા રૂમ છે, વિશાળ હોલ પણ છે. 4. વર્ષમાં ત્રણ ભવ્ય અવસરોની ઉજવણી પ્રસંગે હજારો લોકો ભજન કીર્તન, ભક્તિ અને ભોજન પ્રસાદનો લાભ લે છે,

આ જગ્યામાં સાધકો માટે મૌન કુટીર, સાધના વિહાર, ધર્મસભા માટે વિશાળ હોલ, માઁ અન્નપૂર્ણા મંદિર, પુસ્તકાલય, હજારો વૃક્ષોનું નંદનવન, એકાંત શાંત પર્યાવરણ, હનુમાનદાદા મંદિર, ગોગા મહારાજ મંદિર, પંખીઘર, ચબૂતરો, આ જગ્યામાં કોઈ સંત-મહંત નથી.

# ખારો-પાટના... ચીંથરે વીંટ્યા રત્નો...

એક વખત અમદાવાદ પ્રાંતમાં અને હવે સુરેન્દ્રનગર જિલ્લામાં આવતો રણ વિસ્તાર એટલે દસાડા તાલુકો. હરિ તારા નામ છે હજાર એ રીતે સહુ એ આ વિસ્તારને પોતાની રીતે નામ આપી પોંખ્યો ને બધાય સાચા પડ્યા ! કોઈએ કહ્યું ખારોપાટ ને કોઈએ કહ્યું રણકાંઠો ! આમ જુઓ તો ઝાલાવાડનો એક હિસ્સો કહી શકાય. કાયમ અભાવ – અર્ધ અછત કે અછત સામે ઝીંક ઝીલતા આ વિસ્તારની મુખ્ય આજીવિકા મીઠું ને કાલા – કપાસ, જીરૂં ને એરંડા...

આ વાત આજીવિકાની થઈ પણ, અહીંના લોકજીવનના તારને કાયમ રણઝણતા રાખતા બશીર – નઝીરને યાદ કરવા પડે. દસાડામાં વસતા અલુભાઈના સંતાન બશીર અને નઝીરભાઈ. અલુભાઇ પણ આલા દરજ્જાના કવિ. બશીર – નઝીરની જોડીને ભજન, કવ્વાલી અને ગઝલ માટે કાયમ યાદ કરવા પડે તેવું પ્રદાન છે. હિન્દુ હોય કે મુસ્લિમ, ઉર્સ હોય કે મેળો મંદિરથી લઈ દરગાહ સુધી બશીર – નઝીરની જોડીએ ભક્તિ અને ઇબાદતનો સમન્વય સાધ્યો છે.

બીજી તરફ બજાણાના બચુભાઈ સાહેબ ખાન અવલ દરજ્જાના સંગીતજ્ઞ કહી શકાય. પંડિત જસરાજજી સાથે તેમણે હાર્મોનિયમ ઉપર ઘણી સંગત કર્યાનું કહેવાય છે. દાદુભાઈ કાજી વ્યવસાયે એસ.ટી. ડ્રાઇવર. પરંતુ, મૂળવતન બજાણા હતું. બજાણામાં બેગમ અખ્તર જે ઉચ્ચકોટીના ઠુમરી ગઝલ ગાયિકાએ ઘણો સમય વિતાવ્યો હતો. સંતવાણી અને ભજનો ગાઈને જિવન પસાર કર્યું. ખારાઘોડાના પ્રહલાદ મહારાજ જે અંગ્રેજ વખતના સિપાહી હતા. ભજન અને સંતવાણીમાં આદરભર્યું સ્થાન હતું. અહીંયા અગરિયા આગેવાન શંકરભાઈ મોરથરિયાને યાદ ન કરીએ તો સંગીત સફર અધૂરી રહે. રણમાં જીવન પસાર કરનાર આ નિરક્ષર વ્યક્તિ પાસે આરોહ – અવરોહથી લઈ તાન પલટા સુધીની સમજણ અને તેવી જ ગાયકી. સંગીત અને ગીત સાથે નાતો જોડીને જીવનાર અહીંયા અનેક વ્યક્તિત્વો થઈ ગયા. આજે એ કોઈ રહ્યા નથી. માત્ર તેમની યાદ રહી ગઈ છે.









# અગરિયાનું ગામ ખારાઘોડા...

વિલિયમ્સ નામના અંગ્રેજ અધિકારીએ કચ્છના નાના રણ અને રણકાંઠે વસતા લોકોનો વિસ્તૃત અભ્યાસ કર્યો. કદાચ, એ વર્ષ ઇ.સ. 1860 આસપાસનું હતું. રણની આબોહવાથી લઈ રણકાંઠાના લોકોના મિજાજ સુધીનો ઊંડાણપૂર્વકનો તેણે અભ્યાસ કર્યો હોવાનું કહેવાય છે. વરસમાં અહીંયા કેટલા દિવસ સૂર્યપ્રકાશ રહે છે ? પવનની ઝડપ કેટલી હોય છે ? અહીંયા વસતા લોકોમાં રોગનું પ્રમાણ કેવું અને કયા રોગ જોવા મળે છે ? સહિતની માહિતીના કર્યા પૃથક્કરણ પછી ખારાઘોડાને મીઠાના મથક તરીકે વિકસાવવાનું નક્કી થયું. જૂનું ખારાઘોડા ત્યારે અસ્તિત્વમાં હતું. પરંતુ, ખોબાની અંજલિ જેવડું એ નાનકડું કસબા જેવડું ગામ હતું. તેની પડખે ખારાઘોડા (નવાગામ) વસાવવાનું નક્કી થયું. પરંતુ, ખારાઘોડા વસાવવાનું કારણ માત્ર મીઠાનો વેપાર અને ઉત્પાદન હતું. આ નવાગામમાં અગરિયાઓ વસાવવાના હતા. જોકે આ ગામ વસાવ્યા પહેલા ઝાલાવાડના ઝીંઝુવાડા સ્ટેટ પાસેથી બ્રિટિશ સરકારે રણની કેટલીક જમીન ભાડાપટે લીધી હતી. બદલામાં ઝીંઝુવાડા સ્ટેટના ઝાલા રાજવીને વાર્ષિક નક્કી થયેલી રકમ અને મીઠું ચૂકવવાનું નક્કી થયું હતું. ઓડુથી વાયવ્ય ખૂણે દોઢ માઇલ દૂર 'પ્રિચાર્ડ સોલ્ટ વર્ક્સ'ના નામથી બ્રિટિશરોએ બોમ્બે સોલ્ટ ડિપાર્ટમેન્ટના નેજા હેઠળ મીઠા ઉત્પાદનની શરૂઆત કરી તે વર્ષ ઇ.સ 1872 નું હતું.

બીજી તરફ ખારાઘોડાનું પણ અંગ્રેજ એન્જિનિયરોની રાહબરી તળે તબક્કાવાર બાંધકામ થઈ રહ્યું હતું. અગરિયાઓને વસવાટ માટે હરોળબંધ લાઇનસર મકાનો તૈયાર થઈ ગયા હતા. અહીંયા મીઠું પકવવા ઇચ્છતા હોય તેવા વફાદારીપૂર્વક મીઠું પકવી શકે એવા લોકોને આ ગામમાં વસવાટ માટે આમંત્રિત કર્યા હતા. કામના બદલામાં તેમને પૂરતું વેતન મળવાનું હતું. આ ઉપરાંત સગવડતાવાળા ગામમાં વસવાટ કરવા મળતો હતો તે મોટી વાત હતી. એ જમાનામાં ઈંગ્લેન્ડના પરગણા જેવા ચમકતા ગામને જોઈને તેમાં રહેવા આવવાનું સહુ કોઈને મન થઈ જાય તેવું આ ગામ દેખાતું હતું. પહોળા માર્ગ અને દરેક થોડા અંતરે ક્રોસ આકારના લોખંડના સાત-આઠ ફૂટ ઊંચાઈના થાંભલા ઉપર કાચની પેટીમાં દરરોજ સાંજે હવાલદાર કેરોસીનના દીવા પેટાવી જતો હતો. સવારે માર્ગોની નિયમિત સફાઈ અને ગામમાં સિપાહીઓનો જડબેસલાક ચોકી પહેરો એ આ ગામમાં વસવાટ કરનારની સલામતીની ખાતરી આપતા હતા.આજથી દોઢસો વરસ પહેલા ગામડામાં વસતી પ્રજા માટે આ પ્રકારની બાંધણીનું ગામ અચંબો હતું.

આ ગામમાં વસનાર અગરિયાઓ અને વસાવનાર અંગ્રેજોને અહીંયા અંદાજે એકાદ દાયકો પસાર થઈ ગયો હતો. હવે ગામનું લગભગ સંપૂર્ણ બાંધકામ પૂરૂં થવા આવ્યું હતું . તોય

દર વરસે નવું નવું બાંધકામ થયા કરતું હતું. પ્રિચાર્ડ સોલ્ટ વર્ક્સ હવે વિસ્તરતું જતું હતું. રણમાં તેમને નવા અગરોની સાઇડિંગ ખોલી હતી. વધુને વધુ અગરિયા પરિવારો મીઠાના અગરમાં જોડાઈ રહ્યા હતા. અગરિયા પરિવારોનો આંકડો 900 પરિવારે પહોંચ્યો હતો. જે ભવિષ્યમાં 1600 ને પાર કરી જવાનો હતો. રણની અંદર કોશ દ્વારા પાણી ખેંચીને ક્યારામાં પાણી ભરીને મીઠા ઉત્પાદન થતું હતું. તળમાં પાણીના લેવલ ઘણા ઊંચા હતા. એટલે ઉત્પાદન ખોરવાતું નહોતું અને સારો નફો આપતું હતું.

સહુ કોઇને આ ખારીહવાનો પ્રદેશ બરાબર માફક આવી ગયો હતો. બોમ્બે સોલ્ટ ડિપાર્ટમેન્ટના નામ હેઠળ તેમનો મીઠાનો વેપાર તેજ ગતિએ વિકસવા લાગ્યો. મીઠાનું ઉત્પાદન વર્ષના પાંચ લાખ બંગાળી મણ સુધી પહોંચ્યું. (એક બંગાળી મણ એટલે આશરે ચાલીસ કિલો). આ સમય દરમિયાન વિરમગામથી ખારાઘોડા સુધી રેલવેના પાટા પાથરીને બ્રોડગેજ લાઇન દ્વારા મુખ્ય રેલવે લાઇન સાથે સાંકળી લેવામાં આવ્યું. પરંતુ, રણમાં પેદા થતું મીઠું ખારાઘોડાથી બજાર સુધી પહોંચાડવું શી રીતે ?

તેના માટે અંગ્રેજ સરકારની BB&CI (બોમ્બે બરોડા એન્ડ સેન્ટ્રલ ઇન્ડિયા) રેલવેએ રણમાં પાટા પાથરવાનું શરૂ કર્યું. મુંબઈ અને મદ્રાસથી આવતા એન્જિનિયરોને લઈને ટ્રેન ખારાઘોડા રેલવેસ્ટેશને પહોચતી. તેમાંથી ઉતરતા એન્જિનિયરોને સલામી આપતા સિપાઈ બેન્ડની રિધમ વચ્ચે ઘોડાની બગીઓ તેમના ઉતારા તરફ દોરી જતી.

રણની કાંધમાં બનાવેલા વર્કશોપમાં દિવસ ઊગ્યાથી આથમ્યા સુધી લાકડાના વેગન બનાવવાનું કામ ચાલ્યા કરતું હતું. સાડા સોળ ફૂટની લંબાઈના, વિશિષ્ટ આકારના પડખે બે ફૂટના પાટિયા અને મિજાગરાવાળા વેગન કેમ બની રહ્યા હતા. એ કામ કરતો મિકેનિક જાણતો ન હતો. રેલવેના પાટા રણમાંથી આવીને વર્કશોપ પાસે અટકી જતા હતા. એ રેલવેના પાટા પછી શું બનવાનું હતું એ અંગ્રેજો સિવાય કોઈ જાણતું નહોતું.

થોડા દિવસ પછી એ વિસ્તારમાં ગોરાઓની અવર-જવર વધી ગઈ. મલબારથી સાગના લાકડા ભરીને વેગન આવ્યા. સિલેટિયા કાળમીંઢ પથ્થરના ઢગલા ખડકાયા. લોકો કહેતા હતા કે મીઠું ભરવા માટે મોટી વખાર બનવાની હતી. ગોરા એન્જિનિયરોના માર્ગદર્શન હેઠળ એ વખતના ઉસ્તાદ કહેવાતા 13 સ્થાનિક મિસ્ત્રી અને તેમના મદદનીશોના કાફલા દ્વારા અજાયબ ગણી શકાય તેવી વખારનું સર્જન થવાનું હતું. વખારના બાંધકામ પછી છાપરા ઉપર લાકડાની કેચી ગોઠવીને ત્રણ ઈંચના રિવેટથી રિવેટિંગ કરતા તેર મિસ્ત્રીઓમાં ગુરૂ જેવા મૂળજી રત્ના મિસ્ત્રીને અંદાજ પણ ન હતો કે તેમનું વિશિષ્ઠ નિર્માણ બહારની દુનિયાથી અજાણ્યું રહીને એક દિવસ ધૂળમાં મળી જવાનું હતું.





જમીનથી ચાર ફૂટ ઊંચું પ્લેટફોર્મ બનાવીને અંદાજે 500 ફૂટ આસપાસની લંબાઈની વિશાળ વખાર બનાવવામાં આવી હતી. વખારના તળિયાથી મધ્ય ભાગની ઉપરની ટોચ અંદાજે 55 ફૂટ ઊંચી હતી. ચક્કીએ ચૂનો પીસીને ચણતર કરવામાં આવેલી વખારમાં ત્રીસ ફૂટની ઊંચાઈએ રેલવેના પાટા પાથરવામાં આવ્યા હતા. અત્યારના શહેરી ફ્લેટના માપ પ્રમાણે લગભગ ત્રીજા માળની ઊંચાઈએ , રણમાંથી મીઠું ભરેલા વેગનો સાથે સ્ટીમ એન્જિન પહોચવાનું હતું. મિજાગરાવાળા વેગનના પાટિયા ખોલતા જ, એ ઊંચાઈએથી મીઠું નીચે આવેલી વખારમાં ઠલવાતું હતું.

એટલી ઊંચાઈ સુધી આખી ગુડ્સ ટ્રેનને ચડાવવા માટે, એકાદ કિલોમીટર દૂરથી માટી નાખીને ઢોળાવ કરવામાં આવ્યો હતો. રણમાંથી મીઠું પહેલા વેગનોમાં ચડાવવામાં આવતું. એ વખતે કામદારોને જોશ ચડાવવા માટે ઘણીવાર ઢોલ વગાડવામાં આવતો. મીઠું ભરેલા વેગન એન્જિન સાથે ઢાળની ચડાઈ શરૂ કરે. ઢાળની ઊંચાઈ વધે તેમ એન્જિન હાંફી જાય. એટલે બીજું એન્જિન જોડવામાં આવતું. રણકાંઠાની ખારવાળી આબોહવા અને ઝાકળ પડવાથી રેલવે લાઇન લપસણી થઈ જતી, એટલે એન્જિનના પૈડા એક જ જગ્યાએ ગોળ ગોળ ફર્યા કરતા. પૈડા પાટા ઉપર લપસી ન જાય અને આગળ વધી શકે તે માટે પાટા ઉપર ધૂળ ઉડાડવાનું આયોજન હતું. તે કામ માટે 14 માણસની ભરતી કરવામાં આવી હતી. ઊંચાઈ પર આવેલી વખાર તરફ જતા પાટાની બન્ને તરફ રેતીના ઢગલા કરવામાં આવતા. તેમાંથી ખોબે ખોબે ધૂળ પૈડા અને રેલવેના પાટા વચ્ચે નાખવામાં આવતી હતી. વખાર સુધી જતા રેલના બે ટ્રેક હતા. વેગનના પાટિયા ખોલ્યા પછી પાવડાથી મીઠું નીચે પાડવા માટે મજૂર રાખવામાં આવતા. લાંબા હાથના પાવડાથી મીઠું પાડતા મજૂરોએ એક પગ રેલના પાટા ઉપર ને બીજો પગ વેગન પર રાખવો પડતો. ત્રણ ઇંચની પહોળાઈનો પાટો એ જ તેમના માટે સ્થિરતાથી ઊભા રહેવાનો આશરો હતો. પાટાની નીચે નજર કરતા ત્રીસ ફૂટની ઊંડાઈ હતી. જેમ તેમાં મીઠું ઠલવાતું જાય તેમ મીઠાનો ઢગલો ઊંચો આવે અને ઊંડાઈ ઘટે, જોખમ પણ ઘટે. શરૂઆતમાં મીઠું ઠલવાતી વખતે નીચે નજર પડે તો ચક્કર આવી જાય તેટલું નીચું હતું વખારનું તળિયું.

બારે મેઘ ખાંગા થાય તો પણ પાણીનું એક ટીપુ સુધ્ધા વખારમાં ન પડે અને બારે માસ કુદરતી અજવાળું તથા ચોખ્ખી હવાની અવરજવર રહે તે પ્રકારનું બાંધકામ હતું. વખારની બંને તરફ પોણો ફૂટના વ્યાસ ધરાવતા વિશાળ સંખ્યાબંધ ગરગડીવાળા તોતિંગ દરવાજા હતા. તે પહેરેદારના ધક્કાથી સરકીને બંધ થઈ જતા હતા ને તેની ઉપર બે ચાવીવાળા ખંભાતી તાળા લાગી જતા હતા. મીઠાનો ખજાનો સાચવવા માટે વખારની પરસાળમાં પઠાણ અને બલોચ સિપાહીઓનો લોખંડી પહેરો લાગી જતો. અહીંથી કામ કરીને બહાર જતા કામદારોની કડક

ચકાસણી થતી. ખિસ્સામાંથી રખેને મીઠાનો ગાંગડો નીકળે તો તેનું આવી બનતું. કેમ કે અંગ્રેજો માટે મીઠું કમાઉ જણસ હતું.

અંગ્રેજના લશ્કરના ખર્ચની 33% રકમ ખારાઘોડાની મીઠાની આવકમાંથી સરભર થતી હોવાનું કહેવાય છે. મીઠાના વેપારથી લઈ અને રવાનગી સુધી લખલૂટ કમાણીનો વ્યવસાય બની ગયો હતો. આ વ્યવસાયને જાળવી રાખવા મીઠું પકવતા અગરિયાથી લઈ મીઠાના કામ સાથે સંકળાયેલા તમામને જાળવવા જરૂરી હતા. અને દબદબો જાળવવા માટે અસીમિત આવક પણ એટલી જ જરૂરી હતી જે મીઠા થકી ભરપૂર મળતી હતી. એટલે જ તેમના માટે મીઠું ખૂબ કિંમતી હતું. અને એટલે જ ખંભાતી તાળા અને સિપાહીઓના કડક ચોકી પહેરા નીચે જાળવવું પડતું હતું. ખારાઘોડામાં માત્ર અગરિયા સમુદાય નહી. પરંતુ, ક્લાર્કથી લઈ અધિકારી વર્ગ સુધી વસવાટ કરતા હતા. તબક્કાવાર ખારાઘોડાને વધારે સુવિધાયુક્ત બનાવતા રહ્યા. એ વખતે ખારાઘોડાની સગવડતા અને જાહોજલાલી જોઈને લોકો લાડમાં 'બોમ્બેનું બચ્ચું' કહીને સંબોધતા હતા. અને તે ઘણા અંશે સાચું પણ હતું. કારણ કે ડાયરેક્ટ બોમ્બે પ્રેસિડન્સી ખારાઘોડાની અને મીઠાની મૂવમેન્ટ ઉપર ઝીણવટથી નજર રાખતી હતી. એ વખતે ખારાઘોડા કેટલું સજ્જ હતું અને કેટલી સુવિધાઓ હતી. તેની અછડતી ઝાંખી જોઈએ.

- **હોસ્પિટલ**

માત્ર માનવ જ નહીં. ઈમારતનો પણ ગૌરવશાળી ભૂતકાળ હોય છે. ખારાઘોડામાં અગરિયા પરિવારોને સારવાર આપવા ઇ.સ. 1875માં નિર્માણ થયેલી આ હોસ્પિટલ એ જમાનામાં આરોગ્યક્ષેત્રના ટાંચા સાધનો વચ્ચે અગરિયાઓ અને પ્રજા માટે જીવાદોરી પુરવાર થઈ હતી. અહીંયા દર્દીને ઇન્ડોર સારવાર પણ આપવામાં આવતી હતી. પુરૂષો માટે અલાયદો વિભાગ તેમજ પ્રસૂતિ માટે પણ અલાયદો વિભાગ અને અલાયદી વ્યવસ્થા હતી. આજુબાજુના રજવાડામાંથી પણ ગાડા જોડીને લોકો સારવાર લેવા આવતા હતા. જરૂર પ્રમાણે નાની સર્જરી પણ અહીંયા કરવામાં આવતી હતી. ચેપીરોગના દર્દીઓ માટે હોસ્પિટલથી થોડે દૂર વીસ ઓરડીઓ બનાવવામાં આવી હતી. આઠ દાયકા પહેલા ઈન્ફ્લુએન્ઝાની મહામારી વખતે આ હોસ્પિટલે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. મદ્રાસ અને મુંબઈથી ડોક્ટરની ટીમ આવી હતી. આ મહામારીને કારણે અહીંયા એક માઇલ દીઠ અંદાજે 50 વ્યક્તિઓના મૃત્યુ થયા હોવાનું બોમ્બે પ્રેસિડન્સીમા નોંધાયું છે. એ વરસે મીઠાનું ઉત્પાદન પણ ખોરવાયું હતું. આજે આ હોસ્પિટલ હિન્દુસ્તાન સોલ્ટના તાબા હેઠળ ચાલે છે. પરંતુ, તેની જાહોજલાલી આથમી ગઈ છે.





- **બલકલી માર્કેટ...**

એ ખારાઘોડા (નવાગામ )અંગ્રેજોએ વસાવ્યું હતું. જ્યારે વસાવ્યું ત્યારે તેનો વૈભવ એટલો બધો હતો કે તેને સહુ 'બોમ્બેનું બચ્ચું' કહેતા હતા. સુરેન્દ્રનગરથી માત્ર 70 કિલોમીટર દૂર અને તાલુકા મથક પાટડીથી માત્ર 8 કિલોમીટરના અંતરે આવેલા આ ખારાઘોડા (નવાગામ)માં આજે પણ એક લટાર મારો તો અનોખી અનુભૂતિ થાય. અત્યંત ઊંચાઈ અને તીવ્ર ઢાળવાળા મકાનો ગામના ચોકમાં કોતરણીવાળી એક છત્રી અને તેમાં આરસની તકતી ઉપર લખેલી ગામના અતીતની વિગતો... પરંતુ, અહીંયા આજે વાત કરવી છે એ છત્રીની સામે આવેલી બલકલી માર્કેટની... 1905માં બ્રિટિશ અધિકારી બલકલીની યાદમાં આ માર્કેટ બનાવવામાં આવી હતી. એ માર્કેટમાં હરોળબંધ સામસામે દુકાનો અને એ દુકાનમાંથી જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ મળી રહેતી. મીઠું પકવતા અગરિયાઓ આ માર્કેટના ગ્રાહક હતા. ખારાઘોડા ત્રણ વિભાગોમાં વહેંચાયેલું ગામ છે. જુનાગામ, નવાગામ અને સ્ટેશન .. આ ત્રણે વિભાગોનું હટાણું અહીંયા બલકલી માર્કેટમાં રહેતું. સાંજે બેલજીયમના ઝૂમરમાં દીવા મૂકીને માર્કેટમાં પ્રગટાવવામાં આવતા ત્યારે બલકલી માર્કેટ જાજરમાન લાગતી. આજે પણ સહુ કહે છે કે આ ગુજરાતનો પ્રથમ મોલ હતો. સાવ સાચી વાત છે કહેવાવાળાની, કારણકે આ માર્કેટમાં ઢાકાનું મલમલ અને હાથી દાંતના ચૂડલાથી લઈ ઇરાકના બસરાની ખજૂર પણ મળતી. માર્કેટમાં મળતી દરેક વસ્તુની ગુણવત્તા સારી રહેતી અને ભાવ પણ વાજબી રહેતા. બ્રિટિશ સરકારની આ માર્કેટ વ્યવસ્થા ઉપર ઝીણવટભરી નજર રહેતી. માર્કેટના પાછળની ભાગમાં બહાર નીકળીએ એટલે ગિધાશેઠની દુકાન હતી. ગિધાશેઠને ત્યાં સિબાજીનની ગોળીથી લઈ કાપડના તાકા સુધી મળી રહેતું. ઉદાર દિલના હતા ગિધાશેઠ અને તેમનું મહાજન તરીકેનું નામ ગામમાં આદરપૂર્વક લેવામાં આવતું. ગરીબ જણ પાસે પૈસા ન હોય તોય કેટલાયના ટાણા-કટાણા આ બલકલી માર્કેટે સાચવ્યા છે. આ માર્કેટના બન્ને તરફના ગરગડી ઉપરના તોતિંગ દરવાજા રાત્રે બંધ થઈ જતા. ઉનાળો ગમે તેટલો ધખતો હોય પરંતુ આજે પણ માર્કેટની વચ્ચે જઈ ને ઊભા રહો તો વગર પંખાએ શીતળતા વરતાય. મીઠું પકવતા અગરિયાઓને એ વખતે કોઈ તકલીફ ન પડે તેટલા સારૂ આ માર્કેટનું સર્જન થયું હતું. અને સાચે જ આ માર્કેટે કોઈને જ તકલીફ નથી પડવા દીધી. બ્રિટિશ સમયથી પેઢી દર પેઢી આ માર્કેટમાં ધંધો કરતા વેપારીઓમાંથી કેટલાક શહેર તરફ પ્રયાણ કરી ગયા છે. તો કેટલાક હજુ પણ આ માર્કેટમાં બેસી ગુજરાન ચલાવે છે. એક સદી કરતા વધારે વખત જૂની આ માર્કેટ અહીંના લોકજીવનની સાથી અને સાક્ષી જ નહીં પણ અમૂલ્ય દસ્તાવેજ છે... હવે એ ખૂબ જીર્ણ થઈ ગઈ છે... તંત્ર પણ ઉદાસીન છે... માર્કેટ રાહ જુએ છે

તંત્ર ઉદાસીનતા ખંખેરે તેની... નહીંતર 'એક હતી બલકલી માર્કેટ'.... આ શબ્દો સાંભળવા મળે એ દિવસો દૂર નથી.

- **અગરિયા મહિલાઓનો વજનદાર વ્યંગ!...**

'ધરમી બનીને તમે જોખજો સાયેબજી, ઊજળો થાશે અવતાર !...' મીઠું પકવતા અગરિયાઓની વજનદાર સમજદારીનું મીઠું જોખતા કાંટાને સંબોધીને ગવાયેલા આ લોકગીતની રસપ્રદ કથા છે. આમ પણ ત્રાજવાએ ન્યાયનું પ્રતીક છે.વસ્તુઓ તોલવાની રીત છ હજાર વરસ પહેલા મેસોપોટેમીયામાં શોધાયેલી. પરંતુ, કચ્છના નાના રણકાંઠે ખારાઘોડામાં મીઠાનો ધમધોકાર વેપાર કરતી બ્રિટિશ મીઠા કંપનીએ ઇ.સ.1923માં ત્રણ પોર્ટેબલ વજનકાંટાની ખરીદી કરી અને છાબડા ઉપર વેગન ઊભું રાખીને મીઠું જોખી શકાય તેવો વે-બ્રિજ બનાવ્યો. એ વખતના બળદગાડાના જમાનામાં આ વે-બ્રિજ એ ટેકનોલોજીની ક્રાંતિ હતી. આ કાંટાની દેખરેખ માટે જેમ્સ નામના કર્મચારીની નિમણૂક કરવામાં આવી. આ વજનકાંટા ઉપર વજન કરતા સામાન્ય ક્લાર્કની પણ ભારે બોલબાલા રહેતી. અટપટી રીતભાતવાળો કાંટો અગરિયાઓને છેતરી જશે તેવી ચિંતામાં હળવા વ્યંગ સાથે ઉપરોક્ત લોકગીતનું અગરિયા મહિલાઓએ સર્જન કર્યું. આજે તો ટેક્નોલોજીએ હરણફાળ ભરી છે. આજે નથી જેમ્સ સાહેબ કે નથી એ લોકગીત ! એ જમાનાનું કૌતુક આ વજનકાંટો વિસરાઈને ખંડેર થઈ ઊભો છે.

- **અગરિયા સમુદાયનું આગવું શબ્દભંડોળ..**

ગુજરાતમાં બોલાતી ગુજરાતીના વિસ્તારો પ્રમાણે અલગ – અલગ ઉચ્ચારણના લહેકા છે. આ ઉપરાંત દરેક વિસ્તાર અને તેમાં વસતા સમુદાયોની ગુજરાતીમાં પણ આગવા શબ્દો અને પરંપરા છે. જોકે હાલમાં ચોતરફ અંગ્રેજીના પવન સામે ગુજરાતી ભાષામાં બોલાતા શબ્દો લુપ્ત થઈ રહ્યાં છે. આ લુપ્ત થઈ રહેલા શબ્દોનું આગવું ઉદાહરણ કચ્છના નાના રણમાં મીઠું પકવતો અગરિયા સમુદાય પણ છે. ઝાલાવાડ પ્રદેશમાં આવેલા કચ્છના નાના રણ કાંઠે ઝાલાવાડી ગુજરાતી બોલાય છે. પરંતુ, આ ઝાલાવાડી ગુજરાતી તળપદી ભાષામાં અગરિયાઓના કેટલાક આગવા શબ્દોનું ભંડોળ છે. જે બીજે ક્યાંય સાંભળવા મળતા નથી. અગરિયા એ કોઈ જાતિવાચક શબ્દ નથી. પરંતુ, મીઠાના ક્યારાને લોકબોલીમાં અગર કહે છે. આ ક્યારામાં રહીને જે કોઈ કામ કરે તેને અગરિયો કહેવામાં આવે છે. જોકે ઇ.સ. 1872થી 1947 સુધી અંગ્રેજોએ ખારાઘોડામાં મીઠાનો વેપાર કર્યો. આથી ખારાઘોડાના અગરિયાઓની જીવનશૈલી પર એક સમયે બ્રિટિશ રહેણીકહેણીનો ભારે પ્રભાવ જોવા મળતો





હતો. સફેદ કપડાં અને ખાસ કરીને અગરિયાઓમાં કોટ પહેરવાનો ભારે ક્રેઝ હતો. આજે પણ ક્યાંક ક્યાંક કોટ પહેરેલા વૃદ્ધ અગરિયા જોવા મળે છે. પરંતુ, નવી પેઢીમાં ઇન્ટરનેટ અને આધુનિકતાના પ્રતાપે તેમની બોલીમાંથી મોટાભાગે જૂના શબ્દ કાયમ માટે ભૂંસાઈ ગયા છે. હજુ પણ વૃદ્ધ અગરિયાઓ સટીયો, સુંવારી જેવા શબ્દોનો ક્યારેક ઉપયોગ કરે છે. એક સમયે આવા અનેક આગવા શબ્દોનું ભંડોળ હતું.

આ દિશામાં જો સંશોધન થાય તો એ શબ્દોની ઉત્પત્તિ અને તેની સાથેનો રોચક ઇતિહાસ નવી પેઢી માટે ભાથું બની શકે તેવો છે. નહિતર થોડા વરસોમાં અગરિયાઓનું આગવું શબ્દભંડોળ કાળની ગર્તામાં વિલીન થઈ જશે.

- **લોકબોલી અને તે શબ્દના અર્થ,** જઈ–પૈસા, સટીઓ–હાથ રૂમાલ, સાંખલા–પગ, હાટી–નાની દુકાન, લાખિયા–માચીસ બોક્સ ઉપર ચિત્ર, કન્તરી–દેશી ઉત્પાદન, અગર–ક્યારા, સુવારી–પૂરી (ખાવાની) ઉપર મુજબ અનેક શબ્દ હતા.

- **અગરિયાઓની સહકાર ગાથા.. અગરિયા સોસાયટી ખારાઘોડા**

ગુજરાતમાં દૂધ, ખાંડ અને કપાસ જેવી સફેદ ઉપજમાં સહકારી પ્રવૃત્તિના દાખલા અપાય છે. દૂધ જેવી પ્રવૃત્તિમાં અમૂલ શ્વેતક્રાંતિની આધારશિલા બની છે. ત્યારે, આઝાદી પહેલા મીઠાના ક્ષેત્રમાં ખારાઘોડા ખાતે ઊજળી પુરવાર થયેલી અગરિયા કો. ઓપરેટિવ સોસાયટીની સહકાર ગાથા બહુ પ્રકાશમાં આવી નથી. ઇ.સ. 1934માં શરૂ થયેલી આ અગરિયા સોસાયટીની પ્રવૃત્તિની વાત સાંભળતા આજે દંતકથા જેવી લાગે છે. જોકે એ વખતે અગરિયાઓ બ્રિટિશ મીઠા કંપનીવતી રણમાં મીઠા ઉત્પાદન કરતા હતા અને અગરિયા દ્વારા ઉત્પાદિત તમામ મીઠું બ્રિટિશ મીઠા કંપનીનું ગણવામાં આવતું હતું. પરંતુ, અગરિયાઓની રોજબરોજની લેવડ-દેવડ અને અન્ય ખર્ચ માટે ખાનગી વેપારીઓ પણ ધિરાણ કરતા હતા. અગરિયાઓનું ચૂકવણું વરસમાં એક વખત ઑગસ્ટમાં થતું હતું. આજે પણ આ પદ્ધતિ અમલમાં છે. ત્યારે, ખાનગી વેપારી પોતાનું ધિરાણ પાછું લઈને નવું ધિરાણ કરતા હતા. એ વખતમાં બ્રિટિશ કંપનીના સ્થાનિક વડાના પ્રમુખપદે અને અગરિયા આગેવાનોની કમિટીથી 25 જુલાઈ 1934ના દિવસે લીલુંધાન (મગ) જોખીને સત્તાવાર અગરિયા સોસાયટી અને તેના વાજબી ભાવે વેચાણકેન્દ્રની શરૂઆત કરવામાં આવી. આજે પણ અર્ધવિકસિત ગણાતા આ પ્રદેશમાં આઝાદી પહેલા ખારાઘોડાની આ અગરિયા સોસાયટીના વાજબી ભાવના સ્ટોરમાં સોયથી લઈ સાંભેલા સુધીનું રાચ-રચીલું મળતું. આ ઉપરાંત અગરિયાઓને ધિરાણ, કેન્ટિન, અગરિયાઓને ગેસ્ટ હાઉસ સહિત અનેક કામો સહકારી ધોરણે સફળતાપૂર્વક ચલાવ્યા. અગરિયા સોસાયટીનું આજે પણ અસ્તિત્વ છે. પરંતુ, મર્યાદિત કામ કરે છે.

# લુકાસ લાઈબ્રેરી-ખારાઘોડા...

પુસ્તકો માનવીના સાચા માર્ગદર્શક અને ગુરૂ છે એ બધા જાણે છે. પરંતુ, ડિજિટલ જમાનામાં માધ્યમોનું સ્વરૂપ બદલાતા લોકો મોબાઈલ અને કમ્પ્યૂટરની નજીક અને પુસ્તકોથી દૂર થતા જાય છે. લોકોના ઘરોમાં હવે પુસ્તકોથી શોભતા કબાટ બહુ ઓછા જોવા મળે છે. ત્યારે, લાઈબ્રેરીની દશા પણ મુરતિયાની રાહ જોતી સોળે શણગાર સજીને બેઠેલી કન્યા જેવી છે. આજે લાઈબ્રેરી ઘણી છે. પણ પુસ્તકમાં ડોકિયું કરનારા હવે નથી મળતા ! આ વાતને સ્વીકારવી પડે એવો એક ઇતિહાસ ખારાઘોડાની લુકાસ લાયબ્રેરીનો છે. કચ્છના નાના રણની કલા, સંસ્કૃતિ અને લોકજીવનની ઝીણામાં ઝીણી અભ્યાસ નોંધને સંઘરીને બેઠેલી આ લાઈબ્રેરીની સ્થાપના 1910 માં લુકાસ નામના અંગ્રેજ અધિકારીની યાદમાં કરવામાં આવી હતી. વિશાળ સેન્ટ્રલ હોલ અને પૂરતા હવા ઉજાસ વચ્ચે અહીં કેટલાય પુસ્તકો સ્ટીમર દ્વારા ઇંગ્લેન્ડથી આવ્યા હતા. એ સમયે મોટાભાગના પુસ્તકો અંગ્રેજી હતા. પણ, પછી તેમાં ગુજરાતી ભાષાના પુસ્તકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. એક જમાનામાં અહીંયા વાચકની લાઇન લાગતી હતી. તે ધીમે ધીમે વાચક ઘટતા બંધ થઈ ગઈ. હિન્દુસ્તાન સોલ્ટના વહીવટ હેઠળ ચાલતી આ લાઈબ્રેરી હવે સત્તાવાર બંધ થઈ ગઈ છે. તેના પુસ્તકો અભિલેખાગાર વિભાગને સુપ્રત કરવામાં આવ્યા છે.

- **ગેડા ગાર્ડન.. 'ફૂલોની ચાદર' ખારાઘોડા**

આઝાદી પહેલા ખારાઘોડા અને મીઠાના અગરનો દાયકો હતો, રોફ હતો. ગામમાં કોઈ મહેમાન આવે તો નોંધણી કરાવવી પડતી હતી. બાબુરાવ મરાઠી નામના બાગાયત કળાના જાણકારને બ્રિટિશરોએ ખારાઘોડામાં વસાવ્યો હતો. બાબુરાવે મહેનત અને કસબથી પાંચ અલગ-અલગ વિશાળ બગીચાઓનું નિર્માણ કર્યું હતું. તેમાંથી બે બગીચા બ્રિટિશ વડા અધિકારીઓ માટે હતા. તમામ બગીચાઓમાં થઈને દરરોજ એક ક્વિન્ટલ વિવિધ રંગના ફૂલ ઉતરતા તેવું કહેવાય છે. આજે ખારાઘોડામાં એકપણ બગીચો રહ્યો નથી. હિન્દુસ્તાન સોલ્ટના એક પ્રકૃતિપ્રેમી અધિકારીએ થોડા વરસ પહેલા વૃક્ષોનું વાવેતર કર્યું, તેટલા ભાગમાં હરિયાળી ફરીથી થઈ છે. બાકી ચોતરફ ગાંડા બાવળનું સામ્રાજ્ય છે.

- **બ્રિટિશરોનો વિપરીત મિજાજ... ખારાઘોડામાં મંદિર – મસ્જિદ બનાવ્યા**

ગુલામ ભારત ઉપર રાજ કરનાર બ્રિટિશરો ભારતમાં ધર્મોમાં બહુ રૂચિ રાખતા ન હોવાનું કહેવાય છે. પરંતુ, ખારાઘોડામાં ઇ.સ.1872ની આસપાસ મંદિર અને મસ્જિદનું





નિર્માણ કરાવ્યું હતું. એટલું જ નહીં, પૂજારી અને મૌલાનાને પગાર પણ ચૂકવતા હતા. બંને ધર્મોનો આદર જળવાય તેવી ભાવના સાથે એક એન્જિનિયરની પણ નિમણૂક કરી હતી. લોકોના મંતવ્યો લઈ અને બન્ને ધાર્મિક સ્થાનની ડિઝાઇન તૈયાર થઈ હતી. આ ઉપરાંત મંદિર અને મસ્જિદને અડીને પૂજારી તેમજ મૌલાનાનું ઘર બનાવવામાં આવ્યું હતું. મસ્જિદ પાસે એક મુસાફરખાનુ બનાવ્યું હતું. રામ-લક્ષ્મણ અને જાનકીની મૂર્તિ પેરીસના કારીગર પાસે બનાવડાવી હતી. આ ઉપરાંત ચાંદીના મુગટ પણ બનાવવામાં આવ્યા હતા. આ મંદિર-મસ્જદનું આર્કિટેક અને ધાર્મિક દ્રષ્ટિએ પણ અનોખું મહત્ત્વ હોવાનું કહેતા મુસ્તુફા સૈયદ કહે છે કે હિન્દુઓને ધાર્મિક દ્રષ્ટિએ પૂર્વ દિશા મહત્વની હોવાથી ગામની પૂર્વ દિશાએ મંદિર, જ્યારે ઇસ્લામમાં પશ્ચિમ દિશા મહત્ત્વની હોવાથી પશ્ચિમ દિશામાં મસ્જિદ બનાવવામાં આવી. મસ્જિદને લાકડાના છ કલાત્મક નકશીદાર કોતરણીવાળા થાંભલાથી સજાવવામાં આવી હતી. મસ્જિદના પહેલા મૌલાના શકીલ શા અને મંદિરના પહેલા પૂજારી ઉમિયાશંકર ભટ્ટ હતા. મંદિર મસ્જિદના મૌલવી અને પૂજારીને આઝાદી પછી પણ હિન્દુસ્તાન સોલ્ટ પગાર ચૂકવતી હતી. અંદાજે 45 વરસ પહેલા પગાર ચૂકવવાનું બંધ થઈ ગયું છે. બ્રિટિશરોની અનેક કડવી યાદોની સામે આ મીઠું સંભારણું છે.

- **ફાધર ઓફ ખારાઘોડા... ઝાલા બાપુ.**

ખારાઘોડાએ જેમની નિશ્રામાં કાયમ સુખ અને શાંતિ સાથે પ્રગતિ અને વિકાસ કર્યો તે વ્યક્તિત્વ એટલે શ્રી ભવાનીસિંહ નાગભા ઝાલા. ખારાઘોડાએ ઝાલાબાપુને 'ફાધર ઓફ ખારાઘોડા' તરીકે સ્વીકાર્યા છે. તેમના વિશે જાણીએ તો આજે દંતકથા જેવું લાગે. ભવાનીસિંહ નાગભા ઝાલાના દીકરા રાજેન્દ્રસિંહ ઝાલા આર્મીમાં સેવા આપી રેલવેમાં અધિકારી તરીકે જોડાયા અને હાલ જામનગર ખાતે નિવૃત જીવન પસાર કરે છે. તેમના દીકરા રઘુવીરસિંહ પણ નૌકાદળમાં ઑફિસર તરીકે સેવા આપી ચૂક્યા છે. રાજેન્દ્રસિંહ ઝાલાના દીકરી હેમાબા ઝાલા જેઓ ખારાઘોડા જુનાગામની પ્રાથમિક શાળામાં ધોરણ 1 થી 4 સુધીનો અભ્યાસ કરી અને ત્યારપછી નવાગામ શાળા અને કે. જી. એસ હાઈસ્કૂલ ખારાઘોડામાં ધોરણ 10 સુધી અભ્યાસ કર્યો. જોકે ત્યાર પછી હેમાબા એમ.એસ.સી., બી.એડ. અને કમ્પ્યૂટર સાયન્સનો ઉચ્ચ અભ્યાસ કરનાર કદાચ ખારાઘોડાના પ્રથમ દીકરી હશે, તેવું કહીએ તો પણ લગીરે ખોટું નથી. હેમાબાના લગ્ન ધર્મેન્દ્રસિંહ સાથે થયા છે. ધર્મેન્દ્રસિંહ આર્મીમાં કર્નલ તરીકે દેશસેવા કરે છે. મૂળ વાત હેમાબા ખારાઘોડાના દીકરી છે. તેમના શ્વાસમાં આજે પણ ખારાઘોડા ધબકે છે. યોગામાં હેમાબાનું આદર અને મહિમાવંત નામ છે.

# 'અગર' તુમ ન હોતે !...



ગુજરાતના આથમણા ખૂણે આશરે પાંચ હજાર ચોરસ કિલોમીટરમાં કચ્છનું નાનું રણ પથરાયેલું છે. રેવન્યુની ભાષામાં 'સર્વે નંબર શૂન્ય' કહેવાતું અને ઘુડખરના ઘર તરીકે જાણીતું આ રણ ઉનાળામાં કાળઝાળ ગરમીથી દઝાડે છે ને શિયાળામાં થરથર કંપાવે છે. એ રણમાં સૌના ભોજનના કોળિયામાં સ્વાદ ભરી દેતા મીઠાનું મબલક ઉત્પાદન થાય છે. રજવાડાના વખતથી ચાલતા એ કામમાં અંગ્રેજોએ પણ આશરે દોઢસો વર્ષ પહેલા ઝંપલાવ્યું અને નાના રણને કાંઠે ખારાઘોડા (નવાગામ ) વસાવ્યું. ત્યારથી શરૂ કરીને આજ સુધીના અતીતની યાદોમાં ગૌરવની સાથે પીડા અને મીઠાશની સાથે ખારાશ અભિન્નપણે ભળેલા છે.

- **મીઠું 'છઠ્ઠુ' તત્ત્વ :**

માનવદેહ પાંચ તત્ત્વનો બનેલો છે. પરંતુ, એક ફ્રેન્ચ ફિલોસોફરે તો મીઠાને છઠ્ઠા તત્ત્વ તરીકે ઓળખાવ્યું છે. એ ફિલોસોફરની વાતમાં તથ્ય અને સત્ય વરતાય છે. મીઠા વગર જીવન સંભવી ન શકે તેટલું એક સામાન્ય માનવ તરીકે આપણે કબૂલ્યા વગર છૂટકો જ નથી. રોમન સૈનિકોને તેમનો પગાર એક સમયે મીઠામાં મળતો હતો. મીઠાને લેટિનમાં સેલેરિયમ કહેવાતું. તેના પરથી અંગ્રેજી શબ્દ 'Salary' (પગાર) બન્યો. ઇથોપિયામાં સદીઓ સુધી મીઠાના ટૂકડા ચલણ તરીકે વપરાતા. ઘણા દેશોમાં મીઠું ખાવું એટલે વફાદારીનું પ્રતીક મનાય છે. ઘરમાં ચોરી કરવા ગયેલા ચોરના હાથમા મીઠું આવે તો ચોર એ ઘરમાં ચોરી કરવાનું માંડી વાળે તેવી લોકોક્તિ આપણે ત્યાં પ્રચલિત છે. 'નમક હલાલ ' (વફાદાર) અને 'નમક હરામ' (ગદ્દાર) શબ્દ મીઠા ઉપરથી આવ્યા છે. ભારતના ઇતિહાસમાં બ્રિટિશ સરકારના મીઠા પરના ટેક્સ વિરૂધ્ધ મહાત્મા ગાંધીજીની દાંડીયાત્રા થકી મીઠું ક્રાંતિનું માધ્યમ બન્યું.

- **કચ્છના નાના રણનો 'સ્વાદ' મીઠુ :**

મોગલ વખતના પુસ્તક 'મિરાતે અહેમદી'માં ઉલ્લેખ મુજબ ઝીંઝુવાડામાં સરસ પાસાદાર મીઠું પાકતું હોવાનો ઉલ્લેખ છે. એટલે કમ સે કમ કચ્છના નાના રણનો મીઠા ઉત્પાદનનો ઈતિહાસ  પાંચ સદી કરતા વધુ જૂનો છે. આજે પણ ઝીંઝુવાડામાં પાકતું મીઠું ખાવા માટે ઉત્તમ ગુણવત્તાનું કહેવાય છે. બીજા મીઠાના અગરો કરતા એ સફેદાઇથી લઈ ગુણવત્તામાં નોખું તરી આવે છે. દરિયા કિનારે પાકતા મીઠા અને કચ્છના નાના રણમાં પાકતા





મીઠાની મૂળભૂત પ્રોસેસ લગભગ સરખી છે. પરંતુ, સૌથી મોટો તફાવત હોય તો પાણીની ખારાશનો છે. મોટાભાગે દરિયાના પાણીની ખારાશ અંદાજે 3 ની આસપાસ હોય છે. જ્યારે કચ્છના નાના રણના તળમાંથી કૂવા/બોર કરી ઉલેચવામાં આવતા પાણીની ખારાશ લગભગ 10થી લઈ 18 સુધી જોવા મળે છે. સાદી ભાષામાં કહીએ તો દરિયાના પાણી કરતાં રણમાં મળતું ખારૂં પાણી દરિયા કરતા ત્રણ ગણાથી લઈ છ ગણી વધુ ખારાશ ધરાવતું હોય છે. કચ્છનું નાનું રણ પણ એક વખત દરિયો હતો. આ ઘૂઘવતા દરિયાની શાખ પૂરતી દીવાદાંડી ઝીંઝુવાડાના કિલ્લા ઉપર આજે પણ અણનમ થઈને ઊભી છે. રણમાં જમીની ઉથલપાથલને કારણે દરિયો આઘો ગયો અને રણનું સર્જન થયું. રણના પેટાળમાં સંગ્રહાયેલું ખારૂં પાણી જેને બ્રાયન કહે છે. એ પાણીને ક્યારામાં ભરી સૂરજના તાપમાં બાષ્પીભવન થકી મીઠાનું ઉત્પાદન કરવામાં આવે છે. આ રણમાં પાસાદાર મીઠું થાય છે. જેને વડાગરૂં મીઠું કહેવાય છે. પાંચ દાયકા પહેલા મીઠાના ક્યારામાં ક્ષારનું પડ બનાવી જેને લોકબોલીમાં પોડુ કહે છે. એ પોડા ઉપર પાકતું મીઠું એટલે તેને પોડાવાળું મીઠું કહે છે. જોકે તેનું  મૂળ સ્વરૂપ તો વડાગરૂં મીઠું છે. દરિયા કિનારે થતું મીઠું ઘેસીયું હોય છે. વેપારની ભાષામાં તેને કરકચ મીઠું કહે છે. આ ઉપરાંત હિમાચલ પ્રદેશના પહાડી વિસ્તાર મંડીની આસપાસ પણ રોક સોલ્ટ અને પાકિસ્તાનના ખેવરા પ્રદેશની ખાણોનું સિંધાલૂણ પણ વપરાશમાં લેવાય છે.

- **અગરના અગરિયા...**

કચ્છના નાના રણના પરિપ્રેક્ષ્યમાં આપણે વાત કરીએ તો મીઠાના ક્યારાને અગર કહેવાય છે. એક જમાનામાં આ ક્યારાનું માપ 100 કરમ (કદમ)x 150  કરમ (કદમ) જેટલું રહેતું હતું. ફૂટપટ્ટી કે મેજર ટેપનો જમાનો નહોતો. એટલે પગની ફલાંગ ભરીને ક્યારાનું માપ લેવામાં આવતું હતું. જોકે આજે માપ માટે કોઈ ચોક્કસ ધારાધોરણ જળવાતું નથી. કૂવામાં જેટલું ખારૂં પાણી હોય તેના આધારે મીઠાનો ક્યારો જેને પાટો કહે છે તે બનાવવામાં આવે છે. કૂવામાંથી નીકળેલું ખારૂં પાણી જેની ખારાશ 10 થી લઈ 18 હોય તે ખારાશ 24 સુધી પહોંચે ત્યારે તે પાણીમાંથી મીઠું છુટું પડે અને મીઠું બનવાની શરૂઆત થાય. ખારાશને 24 સુધી લઈ જવા સૂરજના તાપમાં એ પાણીનું બાષ્પીભવન કરવું પડે. આ બાષ્પીભવનની પ્રક્રિયા માટે મીઠાના ક્યારાની આસપાસ નાના ક્યારાઓ બનાવવામાં આવે. જેમાં ખારૂં પાણી ભરી તડકામાં બાષ્પીભવન થકી તેને વધુ ખારૂં બનાવવામાં આવે. આ નાના કયારાઓને ચાર્જર કહેવાય. જોકે અગરિયા બોલીમાં તેને ગામડાઓ કહે છે. મીઠાના ઉત્પાદન માટે રણની અંદર ઝાઝા  તામ-ઝામની જરૂર નથી. એક ઝૂંપડું, તળમાંથી ખારૂં પાણી માટે કૂવા /બોર, માટીના ક્યારા, દંતાલી, પાવડી અને રોલર આટલી સામગ્રી બેઝિક જરૂરિયાત છે. જોકે વિષમ સ્થિતિ અને આબોહવામાં અહીંયા રહેવું એ નાનીસૂની વાત નથી. અહીંયા વસતા લોકોને ચામડીના



રંગની અમસ્તીય બહુ માયા નહીં. માયા હોય તો શરીર અને તેમાં રહેલા કાળજા કેટલા સાબૂત છે તેની. કચ્છના નાના રણમાં કેટલા અગરિયા પરિવારો મીઠું પકવવા જાય છે તેનો આધારભૂત આંકડો નથી. દરેકના આંકડાઓમાં વિસંગતતા જોવા મળે છે. પરંતુ, હાલની સ્થિતિએ અંદાજે 3000 પરિવાર હોવાનું માનવામાં આવે છે. રણમાં મીઠાનું વાર્ષિક ઉત્પાદન 40 થી 50 લાખ મેટ્રિક ટનની આસપાસ રહે છે. આ રણનું મીઠું ઉત્તર ભારતથી લઈ વેસ્ટ બેંગાલ, ઓરિસ્સા અને નેપાળ સુધી જાય છે. મીઠાના પરંપરાગત વ્યવસાયમાં હવે આધુનિકતા આવી છે. મીઠાના પ્રોસેસિંગ યુનિટ છેલ્લા પાંચ વરસમાં વધી રહ્યા છે. કચ્છના નાના રણનું વડાગરૂ મીઠું હવે રિફાઇન થઈને પણ બજારમાં વેચાય છે. મીઠું તૈયાર થયા પછી ક્યારામાં શેષ વધેલા ખારા વેસ્ટેજ પાણી જેને બીટન કહે છે. તે વેસ્ટ પાણીમાંથી બ્રોમાઇન, મેગ્નેશિયમ ક્લોરાઇડ જેવી બાય પ્રોડક્ટ બને છે. આમ જોવા જઈએ તો આર્થિક રીતે આ બાય પ્રોડક્ટનું ટર્નઓવર મીઠાના વ્યવસાય કરતા વધારે હોવાનું કહીએ તો વધારે પડતું નથી.

- **અગરિયાની 'રણ ચર્યા '...**

સામાન્ય રીતે દશેરા પછી અગરિયાઓ રણમાં જાય. તાજેતરમાં ચોમાસુ પસાર થયું હોવાથી આખું રણ કાદવીયું હોય. સામાન લઈને જવામાં ટ્રેક્ટર સિવાય બીજું કોઈ વાહન ચાલે નહીં. અગરિયો રણમાં પહોંચીને ઝૂંપડું બાંધવાનું કામ શરૂ કરે. ત્યારપછી કૂવો ખોદે અથવા આગલા વરસના કૂવામાંથી કાદવ ઉલેચી તેને ઉપયોગમાં લેવા યોગ્ય બનાવાય. ત્યારપછી ગારાકામ શરૂ થાય. માટીની પાળીઓ બનાવી ક્યારાઓ બનાવવાનું ચાલુ થાય. સહુથી મોટો ક્યારો એ મીઠાનો પાટો કહેવાય. તેમાં ખારૂ પાણી નાખી તેનું તળિયું પગની પગલીઓનો દાબ આપી મજબૂત કરવામાં આવે. હવે ક્યાંક ક્યાંક રોલર પણ ઉપયોગમાં લેવાય છે. ઉઘાડા પગે પગલી પાડવાથી પગને ચાંદા, કપાસી અને ગેંગરિન થવાની સંભાવનાઓ વધી જાય છે. જોકે ગમબૂટની સુરક્ષા સાથે પગલી પાડવી શક્ય ન હોવાનો અગરિયાઓનો મત છે. બીજી તરફ રોલર પણ હવે અસરકારક બની રહ્યા છે. ક્યારાઓમાં 24 ખારાશનું પાણી ધીમે ધીમે ભરાતું જાય છે. તેમાં નિયમિત દંતાળી ફેરવીને મીઠાના છૂટા પડેલા કણોને ચોરસ ક્રિસ્ટલ આકાર અપાય છે. આ કામ મહેનત સાથે આવડત માગી લે છે. મીઠાના ક્યારામાં થોડી થોડી માત્રામાં સતત ખારૂ પાણી ઉમેરાતું જાય છે. તેનો ક્ષાર મીઠાના ક્રિસ્ટલ ઉપર જોડાતો જાય છે અને જેમ



ખારો-પાટ મીઠાંશનો મલક ॥ દસાડા ॥ (પાટડી)



બાળક મોટું થાય તેમ મીઠાનો ગાંગડો મોટો થતો જાય છે. આ પ્રક્રિયા સતત એપ્રિલ મહિના સુધી ચાલ્યા કરે છે અને એપ્રિલમાં મીઠાનો પાક તૈયાર થાય છે અને મીઠાની સીઝનની શરૂઆત થાય છે. મીઠાના પાટા ઉપર ખટારાઓ મંડાય છે. મીઠું ભરીને ઝીંઝુવાડા, ખારાઘોડા, નિમકનગર, હળવદ કે સાંતલપુર સહિતના વેપારમથક તરફ રવાના થાય છે. આજે ટેક્નોલોજી અને મશીનરીનું આગમન થતા. અગરિયાઓને કાળી મજૂરીમાં ઘણો ઘટાડો થયો છે. મીઠું ભેગું કરવા પાળા વાળવા અને ટ્રકમાં મીઠું ભરવા મશીનરીનો ઉપયોગ થાય છે. ક્યારાઓને માટીની પાળી પણ ટ્રેક્ટરની મદદથી બનાવવામાં આવે છે. આમ ધીમા પગલે મશીનરીઓ આવી રહી છે. તેના કારણે મજૂરીમાં મોટો ઘટાડો થયો છે.

- **રણમાં પડકાર...**

મીઠાંના પરંપરાગત અગરિયાઓને અગરકામ થકી (ઓક્યુપેશનલ ડિસીઝ)માં ગેંગરિન, ચામડીના રોગ અને આંખના રોગ મુખ્યત્વે જોવા મળે છે. રણની અંદર લીલા શાકભાજી અને દૂધ નિયમિત ન મળવાને કારણે પણ શરીરમાં આહારનું પોષણચક્ર ખોરવાઈ જાય તે સ્વાભાવિક છે. આથી માલ ન્યૂટ્રિશિયન અને કુપોષણ જોવા મળે છે. ટીબી પણ અહીંની સામાન્ય વ્યાધિ છે. જોકે આ વિસ્તારમાં બિન અગરિયામાં પણ ટીબી વ્યાપક જોવા મળે છે. અગરિયાઓને અંદાજે પંદર દિવસે એક વખત મળતું પીવાનું પાણી પણ મોટી સમસ્યા છે. આ ઉપરાંત આરોગ્ય, શિક્ષણ સહિતના સવાલો છે. અને તેના ઉપર પરિણામલક્ષી છેલ્લા વરસોમાં કામ થઈ રહ્યું છે. તે મોટું આશ્વાસન છે. આ ઉપરાંત કચ્છનું નાનું રણ અભ્યારણ્ય હોવાથી અગરિયાઓને મીઠું પકવવાના પરંપરાગત અધિકારો મળ્યા નથી. આ બાબતે છેલ્લા કેટલાક દાયકાથી અગરિયાઓને મીઠું પકવવા અધિકારો આપવા માંગણી ઉઠતી રહી છે. જોકે તાજેતરમાં સરકારે અગરિયાઓને તેમના મીઠું પકવવા અને પરંપરાગત અધિકારો આપવા મુદ્દે રી-સર્વે સેટલમેન્ટ કમિટી બનાવી છે. આ કાર્યને અગરિયા સમુદાયે આવકાર્યું છે. એટલે આગામી સમયમાં અગરિયાઓને રણ અધિકારો મુદ્દે સકારાત્મક થવાની આશા બંધાઈ છે.

- **અગરિયાઓ અને વિજ્ઞાન :**

વિષમ સ્થિતિમાં કામ કરતાં અગરિયાઓને રણમાં અગવડતાઓનો પાર નથી. તેમના રણજીવનની અગવડતાઓને નિવારવા સારૂ અનેક સંશોધનો પછી પણ કંઈ થઈ શક્યું નથી તે

વાસ્તવિકતા છે. પરંતુ, અગરિયાઓએ પોતાની પરંપરાગત કોઠાસૂઝથી નીપજેલા ઉપાયો જોઈએ કે સાંભળીયે ત્યારે અગરિયાઓ પણ વૈજ્ઞાનિક હોવાની અનુભૂતિ થાય. મીઠાના ક્યારના પાણીમાં ઝીંપટો નામનું ઘાસ નાખવામાં આવે છે. આ ઘાસ ઉપર સોડિયમ અને ક્લોરિનના અણુઓ આકર્ષાઈને ભેગા થાય છે અને ઝડપી મીઠું બને છે. આમ આ ઘાસને ઉદ્દીપક કહી શકાય. નિરક્ષર કહેવાતા અગરિયાઓની આ શોધ છે. આ ઘાસ રણકાંઠાના ગામડાઓની સીમમાં સરળતાથી મળે છે. આ ઉપરાંત ઝૂંપડી બાંધવા ડીલા નામના પાંચ ફૂટ લંબાઈના ઘાસનો ઉપયોગ થાય છે. આ ઘાસ ગરમીને રોકવામાં ભારે અસરકારક બને છે. આ ઉપરાંત ક્ષારની અસર તેને થતી નથી આથી આખી સિઝન તે ચાલે છે. રણની જમીન પોચી છે. કૂવો ગાળતા વધુ ઊંડાઈ એ જાવ તો કૂવો ધસી પડવાનું જોખમ રહે. આ જોખમ નિવારવા વાંસની ખપાટને ગોળાકારે ગૂંથી અને તેનું પાંજરા જેવું સ્ટ્રક્ચર બનાવી કૂવામાં ઉતારવામાં આવે છે. જેને કંઠવી કહે છે. વાંસની સ્થિતિસ્થાપકતા કૂવાને ધસી પડતો અટકાવવા બહુ મદદરૂપ થાય છે. જોકે હવે બોર સિસ્ટમ આવતા કંઠવી ઉતરવાનું લગભગ બંધ થઈ ગયું છે. એક જમાનામાં રણમાં સાયકલનો ભારે દબદબો હતો. ગામમાંથી સીધું સામાન લઈ અને રણમાં જતા અગરિયાની સાયકલને પંચર પડે તો ટ્યુબના વાલને ખોલી ટ્યુબમાં બીડીની તમાકુ નાખી અને હવા ભરવામાં આવતી. જ્યાં પંચર હોય ત્યાં તમાકુ ચોંટી જાય અને હવા રોકાઈ જાય. આમ અગરિયો વિના અવરોધે પોતાના ઝૂંપડા સુધી પહોંચી જાય. આ રીતે નાનામોટા પડકારોને અગરિયાઓ એ પોતાની આગવી કોઠાસૂઝથી ઝીલ્યા છે. તેની યાદી ખૂબ લાંબી છે. એ નરી આંખે નિહાળવા અગરિયાના ઝૂંપડે જવું પડે.



- **અગરિયાની મહેમાનનવાજી..**

અગરિયાના ઝૂંપડે મહેમાન થઈને જતા જાણ્યા - અજાણ્યા અતિથિઓને અભાવો વચ્ચે જીવતા આ સમુદાય જે મહેમાન માટે અહોભાવપૂર્વક મહેમાન નવાજી કરે તેને શબ્દમાં વર્ણવી શકાય નહીં. તેમના ઝૂંપડે જાવ એટલે દૂધ વગરની કાળી ચા જેને 'કાવો' કહેવાય તેનાથી મહેમાનનું સ્વાગત થાય. એ કાવાનો સ્વાદ એટલો અદ્દભુત હોય કે પીનાર વ્યક્તિને બીજી વાર માગવો પડે. બપોર કે સાંજ વેળા હોય તો રોટલા ખાધા વગર જતા નહીં !... આ પ્રેમાળ શબ્દ અચૂક કાને ઝીલાય. ને સહુથી મોટી વાત અગરિયો અતિથિ સામે પોતાની હાલાકી કે પીડાના રોદણા ક્યારેય ન રડે.. એ સતત હસતો રહે. તેના ઝૂંપડાની ચોખ્ખાઈ ઊડીને આંખે વળગે. અભાવો વચ્ચે જીવનાર સમુદાય પણ ભાવ સાથે અતિથિને આવકારે એ રણ વચ્ચેની અમીરાત છે.





# ગઝલ ગાયિકા બેગમ અખ્તર



મુંબઈના હોલમાં એક ગઝલ ગાયિકાનો કાર્યક્રમ. પચાસ હજાર રૂપિયા એ ગાયિકાનું મહેનતાણું હતું. આ ઘટના છ દાયકા પહેલાની છે. એ જમાનામાં પચાસ હજાર રૂપિયા માતબર રકમ કહેવાય. કાર્યક્રમ સાંભળનાર બધા વી.આઈ.પી. મહેમાનો એટલે ચાલુ કાર્યક્રમે હોલમાં ચહલ-પહલ રહે છે. આ ખલેલથી ગાયિકાએ આયોજકોને બોલાવીને કહ્યું. સંગીતમાં માત્ર પૈસા જ નહીં તહજીબ અને તમીજ પણ જરૂરી છે. એટલે તમારા પચાસ હજાર આ પાકીટમાં અકબંધ છે. એ પાછા લઈ લ્યો. ને આ કાર્યક્રમ આટોપી લો.

આ ગઝલ ગાયિકાનું નામ બેગમ અખ્તર. ઉત્તરપ્રદેશના ફૈઝાબાદ જિલ્લામાં 1914 માં બેગમ અખ્તરનો જન્મ થયો. પિતા અસગર હુસેન જાણીતા વકીલ. ત્યારે એ જમાનો ગ્રામોફોન અને રેડિયાનો હતો. બેગમ અખ્તરે ગઝલનો પહેલો કાર્યક્રમ સરોજિની નાયડુ સમક્ષ કર્યો. બેગમ અખ્તર વિશે એટલા માટે લખાય છે કે ઝાલાવાડના પાટડી તાલુકાના બજાણા ગામમાં બેગમ અખ્તરે કેટલોક વખત નિવાસ કર્યો હતો. એ જમાનામાં બજાણા સ્ટેટ સંગીત-કલા અને શૂરવીરતા માટે શિરમોર હતું. બજાણા સ્ટેટમાંથી બચુભાઈ સાહેબખાનજી અને દાદુભાઈ કાજી જેવા સંગીતજ્ઞ ઝાલાવાડને સાંપડયા. બચુભાઈ સાહેબખાનજી હાર્મોનિયમ ઉપર પંડિત જસરાજ સાથે સંગત કરતા હતા. એ બજાણામાં બેગમ અખ્તરે નિવાસ કર્યો હતો.

એ જમાના ને આજે કેટલાય દશકા ઓ વીતી ગયા. આજે સંગીત ધમાલિયું બન્યું છે. યુવા પેઢી જે સંગીતના તાલે ઝૂમે છે અને જે ગીત સાંભળે છે. તે સંગીત દિલને બહુ ચોટ પહોંચાડતું નથી. એ ગીતમાંથી જોડકણા સિવાય કોઈ અર્થ સરતા નથી. એ જમાનામાં સંગીત એ સાધનાનું સ્વરૂપ હતું અને બેગમ અખ્તરની સાધના ફળી એટલે સૌ કોઈએ તેમને 'મલ્લિકા-એ-ગઝલ' (ગઝલની રાણી) નું બિરૂદ આપ્યું.

બજાણાના જે મકાનમાં બેગમ અખ્તરે વખત વિતાવ્યો તે મકાનમાં આજે પશુદવાખાનું છે. તે દવાખાનાના વિશાળ ચોકમાં હરોળબંધ ઓરડાઓ જર્જરિત થયા છે. બજાણાનાં વૃદ્ધો આજેય એ ઓરડાને 'અખ્તરના ઓરડા' તરીકે યાદ કરે છે. આથમતી સાંજે બજાણામાં સંગીતના ચાહક વૃદ્ધ ભાઈ મિંયા સાથે બેઠા છીએ. ભાઈમિંયા ભજનિક છે. અમારી સાથે

બજાણાના યુવાગાયક મયુદ્દીનભાઈ છે. વૃદ્ધાવસ્થાને હિસાબે ભાઈમિંયા ઘણુંબધું વિસરી ગયા છે. બેગમ અખ્તર નાકની ચૂનીમાં કીમતી હીરો પહેરતા હતા જેનો ઝગમગાટ ચારે બાજુ ફેલાઈ જતો. એમ ભાઈમિંયા કહે છે. બજાણામાં એ વખતે દાતારના છલ્લે ભજન થતા. ત્યારે, બેગમ અખ્તર ત્યાં આવીને બેસતા અને છેલ્લા પહોર સુધી ભજન સાંભળતા.

બેગમ અખ્તર એ માત્ર ગઝલ ગાયિકા જ નહીં પણ, વીસમી સદીમાં ફિલ્મ દુનિયાના અભિનેત્રી પણ હતા. સરકારે તેમને પદ્મશ્રી અને પદ્મભૂષણથી નવાજ્યા હતા. 1945 માં બેગમ અખ્તરે એક બૅરિસ્ટરે સાથે લગ્ન કર્યા. રૂઢિચુસ્ત પતિએ ગાવાની મનાઈ કરી એટલે પાંચ વરસ સુધી ગીત-સંગીતથી દૂર રહ્યાં. 1974 માં અમદાવાદમાં બેગમ અખ્તરનો કાર્યક્રમ હતો. હવે તેમને સતત માનસિક તાણ અને શારીરિક બીમારી હતી. એટલે એ કાર્યક્રમ તેમના માટે જીવનનો છેલ્લો કાર્યક્રમ બની ગયો. ને બેગમ અખ્તરે અમદાવાદની હોસ્પિટલમાં પોતાની સખી નીલમ ગમાડિયાના ખોળામાં છેલ્લા શ્વાસ છોડ્યા.

એ જાજરમાન વ્યક્તિત્વના બજાણાનાં સંભારણા જાણવા અમે ભાઈમિંયાની ઓરડીમાં બેઠા છીએ. ભાઈમિંયા કહે છે, એ જમાનો વીતી ગયો. દાદુભાઈ અને બચુભાઈ અલ્લાને પ્યારા થઈ ગયા. ને બેગમ અખ્તરને ય જમાનો ભૂલી ગયો છે. હવે તો અમે અલ્લાનું તેડું આવે તેની રાહ જોઈને બેઠા છીએ. ભાઈમિંયાની આંખ ભીની થાય છે. અમારો હાથ હાથમાં લઈને ચૂમે છે.

રાતના નવ થયા છે. અખ્તરના ઓરડા તરફ જઈએ છીએ, બહાર તાળું ટિંગાય છે. સામેની તરફ દાતારના સિલ્લાનો ઓટલો દેખાય છે. વરસો પહેલા બેગમ અખ્તરે જે ઓરડામાં બેસીને ગઝલની બંદિશ કરી હતી એ ગઝલ મયુદ્દીનભાઈ ઓરડા સામું તાકીને વહેતી કરે છે.

યું તો હર શામ ઉમ્મીદો પે નિકલ જાતી હૈ,  
આજ કયા બાત હૈ કે શામ પે રોના આયા  
અય મહોબત તેરે અંજામ પે રોના આયા.







# રણપ્રદેશની ઔષધી... 'પીલુડી'

એ વરસ 1872 આસપાસનું હતું. બ્રિટિશરોએ નવા મીઠાના અગરની શરૂઆત કરી હતી. એ મીઠાના અગરમાં કામ કરવા ઇચ્છતા અગરિયાઓને વસવાટ માટે ખારાઘોડા નવાગામ વસાવ્યું હતું. ઓડના ચણેલા કાચા ખોરડાના જમાના વચ્ચે ચૂનાના ચણતર સાથે એક ચોક્કસ એન્જિનિયરિંગ પ્લાન સાથે નિર્માણ પામેલું ખારાઘોડા નવાગામ એ જમાનાનું કૌતુક હતું. બ્રિટિશરોએ વસાવેલા ખારાઘોડા નવાગામના પાયામાં પહેલી ઈંટ મૂકવાની થાય તે પહેલાં ગામની આસપાસ મોટાપાયે વૃક્ષોનું પ્લાન્ટેશન કર્યું. અને આ વૃક્ષ એટલે પીલુડી ! લોકબોલીમાં પીલુડીને વખડો અથવા જારૂ પણ કહેવાય છે. આ પીલુડીને મોતી જેવા લાલ અને સફેદ ફળ આવે છે. તેના સ્વાદમાં સહેજ તીખાશ સાથે મીઠાશ ભળેલી હોય છે. પીલુડી જમીનમાં રહેલી ખારાશને ખેંચીને જમીનને વધુ ખારી થતા અટકાવે છે. અહીંયા અમારા રણના સ્મરણને આલેખવામાં પીલુડીને અવગણી શકાય તેમ નથી. કોઈ ઝાડ કે તેના ફાયદા-ગેરફાયદાને ગણાવવા કરતાય અહીંના રણપ્રદેશની સૂકી જમીન સાથે જોડાઈને રણપ્રદેશમાં લીલોતરી ઝંખતા લોકો માટે કાયમ લીલીછમ રહેતી પીલુડી માત્ર આશ્વાસન નહીં પણ એ પ્રદેશના અનેક જીવ માટે ટેકો પણ હતી. લાકડાના ભારા વેચી ગુજરાન ચલાવતા રામજીકાકા તેમના કુહાડાને પીલુડીના થડમાં ખૂંપાવીને બે-ચાર દિવસ રાખી મૂકતા હતા. રામજીકાકા કહેતા કે પીલુડીના થડમાં ખૂંપાવેલા કુહાડાની ધાર પીલુડીનો તીખો રસ પીવે અને કુહાડો વધુ પાણીદાર બને, કુહાડાની તેજ ધાર થાય એટલે લાકડા કાપવામાં ઝાઝો પરિશ્રમ પડે નહીં. જોકે જ્યારે પીલુડીના ફળની મોસમ આવે અને લાલ મોતી જેવા દાણાદાર ફળ આવે જેને પીલુ કહેતા, એ પીલુ ખાવા બાળપણમાં ખીસામાં ટોપલી લઈને ભેરૂબંધો સાથે પીલુડીએ પહોંચી જતા. ગામને પાદરથી લઇ સીમ વગડે પીલુડીનો તૂટો નહોતો. પીલુડી ઉપર ચડવામાં પરિશ્રમ બહુ કરવો પડતો. તેના સીધા અને મોટા ઘેરાવાવાળા થડ ઉપર પકડ જમાવવી કપરી થઈ જતી. એ થડ પસાર કરીને પીલુડીની ઘટાટોપ ડાળીઓ વચ્ચે પીલુ વીણતી વખતે પક્ષીઓ કલબલાટ કરી મૂકતા. અમારા બાળપણને ખબર નહોતી કે અમારા સિવાય અનેક જીવનો પીલુ ખોરાક હતો. એ ખોરાક અમે ઝૂંટવી રહ્યા હતા. જોતજોતામાં ટોપલી ભરાઈ જતી. ઘરે મોટેરા વડીલો પણ અમારી ટોપલીમાંથી પીલુનો સ્વાદ માણતા હતા. પીલુડીનુ ઝાડ અને પીલુમાં અનેક ગુણ હતા. પીલુ દાંત અને મોંના રોગ માટે અકસીર ઇલાજ હોવાનું કહેવાતું. પીલુડીનું દાતણ બહુ સારૂં તેવું અમારા દાદી કહેતા હતા. બજારમાં આંબલીના કાતરા, બોરડીના બોરથી લઇ જાંબુ વેચાય છે. પણ, પીલુ કેમ વેચાતા ન હતા એ વાતનું કાયમ કુતૂહલ રહ્યા કરતું હતું. જોકે પીલુ સુધી બજારીકરણનો હાથ પહોંચ્યો નથી તે સારી બાબત છે.

અંદાજે એક સદી પહેલાં સોલ્ટ અને કસ્ટમ વિભાગના નોર્થન ફ્રન્ટના અધિકારી તરીકે ખારાઘોડા ખાતે નવા મુકાયેલા એહા નામના એંગ્લો ઈન્ડિયન અધિકારીએ તેના બંગલાની આસપાસ અસંખ્ય પીલુડીના ઝાડની ઉપર ઊડીને આવતા પક્ષીઓનું નિરીક્ષણ કરી ઘરેલું પક્ષી જગત ઉપર બેસ્ટ પુસ્તક 'બીહાઇન્ડ ધ બંગલો' આપ્યું. ખારાઘોડામાં તેના બંગલાની આસપાસ પીલુડીના અસંખ્ય વૃક્ષોનો ફાળો નાનોસૂનો નહીં હોય આ પુસ્તક લખવાનું નિમિત્ત બનવા માટે તેવું કહેવું કદાચ લગીરે વધારે પડતું નથી. આઝાદી પછી રણ અને રણ વિસ્તારમાં પરિવર્તન આવ્યું છે. મીઠાની ખેતી ધીમે ધીમે ઉદ્યોગમાં પરિવર્તિત થઈ રહી છે. મીઠાને પ્રોસેસ કરી અને વધુ ઊજળું બનાવતા પ્રોસેસિંગ ટૅક્નોલૉજીના કારણે લીલોતરીને ઝાંખપ આવતી ગઈ છે. વૃક્ષારોપણના કાર્યક્રમોમાં પણ પીલુડીને ઝાઝું સ્થાન મળતું નથી. જમીનમાં સતત ખારાશ વિસ્તરતી જાય છે. ત્યારે રણકાંઠે બચ્યા ખુચ્યા પીલુડીના ઝાડ આજે પણ અડીખમ યોદ્ધાની જેમ ખારાશ સામે મોરચો માંડીને ઊભા છે.

- ## રણની કૂવી...

કચ્છના નાના રણમાં સદીઓથી મીઠાનું ઉત્પાદન થાય છે. મીઠા ઉત્પાદનની પ્રક્રિયા સાંભળવી સરળ છે. પણ, મીઠાનું ઉત્પાદન કરવું કેટલું કપરૂં હોય છે ! તે ત્યાં જઈ અને જોયા પછી અનુભવાય છે. ઘાસનું તણખલું પણ હોય નહીં તેવા નિર્જન રણ વચ્ચે આઠ આઠ મહિના વસવાટ કરી ઋતુઓને શરીર ઉપર ઝીલતાં રહ્યા પછી મીઠાના ગાંગડાનું સર્જન થાય છે. અહીંયા દરેક કામ કપરાં છે. પરંતુ, મીઠું પકવવા અને ક્યારામાં ભરવા રણના તળમાં ખારૂં પાણી શોધવાં અગરિયાઓની કૂવી ખોદવાનું કામ ભારે કડાકૂટ ભર્યું અને થકવી દેતું હોય છે. આમ જૂઓ તો ભૂગર્ભના તળમાં ઘણું બધું પાણી સંગ્રહાયેલું હોય છે. સદીઓ સુધી લોકોએ કૂવા બનાવી પાણી ઉલેચી અને તરસ છીપાવી છે. પરંતુ, અહીંયા રણના તળિયામાં કોઈ જગ્યાએ તળમાં ખોદતા ખારૂં પાણી જડે છે. જે દરિયા કરતા અંદાજે છ ગણું ખારૂં હોય છે. આ પાણીને ઉલેચી ક્યારામાં ભરી સૂરજના તાપમાં બાષ્પીભવન થકી મીઠાને છૂટું પાડવામાં આવે છે. ખારાપાણી માટે કૂવી ખોદવાની શરૂઆત કર્યા પછી તળિયા સુધી પહોંચો તોય પાણી મળે નહીં તેવું બને છે. હવે કૂવી ખોદવા છતાંય ખારૂં પાણી ન મળવાના કિસ્સાઓમાં બહુ વધારો થયો છે. રણમાં કૂવાને બદલે તેને કૂવી કેમ કહેતા હશે ! તેનું આજે પણ અચરજ છે. ઘણા લોકોને આ સવાલ પૂછ્યા પછી પ્રતીતિકર ઉત્તર જડ્યો નથી. રણની માટી બહુ ચીકણી હોય એટલે કૂવો ખોદતા જે માટી નીકળે તેને બહાર કાઢવાનો ભારે પરિશ્રમ થાય. કોદાળી અને પાવડા જેવા ઓજારો સાથે એ મજબૂતાઈથી ચોંટી જાય એટલે ખોદેલી માટીનો પિંડો બનાવી અને માટી બહાર કાઢવામાં આવે. ક્યાંક રસ્સી સાથે જાડું કંતાન બાંધી અને કૂવીના તળિયે





ઉતારી કૂવી બહાર બે જણા ઊભા રહી અને રસ્સી ખેંચી અને ચીકણો કાદવ માટી બહાર ઠાલવે. ચીકણી અને કાદવીયા જમીનને કારણે બહુ મહેનત પડે. રણની જમીન પોચી હોવાથી ઘણીવાર કૂવીના પડખા ધસી પડે અને ઉપરથી કૂવાનું મોં બંધ થઈ જાય તેવા પણ બનાવો રણમાં બન્યા છે. આ સમયે કૂવી ખોદનાર અથવા કૂવીમાં ઊતરી કામ કરનાર જણ કાયમ માટે અંદર રહી જાય છે. એ સ્વજન ગુમાવનાર અગરિયાના ઝૂંપડામાં મહિનાઓ સુધી સૂનકાર છવાઈ જાય છે. ક્યારેક કૂવીમાંથી ઝેરી ગેસ નીકળવાના બનાવો પણ બને છે. ઘણા બનાવોમાં ગૂંગળાઈ જવાથી જીવ નીકળી જાય છે. ગેસ ગળતરથી બચી જવા કરતા જીવ ગુમાવ્યાના કિસ્સાઓ વધુ છે. અહીંયા રણના વિષમ જીવન અને મીઠાના વ્યવસાયના આટાપાટાની વાતને આલેખ્યા વગર માત્ર કૂવી ખોદવાની કમઠાણનું આલેખન કરવાનો પ્રયાસ છે. ગેસ ગળતરને કારણે અગરિયાઓના અકાળે જીવન ટૂંકાઇ જાય નહીં અને ગેસ ગળતર સામે આગોતરી ચેતવણી આપતા યંત્રો શોધવા સંશોધકોના અનેક પ્રયાસો પછી પણ નક્કર પરિણામ મળ્યું નથી. આજે પણ વરસે દહાડે રણમાં એકાદ બનાવ બન્યાની ખબર મળે છે. મીઠાના ઉત્પાદન માટે તળમાંથી ખારૂં પાણી અને કૂવી પાયાની જરૂરિયાત છે. બે-પાંચ દિવસની તનતોડ મહેનત પછી કૂવીમાં ખારૂં પાણી નીકળે ત્યારે, અગરિયો હરખાય છે. કૂવીની બહાર નીકળેલી પોચી માટીમાં અગરબત્તી લગાવી અને શ્રીફળ વધેરી સદીઓ પહેલા જતા રહેલા દરિયાપીરને જમીન ઉપર માથું ટેકવી વંદન કરે છે. કચ્છનું નાનું રણ સદીઓ જૂનો ભૂ ભાગ છે. અગરિયાને રોજી રોટી આપે છે. ક્યાંક કોઈના સ્વજન છીનવાઈ જતા હશે ! પણ, આ રણનો મિજાજ છે. એમાં વસનાર રણના મિજાજની અદબ જાળવે છે. હવે ટૅક્નોલૉજીમાં બદલાવ આવ્યો છે. શારકામ કરી પાઇપ ઉતારી નાનકડો ઓછા ખર્ચનો બોર બનાવી શકાય છે. તેના માટે શારડી નામનું મશીન આવે છે. આ મશીનથી બોર મૂકવાના શરૂ થઈ ગયા છે. જોકે કચ્છનું નાનું રણ 'વાઇલ્ડ એસ સેન્ચ્યુરી' હોવાથી વન વિભાગ શારડીને એલાઉડ કરતા નથી. અગરિયા આગેવાનોનો સમૂહ વનવિભાગને વિનંતી કરવા જઈને આવ્યો છે. બોર બનાવવાથી ઘૂડખર સહિત વન્યજીવોને કોઈ હાનિ નથી. ઊલટાનું સારૂં હોવાની રજૂઆતો થઈ છે. જો બધું સમુંસૂતરૂં પાર ઊતરે તો કૂવી યુગ કદાચ અતીત બની અને યાદોમાં રહી જાય તેવું બની શકે છે.

- ## રણકાંઠાની પરંપરા... ઠાકરથાળી

ધૂડા કોટવાળ આગલા દિવસે ગામ સહિત અડખે પડખેના ગામમાં ભજન મંડળને ઠાકરથાળી હોવાનો સંદેશો પહોંચાડે. ગામના સાધુ-સંતને ઘરધણી વતી રૂબરૂ જઈને ઠાકરથાળીમાં આવવા વાયક આપે. અમારા રણકાંઠાના ગામડાઓમાં કોઈને ત્યાં મરણ થાય તેના બારમાં દિવસે અથવા પાણીઢોળના દિવસે એ મૃતકના આત્માની શાંતિ માટે રાત્રે ભજન

મંડળ આવે અને ભજન કરે તેને ઠાકરથાળી કહે છે. જીવન સાથે મરણ પણ જોડાયેલું છે. જન્મ લેનાર દરેક સાથે મૃત્યુ લઈને આવે છે. શરીરમાંથી જીવ નીકળી જાય એટલે એ વ્યક્તિની હયાતી ભલે નીકળી જાય. પણ, એ વ્યક્તિ તેના પરિવાર, સમાજ કે આસપાસના વાતાવરણમાં લાગણીને તાંતણે બંધાયેલો હોય છે. માણસનું મૃત્યુ થાય છે. પરંતુ, તેના સાથે જોડાયેલી લાગણીઓ અમર હોય છે. એ લાગણીઓ જનારની પાછળ રહી ગયેલા આપ્તજનોની આંખમાંથી સતત વહેતી રહે છે. કદાચ, આ લાગણીઓ રૂપી શોકને ઓછો કરવા માટે અમારા વિસ્તારમાં ઠાકરથાળી એટલે કે ભજનની પરંપરા શરૂ થઈ હોવાનું બનવા જોગ છે. ધૂડાભા મીઠાના અગરિયા હતા. અવસ્થા આવવાથી તે રણમાં જતા ન હતા. તેમના સંતાનો હવે રણમાં મીઠું પકવવા જતા હતા. કોઈના ત્યાં મરણ થાય અને ઠાકરથાળી હોય. ત્યારે ,બીજા ભગતોને જાણ કરવાનું કામ એટલે વાયક આપવું. આ વાયક આપવાની સેવા અમારા ગામમાં ધૂડાભા તેમનો દેહ ટક્યો ત્યાં સુધી કરતા રહ્યા. આ ઠાકરથાળી કેટલા વરસથી થાય છે તેવું અમે ધૂડાભાને પૂછતા ત્યારે બાપ-દાદાના વખતથી આ પરંપરા ચાલતી હોવાનું કહેતા. ઠાકરથાળીમાં ઓધવજી ભગત સાથે રામસાગર લઈને આવતા. પહેરણના ખીસામાં મંજીરા પણ હોય. ફળિયામાં પાથરણું પાથરવામાં આવતું. એક પછી એક ભગતો આવતા જતા. સાડા નવની આસપાસ બધા આવી જતા.આવનાર પાસે કોઈ સંગીતનું સાધન હોય તો લઈને આવતા. મગનદાદા પાસે ઢોલકી હતી. એ ખભે ભેરવીને અચૂક પહોંચી જતા. અહીંયા આ આલેખનને સહેજ લંબાણ આપવાનું કારણ માત્ર એટલું જ છે કે ઠાકરથાળીમાં આવનાર આજની ભાષામાં કહીએ તો પ્રોફેશનલ બિલકુલ નહોતા. દિવસભર સહુ પોતાના ક્ષેત્રમાં પરિશ્રમ કરતા હતા. એ સહુ સાધારણ માણસો હતા. સંગીતના આરોહ-અવરોહનું ભણતર ભણ્યા નહોતા. તેમના મતે તેમણે અલખને આરાધી અને ઉપરવાળાને રાજી કરવાનો હતો. અને ગવાતા ભજનના શબ્દોને સહારે મૃતકના પરિવારની વેદનાને સહેજ સંકોરવા સિવાયનો બીજો ઝાઝો આશય નહોતો. ઘરમાં એક દીવો કે અગરબત્તી પ્રગટાવ્યા પછી ગણેશના ભજનથી શરૂઆત થતી. ઠાકરથાળીમાં તેને ગણેશ માંડ્યા તેવું કહેતા. ત્યારપછી ભજનનો દોર આગળ ચાલ્યા કરતો. ‘નેવાં તારા નમિયા, એ ભીંતો ગળવા લાગી રે હો જી ,ગળવા લાગી મંદિરિયાની પછિત્...’ ઓધા ભગત રામસાગર અને મંજીરાના સહારે વિલંબિત સ્વરમાં ભજનના શબ્દોથી જીવનનું સત્ય સમજાવતા. ઠાકરથાળીમાં ભજનનો દોર લંબાતો જતો. સમય પ્રમાણે અલગ અલગ ઢાળ અને રાગના ભજનો ગવાતા રહેતા હતા. ભજનમાં માત્ર ભક્ત મંડળ જ નહીં. ગામલોકો અને સગાવ્હાલાની પણ હાજરી રહેતી. દેવજીકાકા બેય હાથમાં મંજીરા બાંધી અને ઊભા થઈ નાચતા હતા. નૃત્ય માણસને હળવાશ આપે કે પછી હળવાશ હોય તો નૃત્ય કરી શકાય તેની ખોજમાં ન પડીએ તો પણ નૃત્ય કરનાર માણસનું અસ્તિત્વ તે





ક્ષણ દરમિયાન ઓગળી જાય છે. ગામમાં સહુ કહેતા કે મંજીરા હાથમાં બાંધી અને નાચતા દેવજીકાકા દેહભાન ભૂલી જાય છે. ઠાકરથાળી દરમિયાન વાતાવરણ થોડુંક ભારેખમ રહેતું. કદાચ મરનાર વ્યક્તિના શોકની આભા ઠાકરથાળીને ભારેખમ બનાવતી હશે. મધ્યરાત્રિએ પ્રસાદ અને થાળ કરવામાં આવતો. એક થાળીમાં પ્રસાદ અને તુલસીપત્ર કે તુલસીની માળા મૂકી ઉપર રૂમાલ ઢાંકવામાં આવતો. પ્રસાદ કાયમ ધૂડા કોટવાળ વહેંચતા. પ્રસાદ વહેંચાયા પછી ભજનનો મધરાત પછીનો બીજો દોર શરૂ થતો. ધૂડા કોટવાળ કેમ કાયમ પ્રસાદ વહેંચતા તેનું કુતૂહલ રહેતું. એ કોટવાળ હતા એટલે પ્રસાદ વહેંચતા તેવો જવાબ સાંભળવા મળતો. જોકે ધૂડાભાને કોટવાળનું બિરૂદ કોને આપ્યું. એ બિરૂદ મેળવવા માટે ધૂડાભાએ શું કર્યું તેવા અનેક સવાલો એ વખતે મનમાં ઊઠીને મનમાં વિરમી જતા હતા. ભજનમાં આવેલા સાધુ અને અભ્યાગતોને ગજા સંપત પ્રમાણે દાન દક્ષિણા કરવામાં આવતી હતી. જોકે જે સાધુ અભ્યાગત હતા નહીં. તેઓ કોઈ જ આર્થિક વળતર મેળવતા નહોતા. છતાંય ઠાકરથાળીમાં આવ્યા હોય નહીં તેવું ભાગ્યે જ બનતું હતું. ધૂડાભા હોય કે ઓધવજી ભગત, આ કોઈ આર્થિક વળતરની અપેક્ષા વગર પરંપરાને આગળ લઈ જઈ અને તેના વાહક બન્યા. આજે પણ ઠાકરથાળી જરૂર થાય છે. પણ, હવે આધુનિક સાઉન્ડ સિસ્ટમ અને ક્યાંક પ્રોફેશનલ વાતાવરણ વચ્ચે માંહ્યલો મૂંઝાય છે.

- **રણમાં યંત્ર આવતા કાળી મજૂરી ગઇ કે રોજી !....**

રણકાંઠામાં માર્ચ મહિનો આવે એટલે રણની અંદર મીઠાના ક્યારામાં મીઠાનો પાક તૈયાર થાય. અગરિયાઓ પણ મીઠાના નવા પાકને વધાવવા ઉતાવળા થાય. દોઢસો વરસ પહેલા અહીંયા મીઠાનો વેપાર કરવા આવેલા અંગ્રેજો અમારા અભણ અગરિયા સમુદાયને ઘણા અંગ્રેજી શબ્દો આપતા ગયા. મીઠાનો નવો પાક તૈયાર થાય એટલે વૃદ્ધ ઝીણાભા હરખથી કહેતા કે નવો કરોપ (crop) થઈ ગયો ! શાંત રણના એક ક્યારામાં તૈયાર થયેલું મીઠું ચોમાસા પહેલા રણકાંઠા ઉપર આવેલા વેપારમથકો ઉપર સમયસર પહોંચી જાય, તેની તૈયારી સારૂં વેપારી સહિત રણકાંઠાનાં ગામડાઓમાં ચહલપહલ વધી જતી. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર તરફથી ટ્રકના કાફલાને રણમાંથી મીઠું ખેંચવા આવી જવા કહેણ મોકલાવી દેવામાં આવતું. ધીમે ધીમે ટ્રક આવવાની શરૂઆત થઈ જતી. મીઠું ખેંચવાની સીઝન અંદાજે ત્રણ મહિના આસપાસ ચાલતી હતી. ખારાઘોડા, ઝીંઝુવાડા અને નિમકનગર સહિત રણકાંઠાનાં વેપારમથક ઉપર મીઠાના વિશાળ ઢગલાઓ થતા હતા. ખારાઘોડામાં મીઠાની સીઝન વખતે નાનકડું બજાર ઊભું થઈ જતું હતું. મીઠાની સિઝનમાં મજૂરી અર્થે ઘણા લોકો બહારગામથી આવી અને મીઠાના ઢગલાઓ આસપાસ વસવાટ કરતા હતા. રણમાં ટ્રકમાં મીઠું ભરવા માટે મજૂરોની ટુકડીની ખાસ જરૂર પડતી હતી. આ ટુકડીને અહીંની લોકબોલીમાં પાલટી કહેતા.

રણની આજુબાજુના અંદાજે પાંત્રીસ-ચાલીસ ગામડાઓના લોકો પાલટી બનાવી અને મીઠું ભરવા જતા હતા. દિવસ-રાત ચાલતું આ મીઠાની સીઝનનું કામ બહુ કપરૂં હતું. એક તરફ ઉનાળો તપી અને માઝા મૂકે અને બીજી તરફ ભરબપોરે રણમાં માથે મીઠાના ટોપલા ઊંચકી અને રીતસર દોડતા રહી અને મીઠાની ટ્રક ભરવાનું કપરૂં હતું. લોઢાના કેરબામાં પીવાનું પાણી ટ્રક સાથે ખારાઘોડાથી આવતું. એ પાણી પણ ઉકળતું થઈ જતું. દિવસની રણની ગરમી મજૂરી કરનારની અગ્નિપરીક્ષા લેતી. તો રાત્રે રણમાં મીઠું ભરવા આવનાર પાલટીને પણ ઝાઝું હરખ કરવા જેવું નહોતું. ઉનાળાની રાતનો ઝાકળ પડે એટલે આખી રાત ડીલ તૂટતું હોય તેવું લાગે. રણની જમીન પોચી હોય એટલે તેની માટીમાંથી ખાર નીકળે એટલે વારંવાર પગ લપસી જાય. રણનો ઉનાળુ વાયરો આંખમાં ઊંઘ લઈને આવે એટલે મીઠું ભરવાનું સહેજે મનથી ગમે નહીં. પરંતુ, આ મીઠાની સીઝન હતી. ઉનાળે કરેલું કામ ચોમાસે નિરાંત આપતું હતું. ચોમાસામાં મીઠામાં તમામ કામધંધા બંધ હોય. ઉનાળે મીઠાની સિઝનમાં મજૂરી પછી બે પૈસા મળે તેનાથી ચોમાસા સારૂં દાણા-પાણી ભરી લીધા હોય તો વરસાદ વેળાએ નવરા બેસી રહેવું આકરૂં લાગે નહીં. આ તરફ વેપારમથક ઉપર મીઠું ઠલવાયા કરતું અને મીઠાના ઢગલાઓની ઊંચાઈ આભને આંબવા મથામણ કરતી હતી. ટ્રકમાંથી મીઠું ખાલી કરવા અને માથે ટોપલા ભરીને ઢગલા ઉપર ચડાવવા અહીંયા પણ દિવસ-રાત કામ ચાલ્યા કરતું હતું. ઉનાળો હોય એટલે નિશાળોમાં વેકેશન આવે. મીઠું જોખવાના વજન કાંટે ટ્રકને પાવતી આપવાનું કામ, મીઠાના ઢગલામાં માટી વીણવાનું કામ જેવા કામ કરીને વિદ્યાર્થીઓને નિશાળના ખર્ચાની જોગવાઈ થઈ જતી. મીઠાનો એક ગાંગડો સીઝનમાં કેટકેટલાને રોજી આપવા નિમિત્ત બનતો હતો. ચા-નાસ્તા, ઠંડા પીણા, કટલરી, જમવાની લૉજ, કરિયાણાની હાટ સહિત અનેક લોકો માટે સિઝન આશાનું કિરણ થઈને આવતી. સફેદ મીઠાની આ કાળી મજૂરી ભલે હોય. પરંતુ, કામ કરતી વખતે સહુ ગીતો ગાતા રણમાં જતા અને વળતી વખતે પણ ગીતોથી રસ્તો બોલકો બની જતો. સીઝન પૂરી થાય એટલે દેશી ઢોલના તાલે વરઘોડો નીકળતો. સહુ કોઈ અબીલ ગુલાલ ઉડાડી મન મૂકી નાચતા હતા. સાંજ વેળાએ ચોટીલા કે બહુચરાજી અથવા અનુકૂળ તીર્થસ્થાને દેવ દર્શને જતા. ત્રણ મહિના મીઠામાં પરિશ્રમ કર્યાના હરખની ઉજવણી થતી. હવે યંત્ર યુગ આવ્યો છે. મશીનથી મીઠું ભરાય છે અને ખાલી પણ થાય છે. ઢગલો પણ યાંત્રિક મશીન કરી આપે છે. હવે નથી બજાર ભરાતું કે નથી કોઈ ગીતો ગાતા મીઠામાં પરિશ્રમ કરવા જતા. માત્ર મશીનોની ઘરઘરાટી સંભળાય છે. જ્યારે મશીન થંભે ત્યારે સન્નાટો !! યંત્રના દાંતમાં શ્રમિકોની રોજી ભીંસાઈ ગઈ તેવું ઘણા કહે છે. તો ઘણા કહે છે કે માથેથી કાળી મજૂરી ગઈ ! વૃદ્ધ ગંગામાં કહે છે માથે કાળી મજૂરી હતી એ સાચું ! પણ, કાળી મજૂરીએ કોઈ મરી ગયાનું જાણ્યું નથી. રોજી વગર ચોમાસે મલક રઝળે ત્યારે, આ મીઠાની સીઝન યાદ આવે છે. એ વખતે આભમાંથી વરસે તેટલો જ વરસાદ આંખમાંથી પણ વરસે છે !





# ઝાલાવાડ પંથકની વિસરાતી તાગલિયા કલા...



આ કલા આમ તો 500 થી 700 વર્ષ જૂની છે. જેનો ઉદ્‌ભવ ભરવાડ અને ખાસ કરીને જંગલોમાં વિચરતી જાતિઓના પોશાક તરીકે થયેલો... ઘેટાંની કાળી ઊનમાંથી એકે એકે તારને હાથવણાટ દ્વારા બનતું આ કાપડ અને એ કાપડમાંથી બનતા ચણિયા, ગરમ શાલ, પછેડી અને ખેસ કે પહેરણ આ સમાજની આગવી ઓળખ બની ગયા છે. આજે પણ તાગલિયાની ટપકાં (દાણા) વાળી આગવી કળા શૈલી ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લાના બજાણામાં કરવામાં આવે છે. આ વિસ્તારમાં વસતો ડાંગસિયા સમુદાય તાગલિયા વણાટકામની પદ્ધતિનું જ્ઞાન ધરાવતો એકમાત્ર સમુદાય છે. ઈ.સ.1960 ની આસપાસ બજાણા એ વણાટકલાનું મુખ્ય કેન્દ્ર હતું. જે તે સમયે લગભગ 1500 થી 3000 જેટલા કારીગરો હતા અને ખાસ કરીને ડાંગસિયા વણકર સમાજ દ્વારા આ હસ્તકલા આજે પણ જીવંત છે. આ સમુદાયના લોકો અવારનવાર કાળા રંગના ટપકાંવાળા લપેટેલા સ્કર્ટ (ચણિયા) પહેરેલા જોવા મળે છે, જેના પર વણાટ દ્વારા ટપકાંની વિરોધાભાસી (કોન્ટ્રાસ્ટ) સુંદર ભાત બનાવેલી હોય છે. આ વસ્ત્રો 'તાગલિયા' તરીકે ઓળખાય છે, જેનું નામ 'તંગ' એટલે કે 'પગ' પરથી પડ્યું છે.

વણાટ દરમિયાન વધારાના વાણાના નાના ટપકાંઓને એવી રીતે વળ આપવામાં આવે છે જેથી મોતીના ભરતકામ (બીડ એમ્બ્રોઇડરી) જેવી અનોખી છાપ ઊભી થાય છે, જે



તાગલિયાને એક વિશિષ્ટ ઓળખ આપે છે. ખાડા શાળ (પિટ લૂમ) પર વણવામાં આવતું કાપડ સામાન્ય રીતે ઓછી પહોળાઈ ધરાવતું અને 20 ફૂટ લાંબું હોય છે. બાદમાં તેને વચ્ચેથી કાપીને બે સરખા ભાગ કરી ભેગા સીવી લેવામાં આવે છે. વણાટ ચાલુ હોય ત્યારે જ વધારાના વાણાને વળ આપવાની આ જટિલ પદ્ધતિ સુંદર રેખીય ભાત (લીનિયર પેટર્ન) અને આકારો સર્જે છે.

પરંપરાગત રીતે, કાળા ઘેટાં અથવા ઊંટની



ઊનનો કાચા માલ તરીકે ઉપયોગ થતો હતો. પરંતુ વણકરોએ હવે આધુનિક અને વર્તમાન બજારને અનુકૂળ ઉત્પાદનો બનાવવાનું શરૂ કર્યું હોવાથી, અન્ય વિવિધ પ્રકારની સામગ્રીઓનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જેમાંથી સ્કર્ટ, સાડી, કુર્તા-કુર્તી, દુપટ્ટો, શર્ટ વિ.ના કાપડ બનાવવામાં આવે છે. આ કાપડની માંગ વિદેશમાં વિશેષ છે. બજાણાથી છેક યુરોપના દેશો સુધી આ કાપડની કીર્તિ પહોંચી છે. એમાંય ખાસ સેલિબ્રિટી આ પ્રકારના કાપડની ઊંચી કિંમત આપીને પણ ખરીદે છે. આજે એ સ્ટેટ્સ સિમ્બોલ બની ગયું છે. આ કલા દ્વારા તૈયાર થતું કાપડ 8500 થી માંડી 1 લાખ સુધીની કિંમતમાં વેચાય છે. ગુજરાતના પટોળાં કલા પછી હાથ વણાટની આ કલાના કાપડની માંગ છે.

બજાણા ઉપરાંત તેની આજુબાજુના ગામો ખાસ કરીને જ્યાં ડાંગસિયા સમુદાય રહે છે ત્યાં પણ આ કલા વધતા-ઓછા પ્રમાણમાં ચાલે છે. જેમાં ખાસ કરીને પાટડીનું સવલાસ, ત્યારબાદ સુરેન્દ્રનગર જિલ્લાના ગોદાવરી, વડલા, વસ્તડી, શિયાણી, ડેરવાળા જેવા ગામોમાં પણ આ ડાંગસિયા વણકર સમાજ દ્વારા આ કલા અંતર્ગત કાપડ વણાટનો વ્યવસાય ચાલે છે.

- **લુપ્તતાના આરે**

આ કલા કે વ્યવસાય એ ખૂબ જ ધીરજ અને સમય અને કુનેહ માગી લે છે. માત્ર હાથ વણાટ દ્વારા જ આ કાપડ તૈયાર થતું હોવાથી તેમાં ખૂબ સમય જાય છે, આથી ડિજિટલ યુગના આ ફાસ્ટ જમાનામાં આજની પેઢી માટે આ માથાકૂટિયું કામ લાગતું હોવાથી ખાસ કરીને આજની પેઢી એમાં રસ દાખવતી નથી. જેના લીધે આજે ધીમે ધીમે આ વ્યવસાય અને કલા લુપ્ત થઈ રહી છે.આજે માત્ર ગણ્યા-ગાંઠ્યા 60 થી 70 કલાકારો આ કાર્ય કરે છે. ત્યારે ખાસ કરીને આ કલાને જીવંત રાખી રહેલા ડાંગસિયા વણકર સમાજની માગ છે કે સરકારશ્રી દ્વારા આ વ્યવસાય અને કલા માટે પ્લેટફોર્મ અને વિશેષ પ્રોત્સાહન આપવામાં આવે તો આ આપણી અસ્મિતાને વધુ ઉજ્જવળ બનાવી શકાય તેમ છે.

*રણ દેવી ના, ના, અજ્જદેવી*
*આ રણની મોટપ, આછેરી ખારાશ*
*રણઘેલા માનવીયુ, મળે તો મોટપ નહિ*





## અગરનો આદમી...

અડાબીડ અષાઢ, સરવર શ્રાવણિયાએ ને ભાદરવાએ ભરપૂર વરસીને આખાય ખારાપાટને સમંદર બનાવી દીધું છે. ઉનાળાના ચાર-ચાર માસ કાળઝાળ તાપમાં ધખીધખીને ફાટી ગયેલી મરૂભૂમિ જાણે પરિતૃપ્ત થઈ ગઈ. પણ 'રણના છોરૂ' એવા અગરિયાઓ તો માસ ઊતરતા જ રણમાં જવાની રાહ જોઈને બેઠા છે.

પુંજા અગરિયાએ પાટડીના ખમતીધર વેપારીને ત્યાંથી ઉપાડ કરી સાતમ-આઠમનું 'પરબ' તો કર્યું. પણ હવે મોટી ચિંતા આસો માસ ઊતરતા રણમાં જવાની છે. રણમાં જઈને આઠ-આઠ મહિના કાળી મજૂરી કરે, અગરના વડાગરા પકવે તંઈ આ સબરસથી અગરિયાના ઘેર એના બૈરી-છોરાં આગલા અવસર ભેળા થાય.

આવા હાડમારીથી ભરેલા જીવનસંઘર્ષને આઠ-આઠ મહિના હસતા મોઢે વેઠનાર પુંજો અને એનો પરિવાર, નવદુર્ગાના સરકારી અગરમાં વડાગરાના વાવેતર કરવા દી-રાત કાળી મજૂરી કરે, આસો ઊતર્યે રણમાં જાય ને વૈશાખી વાયરે વતન ભણી વાટ લે.

પણ કહેવત છે કે કુદરત કસોટી પણ કાઠા માણસની જ કરે. ખારાપાટ રણના અગરના પાટાનાં ખારાધુધ પાણીમાં પલળી પલળીને પગ પાકા થઈ જાય, પછી બાળતા પણ એ બળે નહિ એવા પગ સતત રણને પીએ, ત્યારે ઉઘાડા પગે અગરિયાને અફાટ રણમાં પાણીની પહોંચ કેટલી વેરી ને વસમી લાગતી હશે ? પીવાનું પાણી તો ના જ મળે (પહેલાં ત્રણથી ચાર મહિનાઓ આસોમાં પાણી ભરી લઈ ગયા હોય તેનાથી ચલાવવાનું એ પણ ફક્ત પીવા ને રાંધવા માટે નહાવાનું તો નામ નહિ !!!), પણ પીવા-રાંધવાના પણ પાણી કરતાં મોટી ચિંતા અગરિયાને મીઠું પકવવાના પાણીની હોય. આ પાણી અફાટ રણમાં ચાલીસ-ચાલીસ ફૂટ ઊંડી 'કુઈ' કરીને કાઢવાની ! કેટલી હાડતોડ મજૂરી ! કેટલી આકરી મહેનત ? પણ હિંમત હારે તો એ અગરિયો શાનો ?

મોટોભાઈ પુંજો અને નાનો મૂળજી પોતાના અગર માટે આવો જ સંઘર્ષ કરે, કુઈ કરી-કરી થાક્યા. જોતજોતામાં તો બંને ભાઈઓએ લગભગ 13 જેટલી કુઈ ગાળી નાખી પણ પાણીનો વીરડો ન ફૂટ્યો તે ન જ ફૂટ્યો. હવે શું કરવું ? મીઠાના વેપારી પાસે ઉપાડ પણ વધી ગયો હતો, એન્જિન ચલાવવા ડીઝલ-કેરોસીન તો લાવવું જ પડે પણ લાવવું ક્યાંથી ? બે ટંક લૂખુંસૂકું ખાવાનું પણ મોંઘું લાગતું જાય ત્યાં આ ખરચા તો ક્યાંથી કાઢવા ? આ મૂંઝવણમાં ક્યારેક તો આખો પરિવાર ચિંતાતુર બની જાય, રાંધ્યા ધાન રઝળે, પણ કોઈના ગળે કોળિયો પણ ન ઊતરે. આ બાજુ વેપારી પણ મીઠામાં કંઈ ભાળે નહિ ને ઉપાડ આપવામાં આનાકાની

કરે. મહેનત છતાં ફળ ન મળતા નિરાશ બંને ભાઈઓને ક્યારેક તો ઊંઘ પણ ન આવે... માથે પરિવારની જવાબદારી ને પરિવારના ભરણપોષણનો મૂળ આધાર જ અગર. પણ એમાંય નસીબ આડું ફાટે તો થીંગડાં ક્યાં દેવા ? – એની જ સમજ ન પડે. આ હજી ઓછું હોય તેમ બે નાના ભાઈઓને ભણાવવામાં હાથ દેવાનો ને માવતરને પણ મદદરૂપ થવાનું, પણ માલ (પૈસો) હોય તો મદદ થાય ને!

આ જીવલેણ ચિંતાને અગરના આકરા તાપમાં પુંજાએ પોતાની આંખોની રોશની ગુમાવી દીધી, પરિવાર માથે જાણે આભ તૂટી પડ્યું. કુટુંબનો મોભી એકમાત્ર દીકરો જ જો અચાનક અંધ થઈ જાય તો આ પરિવારના અંધારા ઉલેચે કોણ ? આ એક મોટો સવાલ હતો. આવા કપરા સંજોગોમાં બધી જવાબદારી મૂળજીના માથે આવી પડી. ને મૂળજી પણ ભારે સમજણો ને સહનશીલ. ભણતર કરતા જવાબદારી મોટી – જિંદગીની નિશાળે શીખવેલો આ પાઠ શીખેલા મૂળજીએ નાના ભાઈઓના ભણતર ખાતરને પિતાનો ભાર હળવો કરવા જવાબદારીની ગાંસડી હેઠળ પોતાનું માથું નાખી દીધું. આ બાજુ પિતાજી પુંજાને લઈને કોઈક ચમત્કારની આશાએ દવાખાને દવાખાને ભટકે છે. ને મૂળજી રણમોઝારે કાળી મજૂરીથી પરિવારને પાળે છે. વાહ રે કુદરત તું પણ ખરી છે હો !!

માંડ માંડ મજૂરી કરી દી ટૂંકા કરે એટલું ખપ જોગું મીઠું પકવ્યું તો એમાંય માવઠાનો માર પડ્યો કે વડાગરાની તો વાટ જ લાગી ગઈ. બધું જ પાણી ભેગું પાણી.... ને ખુલ્લા આકાશે મૂળજી હાથ દઈને કુદરતને કોસતો કોસતો કણસી રહ્યો... શું અગરના આદમીનું આ જ જીવતર !!










# કામલપુર જગ્યાનો ઈતિહાસ...

સુરેન્દ્રનગર જિલ્લામાં (ઝાલાવાડ) તાલુકો પાટડીના કામલપુર ગામમાં પરચાધારીની જગ્યા આવેલી છે. આ જગ્યામાં 13 સંતોની જીવંત સમાધિ છે. પ્રથમ સમાધિ તેજલમાં અને એમના દિકરી વાલબાઈમાંની બંને માં-દિકરીની સાથે સમાધિ છે. આ પ્રથમ સમાધિને આશરે 400 વર્ષ થયેલ છે. એક મોર અને કુતરાની પણ સમાધિ છે. દરેક સમાધિ પાછળ ઉજ્જવળ ઈતિહાસ, પરચા અને પ્રમાણો આ જ પણ છે. પરચાધારી જગ્યામાં એક મેણબાઈમાંની જીવંત સમાધિ છે. વાલદાસબાપુ 7 મી પેઢીએ મેણબાઈમાં એમના પૂર્વજ થાય. આજ વાલદાસ બાપુ ઉપર જે કાંઈ કૃપા છે તે આ મેણબાઈમાંની છે. વાલદાસબાપુ પુરી 10 ધોરણ પણ ભણેલ નથી. છતાં પણ ભારતના ઘણાં રાજયોમાં એમની કથાઓ થાય છે. આફ્રિકાખંડના ઘણા દેશોમાં એમને 17 થી વધુ કથાઓ, ધર્મસભાઓ અને પાટ કર્યા છે. તે સાથે બાપુ જયોતિષના પણ ઊંડા અભ્યાસી છે. કથાનો કે જયોતિષનો એકપણ રૂપિયો એમનો ચાર્જ નથી. કથાની પૂર્ણાહૂતિએ જે કાંઈ દક્ષિણા મળે તે જગ્યામાં આવી પછી જ કવર જુએ છે.

મેણબાઈમાંની મનથી બાધા રાખવાથી ધાર્યા કામ થાય છે. અત્યાર સુધીમાં 10 હજારથી વધુ માતાજીની સમાધિ ઉપર માનતાની ચુંદડી અને સાડીઓ દેશ-વિદેશથી આવે છે. આજ પણ એ કોઈને અપાતી નથી. કોઈને ઓઢાતી નથી. જગ્યામાં રૂમોના રૂમ ભર્યા છે. કામલપુર પરચાધાર જગ્યામાં 400 વર્ષ જૂનો ગંગાજળીયો કૂવો છે. લોકમાન્યતા મુજબ મેણબાઈમાં એ જયારે જીવંત સમાધિ લીધી ત્યારે આ કૂવામાંથી ગંગાજી પ્રગટ કરેલા. આ કૂવો આહિર સમાજે બંધાવેલો છે. કૂવામાં આહિરના કુળદેવી વહાણવટી સિકોતરમાં બિરાજે છે. બંને ગામના લોકો આ કૂવાનું પાણી પીએ છે. 1987-88 ના દુષ્કાળમાં પાંચ ગામના લોકો પાણી ભરી જતા અને સરકારી ટેન્કરો પણ ભરી જતા. પણ પાણી કયારેય ખૂટતુ નથી. લોકજીભે એવી પણ વાતો છે કે દિવાળીના નવા દિવસોમાં આજ પણ આ જગ્યામાં રેઢી આરતી થાય છે અને ઘણાએ લાભ પણ લીધેલ છે. 13 સમાધિ છે પણ હજુ બે જીવંત સમાધિ લેવાશે એવી લોકવાણી છે.

પરચાધારી જગ્યાના બ્રહ્મલિન મહંત શ્રી મેઘીદાસબાપુ જેઓ દેવ થયા જેને સેવામૂર્તિ અને ભજનાનંદિ બાપુ હતા. એમની ખૂબ લોકચાહના હતી. ત્યારબાદ પરચાધારી જગ્યાના હાલના વર્તમાન મહંત અને આંતતરાષ્ટ્રીય કથાકાર વાલદાસબાપુ આ જગ્યાની ગાદી શોભાવી રહ્યા છે. એમનો આખો પરિવાર જગ્યામાં આવતા દર્શનાર્થીઓ અને યાત્રિકોની ખૂબ સેવા કરે છે.

હાલ પરચાધારી જગ્યાના ભાવિ મહંત શ્રી વાલદાસબાપુના મોટા દિકરા ઓમબાપુ છે. જગ્યામાં ગૌશાળા, ધર્મશાળા, પંખીઘર, અન્નક્ષેત્ર, સંતસેવા, અભ્યાગતોની સેવા, આઠ અખંડ જયોત વર્ષોથી ચાલુ છે. તેમજ વિવિધ સેવાકાર્યોને પણ ખૂબ આર્થિક મદદ જગ્યા દ્વારા કરવામાં આવે છે.

–રાણા ભૂપતસિંહ દોલુભા (Ex. Commander)

## હઝરત સોહર વર્દિયા બહાઉદ્દીન બાવા પીરજાદા : બજાણા

પાટડીના તાલુકાના બજાણા ગામે પીર હજરત સોહર વર્દિયા બહાઉદ્દીન બાવા પીરજાદાની દરગાહ શરીફ આવેલી છે. દર વર્ષે મુસ્લિમ ચાંદ 15 અને 16 રજબ મહીનાના દિવસે તેમનું ઉર્ષ બજાણામાં ભરાય છે. અહીં આસપાસના દરેક ધર્મના લોકો ઉર્ષમાં આવે છે. લોકો પોતાની બીમારી અને તકલીફોમાંથી રાહત મેળવવા દરગાહ પર આવે છે. બહાઉદ્દીનપીરની ખ્યાતિ દૂર સુધી ફેલાયેલી છે.

પીરજાદાએ પોતાનું પ્રાથમિક શિક્ષણ વિરમગામ તાલુકાના અલીગઢ ખાતે લીધેલું. 14 વર્ષની ઉંમરે તેમણે આઝાદીની લડતની રેલીઓની આગેવાની કરેલી. પાટડી તાલુકાના માલવણ ગામે શિક્ષક તરીકે ફરજ બજાવેલી.

તા. 21-10-1966 ના દિવસે તેઓ (મૃત્યુ) વફાત પામ્યા. આસો સુદ-આઠમના દિવસે આ મેળો ભરાય છે.



જીવતરની અનેક વિડંબણાઓ સામે સતત બાથ ભીડવા મથતા સમુદાયોના જીવનમાં આગવી તડકી-છાંયડી હોય છે, મોટાભાગે અક્ષરજ્ઞાનથી વંચિત રહી ગયેલા સમુદાયો પાસે પોતાના પરંપરાગત લોકગીતોનું મજબૂત દસ્તાવેજીકરણ પુસ્તકોને બદલે હૈયાવગુ હોય છે. ગુજરાતની પશ્ચિમે આવેલા કચ્છના નાનારણની કાંધીના ગામડા-ઓની આજીવીકા રણ અને મીઠું છે. અગરિયા અને મીઠા કામદાર તરીકે ઓળખાતા આ સમુદાય પાસે પોતાના આગવા લોકગીતો છે. ઉનાળે ઝાંઝવામાં લહેરાતા અને શિયાળે થરથર ધ્રુજતા આ રણમાં મીઠું પકવતા આ સમુદાયનું અનોખું રણજીવન છે. આઠ-આઠ મહિના અફાટ રણમાં વિતાવ્યા પછી ચોમાસે ઓફ સિઝનમાં સાત-આઠમે ઢોલના તાલે તેમના રણજીવનના લોકગીતો સાંભળવા એક લ્હાવો હોય છે. રણકાંઠાના જુનાગામમાં તેમના રણજીવનના લોકગીતો સાંભળવા એક લ્હાવો હોય છે. રણકાંઠાના જુનાગામમાં શ્રાવણ વદ અગિયારસનો હનુમાનજી મેળો અગરિયા મહિલાઓના લોકગીતો માટે પણ જાણીતો છે. છપ્પનિયો દુકાળથી લઈ એક અકસ્માતમાં મીઠું ઢોળાઈ જતાં અંગ્રેજોએ ગુસ્સામાં કરફ્યુ ઝીંક્યાની વાત કહેતા લોકગીતો અહીંયા ગવાય છે. લોકોગીતો સાંભળતી મેદની વચ્ચે અહીં સાંજ પણ વિલંબિત થઈ જાય તેવું વાતવરણ હોય છે. અંદાજે એક સદીથી આ પરંપરા જળવાઈ છે. પરંતુ, અગરિયા મહિલાઓની જૂની પેઢી વિદાય થતાં વરસોના વરસ લોકગીત ઘટતા જાય છે. આ મેળામાં ગણ્યાં ગાંઠ્યા અગરિયા લોકગીતો ગવાયા હતા. તેના સ્થાને નવા જમાનાના ગીતોએ સ્થાન લઇ લીધું. એ ભૂંસાતી વિરાસતની નિશાની છે. (તસવીર: અંબુ પટેલ)



ખારો-પાટ મીઠાંશનો મલક ।। દસાડા ।। (પાટડી)

## ઝાડીની જગ્યાનો ઈતિહાસ...

આ જગ્યાના આદ્ય સ્થાપક જેસંગપુરીજી બાપુ હતા. 400 વર્ષ પૂર્વેની આ ઘટના સંદર્ભે લોકમુખે તેમજ ઝાડી જગ્યાના હાલના મહંત દ્વારા પ્રાપ્ત થયેલ માહિતી મુજબ તેમનું મૂળ ગામ કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાનું મોટી ચિરાઈ ગામ હતું. જાડેજા કુટુંબમાં જન્મેલા નાના જેસંગને અંતઃસ્ફૂરણા થઈ કે પોતાના ઘેર ડાયરામાં બેઠેલા લોકો પર મેડી પડશે. આ બાબત થોડી જ વારમાં સત્ય સાબિત થઈ.

વૈરાગ્ય લાગતાં ધોરી ગામ ગયા. જ્યાં ગુરૂની સેવા કરી. ગુરૂનો આદેશ થતાં જૂનાગઢ જઈને તપસ્યા કરી. તપસ્યા કરવાથી ગુરૂ દત્તાત્રેય મળ્યા અને તેમની પાસેથી ઝોળી, ઝંડો ,કિડીયારૂ પૂરવાનો ડબ્બો પ્રાપ્ત થયાંની વાત લોકમુખે સાંભળવા મળે છે.

ગુરૂ દત્તાત્રેયના આદેશ મુજબ ભ્રમણ કરવું, ભ્રમણ દરમિયાન અહાલેક જગાવવો તેવું નક્કી કર્યું. ભ્રમણ દરમિયાન માંડલ પાસેના કુણપુરા જઈને ત્યાંથી માંડલની નજીક કડવાસણની ઝાડી પાસે આવ્યા. આ જગ્યા પર લીંબડા, આમળા, જાંબુડા અને અન્ય પુષ્કળ વૃક્ષોની વનરાજીના કારણે એ જગ્યા ઝાડીથી ઓળખાતી હતી. ત્યાં ખીજડાના ઝાડ નીચે બેસીને તેમણે અહાલેક જગાવ્યો ત્યારે સામેથી અવાજ (પ્રતિધ્વનિ) આવ્યો. તેથી ત્યાં જગ્યાની સ્થાપના કરી. કડવાસણના દેસાઈ પરિવારે તેમની ખૂબ સેવા કરી હોવાની વાત જાણવા મળેલ છે. શ્રી દેવપુરીજી મહારાજશ્રીના વિવિધ પરચા બાબતે લોકવાયકા સાંભળવા મળે છે. જન્માષ્ટમીના દિવસે ત્યાં મેળો ભરાય છે જે 'ઝાડીનો મેળો' તરીકે પ્રખ્યાત છે. હાલમાં મહંત તરીકે શ્રી મહેશપુરીજી મહારાજશ્રી બિરાજમાન છે.

### લાખોગોરલ

પાટડીના દેગામ ખાતે લાખા-ગોરલની સમાધિ આવેલી છે. રણના સામે છેડે આવેલા કુંવર ગામનો આહીર યુવક લાખો દેગામની આહીર યુવતી ગોરલ સાથે સ્નેહના તાંતણે બંધાતા લાખો સમયાંતરે ગોરલને મળવા માટે ઘરના મોભારા વાટે નળિયા ખસેડીને આવતો હતો.એક વખત મોભારેથી ઉતરતી વખતે લાખાની ભેટમાં રહેલી કટાર નીચે પડતાં નીચે રહેલી ગોરલના પેટમાં ખૂંપી ગઈ. પરંતુ ગોરલે આની જાણ લાખાને કરી નહિ. વહેલી સવારે વિખૂટા પડવાના સમયે લાખાને જાણ થઇ પરંતુ ત્યારે મોડું થઇ ગયું હતું. ગોરલને અગ્નિદાહ આપતી વખતે લાખાએ ગોરલની ચિતા પર બેસી જઈને એના પ્રાણનું બલિદાન આપ્યું હતું. પુરૂષના મૃત્યુ બાદ સ્ત્રી દ્વારા પોતાના જીવ આપી દેવાની ઘટનાઓ સાંભળવા મળે છે પણ સ્ત્રીના મૃત્યુ બાદ પુરૂષ દ્વારા અનુમૃત થઇ જવાની ઘટના જવલ્લે જ જોવા મળે છે.

# ઘુડખર અભયારણ્ય...



ઘુડખર અભયારણ્યનો મોટો વિસ્તાર કચ્છના નાના રણમાં આવેલો છે. તે અમદાવાદથી 130 કિ.મી. તથા ધ્રાંગધ્રાથી 25 કિ.મી.ના અંતરે આવેલ છે. કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, રાજકોટ તથા સુરેન્દ્રનગર જિલ્લાઓમાં પથરાયેલું છે. આ અભયારણ્યનો વિસ્તાર 4953.7 ચો.કિ.મી. જેટલો છે, જે કચ્છનું નાનું રણ તથા તેની સાથે જોડાયેલા ખરાબા વિસ્તારનો બનેલો છે, આમાંથી 3,569 વર્ગ કિ.મી. નાનું રણ તથા 1,384 વર્ગ કિ.મી. રણનો કાંધી વિસ્તાર છે. સુરેન્દ્રનગર જિલ્લાના ટીકર, ધ્રાંગધ્રા, માલવણ, બજાણા, ખારાઘોડા, ઓડુ તથા ઝીંઝુવાડા, મહેસાણા જિલ્લાનું વિસનગર, બનાસકાંઠાનું સાંતલપુર તેમજ કચ્છ જિલ્લાનું રાપર, આડેસર તથા ગંગોદર વગેરે નાના રણની ફરતે આવેલા કેટલાક મહત્ત્વનાં શહેરો છે.

આ અભયારણ્યની સ્થાપના ગુજરાત સરકાર દ્વારા જાન્યુઆરી 1973માં કરવામાં આવી હતી, જેનો મુખ્ય હેતુ ભયને આરે આવી પહોંચેલા સસ્તન વન્યપ્રાણી ઘુડખરનું રક્ષણ કરવાનો હતો. રણના કાંધી વિસ્તારમાં ગાંડા બાવળના ઝાંખરા, વિસ્તારની ધારે વિવિધ પ્રકારના છોડ તથા ઘાસનું આવરણ છે. દક્ષિણ તરફના કાંધી વિસ્તારમાં ઘુડખરની મહત્ત્વની વસ્તી જોવા મળે છે. ઘુડખરની બધી મળીને ત્રણ જાતિઓ અસ્તિત્વમાં છે, એમાંની એક આફ્રિકામાં તથા બે એશિયામાં જોવા મળે છે. ગઈ સદીમાં ભારતીય ઘુડખર કે જે Equus hemionus khur ની જાતિ છે તે પાકિસ્તાન તથા ઉત્તર પશ્ચિમ ભારતના સૂકા વિસ્તારમાં ઘણા વિશાળ પ્રદેશમાં પથરાયેલી હતી. ઘુડખર રાજસ્થાનમાં જેસલમેર તથા બિકાનેર સુધી તથા પાકિસ્તાનમાં બલુચિસ્તાન સુધી અસ્તિત્વમાં હતાં. આજે ઘુડખરનું અસ્તિત્વ કચ્છના નાના રણ પૂરતું સિમિત છે.

ઘુડખરની વસ્તી સમગ્ર અભયારણ્યમાં તથા મોટા રણમાં કેટલાક ભાગોમાં પથરાયેલી છે. સમાન્યતઃ આ પ્રાણીઓ ટોળામાં જોવા મળે છે, પરંતુ ક્યારેક તેઓ એકલ-દોકલ ફરતા પણ જોવા મળે છે. 1976માં જયારે પ્રથમવાર ગણતરી હાથ ધરવામાં આવી ત્યારે એકપણ ઘુડખર અભયારણ્યની સરહદથી 5 કિ.મી.ના પટ્ટામાં જોવા મળ્યું નહોતું. પરંતુ હવે તેની વસ્તીમાં વધારો થયો હોવાથી આ પ્રાણીઓ અભયારણ્યથી દૂર દૂરના વિસ્તારોમાં વિચરતા માલૂમ પડ્યા છે.





ગુજરાત રાજ્યનો વનવિસ્તાર ઓછો હોવા છતાં વન્ય પ્રાણીસૃષ્ટિની બાબતમાં આ રાજ્ય ઘણું જ સમૃદ્ધ છે. દેશ, ખંડ કે વિશ્વકક્ષાએ દુર્લભ અને નાશપ્રાયઃ ગણાતાં ઘણાં વન્યપ્રાણીઓ ગુજરાત રાજ્યમાં અસ્તિત્વ અને સંરક્ષણ ધરાવે છે. એશિયાટિક સિંહો, કેટલાક દરિયાઈ જીવો, સુરખાબ (ફ્લેમિંગો) અને ઘોરાડ (ગ્રેઈટ ઈંડિયન બસ્ટાર્ડ) જેવાં પક્ષીઓની સાથે જંગલી ગધેડા એટલે કે ઘુડખર એવા વન્યજીવો છે. ઘુડખર સમગ્ર વિશ્વમાં માત્ર કચ્છમાં જ જોવા મળે છે.

સુરેન્દ્રનગર/કચ્છ જિલ્લો, સુરેન્દ્રનગરથી 65 કિ.મી. હળવદ તરફ કચ્છના નાના રણમાં આવેલ છે. જેનો વિસ્તાર 4953 ચોરસ કિ.મી. છે. જ્યાં જંગલી ગધેડા, દીપડા, કાળિયાર, વરૂ, નીલગાય, શિયાળ, જંગલી ડુક્કર તથા પક્ષીઓ જોવા મળે છે.

ઘુડખર કરોડવાળાં (વર્ટેબ્રેટા) ઉપસમુદાયના સસ્તન (મેમલિયા-મમલ્સ) વર્ગના શફગણનું પ્રાણી છે. ગુજરાતીમાં તેને 'જંગલી અને રાની ગધેડાં (ખર)' અને 'ઘુડખર' કહેવામાં આવે છે. જ્યારે હિન્દીમાં તેને 'ગોરખર' અને અંગ્રેજીમાં 'એશિયાટિક વાઈલ્ડ ઍસ' કહે છે. તેનું જીવશાસ્ત્રીય (લૅટિન) કે વૈજ્ઞાનિક નામ 'ઈકવસ હેમિઓનસ ખર (Equus hemionus khur)' છે. ઘુડખરની બીજી એક ઉપજાતિ તિબેટ અને લડાખમાં મળી આવે છે. જેને અંગ્રેજીમાં 'તિબેટિયન વાઈલ્ડ ઍસથ' કહે છે. અને તેનું જીવશાસ્ત્રીય નામ 'ઈકવસ હેમઓનસ કિંગ (Equus hemionus king)' છે. ઘુડખરની આફ્રિકાના રણવિસ્તારોમાં એક ત્રીજી ઉપજાતિ પણ મળી આવે છે. જેને 'સોમાલી વાઈલ્ડ ઍસ' એવું અંગ્રેજી નામ મળેલું છે. આ ત્રણેય જાતિઓની રહેણીકરણી એટલે કે જીવનપદ્ધતિ લગભગ એકસરખી જ છે.

આપણે ત્યાં કેટલાક લોકો ખચ્ચર કહે / ગણે છે. કેમકે તે, ઘુડખર પણ ખચ્ચરની જેમ ઘોડા અને ગધેડા બંનેનાં લક્ષણોની યાદ અપાવે છે. વળી તેના ગુજરાતી નામ ઘુડખરમાં પણ બંને પ્રાણીઓનો ઉલ્લેખ થયેલો છે. ઘુડ (ઘોડો) અને ખર (ગધેડો). પણ હકીકતમાં એવું નથી. ખચ્ચર અને ઘુડખરને કશો જ સંબંધ જ નથી. જીવનશાસ્ત્રીય - વૈજ્ઞાનિક રીતે જોઈએ તો ઘુડખર એક સ્વતંત્ર પ્રાણીજાતિ છે.

આપણે ત્યાં ઘુડખર ખાસ કરીને કચ્છના નાના રણમાં જોવા મળે છે. ઘુડખર માંસલ અને ખડતલ પ્રાણી છે. તેનું વજન 70 થી 90 કિલોગ્રામ જેટલું હોય છે અને તેની ઊંચાઈ પાંચેક ફૂટ (આશરે 55 થી 60 ઈંચ) હોય છે. તેના કાન મોટા અને લાંબા હોય છે. તેની પૂંછડી ઉપર ઘોડાના પૂંછડા ઉપર હોય છે તેવા વાળ નથી હોતા પણ પૂંછડીના છેડે થોડાક વાળનો ગુચ્છ હોય છે. ઘુડખરના શરીરનો ઉપરનો ભાગ પીળાશ પડતા રંગનો હોય છે. જયારે તેનાં જડબાં, મોં પાસેનો ભાગ તથા પેટ અને પગની અંદરના ભાગો સફેદ રંગના હોય છે. તેના હોઠ અને નાક

કાળા રંગનાં હોય છે. ગધેડાં અને ઝીબ્રાના પગ ઉપર અંદરના ભાગમાં હોય છે તેવું એક ગોળ કાળુ ચાઠું/ધાબું ઘુડખરના પગ ઉપર પણ હોય છે. તેની પીઠ પર ખભાથી લઈને છેક પૂંછડી સુધી એક લાંબો કાળા રંગનો પટ્ટો હોય છે. કેટલાક (ઓછી ઉંમરના) ઘુડખરોમાં આ પટ્ટો છીંકણી રંગનો હોય છે. ઘુડખરમાં નર-માદા બંને સરખાં રંગરૂપ ધરાવે છે.

ઘુડખર ટોળામાં રહેવા ટેવાયેલું છે. તે હંમેશા 25/30 લઈને 50/90 ના ટોળામાં જ જોવા મળે છે. કાળિયારની જેમ ઘુડખરના ટોળામાં પણ નેતા-સરદાર (જે તે વિસ્તાર પર આધિપત્ય ધરાવતા નર ઘુડખર) ની આજ્ઞાઓને શિરોમાન્ય ગણે છે. વધુમાં નેતા ઘુડખર પોતાના વિસ્તારની તમામ માદાઓને પોતાની પત્નીઓ બનાવવાનો અબાધિત હક ધરાવે છે. અન્ય નરોને માદાઓની પાસે જવાની પણ છૂટ નથી હોતી. ખડતલ અને ઝડપી ગતિવાળું હોવા છતાં ઘુડખર સ્વભાવે શરમાળ અને અત્યંત ડરપોક પ્રાણી છે. શક જેવું લાગતાં કે માણસને જોતાંવેંત તે પવનવેગે ભાગી છૂટે છે. તે કલાકે 60 થી 70 કિલોમીટરની ઝડપે દોડી શકે છે. દોડતી વખતે ઘુડખર હરણોની જેમ વચ્ચે વચ્ચે છલાંગો પણ મારે છે. તેની શક્તિ અને ઝડપી ગતિ જોતાં તેને કેળવીને ઉપયોગમાં લેવામાં આવે તો તે માણસ માટે ખૂબ જ ફાયદાકારક બની રહે તેમ હોઈ પહેલાંના જમાના (સમય)માં તેને પકડવાના અને કેળવવાના પ્રયાસો ઘણી વખત થઈ ચૂક્યા છે. પણ તેમાં નિષ્ફળતાઓ જ મળી છે. તેને પકડવાનું કામ ભારે કઠિન છે. તેમ છતાં ભૂતકાળમાં ઘોડા કે ઊંટ ઉપર સવાર થઈ તેનો પીછો પકડીને તેને ખૂબ દોડાવવામાં આવતું. આખરે તે જયારે થાકીને જમીન પર ફસડાઈ પડ્યું ત્યારે તેને પકડી લેવામાં આવતું.

આશરે 20 (એક અન્ય અંદાજ મુજબ 50) વર્ષનું સરેરાશ આયુષ્ય ધરાવતું ઘુડખર સૂર્યોદય પહેલાં, મળસ્કે ચરવાનું પસંદ કરે છે. તે પોતાના ખોરાકમાં રણની ઊગતી વનસ્પતિ - ઘાસનો ઉપયોગ કરે છે. ચોમાસા દરમિયાન રણમાં ઠેર ઠેર ઘાસ અને અન્ય લીલોતરી ઊગી નીકળે છે. જે ઘુડખરનો મનભાવન અને પૌષ્ટિક ખોરાક બને છે. લીલોતરી ઓછી થાય છે ત્યારે ઘુડખરનાં ટોળાં પોતાના વિસ્તારમાં આવેલ એક બેટથી બીજા બેટ પર ખોરાકની શોધમાં ફરતાં રહે છે. આવી રીતે ખોરાક શોધવા માટે ક્યારેય તેઓ માત્ર એક દિવસમાં 100 થી 150 કિલોમીટરનો લાંબો પ્રવાસ પણ ખેડી નાખે છે. તેઓ માટે ચોમાસા પછી, જ્યારે ક્યાંય ઘાસ બચતું નથી ત્યારે તેઓ રણમાં થતા ગાંડા બાવળ (કેટલીક જગ્યાએ તેને 'હડકાયો બાવળ'ના નામથી ઓળખવામાં આવે છે તે) ની કુંપળો અને શિંગો (પૈડિયા) નો પોતાના ખોરાક તરીકે ઉપયોગ કરે છે. ચોમાસા દરમિયાન રણમાં પાણી ભરાઈ જાય છે. આથી ઘુડખરનાં ટોળાં પોતપોતાનાં વિસ્તારમાં આવેલા નાનામોટા બેટમાંથી એકાદ સુરક્ષિત બેટ ઉપર જતાં રહે છે. ચોમાસું તેમની પ્રજનનઋતુ છે. પ્રજનનઋતુ એટલે સંવનન કરીને બચ્ચાં પેદા કરવાની અને તેમને ઉછેરવાની ઋતુ સમયગાળો. પ્રજનનઋતુની શરૂઆત થતાં જ પ્રત્યેક સજીવમાં નવચેતન પ્રગટે છે. કુદરત તેમને હોય તેનાથી સુંદર અને આકર્ષણ કરવા માટે તેમને અવનવા પોશાક, શણગારથી સજાવે છે.





# ઓડુ ગામનો સુવિખ્યાત... પતંગમેળો



અમદાવાદમાં કાઈટ ફેસ્ટિવલ આવવાનો હોય તેના મહિના અગાઉથી તંત્ર આયોજનમાં લાગી જતું હોય છે. ટૂરીઝમ વિભાગ પણ પાછળ રહેતું નથી.

પરંતુ, આ વાત રણ વિસ્તારમાં આવેલા ઓડુ ગામના પતંગમેળા (કાઈટ ફેસ્ટિવલ) ની છે. ચાર હજારની વસ્તી ધરાવતું ઓડુ ગામ કરછના નાના રણને કાંઠે સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાથી માત્ર ચૌદ કિલોમીટર દૂર છે. આ સ્થળ સુરેન્દ્રનગર કે ગુજરાતમાં બહુ જાણીતું આ સ્થળે શહેરીકરણની આબોહવા બહુ પહોંચી નથી.

આ ઓડુ ગામમમાં અંદાજે ઈ.સ. 1882 થી દર વરસે 29 ડિસેમ્બરે પતંગ મેળો અચૂક યોજાય છે. આ પતંગમેળાની રસપ્રદ કથાનું વર્ણન કરતા ઓડુ ગામનાં મુખી જેસિંગભાઈ કહે છે. અંગ્રેજ હકુમત વખતે ઓડુ ગામની બાજુના રણમાં પ્રિચાર્ડ સોલ્ટ વર્કસ અંગ્રેજોના મીઠાના અગર હતા. એ અગરમાં નવસો અગરિયા પરિવારો મીઠાની ખેતી કરતા હતા. એ વખતમાં મીઠાના અગરનો વડો અધિકારી સોલ્ટ ઈન્સ્પેકટર કહેવાતો હતો. એ સમયમાં સોલ્ટ ઈન્સ્પેકટર તરીકે અનવર સાહેબ શેખ ફરજ બજાવતા હતા. પરગજુ અને મિલનસાર સ્વભાવના અનવર સાહેબ ચુસ્ત નમાઝી હોવાથી ઓડુ ગામમાં દાવલશા પીરની દરગાહે નમાજ અદા કરવા આવતા.

જોકે મીઠાના ઉત્પાદનની પ્રક્રિયા અતિશય મજૂરીવાળી અને શ્રમપ્રધાન હોવાથી અનવર સાહેબે એ જમાનામાં આ પીરની દરગાહને નિમિત્ત બનાવી અગરિયા સમુદાયોના મનોરંજન માટે 'કાઈટ ફેસ્ટીવલ'ની શરૂઆત કરાવી હોવાનું ઓડુ ગામના મુખી જેસિંગભાઈ જણાવે છે.

આ એકસો પાંત્રીસ વરસ પુરાણી પતંગમેળાની પરંપરા આજે પણ જળવાઈ રહી છે. દર



વરસે 29 ડીસેમ્બરના દિવસે એ વખતના પ્રિચાર્ડ સોલ્ટ વર્કસના અગરિયાના વંશજો (હાલ આ સોલ્ટ વર્કસ હિન્દુસ્તાન સોલ્ટ તરીકે ઓળખાય છે) ના સમૂહના વડા રણમાંથી પગપાળા આવી દાવલશા પીરની દરગાહે ધજા (નિશાન) અને ફૂલ ચડાવે છે અને પતંગ મેળાની શરૂઆત થાય છે.



આ દિવસે ઓડું, મીઠાઘોડા, ખારાઘોડા તથા રણમાં વસવાટ કરતા અગરિયા અને બિનઅગરિયા પરિવારો પતંગ અને દોરી સાથે ઉમટી પડે છે અને આખો દિવસ ઓડુ ગામમાં પતંગ ચગાવે છે. ઓડુ ગામમાં રહેતા દાવલશા પીરની દરગાહના મુંજાવર ફકીર મહમદ કહે છે કે આ ગામમાં માત્ર ત્રણ જ મુસ્લિમ પરીવારોનો વસવાટ છે. છતાં પણ હિન્દુ પરિવારોની આસ્થા દાવલપીર સાથે અતૂટ જોડાયેલી છે.

બીજી તરફ ઓડુના સરપંચ ધીરૂભાઈએ જણાવ્યું કે પરંપરા પ્રમાણે મીઠાના અગરિયાઓ આ દિવસે કામકાજ બંધ રાખીને ઓડુ ગામમાં ઉમટી પડે છે. જોકે આ મેળાના આયોજન માટે કોઈ વ્યવસ્થાપન કમિટી કે કોઈ આયોજન કમિટી ન હોવા છતા લોકો સ્વયંભૂ અને શાંતિપૂર્ણ રીતે પતંગમેળામાં આવીને પતંગની મજા માણે છે. આમ તો મેળામાં ચકડોળ, ફજતફાળકા હોય તેવુ ચિત્ર દેખાય. પરંતુ, ઓડુ ગામમાં 29 ડિસેમ્બરે લટાર મારો તો પતંગ વેચવાવાળા, દોરી ઘસવાવાળા અને પતંગ ઉડાડવામાં મસ્ત લોકો સિવાય કશુંય નજરે ન ચડે.

અમદાવાદમાં કાઈટ ફેસ્ટિવલ પુરો થયા પછી ઉદ્યોગ, વેપાર અને મૂડી રોકાણના M.O.U. થાય છે. પરંતુ આ ઓડુના પતંગ મેળામાં સવારના સમયે દાવલશા પીરની દરગાહે લોકો ભેગા થાય અને પીરના મુંજાવર મીઠી ચા બનાવે તે સૌ ભેગા બેસી અને ગયા વરસની મનની કડવાશો, અણબનાવોને મીઠાશમાં પલટાવીને ભાઈચારા અને માનવતાના વણલખ્યા M.O.U. કરે છે. એક સદી કરતા પણ વધારે સમયથી કોઈપણ જાહેરાત વગર પતંગના માધ્યમથી ઉજવાતા આ પતંગમેળાને ક્યાંક દરેક મેળાની જેમ સરકારીકરણ તો નહીં કસી જાય ને ? આ ચિંતા મેળો મ્હાલવા આવેલા લોકોને સતાવે છે.

**પાટડી તાલુકામાં કાર્યરત સંસ્થાઓ**

(1) ગણતર સંસ્થા, પાટડી
(2) અગરિયા હિતરક્ષક સમિતિ, પાટડી
(3) સેતુ સેવા આરોગ્ય કેન્દ્ર, ખારાઘોડા
(4) સબરસ શિક્ષણ સેવા કેન્દ્ર, ખારાઘોડા
(5) ઝીંઝુવાડા ઝાલાવાડ હેરીટેજ ફાઉન્ડેશન, ઝીંઝુવાડા





# રણકાંઠાના પરંપરાગત રીત-રિવાજો...

સરહદી અને રણકાંઠાના વિસ્તારમાં આવેલા સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા (પાટડી) તાલુકાના ગામડાઓ ઝાલાવાડ અને ચુંવાળ પંથકની સંસ્કૃતિનો અદ્‌ભૂત સંગમ છે. આધુનિકતાના આ સમયમાં પણ પાટડી અને નાના રણની આસપાસ વસતા હિન્દુ અને મુસ્લિમ સમાજે પોતાની સદીઓ જૂની પરંપરાઓને આજે પણ જીવંત રાખી છે.આ બંને સમાજનો પરંપરાગત પહેરવેશ આજે પણ અકબંધ છે.

**ગામનો ચોરો :** પાટડીના મોટાભાગના ગામડાઓમાં આજે પણ ગામનો ચોરો કે પંચાયતનો વડલો હોય છે, જ્યાં સાંજે ગામના વડીલો બેસીને ગામના સુખ-દુઃખ અને વરસાદ-પાકની સાથે સાથે રાજકીય ગતિવિધિઓની ચર્ચાઓ કરે છે.

દિવાળી અને બેસતા વર્ષના દિવસે પશુઓને નવડાવી, તેમના શિંગડાંને કલર કરી, મોરપીંછ બાંધીને શણગારવાની પરંપરા આજે પણ જોવા મળે છે. આ દિવસે પાટડી તાલુકાના લગભગ તમામ ગામોમાં અશ્વદોડ સ્પર્ધા અને ગાયને સમૂહમાં દોડાવી તેનાથી જે રજ ઊડે તેને માથે ધરી આખું વર્ષ સુખમય પસાર થાય તેવી પ્રાર્થના કરે છે.

ગામમાં કોઈપણ ઘરે રોટલી કે રોટલો બને તો પહેલો રોટલો ગાય માટે (ગૌગ્રાસ) અને છેલ્લો રોટલો કૂતરા માટે કાઢવાની પ્રથા દરેક ઘરમાં જોવા મળે છે. ગામના ચોરે ચબૂતરો હોય છે જ્યાં રોજ સવારે પક્ષીઓને ચણ નાખવામાં આવે છે.

**મામેરૂં અને કરિયાવર :** દીકરીના લગ્ન વખતે મામા તરફથી 'મામેરૂં' લાવવાની પ્રથા અને દીકરીને સાસરે વળાવતી વખતે 'કરિયાવર' (જેમાં કાંસા-પિત્તળના વાસણો, ગાદલા-ગોદડાં અને ભરતકામ કરેલી વસ્તુઓ) આપવાની પરંપરા યથાવત્ત છે.

**લગ્નગીતો (ફટાણાં) :** લગ્નના દિવસોમાં ગામની સ્ત્રીઓ રાત્રે ભેગી મળીને લગ્નગીતો અને ફટાણાં (મજાક-મસ્તીવાળા ગીતો) ગાય છે. આધુનિક ડી.જે.ના જમાનામાં પણ ગામડાના લગ્નોમાં ઢોલ અને શરણાઈનું મહત્ત્વ અકબંધ છે. પીઠી ચોળવાની પ્રથાને શહેરની નવી પ્રથા હલદી-રસમને પણ ભુલાવી.દે... એના ગીતો આજે પણ સ્ત્રી મુખે સાંભળવા મળે...

'હરવી હરવી ચોરો રે મોટા ઝોટા,
પીઠી પીઠી ચોરી રે મોટા ઝોટા.
નાના નાના બારકળા રે બિયાસે,

ઈ'રે બાળક દાદાને બઉ વા'લા.
ઈ'રે બાળક મોહારે મોંઝેરા.
ઇ તો મારે બા મન થોડા
હરવી હરવી ચોરી રે મોટા ઝોટા.'

મોળ (મોળીયો) પહેરાવતી વખતનું ગીત

'વર તારે તે મોળીયો ચાંથી બાર બાપાના
તારી મા માળીને જઈ'તી બાર બાપાના
વર તારે તે મોળીયો ચાંથી..
તો હું હુયાણી થઈ'તી બાર બાપાના
વર તારે તે મોળીયો..'

આ સાથે અન્ય એક ગીત જે સ્ત્રીઓ ગાવાનુ ન ભુલે ...

ચંદનભરી તલાવળી રે, મોતીળે બાંધેલ પાળ,
ત્યાં મારે ભરતભાઈ ઝીલશે રે, બેહસે બારે હજાર
વિજયભાઈ એમ કરી ઝીલશે રે, સસરાએ લીધી રે રઢ,
સસરાજીના લેખે કુણ પુરસે રે, પુરસે વસીયો હોનાર.
વસીયા હોનારી વીરા વેનવું રે, ઝાંપલીયો ઘળી લાય,
ઘુઘરીયાળો ઘળુ તારો ઝાંપલો રે, નયણે ઉઘાળુ કમાળ.

લગ્નસમયે વાનોરા પ્રથા આજે પણ યથાવત છે. વાનોરા વખતે ગવાતા ગીતો ...

ચેને ચેને ઘેર વીરને ભોજનીયા દે દીધા
વિજયભઈને ઘેર વીરને ભોજનીયા રે દીધા....
વર પરણીને ઘેર આવ્યા પછી ગવાતાં ગીતો
'લાડી એકલળી સુ આઈ રે,
તારી માને ચેમના લાઈ રે
મા આવે સે ,બધી માયું ને લેતી આવે સે રે
લાડી એકલળી સુ આઇ રે,
તારી બોનને (બહેનને) ચેમના લાઈ રે.

**સીમંત** (ખોળો ભરવો) : સ્ત્રી જ્યારે પ્રથમ વખત ગર્ભવતી બને ત્યારે સાતમા કે આઠમા મહિને પિયર પક્ષ તરફથી ખોળો ભરવાની રસમ આજે પણ આસ્થાથી નિભાવવામાં આવે છે.





**શીતળા સાતમ અને રાંધણ છઠ :** આ વિસ્તારમાં શ્રાવણ મહિનામાં આવતી રાંધણ છઠે બધું ખાવાનું બનાવી લેવાય છે અને શીતળા સાતમના દિવસે ચૂલો સળગાવવામાં આવતો નથી. આખો દિવસ ટાઢું (ઠંડું) જમવાની જૂની પરંપરા દરેક સમાજ પાળે છે.

## સાતમ આઠમના ગીતો

ધન ગોકુળ ધન ગામળા રે
ધન ખોદયા તલાય, વાલા અળગા રો ને,
સોળ સોળ ગોપીઓ ટોળે વરી છે.
જમના ઝીલવા જાય, વાલા અળગા રો ને,
વસ્તર ઉતારી આરે મેલ્યા
પડ્યા જમના માય, વાલા અળગા રો ને,
વસ્તર તો વીઠલો હેરી ગયો રે
ચડયો કદમ ને ઝાડ, વાલા અળગા રો ને,
સોળ સોળ ગોપીઓ ટોળે વરી છે
આલો અમારા લુઘળા રે,
આલો અમારા ચીર, વાલા અળગા રો ને
સા સા તમારા લુઘળા રે
સા સા તમારા ચીર, વાલા અળગા રો ને
લીલા લપેટાનું કાપડું રે,
ઝગ મોતીનો હાર, વાલા અળગા રોને
આલો તમારા લુઘડા રે,
જાશે તમારી લાજ, વાલા અળગા રોને.

પ્રસૂતિ અને સુખાકારી માટે રાંદલને તેડાવી એને એજ દિવસે પાણીમાં વિસર્જન કરી રાંદલ માતાને તળાવ સુધી વળાવવા ગામની સ્ત્રીઓ ગીતો ગાતી ગાતી જાય છે અને રાંદલને આજની રાત રોકાઈ જવાની અશ્રુભીની વિનવણી કરે છે જે હૃદયને ભીજવી દે છે... હે... આજનો દિવસ રોકાઈ જાવ હે... રાંદલ ના જાવ રે ...હે રાંદલ ના જાવ રે..

અખાત્રીજના દિવસે વાવણીના સાધનોની પૂજા. પહેલી વાવણી પહેલાં નાળિયેર વધેરવું. નવા અનાજનું 'કંસાર' અથવા 'લાપસી' બનાવી વહેંચવું.

કૂવા અને પાણીના સ્ત્રોતની વધામણી સમયે થતી પૂજામાં આખુંય ગામ જોડાય અને

ખાસ વાત તો એ કે એમાં સામે કાંઠેથી નવયુવાન પાણીના તરવૈયાઓની સ્પર્ધા જામે છે.

નવરાત્રિના પરંપરાગત ગરબા, ગામના દેવસ્થાનની વાર્ષિક પૂજા અને નૈવેધ, લગ્નમાં વરઘોડો અને લોકગીતો ખારાપાટ સાથે જોડાયેલા અગરિયા પરિવારોની ઋતુપ્રથા-સામૂહિક પ્રસાદ અને પંગતને ટેકનોલૉજી સ્પર્શી શકી નથી.

**ગામમાં થતા રાત્રિભજનની પરંપરા :**હાર્મોનિયમ, મંજીરા અને મૃદંગ સાથે રાત્રિ જાગરણ. સખીમંડળ - વડીલો દ્વારા સંતવાણી અને કથાઓ, ઉનાળાની સીઝનમાં ભવાઈના વેશ, દેવીપૂજક અને વાલ્મીકિ સમાજના માતાજીના માંડવાની આસ્થા અને પરંપરા આજે પણ જીવંત છે. વાછરડું જન્મે ત્યારે ગામના દરેક ઘરે ગોળ અને ઘીનું વહેંચણ અને સાથે પહેલા દૂધની બરી કોણે ના ભાવે ?

દસાડા તાલુકામાં ઘણી એવી જૂની લોકપરંપરાઓ આજે પણ જીવંત છે. ગામ પ્રમાણે નામ થોડું બદલાય, પરંતુ વિસ્તાર પ્રમાણે પરંપરાઓ અલગ ઓળખ ધરાવે છે.

### પાટડી તાલુકાના 'રાષ્ટ્રપતિ એવોર્ડ' મેળવનાર શિક્ષકો

| શિક્ષકનું નામ | એવોર્ડ મળ્યાનું વર્ષ | એવોર્ડ મળ્યો ત્યારે કઈ શાળામાં હતા |
|---|---|---|
| ★ શ્રી મનજીભાઈ ભવાનભાઈ પ્રજાપતિ | 1987 | પ્રાથમિક શાળા, કઠાડા |
| ★ શ્રી અબ્બાસીભાઈ મિરાજીભાઈ ખોખર | 1989 | કન્યા શાળા, દસાડા |
| ★ શ્રી દુદાભાઈ વણાભાઈ આલ | 2002 | પ્રાથમિક શાળા, સલી |
| ★ શ્રી હર્ષદકુમાર આર. જોશી | 2010 | પે સેન્ટર શાળા, પાટડી |
| ★ શ્રી ઈબ્રાહીમભાઇ બચુભાઈ કુરેશી | 2013 | પે સેન્ટર શાળા, જૈનાબાદ |





## રણકાંઠાના ગીતો...

ખારાપાટ પંથકનું આ ગીત ખૂબ લોકમુખે ગવાયેલું છે, મીઠાઉદ્યોગથી જીવનનિર્વાહ થાય છે, માટે મીઠાનો ગાંગડો વાહલો લાગે છે. રૂમાલ, સાબુ, છત્રી જ્યારે લકઝરી આઈટમ ગણાતી હશે ત્યારે અભણ, શ્રમજીવી અને સતત જીવન સંઘર્ષ કરતી સ્ત્રીઓ મેલાઘેલા લુંગડાં પહેરી કુંડાળે પડી હોય, ઢોલીડો ઠાંગો પગ રાખી, મેલખાયુ માથે બાંધી, મલકાતા મુખે ઢોલના પડ ઉપર દાંડી દેતો હશે એ વખતનું આ ખારાપાટ કાલુઘેલું ગીત છે. આજે આ ગીત ગમે તે લાગે પણ એ વખતે આ ગીત જીવન જીવવાનું સંગીત હતું.

ખારાપાટની લોકબોલી વઢીયારી લોકબોલી અને કાઠિયાવાડી લોકબોલીની વચ્ચેની એક વિશિષ્ટ લોકબોલી છે. દા.ત. : ચયમ : કેમ / સેઅ : છે / સોગા : છોગા / ભાજીઃ ભાંગી / પઈસા : પૈસા / સાયો : છાંયો વગેરે જેવાં અનેક વિશેષતાઓ આ લોક બોલીમાં જોવાં મળે છે.

સારા પરતાપ ગામ ઓડું અગરના
ભઉની ભાંજી ભૂખરે, ગાંગડો વાલો લાગ્યો સે

પઇસાનો રોમાલ બજારે મલસે,
સોગા મેલીને ઘરે આવો રે, ગાંગડો વાલો લાગ્યો સે

સારા પરતાપ ગામ ઓડું અગરના,
ભઉની ભાંજી ભૂખ રે, ગાંગડો વાલો લાગ્યો સે

પઇસાનો સાબુ બજારે મલસે,
ઉજરા થઈ ઘરે આવો રે, ગાંગડો વાલો લાગ્યો સે

સારા પરતાપ ગામ ઓડું અગરના,
ભઉની ભાજી ભૂખ રે, ગાંગડો વાલો લાગ્યો સે

પઈસાની છત્રી બજારે મલશે
સાંયા કરીને ઘરે આવો રે, ગાંગડો વાલો લાગ્યો સે

ખારાપાટ પંથકમાં લગ્નપ્રસંગની પરંપરામાં જાન આવવાની હોય કે જાન જવાની હોય તેની આગલી રાત્રિ એટલે રાતીજગો આગવું મહત્ત્વ ધરાવે છે. સગા-સંબંધીઓ (નોતરિયા-આમંત્રિત) આવ્યા હોય, વાડીવસ્તી ઉત્સાહમાં હોય ત્યારે લગ્નની આગલી રાતે ગાણાં ગાવાનો એક રિવાજ હતો. માત્ર દેશી ઢોલ સિવાય સંગીતના સાધનો બીજા હતાં નહીં, કોઈ સાઉન્ડ સિસ્ટમ નહોતી. ત્યારે સ્ત્રીઓના કસાયેલા કંઠે લગ્ન ગીતો ગવાતાં, એક બે સ્ત્રીઓ એક પંકિત

ગાય અને કુંડાળામાં હોય એ દરેક સ્ત્રીઓ લાંબા હાથ કરી કરીને પંક્તિઓ ઝીલતી હોય, કુંડાળામાં વચ્ચે મેલો ઘેલો ઢોલી પગમાં ચાનક ઉપડે એવો ઢોલ વગાડતો હોય ત્યારે પ્રસંગનો આનંદ સહિયારો થઈ જતો.

આ લગ્નગીત હળવી અને નિર્દોષ મજાકમાં ગવાતું ગીત, ખારાપાટમાં બાવળ બળૂકા છે તેનાં લાકડાંમાંથી પારણું ઘડાવવાની વાત કહેવાઈ છે. એ પારણામાં કોણ પોઢશે, રડશે તો કોણ એને છાનો રાખશે, કોણ હાલરડાં ગાશે એવા હળવા અને નિર્દોષ મજાકના ભાવનું આ ગીત છે. ખારાપાટ ઉપરાંતના વિસ્તારમાં પણ આ ગીત ગવાતું હશે પણ ખારાપાટની લોકબોલીમાં આ પોતીકું લગ્ન ગીત છે.

કાચા બાવરીયાનું લાકડુ રે ગમલ ગુજલળી
ઈનું ઘળાવો પારણું રે ગમલ ગુજલળી
પારણીયે કોણ પોઢસે રે ગમલ ગુજલળી
પોઢસે હોસનો સોકરો રે ગમલ ગુજલળી
રોસે હોસનો સોકરો રે ગમલ ગુજલળી
હાલા કુણ કુણ ગાસે રે ગમલ ગુજલળી
હાડીયો હાલા ગાસે રે ગમલ ગુજલળી
સાનો રે હોસના સોકારા રે ગમલ ગુજલળી
હમણે તારી મા આવસે રે ગમલ ગુજલળી
રોમાલને ટોપી લાવસે રે ગમલ ગુજલળી
કાચા બાવરીયાનું લાકડું રે ગમલ ગુજલળી

ખારાપાટ પંથકનુ આ ગીત જનજીવનની અંતરંગ ઝાંખી કરાવે છે. કોઈ અલ્લડ મિજાજની વહુવારૂ પાણીની હેલ માથે મૂકી પાણી ભરવા નીકળી હશે ત્યારે કોઈ છેલબટાઉ, નટખડ જુવાનડાએ હાથ ઝાલ્યો હશે. એ વખતનાં મનોભાવોને દર્શાવતું આ એક ગીત છે. લોક સાહિત્યની મજા એ છે કે લોકજીવનના અંતરંગ ભાવો પણ આમ છડેચોક ગવાતાં હતાં..

ઓંડી ઓંડી સદલા ગામની કુઈ
ઉભડા ગામમાં અદલ પાણી
પાણી હાલી વસીયા વારી નાર
ઈના હાથમેં ગુલાબની સળી
આડા ઊભા વાલા ભઇ સેલ
સબીલે સળી પડાઈ લીધી





મેલો મેલો સબીલા મારો હાથ
નંદા સે મારી દાંતની ચૂળી
નઈ મેલું હેણી ને હરાજ
તારેને મારે દોસ્તી બંધી
ઓંડી ઓંડી...

ખારાપાટ પંથકમાં ગણેશ વંદના, સ્તુતિનું આ ગીત વર્ષો સુધી ગવાયું છે. લગ્નપ્રસંગની શરૂઆત ગણેશસ્થાપનથી થાય છે. એક દિવસના, બે દિવસના, ત્રણ દિવસનાં, પાંચ દિવસનાં કે સાત દિવસનાં ગણેશજી બેસાડવામાં આવતા અને લગ્નપ્રસંગનું સમાપન ગણેશઉત્થાપનથી થતું. જ્યારે ગણેશજી બેસાડવાના (સ્થાપન) થતું ત્યારે ઉપરોક્ત ગીત ગવાતું હતું. મહારાજ દીવાલ ઉપર ઘીની ધાર કરી લીટા કરે. નીચે અનાજનો ઢગલો કરી નાળિયેર મૂકે, દીવો ધરે, ગણપતિજી નાની મૂર્તિ મૂકી વર કે કન્યાને પીઠી કરી ગોદડું પાથરી તેનાં ઉપર બેસાડી મહારાજ ગણપતિ સ્થાપન કરતાં ત્યારે સ્ત્રીઓ લાંબા લહેકે કોઈ સંગીત વગર આ ગીત સામૂહિક રીતે ગાતાં, મહારાજનાં સંસ્કૃત શ્લોક કરતાં પણ લોકબોલીમાં જે વંદના થતી એ સાંભળીને ગણપતિજીને પણ શેર લોહી ચડતું હશે...

## ગણેશ સ્થાપન સમયના ગીતો

ગણેશ દોંદારો ગરવો પેટે ફોંદારો
ગણેહની થાપના કરાવો કે મારો ગણેહે દોંદારો.
તેતરીસ કરોળ દેવતા સેમાળે આયા
હરસ્યા ગોવારીના મન રે, મારો ગણેહે દોંદારો.
તેતરીસ કરોડ દેવતા વાળીએ આયા
હરસ્યા મારીળાના મન રે, મારો ગણેહે દોંદારો.
તેતરીસ કરોડ દેવતા ઝાંપલીયે આયા
હરસ્યા પાણિયારીના મન રે, મારો ગણેહે દોદારો.
તેતરીસ કરોડ દેવતા આંગણીય આયાં
હરસ્યા ઢોલીળાના મન રે, મારો ગણેહે દોંદારો.
તેતરીસ કરોળ દેવતા ઘરમાં પધાર્યા
હરસ્યા વર - કન્યાના મન રે, મારો ગણેહે દોંદારો.
ગણેહે દોંદારો ગરબો.....

## ◆ દાસ સવો (સવારામ)



પ્રાકટ્ય : વિક્રમ સંવત ૧૯૧૭, મહા સૂદ પૂનમ

સમાધિ : વિક્રમ સંવત ૨૦૧૭, વૈશાખ વદ અગિયારસ

માતુશ્રી છે કાશીમા, પિતા કૃષ્ણ મુજ તાત;
સ્વામી ફૂલગરજી સદ્દગુરૂ સદા, સવો નીજ દાસ.

**પરિચય :**

દાસ સવાનો જન્મ વિક્રમ સંવત ૧૯૧૭ મહાસુદ પૂનમના દિવસે પ્રજાપતિ જ્ઞાતિમાં પિતા કરશનદાસ તથા માતુશ્રી કાશીમાના કૂખે પાટડી તાલુકાના પીપળી ગામે થયો હતો. માતાપિતા બંને આધ્યાત્મિક. 'ટુકડો, ત્યાં હરિ ઢુકડો'ના મંત્રને ચરિતાર્થ કરી જીવન જીવી ગયાં. દાસ સવાના ગુરૂ ફૂલગિરિ ગોસ્વામી દશનામી અતિત સાધુ હતા. તેઓ ધાંગધ્રા તાલુકાના સોખડા ગામના વતની હતા.

**ભક્તિસાહિત્ય :**

દાસ સવાએ અનેક પદો રચ્યા છે. ગુજરાતની કોઈ સંતવાણીનો કાર્યક્રમ એવો નહીં હોય કે જેમાં દાસ સવાની રચના ગાવામાં આવી ના હોય. ગુજરાતના સંતવાણીના કલાકારો તેમના કાર્યક્રમમાં દાસ સવાની રચના નિત્ય ગાઈને રજૂ કરતા હોય છે. તેમની કેટલીક પ્રખ્યાત રચનાઓ...

✦ ગગનગઢ રમવાને હાલો
✦ અલખ મિલન કે કાજ ફકીરી
✦ કોઈ નીરખી લ્યો નીજ સ્વરૂપ
✦ આ ચોઘડીએ મારા નોધારાના નાથ
✦ અંગૂઠો મરડીને પિયુને જગાડ્યા
✦ મેં સિપાહી સદ્ગુરૂ કા
✦ દેહનો દેવળ ચણાયો મેરે

**વચન :**

'જે બોલતો છે તે હું જ છું, તે સિવાય બીજો કોઈ દેવ નથી. સર્વ કાંઈ તેના થકી જ છે. અલખની સત્તા મહાન છે. તારામાં જે ચેતન છે, તે જ તારૂ સ્વરૂપ છે તેને તું જરા પણ ભૂલતો નહીં. તારામાં જે બોલતો છે તે તારો ભગવાન છે, જેનું સ્મરણ કરજે. મન શાંત થયા પછી જ એનું ધ્યાન થશે. ધ્યાન વિના મન શાંત થતું નથી.'

**નિર્વાણ :**

વિક્રમ સંવત ૨૦૧૭ના વૈશાખ વદ અગિયારસને બુધવારે સવારે સવા અગિયાર વાગ્યે.





## ◆ લાભશંકર જાદવજીભાઈ ઠાકર



તખ્ખલુસ : લઘરો, પુનર્વસુ

જન્મ : ૧૪ જાન્યુઆરી, ૧૯૩૫

સ્વર્ગવાસ : ૬ જાન્યુઆરી, ૨૦૧૬

જન્મ સ્થળ : સેડલા તા. પાટડી

**પરિચય :**

નાટ્યકાર, નવલકથાકાર, નિબંધકાર, વિવેચક તેમજ આયુર્વેદ ચિકિત્સક એવા લાભશંકર ઠાકરનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના સેડલા ગામમાં થયો હતો. તેઓ ગુજરાતી મુખ્યવિષય સાથે ૧૯૫૭માં સ્નાતક થયા. ઈ.સ ૧૯૫૯માં અનુસ્નાતક થયા તથા ઈ.સ ૧૯૬૪માં શુદ્ધ આયુર્વેદિક કોર્સની ડિપ્લોમાની પદવીઓ હાંસલ કરી.

લાભશંકર ઠાકર સાતેક વર્ષ અમદાવાદ શહેરની વિવિધ કોલેજોમાં અધ્યાપક તરીકે રહ્યા હતા અને ત્યારબાદ ચિકિત્સાલયમાં આયુર્વેદિક ચિકિત્સક તરીકે વ્યવસાય કરતા હતા.

**સાહિત્ય સર્જન :**

'શોધતો તો હું, કુળ મારૂં ક્યાં છે? ક્યાં છે મારૂં મૂળ?'

**કાવ્યસંગ્રહો :**

✦ વહી જતી પાછળ રમ્યા ઘોષા (૧૯૬૫), માણસની વાત (૧૯૭૮), મારે નામને દરવાજે (૧૯૭૨), લઘરો,
✦ બુમ કાગળમાં કોરા (૧૯૭૪), પ્રવાહ (૧૯૮૬), હથિયાર વગરનો ઘા (૨૦૦૦)
✦ નાટકો
✦ એક ઉંદર અને જદુનાથ (૧૯૬૪),અસત્ય કુમાર એકાગ્રની ધરપકડ (૧૯૬૭)

**એકાંકી સંગ્રહો :**

✦ મરી જવાની મજા (૧૯૭૩), બાથટબમાં માછલી (૧૯૮૨), પીળું ગુલાબ અને હું (૧૯૮૫)

**નવલકથાઓ :**

અકસ્માત (૧૯૬૮), કોણ ? (૧૯૬૮), હાસ્યચન, ચંપકચાલીસા, અનાસપનાસ, પીવરી નિબંધ, બાળસાહિત્ય અને આયુર્વેદના લેખનમાં પણ તેમનું પ્રદાન છે. તેમણે આદિલ મન્સૂરી જેવા મિત્રો સાથે મળીને 'રે' મઠની સ્થાપના કરેલી. 'રે' મઠ દ્વારા પરંપરાનું વિચ્છેદ કરતા મઠ કૃતિ અને ઉન્મુલન નામના સામાયિકો પણ ચલાવેલા.

**એવોર્ડ અને સન્માન :**

૧૯૬૨માં તેમને 'કુમાર સુવર્ણચંદ્રક' અને 'નર્મદ સુવર્ણચંદ્રક' પ્રાપ્ત થયો હતો. ૧૯૮૦માં તેમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' એનાયત થયો હતો. ૧૯૯૧માં તેમને 'ટોળા અવાજ ઘોંઘાટ' માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર મળ્યો હતો. ૨૦૦૨માં તેમને ગુજરાતી સાહિત્ય અકાદમી તરફથી 'સાહિત્ય ગૌરવ' પુરસ્કાર મળ્યો હતો.

# વડગામના વીર શહીદ મહેશભાઈ પરમાર...



શહીદો કી મજારો પર લગેંગે હર બરસ મેલે,
વતન પે મરને વાલો કા યહી બસ બાકી નિશાં હોગા

વીર શહીદ મહેશભાઈ ભીખાભાઈ પરમાર એક વીર સપૂત હતા. ગામ વડગામ, તા. પાટડી, જિ. સુરેન્દ્રનગરના વીર શહીદ મહેશભાઈ ભીખાભાઈ પરમાર. જેમણે ભારતમાતાની રક્ષા કાજે પોતાના પ્રાણ ન્યોછાવર કર્યા. મહેશભાઈનો જન્મ વર્ષ 1980માં વડગામ ગામે થયો હતો. તેમના પિતાનું નામ ભીખાભાઈ પરમાર અને માતાનું નામ ચંપાબેન હતું. સામાન્ય પરિવારમાં જન્મેલા મહેશભાઈના હૃદયમાં દેશસેવાની અદમ્ય ભાવના હતી. ધોરણ 10 સુધીનું શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ વર્ષ 2001માં ભારતીય સેનામાં જોડાઈને દેશસેવાનો માર્ગ પસંદ કર્યો. સૈનિક તરીકેની પોતાની ફરજ માટે તેમણે સાગર, મધ્યપ્રદેશ ખાતે તાલીમ મેળવી અને ત્યારબાદ ભારતીય સેનાની શૂરવીર બારમી મહાર (મહાર રેજિમેન્ટ)માં સેવા બજાવી.

વર્ષ 2009 માં મહેશભાઈની ફરજ કુપવાડા, શ્રીનગર, જમ્મુ-કાશ્મીરના કિરણ સેક્ટરમાં હતી. સરહદ પર દેશની સુરક્ષા માટે તૈનાત મહેશભાઈએ અનેક પડકારો વચ્ચે પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી. 5 ઓગસ્ટ 2009ના રોજ કિરણ સેક્ટરમાં આતંકવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો. પરિસ્થિતિ અત્યંત પડકારજનક બની હતી. સેનાના જવાનોને આતંકવાદીઓ સામે મોરચો સંભાળવા માટે મોકલવામાં આવ્યા. મહેશભાઈ પણ પોતાના સાથી જવાનો સાથે દેશની રક્ષા માટે મક્કમતાથી આગળ વધ્યા. આ સમયે તેમણે અસાધારણ હિંમત, બહાદુરી અને કર્તવ્યનિષ્ઠાનો પરિચય આપ્યો. પોતાના સાથી સૈનિકોની સુરક્ષા અને આતંકવાદીઓનો સામનો કરતાં તેઓ અંતિમ ક્ષણ સુધી મોરચે અડીખમ રહ્યા. ફરજ દરમિયાન તેઓ 6 ઓગસ્ટ 2009 ના રોજ શહીદ થયા. મહેશભાઈનું બલિદાન માત્ર તેમના પરિવારનું દુઃખ નથી, પરંતુ સમગ્ર ગુજરાત અને દેશ માટે ગૌરવની વાત છે. એક માતાએ પોતાનો દીકરો ગુમાવ્યો, એક પરિવારે પોતાનો વહાલો સભ્ય ગુમાવ્યો; પરંતુ ભારતમાતાએ એક એવો વીર સપૂત મેળવ્યો, જેનું નામ દેશની રક્ષા માટેના બલિદાનની ગાથામાં હંમેશ માટે અમર થઈ ગયું.

વડગામ ગામની પ્રાથમિક શાળાને મહેશભાઈની શ્રદ્ધાંજલિ રૂપે 'શહીદ વીર મહેશ પરમાર પ્રાથમિક શાળા' એવું નામ આપવામાં આવ્યું છે. જે તેમની શહીદીને યથાર્થ રીતે શોભિત કરે છે અને દેશની આવનારી પેઢીને પણ દેશભાવનાની પ્રેરણા આપતી રહેશે.





# રણની શાળા...



વર્ષ- 2005 આસપાસ આ કાર્ય શિક્ષણ-વિભાગના પ્રોજેક્ટ એવા સર્વ શિક્ષા અભિયાને હાથમાં લીધું. શાળા બહારના બાળકોના વિભાગના કો.આર્ડિનેટરના માર્ગદર્શનથી બી.આર.સી.-સી.આર.સી.ની ટીમ દ્વારા આ કામને વેગ આપવામાં આવ્યું. ખારાઘોડા અને ઝીંઝુંવાડા આ બન્ને સેન્ટરથી અગરિયા પરિવારો કચ્છના નાના રણમાં મીઠું પકવવાના વ્યવસાય માટે સ્થળાંતર વધારે કરે છે. આથી આ બન્ને કલસ્ટરના સી.આર.સી. કો.ઓને આ વર્ગોની મોનિટરિંગ સોંપવામાં આવેલ. સર્વ શિક્ષા અભિયાનની ગ્રાન્ટથી આ બાળકો માટે શરૂઆતમાં કુલ-15 સેન્ટરોમાં એસટીપી વર્ગો કરેલા. રણના નામ પ્રમાણે સેન્ટરનું નામ આપવામાં આવેલું. દા.ત. ગણેશ રણમાં આવેલ રણ શાળાનું નામ 'ગણેશ રણ ટેન્ટ શાળા' આમ ટેન્ટ શાળાનું નામાભિદાન થયેલ. રણમાં મીઠું પકવતા પરીવારોના ભણેલા યુવાનોને બાલમિત્ર તરીકે નિમણૂક આપવામાં આવેલ. તેઓને સર્વ શિક્ષા અભિયાન (હાલનું સમગ્ર શિક્ષા) દ્વારા માનદ વેતન આપવામાં આવતું.

શિક્ષણવિભાગના સમગ્ર શિક્ષાના એઆરએન્ડવીઇ વિભાગના અથાગ પ્રયત્નો થકી વર્ષ- 2017 માં આપવામાં આવેલ બસો જૂની થતા ખૂબ સુવિધાઓમાં વધારો કરી હેવી સોલર સિસ્ટમ સાથે કુલ-20 બસો સ્માર્ટ કરી વર્ષ-2026 માં ઉપયોગ માટે આપવામાં આવી. જેમાં મોટી સાઇઝ સ્માર્ટ ટીવી, બ્લેક બોર્ડ, શિક્ષક ખુરશી, બાળકો માટે ડેસ્ક, બેલ, પાણીની સુવિધા, હેન્ડ વોશબેઝ, સ્પીકર સેટ, બસની અંદર બહાર શૈક્ષણિક ચિત્રો, કચરાપેટી, અરીસો, ફાયર સેફ્ટી,પંખા, બાળકોની ફિટનેશ માટે BMI ચાર્ટ, વજનકાંટો, ઉંચાઇ માપપટ્ટી, રમત-ગમત માટે હીંચકો, લપસણી, રાષ્ટ્રધ્વજ, ચંપલ સ્ટેન્ડ, ચેનલ ડીશ વગેરે વગેરે... આજે આ સ્કૂલ ઓન વ્હિલ્સમાં ખારાઘોડા અને ઝીંઝુવાડા કલસ્ટરના કુલ-21 સેન્ટરોમા દર વર્ષે મીઠાની સિઝન દરમિયાન કુલ- 520 થી વધારે બાળકો અભ્યાસ કરી ભણવાનું સળંગ જાળવી રહ્યાં છે. આ બંને કલસ્ટરની રણ સ્થળાંતર વધારે છે તેવી શાળાના કુલ-20 શિક્ષકો તા.પ્રા. શિક્ષણાધિકારીના માર્ગદર્શનથી આ બાળકોને દરરોજ સેન્ટરોમાં ભણાવવા માટે જાય છે. શિક્ષણ વિભાગ-સમગ્ર શિક્ષાના જિલ્લાના એઆરએન્ડવીઇ વિભાગના કો.ઓર્ડિનેટર અને બી.આર.પી. તથા બી.આર.સી-સી.આર.સી. આ વર્ગોનું સીધું મોનિટરિંગ કરે છે. શિક્ષણવિભાગ-સમગ્ર શિક્ષા દ્વારા શિક્ષકોને પેટ્રોલ ચાર્જ અને બાળકોને રિફ્રેશમેન્ટ એમ તમામ ખર્ચ કરવામાં આવે છે.

# ખારાઘોડા અને હિન્દુસ્તાન સોલ્ટ લિ. : મીઠાની ઐતિહાસિક સફર

મીઠું આપણા જીવનનો અભિન્ન હિસ્સો છે. મીઠું એ માત્ર સ્વાદ નથી. તે શ્રમ, સંઘર્ષ અને સ્વાવલંબનની કેફીયત છે. મીઠાના ચટાકેદાર સ્વાદમાં અગરિયાના જીવનનો ઉજાસ,અંધકાર અને આસક્તિનો અહેસાસ છે. ગુજરાતના કચ્છના નાના રણમાં આવેલું ખારાઘોડા માત્ર મીઠાના ઉત્પાદન માટે જ નહીં, પરંતુ તેના ઐતિહાસિક વારસા અને બ્રિટિશ શાસનકાળથી જોડાયેલા ઇતિહાસ માટે પણ આગવું સ્થાન ધરાવે છે.

સુરેન્દ્રનગર જિલ્લાના ખારાપાટમાં ઉપજતી આ જણસનો ઈતિહાસ પણ એટલો જ ભવ્ય છે. કચ્છનાં નાના રણની કોરાણે આવેલ આ પ્રદેશ એના મીઠાનાં ઉત્પાદન માટે એવું કહેવાય કે સમગ્ર વિશ્વમાં આગવી આભા ધરાવે છે. આજે વાત કરવી છે હિન્દુસ્તાન સોલ્ટ લિમિટેડ (HSL) કંપનીની. એવુ કહેવાય છે કે ખારાઘોડાના મીઠાના ઇતિહાસની શરૂઆત ઈ.સ. 1872 આસપાસ થઈ હતી. તે સમયે બ્રિટિશ શાસન હેઠળ બોમ્બે સોલ્ટ ડિપાર્ટમેન્ટના નેજા હેઠળ ખારાઘોડા ગામ વસાવવામાં આવ્યું હતું. અહીં પ્રિચાર્ડ સોલ્ટ વર્ક્સ (Pritchard Salt Works) નામે મીઠાનું ઉત્પાદન અને વેપાર શરૂ થયો. નાના રણની અનુકૂળ ભૌગોલિક પરિસ્થિતિને કારણે અહીં મોટા પ્રમાણમાં મીઠું પકવવામાં આવતું હતું. તે સમયગાળામાં ખારાઘોડાનું મીઠું માત્ર સ્થાનિક જરૂરિયાત પૂરતું મર્યાદિત નહોતું. અહીંથી થતું મીઠાનું ઉત્પાદન અને તેનો વેપાર બ્રિટિશ સરકાર માટે આર્થિક રીતે ખૂબ જ મહત્ત્વપૂર્ણ બન્યો હતો. લોકવાયકા અને સ્થાનિક માહિતી અનુસાર, ખારાઘોડામાંથી મળતી મીઠાની આવક બ્રિટિશ લશ્કરના ખર્ચમાં પણ નોંધપાત્ર ફાળો આપતી હતી. અંગ્રેજોના લગભગ 9 કરોડના બજેટમાં લગભગ 3 કરોડ જેટલી આવક તો મીઠાની હતી. આથી ખારાઘોડા બ્રિટિશ સમયગાળામાં એક મહત્વપૂર્ણ ઔદ્યોગિક અને આર્થિક કેન્દ્ર તરીકે વિકસ્યું. બ્રિટિશ શાસન દરમિયાન મીઠું માત્ર વેપારી વસ્તુ નહોતું, તે સરકારની આવકનું મહત્ત્વનું સાધન પણ હતું. ભારતમાં મીઠા પરના કર અને તેના વેપાર પરના નિયંત્રણ સામે મહાત્મા ગાંધીજીએ પણ આંદોલન કર્યું હતું. ઈ.સ. 1930ની દાંડીકૂચ દ્વારા મીઠાના કાયદા સામેનો વિરોધ સમગ્ર દેશમાં સ્વાતંત્ર્ય ચળવળનું પ્રતીક બન્યો. આ આંદોલનમાં આ વિશાળ ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં ખારાઘોડાનું મીઠા ઉત્પાદન પણ ભારતના મીઠાના ઇતિહાસનો મહત્ત્વપૂર્ણ ભાગ બની રહે છે.

ઈ.સ. 1947માં ભારત સ્વતંત્ર બન્યા પછી પણ ખારાઘોડાનું મીઠા ઉત્પાદન ચાલુ રહ્યું. બ્રિટિશ સમયથી કાર્યરત હિન્દુસ્તાન સોલ્ટ વર્ક્સ ભારત સરકારના નેજા હેઠળ આવ્યા અને સમય જતાં તેનું સંચાલન નવા સ્વરૂપમાં આગળ વધ્યું. અંતે 12 એપ્રિલ, 1958ના રોજ હિન્દુસ્તાન સોલ્ટ્સ લિમિટેડની સ્થાપના થઈ. ત્યારથી આ સંસ્થા ભારત સરકારના જાહેર





ક્ષેત્રના ઉપક્રમ તરીકે મીઠાના ઉત્પાદન સાથે સંકળાયેલી રહી છે.

હિન્દુસ્તાન સોલ્ટ્સ લિમિટેડ દ્વારા ખારાઘોડા વિસ્તારમાં લાંબા સમય સુધી મીઠાનું ઉત્પાદન કરવામાં આવ્યું અને સ્થાનિક અગરિયાઓને રોજગારીની તકો મળી. મીઠાના અગરોમાં પરિશ્રમ કરીને જીવન ગુજારતા અગરિયા પરિવારો અને આ સમગ્ર વિસ્તારની અર્થવ્યવસ્થા વચ્ચે ગાઢ સંબંધ રહ્યો છે. જોકે સમય જતાં કંપનીની કાર્યપદ્ધતિમાં પરિવર્તન આવ્યું અને હાલમાં કંપની દ્વારા અગરિયાઓને રાખીને મોટા પાયે મીઠા ઉત્પાદનની પ્રવૃત્તિ અગાઉની જેમ થતી નથી. હિન્દુસ્તાન સોલ્ટ્સ લિમિટેડનું મહત્ત્વ માત્ર મીઠાના ઉત્પાદન પૂરતું મર્યાદિત નથી. કંપની સાથે જોડાયેલા વિસ્તારમાં આવેલા કેટલાક સામાજિક અને ઐતિહાસિક માળખાં પણ તેના વારસાનો ભાગ રહ્યા છે. ખારાઘોડામાં કંપનીના સમયથી વિકસેલી રહેણાંક વ્યવસ્થા, હોસ્પિટલ અને લુકાસ લાઇબ્રેરી જેવી સંસ્થાઓનો પણ આ વિસ્તારના સામાજિક જીવનમાં મહત્વનો ફાળો રહ્યો છે. આ સંસ્થાઓ અને ઇમારતો ખારાઘોડાના ઔદ્યોગિક ભૂતકાળની યાદોને આજે પણ જીવંત રાખે છે.

હિન્દુસ્તાન સોલ્ટ્સ લિમિટેડ પાસે ખારાઘોડા વિસ્તારમાં વિશાળ જમીન પણ છે. એવું માનવામાં આવે છે કે આ કંપની પાસે આશરે 23000 એકર જેટલી વિશાળ જમીન હતી. બ્રિટિશ સમયગાળાથી લઈને સ્વતંત્ર ભારતના સમય સુધીના અનેક મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો અને રેકોર્ડ કંપની સાથે સંકળાયેલા રહ્યા છે. તેથી આ સંસ્થા માત્ર એક સરકારી ઔદ્યોગિક એકમ નથી, પરંતુ ખારાઘોડાના ઐતિહાસિક અને ઔદ્યોગિક વારસાની એક મહત્વપૂર્ણ કડી પણ છે.

આજે ખારાઘોડાની ઓળખ મીઠાના અગરો, અગરિયાઓના પરિશ્રમ અને તેના લાંબા ઔદ્યોગિક ઇતિહાસ સાથે જોડાયેલી છે. એક સમય હતો જ્યારે મીઠાનું ઉત્પાદન અહીંની આર્થિક પ્રવૃત્તિનું મુખ્ય કેન્દ્ર હતું અને હજારો લોકોની આજીવિકા તેની સાથે સંકળાયેલી હતી. આજે બદલાતા સમય સાથે આ ક્ષેત્રમાં રોજગારીની નવી તકો ઊભી કરવાની જરૂરિયાત અનુભવાય છે. ખારાઘોડા પાસે વિશાળ જમીન, ઐતિહાસિક દસ્તાવેજો, મીઠા ઉત્પાદનનો વારસો અને અનોખું ભૌગોલિક પર્યાવરણ છે. યોગ્ય આયોજન, સંરક્ષણ અને આધુનિક વિકાસ સાથે આ વિસ્તાર ફરી એક વખત રોજગારી, ઉદ્યોગ અને પ્રવાસનનું મહત્ત્વપૂર્ણ કેન્દ્ર બની શકે છે. આ રીતે, ખારાઘોડાની કહાની માત્ર મીઠાની કહાની નથી. તે બ્રિટિશશાસનથી સ્વતંત્ર ભારત સુધીના પરિવર્તનની, અગરિયાઓના પરિશ્રમની, સરકારી સાહસના વિકાસની અને એક ઔદ્યોગિક વસાહતના વારસાની કહાની છે.

મીઠું એ માત્ર ખાવામાં વપરાતી ચીજ કરતાય એમાં અગરિયાનાં જીવનના વટ, વ્યવહાર, એના ઉન્માદ, એના સપના, એની ભલાઈ, એની માણસાઈ, એના જીવનનાં લેખા જોખા, એનાં ઉજાગરા એવી તો કેટલીય ભરમારની કથા, વ્યથા ને ગાથા છે. મીઠાના સફેદ કણોમાં અહીંના લોકોના પરસેવા સાથે જોડાયેલો એક લાંબો અને સમૃદ્ધ ઇતિહાસ સમાયેલો છે.

# ચાલો રણની સફરે... લીટલ કચ્છ...




કચ્છ નહીં દેખા ઉસને કૂછ નહીં દેખા... આ વાતથી આપ સપરીચિત છો. આ કચ્છ ઘણી અવનવી અજાયબીથી ભરપૂર છે. પાટડી તાલુકાને અડીને આવેલ રણ એ કચ્છના નાના રણ તરીકે ઓળખાય છે. એટલે પાટડી શિયાળાના ચાર માસ માટે આકર્ષણનું કેન્દ્ર રહે છે. કચ્છના નાના રણમાં વિશ્વનું દુર્લભ પ્રાણી ઘુડખર (જંગલી ગધેડો) નું અભ્યારણ આવેલ છે. આ પ્રાણીની જોવા જાણવા સૌ આવે છે તથા તેની સાથે આ રણમાં વરૂ, શિયાળ, જરખ, સાંઢો, શાહુડી, રણ લોકડી, ભારતીય લોકડી, નીલ ગાય (નર અને માદા) ને જોવાનો અનોખો લ્હાવો છે. બજાણાના ઓકળાના પાણીમાં  રણના શાંત વાતાવરણમાં શિયાળાની ગુલાબી ઠંડીમાં અનેક યાયાવર પક્ષીઓનો જમાવડો જોવા મળે છે. ઘોરાડ (કાઝાકિસ્તાન), સુરખાબ (નાના-મોટા) રાજહંસ-ગાજહંસ (2000થી 3000 કિમી પ્રવાસ), બતકો, બાજ, ચીલ, ગરૂડ, પટ્ટાઇઓ, સમડી, ગીધ, શિયાળું ટીલોર, સારસ, મોટો કાજીયો, જલ કૂકડી, ગુલાબી પેણ, ચોટીલી પેણ, કાણી બગલી, દરીયાઇ બગલો, ચમચો, મોટો હંજ, નાનો હંજ, કાળો કોષી, મોટો ચંડેલ, રણ પિદો, આમ આવા વિવિધ 178 જાતિના પક્ષીઓ જોવા પક્ષીપ્રેમીઓ દેશ-વિદેશથી આવે છે. ભારતના મોટા ભાગના રાજ્યો અને પંજાબ, પં.બંગાળથી પ્રવાસીઓ આવે છે. પરદેશમાંથી અનેક દેશો તથા યુરોપ અને અમેરિકા ખંડના અનેક દેશોમાંથી સહેલાણીયો ઘુડખર,પક્ષીઓ, કચ્છને નજીકથી માળવા આવે છે.

ઘુડખર અભ્યારણ રેન્જ ઓફિસ-બજાણા ખાતે આવેલ છે. ત્યાં આવેલ ઇન્ટરપ્રિટેશન સેન્ટર સમગ્ર રણની ઝાંખી કરાવે છે. જેની મુલાકાત અચૂક લેવી. આ ઓફિસથી અભ્યારણ જોવા જવા માટે પરમિશન લેવાની હોય છે. ભારતના રહેવાશી પ્રવાસી માટે 6 વ્યક્તિનો ગાડી સાથે ચાર્જ 400/- અને 200/- કેમેરાના વધારાનો ચાર્જ હોય છે. વિદેશી પ્રવાસી માટે 6 વ્યક્તિનો ગાડી સાથે ચાર્જ 2800/- અને 1200/- કેમેરાના વધારાનો ચાર્જ હોય છે. શનિ-રવિમાં 25 ટકા ચાર્જ વધારે આપવાનો થાય છે. આ કચેરીને 32 લાખની આ વર્ષની પ્રવાસીઓની આવક થઇ છે.

વન-પર્યાવરણ વિભાગના માર્ગદર્શનથી ઘુડખર અભ્યારણ રેન્જ બજાણા દ્વારા રણમાં



ખારો-પાટ મીઠાશનો મલક ।। દસાડા ।। (પાટડી)

આવેલ ટુંડી ટાવર નામના સ્થળે શિયાળામાં વિદ્યાર્થીઓમાં પર્યાવરણ વિશે જાગૃતિ માટે કેમ્પ કરવામાં આવે છે. શાળા-મહાશાળાઓના 50 ની મર્યાદામાં વિદ્યાર્થીઓને દિવસ-2 માટે રણની વચ્ચે કેમ્પમાં ફ્રી રાખવા અને તેમને રણ અને પ્રકૃતિ,પક્ષી વિશે જાણકારી આપવામાં આવે છે. રાત્રીના નજારામાં રણ જોવું એ જિંદગીનો લ્હાવો છે. પ્રતિ વર્ષ ખૂબ દૂર દૂર થી 30 થી વધારે શાળાઓ આ કેમ્પનો લાભ મેળવે છે.

ઘુડખર અભ્યારણ અને યાયાવર પક્ષીઓની સિઝન દરમ્યાન દેશ-દુનિયાથી પ્રવાસીઓ આ વિસ્તારમાં આવવા આકર્ષિત થયા છે. આથી વીઆઇપી રહેવા-જમવાની સગવડતાના  રિસોર્ટ/હોટેલની સુવિધાઓ ખૂબ જ મોટા પાયે વધતી જાય છે. વર્ષો પહેલા એક બે રિસોર્ટ આવેલા હતા. આજે આ પંથકના 8 થી વધારે રિસોર્ટ ફાર્મ હાઉસ અતિ આધુનિક સુવિધા સાથે વિદેશીઓના મનગમતા બન્યા છે. રિસોર્ટમાં પ્રવાસીને રણની ફેમિલી સફારી કરાવવી, ભોજન, બ્રેક ફાસ્ટ, સ્વિમિંગ પુલ, હેન્ડ ક્રાફ્ટના હાટ જેવી સુવિધાઓ હોય છે. અભ્યારણ જોવા આવતા પ્રવાસીઓના કારણે સ્થાનિક રોજગારીની તકો વધી છે. ખાણી-પીણી, વાહન ભાડા, ગાઇડ પ્રવૃતિ વગેરેમાં આવક થાય છે.

## કવિ દેવેન્દ્ર વાણિયા



કવિ દેવેન્દ્રભાઈ ખોડાભાઈ વાણિયાનો જન્મ તા. 13-08-1958ના રોજ ખારાગોઢા મુકામે થયો હતો. તેમના માતા-પિતા પાસે ખેતીલાયક જમીન નહોતી; તેઓ ખારાગોઢાના રણમાં કાળી મજૂરી કરીને મીઠું પકવી જીવનનિર્વાહ કરતા હતા. તેમના મોટાભાઈ ગોવિંદભાઈ ધોરણ 8 સુધી અભ્યાસ કરીને અગરમાં મીઠાની મજૂરી સાથે જોડાયા હતા. માતા-પિતાની ઇચ્છા તેમને ભણાવવાની હતી, પરંતુ 1979માં મોટાભાઈનું અકસ્માતમાં અવસાન થતાં પરિવારની જવાબદારી તેમના ખભા પર આવી પડી.

આ પરિસ્થિતિને કારણે તેમને F.Y.B.Sc. ના વર્ષ દરમિયાન જ કોલેજનો અભ્યાસ અધવચ્ચે છોડવો પડયો અને ઘરે પરત ફરવું પડયું. લાંબા સમય સુધી ઘેર રહેવાને કારણે તેમણે કોલેજમાં ડ્રોપ લેવાનો નિર્ણય કર્યો. ત્યારબાદ તેઓ માતા-પિતાની સાથે અગરમાં જ કાર્યરત થયા. અગરનું કઠિન જીવન, યાતનાઓ અને વિટંબણાઓ વચ્ચે જીવન વિતાવતા. તેઓના મનમાં અગરિયાઓની વ્યથાઓને શબ્દોમાં ઉતારવાની તીવ્ર લાગણી ઉદ્‌ભવી. તેમણે પોતાના અનુભવો અને અગરિયાઓના કરૂણ જીવનસંગ્રામને કાવ્યોમાં કંડારી, જેમાં તેમની કૃતિ 'અગરિયાની કરમ કહાણી' એક જીવંત સાહિત્યિક અભિવ્યક્તિરૂપે પ્રગટ થાય છે.

# ખારાપાટની ધરતીના સ્વાતંત્ર્યસેનાનીઓ...

દસાડા-પાટડીનું આઝાદીની લડાઈમાં યોગદાન છે. આ વિસ્તારના વિવિધ લોકોએ આઝાદીની લડાઈમાં ભાગ લઈને જેલવાસ ભોગવેલ હતો. જેમ કે,

**કાંતિલાલ મણીલાલ ગોર :**

**જન્મ : ૦૧-૦૯-૧૯૧૬, અવસાન : ૦૮-૦૩-૨૦૦૦**

પાટડીના વતની અને વિદ્યાર્થીકાળથી રાષ્ટ્રીય રંગે રંગાયેલા કાંતિલાલ ગોરે 1930 ની મીઠાની સત્યાગ્રહમાં તેમજ 1942 માં 'હિંદ છોડો' ચળવળમાં ભાગ લીધો હતો. 'હિંદ છોડો' ચળવળ સમયે ધરપકડ થતાં સાબરમતીમાં જેલ વાસ ભોગવેલ હતો. ભૂગર્ભવાસમાં રહીને પણ કામ કરેલ હતું. સ્વરાજ પ્રાપ્તિ બાદ સહકારી, શૈક્ષણિક તેમજ રચનાત્મક કાર્યોમાં ભાગ લેતા રહ્યાં. પાટડીના સરપંચ તરીકે પણ સેવા બજાવી હતી.

**વેણીરામ રૂગનાથજી મહેતા : જન્મ : ૧૯ -૧૧ -૧૯૧૧, અવસાન : ૦૪-૦૧-૧૯૭૪**

મોરબીના જૂના નાગડાવાસમાં જન્મીને, પરીવાર સાથે કરાંચીમાં સ્થાયી થયેલા વેણીરામ 1930 આસપાસ હળવદ અને ત્યારબાદ પાટડી ખાતે આવ્યા હતા. વિરમગામ છાવણીમાં તેમને ગામેગામથી વિદેશી કાપડ ગાડામાં લાવીને તેની હોળી કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. આ કામ દરમિયાન તેમેની ધરપકડ થતાં વલસાડ અને સાબરમતી ખાતે જેલવાસ ભોગવ્યો હતો.

**પ્રભુદાસ ધરમશીભાઈ પટેલ :**

મીઠાના સત્યાગ્રહમાં અને 1942 માં 'હિંદ છોડો' ચળવળમાં ભાગ લીધો હતો. 'હિંદ છોડો' ચળવળમાં તેમની ધરપકડ થતાં છ મહિનાનો જેલવાસ ભોગવ્યો હતો. રવિશંકર મહારાજના સૌરાષ્ટ્ર ભ્રમણ દરમિયાન તેમની સાથે કેટલોક સમય વિતાવ્યો હતો.

**કરીમખાન મેઘજીખાન મલેક :**

દસાડા તાલુકાના ગેડીયા ગામના વતની અને પોતાની જબાનને જ ઈમાન માનતા કરીમખાન મેઘજીખાન મલેકે સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટેની 'હિંદ છોડો' ચળવળમાં વિશેષ ભાગ લીધો હતો. આઝાદી મળ્યા બાદ સૌરાષ્ટ્ર રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી ઢેબરભાઈએ સ્વાતંત્ર્ય સેનાનીને મળતા માનપાન અને સગવડો સ્વીકારવા વિનંતિ કરતા ત્યારે તેમનો હમેશાં એક જ જવાબ રહેતો 'ઢેબરભાઈ ઈ તો આપણી ફરજ હતી. ભલા ઈમાં નામ શું લખાવવા ! ખુદાનો લાખ શુકર માનો કે આપણે આઝાદી નજરે જોઈ.' ઈસ. 1957 માં તેમનુ અવસાન થયું હતું.





# પાટડી કેળવણી મંડળનો ઈતિહાસ

**પાટડી કેળવણી ક્ષેત્રે રાજ પરિવાર**

*'તેજસ્વી સન્માન ખોજતે' નહિ ગૌત્ર બતલાકે*
*પાતે હૈ જગ પ્રશસ્તિ અપના કરતબ દીખલાકે.'*

પાટડી રાજપરિવારમાં વીર, ધીર, વિદ્વાન, ધાર્મિક, ન્યાયપ્રિય, પરદુઃખભંજક, વિદ્યા, સાહિત્ય, સંગીત, કલાપ્રેમી, પ્રજાપ્રેમી અને સમાજ સુધારક રાજવીઓ થયા હતા. જેમની દીર્ઘ દૃષ્ટિ અને કુનેહનો લાભ પાટડીની પ્રજાને કેળવણી તેમજ વિવિધ ક્ષેત્રે થયો છે. પાટડીની શૈક્ષણિક સંસ્થાઓ- શ્રી સૂરજમલજી હાઇસ્કૂલ, દરબાર શ્રી રઘુવીરસિંહ કુમાર શાળા, શ્રી નાનુબાપા કન્યા શાળા, શ્રી મોતીબાઈ કન્યા પ્રાથમિક શાળા ભાગ્યે જ કોઇ એવી શૈક્ષણિક સંસ્થા હશે જે રાજવી પરિવારના દાનથી વંચિત હોય.

પાટડીના આ રાજવી શ્રી સૂર્યમલજી (સૂરજમલજી) (ઇ.સ. ૧૮૮૪-૧૯૧૩)ની પુણ્યસ્મૃતિમાં આકાર પામેલ શ્રી સૂરજમલજી હાઇસ્કૂલ-પાટડી શિક્ષણના આધુનિક પ્રવાહોથી સુસજ્જ છે. આખાય ભારતખંડમાં ય કદાચ નહીં હોય એવું જેની પાસે સમૃદ્ધ અને વિશાળ રમત-ગમતનું મેદાન છે.

શ્રી સૂરજમલજીનું વ્યક્તિત્વ તેમના નામને સાર્થક કરનારૂં હતું. ઇ.સ. ૧૯૦૬ માં પાટડીના 'રાજર્ષિ'નું બિરૂદ પામેલા રાજવીના નામ પર 'શ્રી સૂરજમલજી ઇંગ્લીશ સ્કૂલની સ્થાપના કરવામાં આવેલ. જેનો આઝાદી પછી ઇ.સ. ૧૯૫૨માં શ્રી પાટડી કેળવણી મંડળ-પાટડીએ વહીવટ સંભાળ્યો પછી તેનું નામ શ્રી સૂરજમલજી હાઇસ્કૂલ રાખવામાં આવ્યું.

શ્રી દોલતસિંહજી (ઈ.સ. ૧૯૧૩-૧૯૨૮) એ પોતાના પિતાના સ્મરણાર્થે શ્રી કડવા પાટીદાર હિતવર્ધક મહામંડળને રૂપિયા ૧,૧૦,૦૦૦ નું દાન ગામડાના કડવા પાટીદાર વિદ્યાર્થીઓને અમદાવાદમાં રહેવા-જમવા માટે 'દરબારશ્રી સૂરજમલજી કડવા પાટીદાર બોર્ડિંગ હાઉસ'ના મકાન માટે તથા જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવા માટે આપેલ. જે આજે પણ કેળવણીની જ્યોત ત્યાં પ્રજ્વલિત છે.

સને ૧૯૨૦માં દરબારશ્રીએ પોતાના માતુશ્રી મોતીબાના સ્મરણાર્થે પાટડીમાં 'મોતીબાઈ કન્યાશાળા'નું મકાન બંધાવી આપી કન્યા કેળવણીને ઉત્તેજન આપેલ. ભરત-સીવણની તાલીમ માટે પણ આર્થિક મદદ તેઓશ્રી કરતા હતા.

દોલતસિંહજીનાં કુમાર સ્વ. રઘુવીરસિંહજીની યાદમાં પાટડીમાં 'શ્રી રઘુવીરસિંહજી પ્રાથમિક શાળા' બાંધવામાં આવેલ.

શ્રી નારાયણસિંહજી (ઇ.સ. ૧૯૪૦-૪૧)માં ગાદીએ આવ્યા. ઇ.સ. ૧૯૦૬માં શ્રી સૂરજમલજી ઇંગ્લીશ સ્કૂલની સ્થાપના સમયે ધન ઉઘરાવવામાં સક્રિય સેવાઓ આપી હતી.

શ્રી પ્રતાપસિંહજી ઇ.સ. ૧૯૪૧-૧૯૪૭) ભારતના દેશી રાજ્યોના વિલિનીકરણ પહેલા 'પાટડી રાજ્ય'ના છેલ્લા રાજવી તરીકે દેસાઇ શ્રી પ્રતાપસિંહજીને તા. ૧૭-૧૨-૧૯૪૧નાં દિને રાજતિલક થયું હતું. પાટડીના પ્રતાપી અને બહુમુખી પ્રતિભા ધરાવતા રાજવીનો ૨૧-૧૧-૧૯૭૮માં સ્વર્ગવાસ થયો હતો. તેઓશ્રીની પુનિત યાદમાં રાજપરિવાર તરફથી રૂપિયા ૩,૮૦,૦૦૦નું માતબર દાન પાટડી કેળવણી મંડળને મળ્યું હતું, તેમજ સ્વર્ગસ્થની યાદમાં પાટડીમાં 'શ્રી પ્રતાપસિંહજી ગર્લ્સ હાઇસ્કૂલ'નું અધ્યતન સુવિધાવાળું મકાન નિર્માણ પામ્યું હતું. અત્યારે જે સ્થળે શ્રી સૂરજમલજી પ્રાથમિક શાળા કાર્યરત છે.

શ્રી સૂરજમલજી હાઇસ્કૂલના ઉચ્ચતર માધ્યમિક શાળા વિભાગમાં સને ૧૯૯૫ થી રાષ્ટ્રીય સેવા યોજના એકમ શરૂ કરવામાં આવેલ. જેમાં એન.એસ.એસ. પ્રવૃત્તિઓ બે ભાગમાં વહેંચવામાં આવેલ. (૧) નિયમિત પ્રવૃત્તિ (૨) ગ્રામ દત્તક શિબિર. યુવાનીના ઉંબરે ઊભેલા યુવાનોને સમાજલક્ષી બનાવવા અને રચનાત્મક પ્રવૃત્તિઓ કરવા પ્રેરણા આપી હતી.

સને ૧૯૭૬-૭૭માં ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના વર્ગો શરૂ થયાની સાથે પુસ્તકાલય (જ્ઞાનની પરબ)ની શરૂઆત થઇ ત્યારથી આજ સુધી અંદાજે ૧૫૦૦૦ થી પણ વધારે પુસ્તકોથી સમૃધ્ધ છે. આ સંસ્થામાં પુઅર બોઇઝ વિભાગ તરફથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પાઠ્યપુસ્તક-યુનિફોર્મ તેમજ નોટબુકો આપવામાં આવે છે.

પાટડીમાં આર્ટ્સ અને સાયન્સ સરકારી કૉલેજ ચાલુ થતા કેળવણી મંડળે પોતાના વિશાળ બિલ્ડીંગનો ઉપયોગ કરવા ફાળવેલ છે. આજે પણ આ કેમ્પસમાં કૉલેજ ચાલુ છે. હાલમાં કેળવણી મંડળ દ્વારા શ્રી સૂરજમલજી હાઇસ્કૂલ માટે ૩,૬૬,૦૦,૦૦૦ ના ખર્ચે વિશાળ બિલ્ડીંગ આકાર લઇ રહ્યું છે. આજે પણ શ્રી પાટડી કેળવણી મંડળનો અનેરો વિકાસ થઇ રહ્યો. છે.

(શ્રી પા.કે.મંડળ, પાટડીના સ્મરણિકા તથા સંમેલન ૨૦૦૦ના અંકમાંથી માહિતી સાભાર)





# શતાબ્દી શાળાઓ... દસાડા (પાટડી)

| ક્રમ | શાળાનું નામ | સ્થાપના |
|---|---|---|
| 1 | શ્રી રઘુવીરસિંહ પે.સે.શાળા નં-1 પાટડી | 1863 |
| 2 | શ્રી બજાણા પે.સે.શાળા | 1863 |
| 3 | શ્રી ઝીંઝુવાડા પે.સે.શાળા | 1867 |
| 4 | શ્રી દસાડા પે.સે.શાળા | 1867 |
| 5 | શ્રી વણોદ પે.સે.શાળા | 1868 |
| 6 | શ્રી મોતીબાઇ કન્યા પ્રા.શાળા નં- 4 પાટડી | 1871 |
| 7 | શ્રી સુરેલ પ્રાથમિક શાળા | 1875 |
| 8 | શ્રી આદરીયાણા પે.સે.શાળા | 1876 |
| 9 | શ્રી જૈનાબાદ પે.સે.શાળા | 1876 |
| 10 | શ્રી પાટડી પે.સે.શાળા નં-2 | 1876 |
| 11 | શ્રી ખારાઘોડા જુનાગામ પ્રા.શાળા | 1877 |
| 12 | શ્રા જરવલા પ્રા.શાળા | 1878 |
| 13 | શ્રી વિસાવડી પ્રા.શાળા | 1878 |
| 14 | શ્રી પીપળી પે.સે.શાળા | 1878 |
| 15 | શ્રી શહીદવીર મહેશ પરમાર પે.સે.શાળા વડગામ | 1878 |
| 16 | શ્રી ઓડુ પ્રા.શાળા | 1880 |
| 17 | શ્રી સડલા પ્રા.શાળા | 1880 |
| 18 | શ્રા અખીયાણા પ્રા.શાળા | 1880 |
| 19 | શ્રી દેગામ પ્રા.શાળા | 1880 |
| 20 | શ્રી ધામા પ્રા.શાળા | 1880 |
| 21 | શ્રા ખેરવા પે.સે.શાળા | 1883 |
| 22 | શ્રી કન્યા શાળા દસાડા પ્રા.શાળા | 1887 |
| 23 | શ્રી ઝીંઝુવાડા કન્યા પ્રા.શાળા | 1889 |
| 24 | શ્રી ગેડીયા પ્રા.શાળા | 1913 |
| 25 | શ્રા નાગડકા પ્રા.શાળા | 1921 |
| 26 | શ્રી કમાલપુર પ્રા.શાળા | 1922 |
| 27 | શ્રી ખારાઘોડા નવાગામ પે.સે.શાળા | 1924 |
| 28 | શ્રી નગવાડા પ્રા.શાળા | 1924 |
| 29 | શ્રી ઉપરીયાળા પ્રા.શાળા | 1924 |
| 30 | શ્રી હેબતપુર પ્રા.શાળા | 1925 |

# દસાડા-પાટડીની શૈક્ષણિક સંસ્થાઓ

- તાલુકામાં કોલેજ બે આવેલ છે. (1) શ્રી આર્ટ્સ કોલેજ મું- ઝીંઝુવાડા
  (2) શ્રી સરકારી વિનિયન,વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, મુ. પાટડી
- આઇ.ટી.આઇ. કોલેજ મુ. પાટડી ખાતે આવેલ છે.
- સમગ્ર શિક્ષા (શિક્ષણવિભાગ)ની કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયની સંખ્યા-2
  (1) શ્રી કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય-3 વિરમગામ રોડ મુ. પાટડી
  (2) શ્રી કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય-4 સુરેન્દ્રનગર રોડ મુ. પાટડી
- સમગ્ર શિક્ષા (શિક્ષણ વિભાગ)ની સિઝનલ હોસ્ટેલની સંખ્યા-2
  (1) શ્રી ખારાઘોડા નવાગામ પે.સે.શાળા મુ. ખારાઘોડા
  (2) શ્રી ઝીંઝુવાડા પે.સે.શાળા મુ. ઝીંઝુવાડા
- જિલ્લા સમાજ કલ્યાણ અને અનૂસુચિત જાતિ વિભાગની તાલુકામાં આવેલ આશ્રમ શાળાની સંખ્યા-3
  (1) શ્રી બક્ષીપંચ આશ્રમ શાળા મુ. સાવડા (ધો-1 થી 8 કુમાર/કન્યા)
  (2) શ્રી બક્ષીપંચ આશ્રમ શાળા મુ. દેગામ (ધો-1 થી 8 કુમાર/કન્યા)
  (3) શ્રી આત્માનંદજી આશ્રમ શાળા મુ. મોટી મજેઠી (SC) (ધો-1 થી 8 કુ./ક.)
- જિલ્લા સમાજકલ્યાણ અને અનૂસુચિત જાતિ વિભાગના તાલુકામાં આવેલ છાત્રાલયોની સંખ્યા-9
  (1) શ્રી બક્ષીપંચ કુમાર છાત્રાલય મુ. પાટડી ( ધો- 9 થી 12 )
  (2) શ્રી વિમુક્ત જાતિ કુમાર છાત્રાલય મુ. ખારાઘોડા ( ધો- 6 થી 12 )
  (3) શ્રી બક્ષીપંચ કુમાર છાત્રાલય મુ. વઘાડા ( ધો- 9 થી 12 )
  (4) શ્રી બક્ષીપંચ કુમાર છાત્રાલય મુ. વડગામ ( ધો- 9 થી 12 )
  (5) શ્રી ગોપાલક બક્ષીપંચ કુમાર છાત્રાલય મુ. મોટી મજેઠી ( ધો- 9 થી 12 )
  (6) શ્રી સાર્વજનિક કુમાર છાત્રાલય મુ. પાટડી (SC) (ધો-9 થી 12)
  (7) શ્રી હર્ષદ કૃપા કુમાર છાત્રાલય મુ. મોટી મજેઠી (SC) (ધો-9 થી 12)
  (8) શ્રી પુલકીત કન્યા છાત્રાલય મુ. મોટી મજેઠી (SC) (ધો-9 થી 12)
  (9) શ્રી અનુસૂચિત જાતિ કુમાર છાત્રાલય મુ. વડગામ (SC) (ધો-1 થી 12)





**માહિતી સ્ત્રોત :**


- આપણો જિલ્લો સુરેન્દ્રનગર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર
- ધન્ય ધરા ઝાલાવાડ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર
- સુરેન્દ્રનગર જિલ્લાનો કેળવણીનો ઈતિહાસ, ડાયેટ, સુરેન્દ્રનગર
- સૌરાષ્ટ્રમાં ઝાલા રાજવંશના શાસનનો ઇતિહાસ (1974) : ડો. ઇન્દ્રવદન આચાર્ય
- બજાણા રાજવી કમાલખાનના સ્ટેટ રેકર્ડ
- પાટડી દર્શન : લેખક : પ્રભાતકુમાર મ. દેસાઈ (1986)
- દિવ્ય ભાસ્કર અહેવાલ
- સંશોધન યાત્રાઓ અને ટુર ડાયરી (ઝીંઝુવાડા)
- ઝીંઝુવાડાના ઝાલા વંશનો સંક્ષિપ્ત ઇતિહાસ : લેખક : બળવંતસિંહ બી. ઝાલા (1993)
- ઝાલા વંશનો ઇતિહાસ (હસ્તલિખીત) : લેખક : પરબતસિંહ કાકુભા ઝાલા - ઝીંઝુવાડા
- ઝીંઝુવાડા હસ્તલિખીત ચોપડો : લેખક : મનોહરસિંહ હમીરજી ઝાલા (સુરેન્દ્રનગર)
- ગુજરાતી વિશ્વકોશ : લેખક : શ્રી શિવપ્રસાદ રાજગોર (2014)
- વિશેષ માહિતી - શ્રી સુરૂભા (સુરસિંહજી ) ભીખુભા ઝાલા (ઝીંઝુવાડા)
- ડૉ. મહેતા ચંદ્રકાંત, લેખ - ગુફ્તેગો, ગુજરાત સમાચાર
- સોલંકી જવાનસિંહ કેસરસિંહ, રાજપૂત રાજવંશ સીરિઝ-9, ઝાલા-રાણા વંશ
- દિવ્ય ભાસ્કર (દૈનિક સમાચારપત્ર), ઝાલાવાડના દર્શનીય સ્થળો (વિશેષાંક)
- સૌરાષ્ટ્ર એક તસવીરી ઝલક (સુરેન્દ્રનગર જિલ્લો), માહિતી કચેરી, ગાંધીનગર, 2010
- આચાર્ય આરવિંદ-દે ભુપેન્દ્ર, સુરેન્દ્રનગરના યાત્રાધામો અને પ્રવાસ સ્થળો, મહિલા જાગૃતિ ટ્રસ્ટ વઢવાણ
- શ્રી વણોદ જૈન-દેરાસર, પૂર્વ ઇતિહાસનો લેખ
- મુનિરાજ શ્રી વિશાલવિજયજી, સેરિસા ભોયણી પાનસર અને બીજા તીર્થો, ઇ.સ.- 1963
- પૂર્વોક્ત ગ્રંથ, ધન્ય ધરા ઝાલાવાડ, ચાવડા ચેતન રત્તાભાઇ
- ખારાપાટનું દલિત લોકસાહિત્ય, અમૃત મકવાણા
- સિદ્ધપુરના બારોટ રાજુભાઈ ડાયાભાઇ કાળુભાઈ વણોદની વહી
- જૈનાબાદ દરબાર શ્રી શબ્બીરખાનજી પાસેના જુના રેકર્ડની નોંધ

- ઈ.સ.1968 માં શાહ રતિલાલ મફાભાઈ કૃત 'મખવાણનો ઈતિહાસ અર્થાત્ માંડલ-વીરમગામ-પાટડી-ધ્રાંગધ્રાનો ઈતિહાસ'
- ઈ.સ. 2025 માં ખાલીદ મલીક દ્વારા સંશોધિત લેખ 'સોહરવર્દી મલીક ફેમીલી દસાડાનો ઈતિહાસ અને વંશાવલી'
- ઈ.સ.1891 માં પ્રકાશિત લેખક જાદવરાય વી. લીલાધરદાસ બુચ કૃત 'ગુજરાત તાલુકદારી પ્રાચીન અર્વાચીન સંગ્રહ ભાગ-1' આર્ય વિદ્યા પ્રકાશન
- ઈ.સ.1986 માં લેખક પ્રભાતકુમાર મ.દેસાઈ કૃત 'પાટડી દર્શન'
- ઈ.સ. 2025 માં ખાલીદ મલીક દ્વારા સંશોધિત લેખ 'સોહરવર્દી મલીક ફેમીલી દસાડાનો ઈતિહાસ અને વંશાવલી'
- સિદ્ધપુર બારોટજી રાજુભાઈની વહી અને મલીક ફેમીલી દસાડા વંશવૃક્ષ
- ઈ.સ.1999 માં ઈસબ એમ.મલેક કૃત 'જત-મલેક ઈતિહાસ અને પરિચય'
- સુરેન્દ્રનગર જિલ્લા ગેઝેટ-1977

## ખારુડી ધરતી

રત્નાકરતો રીંછ ચડાવી મલક ગયા છે છોડી,
ઝાંઝવાનાં નીર ચરતી હૈયે મીઠપ ભરતી,
ખારુડી આ ધરતી મોરી, ખારુડી આ ધરતી.

ધૂળના આંજણ આંખે આંજી ગાલોમાં ખંજરતી,
પરસેવાના બુંદેબુંદ જાણે જોગણ બેઠી નાતી,
ખારુડી આ ધરતી મોરી, ખારુડી આ ધરતી.

આવળ-બાવળ ગાંડો બાવળ સૂકી ભંઠ ખેતી,
રામ આપે તો પામે લોક, નહિતર થાય ફજેતી,
ખારુડી આ ધરતી મોરી, ખારુડી આ ધરતી.

જળના બૂંદે માઈલ બુંદે ટળવળતી આ વસતી,
ખારા જળની આ ખેતી થાતી રૂડી એની હસતી,
ખારુડી આ ધરતી મોરી, ખારુડી આ ધરતી.

સંત શુરા ને દાતા પાક્યા, ધામા બેઠી શક્તિ,
પીપળીમાં સવા બાપુ દેવ વડવાળાની ભક્તિ,
ખારુડી આ ધરતી મોરી, ખારુડી આ ધરતી.

-દાદુ રબારી





**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર દ્વારા આયોજિત 'પલાશ' વિશેષાંક અંતર્ગત "ખારો પાટ મીઠા'શનો મલક" ।। દસાડા ।। (પાટડી) સાહિત્યનિર્માણ કાર્યશિબિર**
**સ્થાનઃ ગણતર સંસ્થા, પાટડી (તારીખઃ 07મી ઓગસ્ટ 2026ને શુક્રવાર)**



દિવ્ય ભાસ્કર સુરેન્દ્રનગર 10-08-2026

### પાટડી તાલુકાના વિશેષાંક 'અગર'ને ઈતિહાસ પૂરક સાહિત્ય તરીકે ભણાવાશે

સાહિત્યનિર્માણ માટેની બેઠક ગણતર સંસ્થા, પાટડી ખાતે યોજવામાં આવી હતી

ભાસ્કર ન્યૂઝ | પાટડી

પાટડી તાલુકાનો વિશેષાંક 'અગરના સાહિત્યનિર્માણ માટેની બેઠક ગણતર સંસ્થા, પાટડી ખાતે યોજવામાં આવી હતી. આગામી દિવસોમાં પાટડી તાલુકાના વિશેષાંક 'અગરને ધોરણ 6થી 8ના સામાજિક વિજ્ઞાન વિષયના શિક્ષકો વિદ્યાર્થીઓને ઈતિહાસ પૂરક સાહિત્ય તરીકે ભણાવશે.

NEP 2020 અંતર્ગત પાટડી તાલુકાનો વિશેષાંક અગર અંતર્ગત સાહિત્યનિર્માણ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરેન્દ્રનગર દ્વારા પાટડી તાલુકાનો વિશેષાંક અગરના સાહિત્ય નિર્માણ માટેની બેઠક ગણતર સંસ્થા, પાટડી ખાતે યોજવામાં આવી હતી.

આ બેઠકમાં પાટડી તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી એ.એમ.સોલંકી, બીઆરસી મહેશભાઈ પટેલ, સમગ્ર ખારાપાટ રણ વિસ્તારના સંશોધક, પત્રકાર, ફોટોગ્રાફર તબલાઉસ્તાદ અને લેબ ટેક્નિશિયન અંબુભાઈ પટેલ સહિતના ઉપસ્થિત રહ્યા હતાં.

વિશેષાંકમાં રાજાશાહીનો ઈતિહાસ, લોકજીવન અને લોકસંસ્કૃતિ, અગર અને અગરિયાઓનું જીવનકવન, યાત્રાધામો, ઘુડખર અભ્યારણ્ય, વિશિષ્ટ સંસ્થાઓ અને સાહિત્યકારોનો પરિચય, ઉદ્યોગ વિશેની બાબતોનો સમાવેશ કરવામાં આવશે.

આ વિશેષાંકમાં તમામ પ્રાથમિક શાળાઓમાં આપવામાં આવશે. જેને ધોરણ 6થી 8ના સામાજિક વિજ્ઞાન વિષયના શિક્ષકો વિદ્યાર્થીઓને ઈતિહાસ પૂરક સાહિત્ય તરીકે ભણાવશે.



### પાટડી ગણતર સંસ્થામાં અગર વિશેષાંક માટે શિક્ષણ વિભાગ દ્વારા બેઠક યોજાઈ

Sandesh

સુરેન્દ્રનગર : સુરેન્દ્રનગર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા પલાશ વિશેષાંક તૈયાર કરાય છે. જેમાં આગામી અંક અગરના સાહીત્ય નીર્માણ માટેની કાર્યશીબીર પાટડીની ગણતર સંસ્થામાં યોજાઈ હતી. જેમાં ડાયેટના પ્રાચાર્ય ડો. સી.ટી.ટુંડીયા, પાટડી તાલુકા પ્રાથમીક શિક્ષણાધીકારી એ.એમ.સોલંકી, બીઆરસી મહેશભાઇ પટેલ, બાળ સાહીત્યકાર દાદુભાઇ રબારી સહિતનાઓ ઉપસ્થીત રહ્યા હતા. આ અંકમાં રાજાશાહીનો ઈતીહાસ, લોકજીવન, લોક સંસ્કૃતી, અગર અને અગરીયાઓનું જીવનકવન, યાત્રાધામો, ઘુડખર અભિયારણ્ય, વીશીષ્ટ સંસ્થાઓ અને સાહીત્યકારોનો પરીચય, કૃષી ઉદ્યોગ વિશેની બાબતોનો સમાવેશ કરાશે. આ અંક દસાડા તાલુકાની તમામ પ્રાથમીક શાળાઓમાં અપાશે. જે ધો. ૬થી ૮ના બાળકોને સામાજીક વિજ્ઞાન વિષયના પુરક સાહીત્ય તરીકે ભણાવવામાં આવશે.

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર દ્વારા આયોજિત 'પલાશ' વિશેષાંક અંતર્ગત "ખારો પાટ મીઠા'શનો મલક" ।। દસાડા ।। (પાટડી) સાહિત્યનિર્માણ કાર્યશિબિર**
**સ્થાનઃ સેતુ સંસ્થા, ખારાઘોડા (તારીખઃ 29મી ઓગસ્ટ 2026ને શનિવાર)**




